

કર્મચૂડામણિ

# માણેકલાલ

# કર્મચૂડામણિ માણેકલાલ

(શ્રી માણેકલાલ માધવલાલ પટેલ અભિવાદન ગ્રંથ)


સંપાદકો

મોહનલાલ પટેલ

હર્ષદભાઈ શાહ

ડૉ. સોમભાઈ પટેલ

ડૉ. રમેશભાઈ વ્યાસ

સહ સંપાદકો

રતિલાલ સાં. નાયક

મનુભાઈ જે. પટેલ

રામજીભાઈ કડિયા

યશવંત કડીકર

ભગવત સુથાર

રમેશ ત્રિવેદી

પ્રસાદ બ્રહ્મભટ્ટ

ગણેશભાઈ કા. પટેલ



**શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ (કડી)**

સર્વ વિદ્યાલય કેમ્પસ્ , રેલવે સ્ટેશનની સામે,

કડી, જિ. મહેસાણા

**Karmachudamani Maneklal**
Biographical articles by various authors
Pub. by Shri Mohanlal Patel Sahitya Vartul, Kadi,
2010

**પ્રકાશક**
શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસ્ , કડી - ૩૮૨૭૧૫

❐

© જે તે લેખકોના

❐

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

❐

પ્રત સંખ્યા : ૧૦૦૦

❐

મૂલ્ય : રૂ. ૧૫૦-૦૦

❐

**મુદ્રણ વ્યવસ્થા**
સર્જના કૉમ્પ્યૂટર્સ
૧૦૫, મલય સોસાયટી, વાસણા બૅરેજ ગાર્ડન પાસે,
અમદાવાદ – ૩૮૦ ૦૦૭

❐

ટાઈપ સેટિંગ : શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીનગર.

**પ્રાપ્તિસ્થાન**

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કાર્યાલય**
**કડી કૅમ્પસ્, રેલવે સ્ટેશન સામે,**
**કડી-૩૮૨૭૧૫**
**ફોન નં. ૦૨૭૬૪-૨૪૨૮૯૧**

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કાર્યાલય**
**ઘ-૬ સર્કલ પાસે, સૅક્ટર-૨૩,**
**ગાંધીનગર-૩૮૨૦૨૩**
**ફોન : (૦૭૯)૨૩૨૨૨૬૬૪**

અર્પણ

**સ્વ. રામચંદ્ર જમનાદાસ અમીનને**

**તમે ઘણાં વર્ષો સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ક.પા. કેળવણી મંડળ, કડીના સુકાની રહીને બંને સંસ્થાઓની ઉજજવળ સેવા કરી.**

## પ્રાક્કથન

ઈ.સ. ૧૯૬૫થી અસ્તિત્વમાં આવેલું કડી વાર્તાવર્તુળ આરંભમાં કથા સાહિત્ય સાથે નિસબત ધરાવતું હતું. એના સભ્યો પોતે લખેલી વાર્તાઓની સામૂહિક ચર્ચા કરતા. એ વાર્તાઓ વિવિધ સામયિકોમાં પ્રગટ થતી. શ્રી પીતાંબર પટેલના આમંત્રણથી 'સંદેશ' દૈનિકનાં પત્રોમાંના એક - 'આરામ' માટે 'વહેતી વાર્તા' શીર્ષક હેઠળ વાર્તાવર્તુળે બે નવલકથાઓનું સર્જન પણ કર્યું હતું. આ નવલકથાઓ 'આરામ'ના વાચકોમાં ખૂબ લોકપ્રિય બની હતી. એ પછી કડીની સાહિત્યભોમકામાં જ જેનું બી રોપાયું તેના અંકુરિત થયેલા લઘુકથાના છોડની સંભાળપૂર્વક માવજત કરીને તેને સાહિત્યના એક સ્વરૂપ તરીકે પ્રતિષ્ઠિત કર્યો.

કથા સાહિત્ય સાથે નિસબત ધરાવતા વાર્તાવર્તુળે ઈ.સ. ૧૯૯૫માં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' નામ ધારણ કર્યું અને એક સાહિત્ય સંસ્થા તરીકે ૧૮-૦૪-૧૯૯૫ના રોજ રજિસ્ટ્રેશન મેળવ્યું. એ પછી એ માત્ર કથા સાહિત્યનું અંગ ન રહેતાં બહુ લક્ષ્યધારી સાહિત્ય સંસ્થા બની રહ્યું છે. હવે એ ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ વગેરે જેવી સંસ્થાઓના સહયોગમાં સાહિત્યનાં જ્ઞાનસત્રો, કાર્યશિબિરો અને સેમિનારો યોજે છે. મૂર્ધન્ય સાહિત્યકારોનાં વ્યાખ્યાનો, વિદ્યાર્થીઓની સાહિત્યરુચિ કેળવાય એ હેતુથી જ્ઞાનસત્રો અને સ્પર્ધાઓનું આયોજન કરે છે. માગણી આવ્યે સાહિત્ય સર્જકોને એમના પુસ્તકના પ્રકાશન અર્થે આર્થિક મદદ કરે છે. સાહિત્યવર્તુળ પોતે પણ પુસ્તકોનું પ્રકાશન કરે છે. હૃદયરોગ જેવા ખર્ચાળ ઑપરેશનમાં જરૂરતમંદ સર્જકોને પોતાની મર્યાદામાં રહીને આર્થિક ટેકો કરે છે. કચ્છના ધરતીકંપ (ઈ.સ. ૨૦૦૧) વખતે આ વર્તુળે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા રાહતફંડમાં રૂ. ૧૦૦૦૦ નો ફાળો આપ્યો હતો.

વર્તુળની એક મિટિંગમાં એક ચરિત્રગ્રંથ પ્રકાશિત કરવાનું વિચારાયું. નજર સમક્ષ 'પ્રજ્ઞાદીપ છગનભા' પુસ્તક હતું. વર્તુળે પ્રકાશિત કરવા ધારેલા પુસ્તકનો ચરિત્ર નાયક કોણ? સભ્યોના મનમાં જે નામ રમતું હતું તે બહાર આવ્યું : માણેકલાલ પટેલ. આ નામ સર્વાનુમતે કેમ સ્વીકારાયું એની ચર્ચા આ પ્રસ્તાવનામાં કરવાની જરૂર નથી. એ પ્રશ્નનો જવાબ પુસ્તકમાં વિસ્તારથી નિરૂપાયો છે. વર્તુળના સભ્યોએ ખુશ થઈને સર્વ સંમતિથી શ્રી માણેકલાલનું ચરિત્ર અક્ષરબદ્ધ કરવાનો ઠરાવ પસાર કર્યો અને વર્તુળે જ એને ગ્રંથરૂપે પ્રકાશિત કરવાનું નક્કી કર્યું.

સાહિત્યવર્તુળના સભ્યોનો એવો મત હતો કે સંપાદિત થનાર આ ગ્રંથને સહિયારા પુરુષાર્થના ફળરૂપે પ્રકાશિત કરવો. શ્રી માણેકલાલભાઈનું વ્યક્તિત્વ અનેક પહેલવાળા હીરા જેવું છે. પ્રત્યેક પહેલ એમના જીવનના એક પાસાનું દર્શન કરાવે છે. એક જ વ્યક્તિ એ સઘળા પાસાંનું દર્શન કરાવી ન શકે. બધાં પાસાંની જાણકારી

એને ન હોય. વળી, એક જણ બધાં પાસાંની વાત કરવા બેસે તો ચરિત્ર નાયકને અન્યાય થવાનો પૂરો સંભવ. આ કારણથી શ્રી માણેકલાલભાઈ વિશે લખવાનું કામ ઘણા સ્નેહીઓને સોંપવાનું નક્કી થયું અને કહેતાં આનંદ થાય છે કે જે જે લેખકોએ લેખ લખી મોકલ્યા એ બધા ગ્રંથની ગરિમા વધારનારા નીવડ્યા છે.

શ્રી માણેકલાલભાઈ વિશે આ ગ્રંથ તૈયાર તો થયો, પણ વાચકને માણેકલાલભાઈના અંગત જીવનમાં ડોકિયું કરવાની તક ઓછી મળ્યાનો એક વસવસો રહી જશે. આ ઉણપનું ઉત્તરાદાયિત્વ કોનું ? આ પ્રશ્નના જવાબમાં સંપાદકોએ શ્રી માણેકલાલભાઈ તરફ જ આંગળી ચીંધવી રહી. સંપાદકોએ માણેકલાલભાઈની સાથે બેસીને ત્રણ કલાક સુધી એમનો સાક્ષાત્કાર કર્યો. એમાં એમના અંગત જીવન વિશે પણ સવાલો પૂછયા, પણ માણેકલાલભાઈના અંગત જીવન વિશે ઝાઝી માહિતી પ્રાપ્ત ન થઈ શકી. કોઈપણ સંસારીના જીવનમાં સુખદુઃખ, આશાનિરાશા, ચઢાવઊતાર આવ્યા વગર કેમ રહે ? પોતાના જીવનની તડકી-છાંયડી વિશે શ્રી માણેકલાલભાઈ ઝાઝું બોલ્યા નહીં. વ્યક્તિનું અભિવાદન કરવું હોય તો એના કાર્યની વાત કરવાથી લક્ષ્ય સિદ્ધ થાય એવી એમની માન્યતા હોય એવું અમને જણાયું. એમણે એમના જીવનના વળાંકો માટે જે અનિવાર્ય હોય એટલી ઘટનાઓની વાત કરી. આના આધારે એમના અંગત જીવનમાં કેટલેક અંશે ડોકિયું કરી શકાયું છે, જે આ પુસ્તકમાં નિરૂપાયું છે.

ઉપર જણાવેલાં કારણોને લીધે એકાદ અપવાદ સિવાય એમના ગૃહજીવનના ફોટોગ્રાફ્સ અમે મેળવી શક્યા નથી એ વાચકો પુસ્તકમાં આપવામાં આવેલી છબીઓ પરથી સમજી શકશે.

અભિવાદન ગ્રંથમાં સામાન્ય રીતે ધારેલા સમયમાં લેખો મેળવવામાં અનિવાર્યપણે વિલંબ થતો હોય છે. આ ગ્રંથના સંપાદનકાર્યમાં પણ લેખકોની અનુકૂળતાને અધીન લેખો મેળવવામાં ઠીક ઠીક વિલંબ થયો છે. પણ સર્વ લેખક મહાનુભાવોએ ઉમળકાપૂર્વક લેખો મોકલી આપ્યા છે. લેખકોના આ સદ્ભાવ માટે અમે એમના આભારી છીએ. લેખો માટે પરિપત્ર પાઠવવામાં, જરૂર પડ્યે સ્મૃતિપત્રો લખવામાં તેમ જ ફોન ઉપર સંપર્ક સાધવામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસ્, કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના કેમ્પસ્ નિયામકોએ તેમજ કાર્યાલયના કર્મચારીગણે અને પ્રૂફરીડર-સંપાદક શ્રી હર્ષદભાઈ શાહે ખૂબ જ જહેમત ઉઠાવીને અમારું કામ સુગમ અને સરળ કરી આપ્યું છે માટે એમના તેમજ અક્ષરાંકન માટે શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, સેક્ટર-૨૩, ગાંધીનગરના અને પુસ્તકના મુદ્રણ અને અન્ય વ્યવસ્થામાં સહકાર આપવા માટે આદર્શ પ્રકાશન, અમદાવાદના માલિકોના અમે આભારી છીએ.

તા. ૧૫-૧૧-૨૦૦૯ **- સંપાદકો**

"આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન હતું."

- ગાંધીજી

( તા. ૨૩-૦૭-૧૯૨૯ ના રોજ સર્વ વિદ્યાલયની મુલાકાત વખતે પૂ. ગાંધીજીએ આપેલા જાહેર પ્રવચનમાંથી..... )

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | માણેકલાલ : એક પાવર હાઉસ | મોહનલાલ પટેલ | ૧૧ |
| ૨. | કેળવણીના કસબી | પ્રયતકર કાનડિયા | ૫૧ |
| ૩. | વિદ્યાલયથી વિશ્વવિદ્યાલય | ડૉ. ભોળાભાઈ પટેલ | ૬૩ |
| ૪. | સેનાધિપતિને બદલે કુલાધિપતિ | ડૉ. રઘુવીર ચૌધરી | ૬૮ |
| ૫. | ઉત્સાહમૂર્તિની શિક્ષણનિષ્ઠા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭૦ |
| ૬. | સન્મિત્ર માણેકલાલ પટેલ | ડૉ. રામભાઈ પટેલ | ૭૩ |
| ૭. | નવા જમાનાના પાટીદાર | પ્રકાશ ન. શાહ | ૭૬ |
| ૮. | સંસ્થાના ઇતિહાસમાં માણેકલાલ | કેશવલાલ વિ. પટેલ | ૭૮ |
| ૯. | શ્રી માણેકલાલ : શિક્ષણમાં ઓતપ્રોત એક અનોખું વ્યક્તિત્વ | નરસિંહભાઈ કે. પટેલ | ૮૨ |
| ૧૦. | લોકસંગ્રહાર્થે ડેમોક્રેટિક ડિક્ટેટર | ડૉ. કનુભાઈ ડી. પટેલ | ૮૫ |
| ૧૧. | કેડીને કેડામાં પરિવર્તિત કરનાર માર્ગદર્શક | અરવિંદ પટેલ | ૮૯ |
| ૧૨. | સર્વ વિદ્યાલયના સ્વપ્નદૃષ્ટા અને આદર્શ વહીવટપુરુષ | મનુભાઈ જે. પટેલ | ૯૦ |
| ૧૩. | પર્યાવરણપ્રેમી માણેકલાલભાઈ | ડૉ. મણિભાઈ એસ. પટેલ | ૯૪ |
| ૧૪. | ઊંટવાના ગુર્જર જ્યોતિર્ધરનાં તેજરશ્મિ | રતિલાલ સાં. નાયક | ૯૭ |
| ૧૫. | કડીમાં માણેકલાલ એટલે .... | રામજીભાઈ કડિયા | ૧૦૦ |
| ૧૬. | ઔદ્યોગિક નગરી કડીના શિલ્પી | યશવંત કડીકર | ૧૦૩ |
| ૧૭. | શૈલે શૈલે ન માણિક્યમ્...... | ડૉ. રતિલાલ બોરીસાગર | ૧૦૭ |
| ૧૮. | મહાજન પરંપરાના પ્રતિનિધિ : માણેકલાલ | મનસુખ સલ્લા | ૧૧૦ |
| ૧૯. | A Multifaceted Personality : | લેફ. કર્નલ હસમુખ એમ. પટેલ | ૧૧૩ |
| ૨૦. | કર્મયોગી શ્રી માણેકલાલ | મણિભાઈ ઈ. પટેલ (મમ્મી) | ૧૧૫ |
| ૨૧. | મૂઠી ઊંચેરા માનવી | ખોડભાઈ એચ. પટેલ | ૧૧૭ |
| ૨૨. | સદ્કર્મ - સદ્વિચારનું બીજ | ડૉ. આર. જે. વ્યાસ | ૧૨૦ |
| ૨૩. | શ્રી માણેકલાલ એમ. પટેલ : એક વિશિષ્ટ વ્યક્તિત્વ | ડૉ. સોમભાઈ સી. પટેલ | ૧૨૪ |
| ૨૪. | આપણા સમર્થ સી.ઈ.ઓ. | ગણેશભાઈ કા. પટેલ | ૧૨૮ |
| ૨૫. | શ્રી મા. મા. પટેલ : એક વિચાર | ભગવત સુથાર | ૧૩૨ |
| ૨૬. | ધ્યેયસિધ્ધિના શિલ્પી | દિલીપ રોય | ૧૩૫ |
| ૨૭. | મુ. માણેકલાલભાઈ : એક અનોખું સમર્પિત વ્યક્તિત્વ | પ્રિ. સોમાભાઈ પટેલ | ૧૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૮. | માનવતાની મહેંકથી મઘમઘતા માણેકલાલ ! | પ્રિ. ભોગીભાઈ સી. શાહ | ૧૪૧ |
| ૨૯. | A Glimpse of Sri M. M. Patel as a staunch promoter of Girls' Education | ડૉ. અમૃતા પરેશ પટેલ | ૧૪૬ |
| ૩૦. | માણસપારખુ માણેકલાલભાઈ | ડૉ. કાન્તિ રામી | ૧૪૯ |
| ૩૧. | વહીવટદક્ષ માણેકલાલ | અંબાલાલ સોમનાથ પટેલ | ૧૫૩ |
| ૩૨. | માણેકલાલભાઈ પટેલ એટલે પ્રામાણિક અને નીડર ટ્રસ્ટી.... | ડૉ. મોતીભાઈ મ. પટેલ | ૧૫૬ |
| ૩૩. | પુરુષાર્થનો પમરાટ | ડૉ. રામુભાઈ એસ. પટેલ | ૧૫૮ |
| ૩૪. | પ્રચંડ મનોઘટનાશાળી માણેકલાલ | ડૉ. બહેચરભાઈ પટેલ | ૧૬૧ |
| ૩૫. | વ્યવસ્થાપનની પ્રતિભા અને પ્રતિભાનું વ્યવસ્થાપન | હરકાન્ત ત્રિવેદી | ૧૬૬ |
| ૩૬. | કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્જક | ઈશ્વરભાઈ જી. પટેલ | ૧૭૪ |
| ૩૭. | હૈયામાં કંડારાયેલ છબિ | પ્રા. દિનકર દેસાઈ - 'વિશ્વબંધુ' | ૧૭૮ |
| ૩૮. | કન્યાકેળવણીના હિમાયતી | પ્રવીણચંદ્ર એચ. સોની | ૧૮૨ |
| ૩૯. | અમૃત સમીપે... સર્વ વિદ્યાલયના સત્પુરુષ | પ્રા. સુરેશ વી. ચૌધરી | ૧૮૬ |
| ૪૦. | ઊંચી મેડીના માનવ : શ્રી માણેકલાલ સાહેબ | બાબુલાલ આર. પટેલ | ૧૯૨ |
| ૪૧. | કન્યાકેળવણીના આર્ષદ્દષ્ટા.... | કૌશલ્યાબહેન પરીખ | ૧૯૫ |
| ૪૨. | શ્રી માણેકલાલભાઈ : એક સતત વિકસતું વ્યક્તિત્વ | બળદેવભાઈ પટેલ | ૨૦૦ |
| ૪૩. | સરદાર પટેલ સોસાયટી, કડી અને માણેકલાલ | મફતભાઈ એસ. પટેલ | ૨૦૮ |
| ૪૪. | સમાજસેવાના ભેખધારી | શંકરલાલ ગુરૂ | ૨૧૨ |
| ૪૫. | માણેકલાલ સાહેબ સાથેની યાદગાર ક્ષણો... | ફુલજીભાઈ ડુંગરભાઈ પટેલ | ૨૧૪ |
| ૪૬. | નજરે જોયા એ પહેલાં અને પછી.... | ઊર્જિતા સત્યમ્ પટેલ | ૨૧૮ |
| ૪૭. | યશસ્વી શિક્ષણપ્રેમી | ડૉ. કપિલાબેન પટેલ | ૨૨૧ |
| ૪૮. | સંસ્થાના શ્રધ્ધેય વડીલનું ભવ્ય રૂપ | મહેશભાઈ ગિ. ત્રિવેદી | ૨૨૫ |
| ૪૯. | શ્રી માણેકલાલભાઈ મારી નજરે ! | સીતારામભાઈ જો. પટેલ | ૨૩૦ |
| ૫૦. | 'સાહેબ'... મારી નજરમાં | ભાઈલાલભાઈ પટેલ 'શ્યામલ' | ૨૩૪ |
| ૫૧. | શીલભદ્ર શિક્ષણવિચારક અને ગૂર્જરરત્ન... | ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ૨૩૬ |
| ૫૨. | અંતરનું અંતર કેટલું ? | ડૉ.બળદેવભાઈ એસ. પટેલ | ૨૩૯ |
| ૫૩. | બહુમુખી પ્રતિભા માણેકલાલ પટેલ | હીરાલાલ ડી. પ્રજાપતિ | ૨૪૧ |
| ૫૪. | વાહ ! માણેકલાલ વાહ ! | ખોડાભાઈ બી. પટેલ | ૨૪૪ |
| ૫૫. | હે સર્વપ્રિય માણેકલાલભાઈ ! | રમેશ ત્રિવેદી | ૨૪૭ |
| ૫૬. | આવિર્ભાવ.... | પ્રા. જાદવજી પટેલ 'રશ્મિભિક્ષુ' | ૨૫૦ |
| ૫૭. | स्व नाम धन्येषु श्री एम. एम. पटेल महोदयेषु | ડૉ. યોગિની વ્યાસ | ૨૫૫ |

# કર્મચૂડામણિ માણેકલાલ

(શ્રી માણેકલાલ માધવલાલ પટેલ અભિવાદન ગ્રંથ)

# 1.

## માણેકલાલ : એક પાવર હાઉસ

**મોહનલાલ પટેલ**
પૂર્વાચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી અને સુપ્રસિધ્ધ સાહિત્યકાર

વીસમી સદીના મધ્યકાળ સુધી આપણા દેશમાં ગામડાંઓને જોડતા રસ્તા આજના રસ્તા જેવા પાકા અને સફાઈદાર નહોતા. વીસમી સદીના પૂર્વાર્ધમાં કડીથી ડાંગરવા જતો રસ્તો સાવ ધૂળિયો હતો. ચાલતાં ચાલતાં પગ ધૂળમાં ખૂંપે અને ચાલનારના થાકમાં ઉમેરો કરે એવા એ રસ્તા પર કડીથી લગભગ ચાર કિલોમીટરના અંતરે ઊંટવા ગામનું પાટિયું આવે. પાટિયાથી જમણી તરફ થોડે અંતરે આ ગામ. જે સમયની આ વાત છે તે સમયે એ ગામની વસ્તી લગભગ ૧૨૦૦ માણસોની હતી. વસ્તીમાં મુખ્ય ચાર કોમ-પાટીદાર, ગરાસિયા, ઠાકોર અને હરિજન. ઈતર કોમની સંખ્યા જૂજ અને ગામની જરૂરિયાત પ્રમાણેની. તે સમયનાં ગામડાંમાં બધે જોવા મળતું એવું આ ગામમાં પણ વાણિયાનું વર્ચસ ખરું.

એ સમયનાં ભારતનાં સાત લાખ ગામડાંમાં સો ટકા સંપીલું ગામ શોધ્યું ન જડે. ઊંટવા એમાં અપવાદ શી રીતે હોય? જુદી જુદી કોમોના જથ્થા મોટા હોય એટલે ઝઘડા માટેનાં કોઈ ને કોઈ નિમિત્ત ઊભાં થવાનાં. વેર કે રોષના શમન માટેની તક ધૂળેટીના દિવસે. આ ગામના ઈતિહાસમાં આવાં ધીંગાણાં થયાના દાખલા છે. આમ છતાં ગામ એકંદરે સંપીલું, ગામના ઉત્સવો એકબીજાના સહકારથી આનંદભેર ઊજવાય.

ગામનો મુખ્ય વ્યવસાય ખેતી, પણ ખેતીમાં ઝાઝું આર્થિક રળતર નહીં. પશુપાલન પૂરક વ્યવસાય. એટલે કુટુંબનું ભરણપોષણ થયા કરે. જેમની જમીન ઉપર કૂવાની સુવિધા હોય એ શાકભાજી વાવેતર પણ કરે. જોકે શાકભાજીમાં પણ ઝાઝી બરકત નહીં. આજની જેમ ટ્રકો મારફતે નજીકના શહેરમાં કે અમદાવાદ, મુંબઈ જેવા શહેરોમાં શાકભાજી પહોંચાડી શકાતી નહીં એટલે ઊંટવા જેવા ગામના ખેડૂતોએ પોતાની શાકભાજીને કડીના બજારમાં વેચાણ માટે લઈ જવી પડતી. એક જ સ્થળે બધું ઠલવાય એટલે મનમાન્યો ભાવ ન મળે અને ક્યારેક તો એવું

બને કે પાક વિપુલ પ્રમાણમાં ઊતર્યો હોય એટલે ભાવ છેક તળિયે જઈને બેઠો હોય. એક રૂપિયાનાં સોળ મણ પ્રમાણે રીંગણ વેચવાની સ્થિતિ હોય ત્યારે ખેડૂત શું કરે? ખેતરમાંથી માર્કેટ સુધી માલ લઈ જવાનો ખર્ચ પણ ન પોસાય.

એ સમયે ગામની સ્થિતિના સંદર્ભે ઉપર જણાવ્યા તે સંજોગોમાં માણેકભાઈના પિતાશ્રીની માલિકીની પિયતની સગવડવાળી ૧૯ વીઘા જમીન હોવા છતાં એમની આર્થિક સ્થિતિ નબળી હતી. જમીન-જાગીરની દૃષ્ટિએ સુખી અને મોભાદાર હોવા છતાં આર્થિક સ્થિતિ નબળી. ગુલામ દેશની આ એક વિડંબના, બીજું કંઈ નહીં.

માણેકલાલના પિતાશ્રી માધવલાલ અને માતા દિવાળીબાનાં પાંચ સંતાનો. ત્રણ ભાઈ અને બે બહેન. ભાઈઓમાં સૌથી મોટા શિવાભાઈ. માણેકલાલનો જન્મ તા. ૧-૨-૧૯૨૯ ના રોજ ઊંટવામાં. શરીર પહેલેથી જ દુર્બળ. એવા શરીરે ગૂમડું થયું. કહેવાય ગૂમડું. એની તે શી વિસાત? પણ આ ગૂમડું છાતીમાં થાય. વિકસે, ફૂટે, મટે અને વળી ફરીથી થાય. ગૂમડાંની આ થવા - મટવાની પ્રક્રિયા ચાલ્યા જ કરે. ગૂમડું ભરાય અને લબકારા મારે ત્યારે અસહ્ય પીડા થાય. નાનું બાળક તે કેટલું ખમી શકે ? દીકરાની આ વેદના માતાપિતાથી જોઈ જતી નહોતી. ગામના જૈફ વયના કોઈ અનુભવી આદમીએ ગૂમડા પર ડામ દેવડાવવાની સલાહ આપી.

એ જમાનામાં ડામ દેવાની ચિકિત્સા ગામડાંમાં પ્રચલિત હતી. બાળક શરીર ન 'લેતું' હોય, અપચા-ઝાડાનો વ્યાધિ સતત રહેતો હોય તો લોકો બાળકના માથામાં ખોપરીની મધ્યમાં એક નાજુક જણાતી જગ્યા ઉપર ડામ દેવડાવતા. આને લોકો 'તાળવે ડામ દેવડાવ્યો' કહેતા. પેટમાં ગાંઠ હોય તો ઉઢાણી જેવડો મોટો ડામ દેવાતો. આવા કેસમાં તો આ ડામ જ એક મોટો વ્યાધિ બની જતો. આવા ડામ દેનારા નિષ્ણાતો અમુક ગામમાં જ હોય. ઉપાય શોધનારાઓએ ત્યાં જવું પડે. આવી પિશાચી ચિકિત્સા માતા-પિતા પસંદ ન કરે એ દેખીતી વાત છે, પણ બબ્બે વરસથી પજવતી ગૂમડાની વેદના દૂર તો કરવી જ રહી. ડામ બાળ માણેકનું શરીર સહન કરી શકે તેના કરતાં વધારે ગજાનો નીવડ્યો. તત્ક્ષણ તો બાળ માણેકે ભાન ગુમાવ્યું અને ત્રણચાર કલાકે હોશ આવ્યો ત્યાં સુધી માતા-પિતા અને પરિવારજનોના જીવ પડીકે બંધાયેલા રહ્યા.

એ જમાનામાં શિક્ષણના નામે પ્લે ગ્રુપ, જુનિયર કે.જી., સિનિયર કે.જી. જેવી વ્યાપારી હાટડીઓ ચાલતી નહોતી. વડોદરા રાજ્યમાં શિક્ષણનો મહિમા

મોટો. બાળકની રમવા - ખેલવાની વય ઉપર કશી તરાપ નહીં. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત પણ ૭ વર્ષ પૂરાં ન થાય ત્યાં સુધી બાળકને શાળામાં પ્રવેશ ન મળે.

શિક્ષણ માટેનું નિશ્ચિત વય થતાં માણેકલાલને ગામની શાળામાં દાખલ કરવામાં આવ્યા. વડોદરા રાજ્યની એક ઉમદા ખાસિયત એ હતી કે શાળામાં સવર્ણનાં અને હરિજનનાં બાળકો સાથે બેસીને ભણે. આ પ્રથા કેવું ઉમદા પરિણામ આપે એ ચોખ્ખું અને નજરે દેખાય એવું ન હોય પણ બાળકના ઘડતરમાં સૂક્ષ્મ રીતે રસાયું હોય. અસ્પૃશ્યતાનિવારણનો એક સંસ્કાર વડોદરા રાજ્યની શાળાઓમાં ભણતાં બાળકોના ચિત્તમાં બીજરૂપે રોપાયા વગર કેમ રહે ?

ઊંટવાની શાળામાં રોપાયેલાં આ બી અંકુરિત થઈને સ્વભાવગત સંસ્કાર બની રહ્યાં. એ કડીમાં સ્થાયી થયા પછી માણેકલાલના કાર્યક્ષેત્રમાં એમનો હરિજનો પ્રત્યેનો સમભાવ અને એમના માટે કંઈક કરી છૂટવાની ભાવના તેમજ તે માટે એમણે કરેલા પુરુષાર્થમાં જોઈ શકાય છે.

ગામની શાળામાં ધોરણ ૭ સુધીના અભ્યાસની જોગવાઈ હતી. અભ્યાસમાં માણેકલાલ તેજસ્વી હતા એટલે એ વધારે ભણે એવો પિતા તથા ભાઈઓનો મત ખરો. એટલે એમને કડીમાં તળાવ વિસ્તારમાં આવેલી ગામની મુખ્ય (નં.૧) પ્રાથમિક શાળામાં ધોરણ-૭ માં દાખલ કર્યા. આ ધોરણ એ વખતે વર્નાક્યુલર ફાઈનલ (ટૂંકમાં વ.ફા.) તરીકે ઓળખાતું. આ ધોરણમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવાર પ્રાથમિક શાળાનો શિક્ષક થઈ શકતો.

તેઓ ધોરણ-૭ ની પરીક્ષામાં સમગ્ર રાજ્ય (ગાયકવાડ સરકારનું રાજ્ય) માં બીજા નંબરે ઉત્તીર્ણ થયા.

૭ મું ધોરણ પાસ કર્યા પછી પણ એમનો અભ્યાસ ચાલુ રહ્યો. આગળના અભ્યાસ માટે એ કડી સર્વ વિદ્યાલયમાં દાખલ થયા. એમણે ધોરણ-૭ પાસ કર્યું હતું એટલે એ હાઈસ્કૂલના ત્રીજા ધોરણ (હાલનું ૭) માં પ્રવેશ મેળવી શક્યા. પ્રાથમિક શાળાના અભ્યાસ પછી સીધા ત્રીજા ધોરણમાં દાખલ થનાર વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયના શિક્ષણ માટે સ્પેશ્યલ વર્ગની વ્યવસ્થા શાળા તરફથી થયેલી હતી. આ નિઃશુલ્ક વ્યવસ્થાનો લાભ લઈને આવા વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં તૈયાર થઈને ત્રીજા ધોરણના અંગ્રેજી વિષયના ચાલુ અભ્યાસક્રમ સાથે સારી રીતે મેળ સાધી શકતા. માણેકલાલ પોતે તેજસ્વી વિદ્યાર્થી તો હતા જ. એમણે આ વ્યવસ્થામાં અંગ્રેજી વિષયનો પાયો એવો સુદૃઢ બનાવી લીધો કે પછીના અભ્યાસમાં એમનું અંગ્રેજીનું જ્ઞાન ઉત્તરોત્તર વધારે સંગીન બનતું ગયું, જેનો

ઘણો લાભ એમને કૉલેજના અભ્યાસ દરમ્યાન થયો. આજે પણ એમના સારા અંગ્રેજીને લીધે વિવિધ અભ્યાસક્રમો માટે કેન્દ્ર કક્ષાએ વિવિધ કમિટીઓ સાથેનો વ્યવહાર સરળ બને છે એટલું જ નહીં ધાર્યું કામ પૂરી ઝડપથી થઈ શકે છે.

આર્થિક રીતે સધ્ધર અને શ્રીમંત કુટુંબનાં બાળકો જેટલી સુવિધાઓ સાથે અભ્યાસ કરી શકે છે એટલી સુવિધાઓ માણેકલાલને પ્રાપ્ય નહોતી. વાલી આર્થિક રીતે સક્ષમ ન હોવાને લીધે સર્વ વિદ્યાલય સંલગ્ન છાત્રાલયમાં રહીને પૂરતો સમય અભ્યાસ માટે એ ફાળવી ન શક્યા. રોજ ઊંટવાથી ચાલીને એ શાળાએ આવતા અને ચાલીને શાળાએથી ઘેર જતા. જવા-આવવાના મળીને કુલ આઠ કિલોમીટર ચાલવાનું થતું. ઊંટવાના પાટિયાથી ગામ સુધીનું અંતર વધારાનું. ત્રીજા એટલે કે સાતમા ધોરણમાં ભણતો કિશોર રોજ આટલું ચાલે એમાં સમયનો વ્યય અને થાકનો હિસાબ મૂકતાં તાજગી સાથે ભણવા માટે ઘેર કેટલો સમય મળે ?

સામાન્ય ખેડૂત કુટુંબમાં એક કિશોરના ભાગે ખેતીનું જે કામ આવે તે તો માણેકલાલે કરવું પડતું જ. રજાના દિવસો આ કામ માટે ખાસ વપરાતા અને રોજ શાકભાજીની ગાંસડી શાકમાર્કેટમાં પહોંચાડવાનું કામ જુદું! રોજ ઊંટવાથી કડી છોટાલાલ મિલમાં કામે જતા કામદાર ભાઈઓ સાથે, શાકભાજીની ગાંસડી માથે રાખીને સવારે એ નીકળતા. શાકમાર્કેટમાં શાકભાજીની સોંપણી ખમારની દુકાને કરીને ગાંસડીનું વસ્ત્ર અથવા એની સાથે જે કંઈ સાધન હોય તે, અમદાવાદી દરવાજા બહાર કેશવલાલની હૉટલે મૂકતા. એ હૉટલમાં મિલમાં કામે જવા નીકળેલા ભાઈઓ ચા-નાસ્તો કરવા રોકાતા. માણેકલાલે ગામના આ ભાઈઓનો એવો પ્રેમ મેળવેલો કે એ ભાઈઓ આગ્રહ કરીને પણ માણેકલાલને ચા-નાસ્તામાં સામેલ કરતા.

સવારે શાકમાર્કેટમાં શાકભાજી લઈ જતી વખતે ગામના માધવલાલનો સથવારો વિશેષ. માણેકલાલ એમને પ્રેમથી 'માધાઆકા' કહીને સંબોધે. એકાદ બે વખત માણેકલાલભાઈએ કિશોરાવસ્થાનાં એમનાં સંસ્મરણોમાં આત્મનિવેદન કરતી વખતે આ માધવલાલની વાત પ્રેમથી કરેલી. ૧૯૯૮ માં અમારે સંસ્થાના વિકાસ અર્થે ફંડ માટે અમેરિકા જવાનું થયું ત્યારે - આપણા લોકોમાંથી કોઈના એક લગ્ન નિમિત્તે ગોઠવાયેલા ઉત્સવમાં જવાનું થયું ત્યારે - હૉલનાં પગથિયાં આગળ આ 'માધાઆકા' નો ભેટો થઈ ગયો. માણેકલાલભાઈ અને માધવલાલનું મિલન! એ મિલનનું ભાવવિભોરત્વ જોઈને અમે બાગ-બાગ થઈ ગયા. આ

મિલનમાં 'માધાઆકા' ને નજરે જોયાનો આનંદ તો હતો જ પણ અમને જે ખરું જોવાનું મળ્યું તે તો એક 'માણેકલાલ'! એ મિલનની ચિત્ત પર અંકિત થયેલી મુદ્રા હજી તાજી છે. હૉલના પગથિયાં આગળ એક પૂર્વ મિલમજૂર અને એક ઉદ્યોગપતિનું મિલન હતું. અહીં મજૂર અને ઉદ્યોગપતિ શબ્દોના વાઘા ખંખેરાઈ ગયા હતા. પ્રેમની વાણીનો આ ઉત્સવ હતો. મ્હોરી ઊઠેલું મારું મન એ વખતે બોલી ઊઠેલું, 'આ માણેકલાલભાઈ, વર્ષોથી સંપર્ક તૂટી ગયો હોવા છતાં સંબંધોને કેવા ઉષ્માભર્યા જાળવી રાખી શકે છે !' કવિ ઉદ્‌ગાર કાઢે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' હૉલનાં પગથિયાં આગળ આવો એક માનવ ઊભો હતો - માણેકલાલ !

ઈ.સ. ૧૯૫૮ ના ઑગસ્ટની ૧૫મી તારીખે કડીમાં ઊંડી ફળીમાં એમના નિવાસસ્થાને પ્રથમવાર એમનાં દર્શન થયાં. એમને સાંભળ્યા ત્યારથી આજ સુધીમાં અનેકવાર માણેકલાલભાઈમાં મેં માણસ જોયો છે - માનવી ! આ લખાણમાં યથાવકાશ કદાચ એ અંગે વાત કરવાની થયા તો કરશે પણ અહીં અમેરિકાની એક ઘટના વિશે વાત કરી લેવાનું મન થાય છે. ૧૯૯૮માં અમે ન્યૂયોર્કમાં રણછોડભાઈ ચોકસીને ત્યાંથી શિકાગો જવા નીકળ્યા. નેવાર્ક ઍરપોર્ટથી પ્લેનમાં બેસવાનું હતું. નીકળ્યા ત્યારે વરસાદ હતો. નેવાર્ક પહોંચ્યા ત્યાં સુધી વરસાદ ચાલુ જ હતો. ધારી ગતિએ જઈ શકાયું નહીં એટલે ધારણા કરતા થોડા મોડા પહોંચ્યા. શિકાગોમાં થોડા દિવસ રોકાવાનું હતું એટલે બૅગો સાથે લીધી હતી.પ્લેનના ટેક ઑફનો સમય થવા આવ્યો હતો. બધું ઝડપથી પતાવવાનું હતું. પ્લેન ઊપડયું ત્યારે બૅગ વગેરે અમારો સામાન આ પ્લેનમાં મુકાઈ ગયો હશે કે કેમ તે વિશે જરાક સંદેહ તો હતો. પણ અહીંનું કામ બધું ત્વરાવાળું હોય છે એટલે એ બૅગો પ્લેનમાં મુકાઈ ગઈ હશે જ એવી શ્રધ્ધા હતી.

રાત્રે દસ વાગ્યે પ્લેન શિકાગોના ઍરપોર્ટ ઉપર ઊતર્યું. બૅગેજ કલેકશનમાં કન્વેયર બેલ્ટ ઉપર આવી રહેલી બૅગોમાં અમારી બૅગોને આવતી ઉઠાવી લેવા અમે બેલ્ટની ધાર નજીક ઊભા રહ્યા. બેલ્ટ ફરતો રહ્યો. અમારી બૅગો દેખાઈ નહીં, ઑફિસમાં તપાસ કરી. ચાર્જમાં કોઈ મહિલા હતી. એણે હૈયાધારણ આપતાં નમ્રતાપૂર્વક કહ્યુંઃ 'નેવાર્કથી બીજી ફલાઈટને અહીં પહોંચવાનો સમય અગિયાર વાગ્યાનો છે. તમારો સામાન એમાં આવશે. રાહ જુઓ. અગવડ માટે ક્ષમા' ચાહીએ છીએ!' અગિયાર વાગ્યા સુધી થોભ્યા વગર છૂટકો નહોતો. બરાબર અગિયાર વાગ્યે પ્લેન આવ્યું. બૅગેજ કલેકશનમાં બૅલ્ટ પર લદાઈને સામાન આવવા માંડયો. શ્રી કનુભાઈ, નરસિંહભાઈ, માણેકલાલભાઈની બૅગો આવી.

ઉઠાવીને બાજુએ મૂકી. મારી બૅગ દેખાતી નહોતી. બેલ્ટ ફરતો રહ્યો. બેલ્ટ પરનો માલ ઓછો થતો રહ્યો. મારી બૅગ નજરે પડતી નહોતી. અમારી જંબો બૅગો તો મૂળ ઉતારે (વિઠ્ઠલભાઈને ત્યાં) સ્થાયી રાખેલી હતી. પણ સરળતાથી ફેરવી શકાય એવી મધ્યમ કદની બૅગો અમે પ્રવાસમાં સાથે રાખતા હતા. આ બૅગો ઉપર મોટાં મોટાં સ્ટીકરો ચોંટાડેલાં નહોતાં. ઍરપોર્ટ તરફથી મળેલાં પ્લાસ્ટિકનાં પટ્ટીરૂપનાં સ્ટીકરો જ લગાવેલાં હતાં. નમીને જોઈએ ત્યારે નામ વંચાય.

કન્વેયર બેલ્ટ ઉપર આવતી ઘણી બૅગોની સાઈઝ અને તેમના રંગ એક સરખા જણાતા હોવાથી દૃષ્ટિભ્રમ થયા વિના ન રહે.

અમે હરતાં-ફરતાં એક સ્થળેથી બીજા સ્થળે સાથે જતા હોવાથી એકબીજાના સામાનને સહજપણે ઓળખી શકતા હોઈએ એ ન્યાયે શ્રી માણેકલાલભાઈ મારી બૅગને અણસારથી ઓળખી લઈ શકે. પણ હમણાં કહ્યું તેમ એકસરખાપણાના આભાસના કારણે સ્ટીકરમાં નોંધેલું નામ વાંચી લેવું પડે. અલબત્ત,વસ્તુના માલિકને સ્ટીકર જોવાની જરૂર ન પડે કારણ કે એને તો વસ્તુના તસુએ તસુની ઓળખ હોય. હું તો બાજુએ રહ્યો અને માણેકલાલભાઈ ભારે ત્વરા અને હલનચલનમાં પૂરું ચાંચલ્ય દાખવીને બેલ્ટ પર આવતી બૅગોમાં એમને જે બૅગો મારી બૅગ જેવી જણાય તે તપાસવા લાગ્યા. જરૂર જણાય ત્યાં બૅગને ઊંચી-નીચી કે આઘી-પાછી કરીને સ્ટીકરનું નામ વાંચતા હોય એમ જોતા રહ્યા. બૅગ ધ્યાન બહાર કે તપાસાયા વિના સરકી ન જાય એ માટે કયારેક ઝડપથી ચાર ડગલાં આવતા બેલ્ટની દિશામાં ધસી જતા. આમ કરવામાં એક વૃદ્ધ અમેરિકન સ્ત્રીને એમના બાહુની ઝપટ પણ લાગી. આ ઝંઝાવાતી કાર્યમાં રત માણેકલાલભાઈમાં મને કયો માનવી દેખાયો? ઑફિસમાં બેઠા હોય ત્યારે એક ગૌરવશાળી ચૅરમૅન કે યુનિવર્સિટીના પ્રૅસિડેન્ટનું સત્તાવાહકરૂપ ધારણ કરતા, એક સૂચન માત્રથી તત્ક્ષણ કાર્યનું પરિણામ માગતા, ત્રણચાર કોડી શૈક્ષણિક એકમોના અધિષ્ઠાતા અને જેમની આંખ નીચે ૧૪૦૦ જેટલા કર્મચારીઓ કામ કરતા હોય એવા મંડળના અધિપતિ પોતાનો મોભો અને દમામ કોરાણે મૂકી દઈને પોતાના સાથી પ્રવાસી માટે આટઆટલી લવચિકતા દર્શાવે એમાં ઉમદા મનુષ્યત્વ સિવાય બીજું શું હોય?

બૅગની ઘટનાના પરિણામ વિશે આ લેખના વાચકનું કુતૂહલ વણસંતોષ્યું ન રહે એટલે જણાવું કે બીજી ફલાઈટ (અગિયાર વાગ્યાની) વખતે કન્વેયર બેલ્ટ ઉપર મારી બૅગ દેખાતી નહોતી એટલે ઑફિસમાં જઈને મેં પેલી મહિલા

ઑફિસરને તાકીદ આપતાં કહ્યું : 'મેડમ, અગિયારની ફલાઈટમાં પણ મારી બૅગ આવેલી હોય એવું જણાતું નથી. એ બૅગમાં સમયાન્તરે અનિવાર્યપણે લેવી પડે એવી કેટલીક દવાઓ છે. આ ગંભીર બાબત છે.'

આટલું સાંભળ્યા પછી એ સ્ત્રીના ચહેરા ઉપર સ્પષ્ટ ફેરફાર જણાયો. એ ઊંચી કેબિનમાંથી બેલ્ટ પસાર થતો હતો ત્યાં પહોંચી ગઈ. બૅગને કશાક બંધનમાંથી છૂટી કરી હોય એમ થોડી ક્ષણો પછી એ પેલા બેલ્ટ ઉપર દેખાઈ અને અમે એને ઉપાડી લીધી.

કથનના મૂળ પ્રવાહથી ફંટાઈને બે આડ વાત કહ્યા પછી મૂળ વાત પર આવીએ. હાઈસ્કૂલમાં દાખલ થયા પછી પ્રતિકૂળ સંજોગો હોવા છતાં અભ્યાસમાં એમની તેજસ્વિતા બરાબર પ્રકાશવા લાગી. પરીક્ષાઓમાં એ અવ્વલ નંબરે પાસ તો થતા જ હતા પણ અભ્યાસક્રમ કે નિશ્ચિત ધોરણની પરીક્ષા સિવાય એમણે બીજી પરીક્ષાઓ આપીને શૈક્ષણિક લાયકાતો વધારવા માંડી. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની પરિચયપરીક્ષા પછી એમણે કોવિદની પરીક્ષા આપી. નોંધપાત્ર વાત તો એ હતી કે શાળાના સિનિયર શિક્ષકોમાંના એક શ્રી અંબાલાલ શિ. પટેલે પણ એ જ વખતની કોવિદની પરીક્ષા આપી હતી. અર્થાત્, ગુરુશિષ્ય બંનેએ એક સાથે એક જ પરીક્ષા આપી. બંનેનાં પરિણામ ઝળહળતાં આવ્યાં. શ્રી અંબાલાલ આખા ભારતમાં પ્રથમ આવ્યા એટલે કેન્દ્રમાં એ પ્રથમ અને માણેકલાલ બીજા નંબરે ઉત્તીર્ણ થયા.

કોવિદમાં શાળા તરફથી પરીક્ષા આપનાર ઉમેદવારોમાંથી જે પ્રથમ આવે તેને ઇનામ આપવાનું હતું. કેન્દ્રમાં અને શાળામાં પ્રથમ તો અંબાલાલ પટેલ હતા. પણ એ તો એક નીવડેલા શિક્ષક હતા. એ પ્રથમ આવે એમાં કોઈ મોટી સિદ્ધિ નહોતી તેમજ આશ્ચર્ય પામવા જેવી ઘટના નહોતી. શાળાના આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈએ આ અંગે વિચાર કરીને ઘટતો નિર્ણય લીધો. ઇનામ તો વિદ્યાર્થીને જ મળવું જોઈએ. એણે બીજા નંબરે આવીને એની શક્તિનો પરિચય આપ્યો છે તે પ્રશંસનીય છે. શિક્ષક પરીક્ષામાં ન બેઠા હોત તો એ પ્રથમ નંબરે જ હોત. આથી ઇનામ તો વિદ્યાર્થી માણેકલાલને જ મળવું જોઈએ.

આ ઇનામ આપવા માટે એક સમારંભનું આયોજન કરી શકાય એવો રૂડો સંજોગ પણ ઊભો થયો. જાણીતા લોકસાહિત્યના સંશોધક અને સાહિત્યકાર જેમને ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર' કહ્યા હતા એ ઝવેરચંદ મેઘાણી એમના બે પુત્રો મસ્તાન અને નાનકને અભ્યાસ માટે સર્વ વિદ્યાલયમાં દાખલ કરવા માટે આવ્યા હતા

એમના હસ્તે આ ઇનામ અપાય એવી ગોઠવણ આચાર્યશ્રીએ કરી.

ઝવેરચંદ મેઘાણી કડીમાં આવે અને એક સમારંભ દ્વારા કડીની પ્રજાને એમની વાણી અને કાવ્યગાનનો લાભ મળે એ તો એક અસાધારણ અવસર ગણાય. મુંબઈ જેવા શહેરમાં પણ મેઘાણીભાઈનાં વસનજી ઠક્કુર વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો વખતે હૉલ તો ખીચોખીચ ભરાઈ જાય અને હૉલ બહાર પણ શ્રોતાઓની ભીડ જામી હોય. મેઘાણીના મુખે અને બુલંદ અવાજમાં 'કોઈનો લાડકવાયો' કાવ્ય સાંભળીને લોકો ધન્ય થઈ જતા. એવા મોટા રાષ્ટ્રીય શાયરના હસ્તે માણેકલાલને ઇનામરૂપે પ્રેમચંદજીની ખૂબ જાણીતી નવલકથા 'ગોદાન' અપાઈ. માણેકલાલના જીવનનો આ એક યાદગાર અને ધન્ય પ્રસંગ.

માણેકલાલ ૧૦ મા ધોરણમાં હતા ત્યારે એમને એક ઘટનાના આધારે ક્રોસ રોડ આવીને ઊભા રહેવાનું થયું. આ જગ્યા એવી હતી કે ચાલુ માર્ગ છોડીને બીજા માર્ગે જતાં કોઈ જુદી જ મંઝિલે પહોંચી જવાય. એમણે હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવતાં પહેલાં પ્રાથમિક શાળાનું ૭ મું ધોરણ પાસ કર્યું હતું અને એમાં એ રાજ્યભરમાં બીજા નંબરે ઉત્તીર્ણ થયા હતા. એમણે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની થનાર ભરતી વિશે જાણીને અરજી કરી. લાયકાતની દૃષ્ટિએ તો નિમણૂક માટે કોઈ સંદેહ નહોતો. પણ નિમણૂકપત્ર મેળવતાં પહેલાં ઈન્ટરવ્યૂમાં પાસ થવું પડે.

ઈન્ટરવ્યૂ ગોઠવાયા. એક પછી એક એમ ઉમેદવારોને મુલાકાત માટે કમિટી સમક્ષ બોલાવવામાં આવતા હતા. માણેકલાલના નામનો સાદ થયો એટલે એમણે ઈન્ટરવ્યૂ લેનાર અમલદારો જે ચેમ્બરમાં હતા તેમાં પ્રવેશ કર્યો. પસંદગી કમિટીમાં રાજ્યના નાયબ સૂબા, શિક્ષણાધિકારીશ્રી તેમજ અન્ય અમલદારો ઉપસ્થિત હતા.

ચેમ્બરમાં માણેકલાલનો પ્રવેશ થયો અને એ પ્રદર્શનની ચીજ હોય એમ કમિટીના સભ્યો એમની તરફ જોઈ રહ્યા. કહો કે, દૂબળી, પાતળી અને ઊંચી કાયાને નીરખી રહ્યા. માણેકલાલ પ્રથમ દૃષ્ટિએ જ ઈન્ટરવ્યૂમાં નાપાસ થઈ રહ્યા હોય એવો ઘાટ થયો. પ્રશ્ન પૂછવાના તો બાજુએ રહ્યા, અંદર-અંદર સંવાદ અને અભિપ્રાય વ્યક્ત થવા લાગ્યા. 'શરીરે આવો માયકાંગલો શિક્ષક છોકરાઓ ઉપર શો પ્રભાવ પાડી શકે?' 'વર્ગનાં બાળકોને આવો દૂબળ શિક્ષક કેમ કાબૂમાં રાખી શકે ?'

માણેકલાલને એ વખતે જ પરિણામ સમજાઈ ગયું અને જે સમજાયું હતું એ પાછળથી જાણવા મળ્યું. રાજ્યમાં બીજા નંબરે ઉત્તીર્ણ થનાર અને તેજસ્વિતામાં

સર્વ રીતે પોતાને લાયક ગણનાર ઉમેદવાર ફક્ત શારીરિક દૂર્બળતાના કારણે લક્ષ્યથી વંચિત રહે ત્યારે એના મનની સ્થિતિ સહેજે સમજી શકાય. વર્ગમાં વિદ્યાર્થીઓ સમક્ષ જે ઉત્સાહ, આત્મવિશ્વાસ અને અભ્યાસના વિષયમાં જે નૈપુણ્ય જોઈએ એ બધું માણેકલાલમાં હતું અને છતાં સમિતિના સભ્યોએ માત્ર શરીરને નજરમાં રાખ્યું એ માણેકલાલને આઘાતજનક લાગ્યું.

એ વખતે કોણ જાણતું હતું કે પ્રાથમિક શાળાના શિક્ષક તરીકેની પસંદગીમાં નિષ્ફળતા એ માણેકલાલ માટે તો 'a blessing in disguise' (જુદા સ્વરૂપે એક આશીર્વાદ) હતું. આપણામાં પણ એક કહેવત છે કે 'પરમેશ્વર જે કરે છે તે સારા માટે કરે છે'. આજે આપણે માણેકલાલભાઈને જે સ્વરૂપે જોઈએ છીએ એ જોતાં નક્કી એમ લાગે છે કે એ પ્રાથમિક શિક્ષક માટેના ઈન્ટરવ્યૂમાં નાપાસ થયા તે એક છૂપો આશીર્વાદ જ હતો અને ઈશ્વરે જે કર્યું તે સારા માટે જ કર્યું. જો એમની શિક્ષક તરીકેની પસંદગી થઈ હોત તો? આજે આપણે કડી અને ગાંધીનગરનાં શિક્ષણસંકુલો ૪૨૦૦૦ છોકરા-છોકરીઓથી ધમધમી રહ્યાં છે તે જ સ્વરૂપે જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત ન થયું હોત. સર્વ વિદ્યાલયની શિક્ષણસંસ્થાઓ અગાઉ પણ વિકાસશીલ હતી જ. સતત પ્રગતિ સાધી રહી હતી પણ આજે એ સંસ્થાઓનું જે રૂપ છે તે જુદું જ છે. તુલનાની દૃષ્ટિએ તટસ્થપણે વિચાર કરીએ તો શ્રી માણેકલાલના પુરુષાર્થથી અત્યારે જે વિકાસ થયો છે અને થઈ રહ્યો છે તેટલો અને તેટલી ગતિએ કદાચ ન થયો હોત.

ફરી એક વાર માણેકલાલના કૃશ શરીરે બીજી એક નોકરી માટે યારી ન આપી. એ જ વર્ષે એટલે કે એ જ્યારે ધોરણ-૧૦ માં હતા ત્યારે પોલીસ સબ ઈન્સ્પેક્ટરની નોકરી અંગે મહેસાણા મુકામે ઉપસ્થિત થવાનું બન્યું. શારીરિક ક્ષમતાની કસોટી ચાલતી હતી. શરીર નબળું તો હતું જ. છાતી ફુલાવવાની સૂચના થતાં છાતી ફુલાવવાનો પ્રયત્ન તો કર્યો પણ ફુલાવ ધોરણસરનો ન થતાં ફરી એકવાર નિષ્ફળ જવાયું. અલબત્ત, આ નિષ્ફળતામાં એમને શિક્ષકની નોકરી મેળવવામાં મળેલી નિષ્ફળતા વખતે જેટલા પ્રમાણમાં નિરાશા થઈ હતી એટલા **પ્રમાણમાં** આ વખતે નિરાશ ન થવાયું. આ નોકરી માટે અંતઃસ્ફુરિત રુચિ નહીં હોય એટલે આમ બન્યું હશે.

હવે બીજી કોઈ નોકરીનો વિચાર છોડી દઈને કારકિર્દી'નું જે મુખ્ય ક્ષેત્ર હતું તે માધ્યમિક શિક્ષણના ધોરણ-૧૦ અને તે પછીના અભ્યાસને નજર સમક્ષ રાખીને એમાં મનને બરાબર કેન્દ્રિત કર્યું. અને ધોરણ-૧૧ એટલે કે

એસ.એસ.સી.ની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી.

એસ.એસ.સી. પાસ કર્યા પછી કૉલેજના અભ્યાસનો તબક્કો સામે આવીને ઊભો રહ્યો. આર્થિક સ્થિતિ તો એની એ જ હતી. તેજસ્વી કારકિર્દી બનાવી શકાય એવી શ્રધ્ધા પ્રગટાવતું એસ.એસ.સી.નું પરિણામ હતું. માણેકલાલે આગળ અભ્યાસ માટેનો નિર્ણય કરી લીધો હતો. કૉલેજ અને છાત્રાલયના ખર્ચ જોગ અર્થોપાર્જન કરી લેવાનો એમનો સંકલ્પ હતો. અંગ્રેજીમાં એક કહેવત છે : 'Fortune favours the brave' (બળિયાને નસીબ યારી આપે છે.) ખર્ચ માટે સદ્‌નસીબે નાણાં મેળવવાનો એક માર્ગ મળી રહ્યો. કુમુદચંદ્ર મહાદેવિયાની કંપનીમાં કંપની માટે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવાનું કામ મળી રહ્યું. સાંજે સાંજે અમુક સમય પૂરતું આ કામ માટે કંપનીમાં જવાનું થતું. કેટલાંક ટ્યુશન પણ કરી લેતા. આ ગોઠવણના કારણે ભણતર માટે કુટુંબ પર આર્થિક બોજાનો પ્રશ્ન ન રહ્યો.

રહેવાનું પાટીદાર વિદ્યાર્થી ભવનમાં રાખ્યું. ઉત્તર ગુજરાતના અને ખાસ કરીને મહેસાણા જિલ્લાના ઘણા વિદ્યાર્થીઓ આ છાત્રાલયમાં રહેતા હતા.

અહીં રહેવાની વ્યવસ્થા સારી હતી. સાથે સાથે કેટલીક પ્રતિકૂળતાઓ પણ હતી. વિદ્યાર્થીના મહેમાન માટે ઊતરવા - જમવાની કોઈ જોગવાઈ નહોતી. ગામડેથી વિદ્યાર્થીને મળવા આવતા પિતા, ભાઈ કે સ્નેહી માટે છાત્રાલયનો આ નિયમ ભારે મુશ્કેલી સર્જતો. છાત્રાલયના સંચાલકોનું છાત્રો તરફ પ્રેમભર્યું વલણ હોવાને બદલે સત્તામૂલક રુક્ષ વર્તન રહેતું. ગૃહપતિ તરીકે શ્રી નટુભાઈ પટેલ સેવા આપતા હતા. શિસ્તના નામે એ પણ બરાબર અક્કડ રહેતા.

માણેકલાલ અને જી.આઈ. જેવા એમના મિત્રો છાત્રાલયની આ પધ્ધતિ સામે અસંતોષ અને વિરોધ પ્રગટ કરતા. કયારેક આક્રોશ પણ એમના દ્વારા વ્યક્ત થતો.

એવામાં છાત્રાલયના ફૂડ બિલ વિશે એક સમસ્યા ઊભી થઈ. અનાજ વગેરેના સ્થાયી સ્ટૉક સિવાય દૂધ, શાકભાજી અને રસોડાને લગતી પરચૂરણ ખરીદી નક્કી થયેલા છાત્રોની દેખરેખ નીચે થતી.

તપાસમાં શાકભાજીની ખરીદીમાં મોટો ગોટાળો જોવા મળ્યો. શાક જે સસ્તું હોય તે રસોડાના ઉપયોગ માટે આવે અને બિલ મોંઘામાં મોંઘા શાકનું લેવામાં આવે. નાણાં ચૂકવવા માટે પૈસાનો આ બિલ પ્રમાણે ઉપાડ થાય અને શાકભાજીના વેપારીને સસ્તા શાકના પૈસા આપવામાં આવે.

ભવનનું વાતાવરણ ડહોળાયું. નાણાકીય ગોટાળાને ખુલ્લો પાડનાર વિદ્યાર્થીઓમાં માણેકલાલ પણ ખરા. સત્યનો આગ્રહ રાખનાર છાત્રો તોફાની ગણાયા. શિસ્તના બહાના હેઠળ એમને છાત્રાલયમાંથી દૂર કરવામાં આવ્યા એટલે છૂટા થયેલા છાત્રોએ રૂમ ભાડે રાખીને સ્વતંત્રપણે રહેવાનો નિર્ણય કર્યો અને આ નિર્ણયના આધારે માણેકલાલે પણ બીજા સાથીદારો સાથે નાથાલાલ સોસાયટીમાં એક રૂમ ભાડે રાખી. આ રૂમમાં સાથે રહેનાર અન્ય મિત્રોમાં સરસાવના છગનભાઈ કે. પટેલ જે અભ્યાસ પછી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા હતા અને છાત્રાલયના ગૃહપતિ તરીકે પણ સેવા આપતા હતા. સર્વ વિદ્યાલયમાંથી રાજીનામું આપીને વધારે અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. ત્યાં શિક્ષણશાસ્ત્રમાં મનોવિજ્ઞાન શાખામાં ડૉકટરેટની ઉપાધિ મેળવીને ટ્રાયટન કૉલેજમાં અધ્યાપક બનીને ડીનની જગ્યા સુધી પહોંચ્યા હતા અને મૅનેજમેન્ટમાં પણ સ્થાન મેળવ્યું હતું.

રૂમના બીજી સાથીદાર કાસ્વાના પ્રહ્લાદભાઈ વિ. પટેલ (જેમણે પછીથી પોતાની અટક બદલીને કસ્વેકર રાખી હતી.) એમણે પણ પીએચ.ડી. (Ph.D.) ની ઉપાધિ મેળવી હતી અને વિવિધ શાળાઓમાં આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. કેટલોક સમય એ સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે પણ હતા અને કારકિર્દીના આરંભે એ વિદ્યાર્થી આશ્રમમાં ગૃહપતિ પણ હતા.

એમની સાથે એક ગાંડાલાલ શિવલાલ નામના વિદ્યાર્થી પણ હતા.

આ બધા ભાઈઓ સંપીને ખૂબ આનંદથી રહેતા અને જવાબદારીપૂર્વક અભ્યાસ કરતા.

ભોજન માટે લૉજમાંથી ટિફિન મંગાવતા. જમ્યા પછી જે કામ આટોપવાનું હોય તે આ મિત્રો પોતે જ આટોપી લેતા.

રૂમની સાફસૂફીનું કામ છગનભાઈ પોતે સ્વેચ્છાએ ઉપાડી લેતા. છગનભાઈ સ્વભાવે ખૂબ મિલનસાર અને મહેનતુ હતા. બી.એ.માં માણેકલાલે ઑનર્સ સાથે અર્થશાસ્ત્ર રાખેલું.

બી.એ. સુધી અભ્યાસમાં આવતા વિષયોમાં ગુજરાતી માટે અધ્યાપક તરીકે ધીરુભાઈ ઠાકર હતા. અંગ્રેજીમાં એ ભાષાના પ્રખર વિદ્વાન અને જાણીતા ગાંધીવાદી પ્રૉ. સી. એન. પટેલ તેમજ પ્રૉ. મિસ્ત્રી હતા. અર્થશાસ્ત્રમાં પ્રૉ. જોશી હતા.

ઈન્ટરમાં માણેકલાલે ગણિતશાસ્ત્ર રાખ્યું હતું. ગણિતશાસ્ત્રના પ્રૉફેસરોમાં

પ્રા. વેલિંકર હતા.

બી.એ.ની પરીક્ષા અગાઉ એમણે અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી માટે અરજી કરેલી.

બી.એ.ની પરીક્ષા ચાલતી હતી તે વખતે ઈન્ટરવ્યૂ કોલ આવ્યો. એક બાજુ પરીક્ષા અને બીજી બાજુ નોકરી. કોર્પોરેશનની નોકરી. તક જતી કેમ કરાય? અને પરીક્ષા એ તો કેરિયર માટેનો સૌથી મહત્ત્વનો તબક્કો. ભારે મૂંઝવણની સ્થિતિ ઉપસ્થિત થઈ.

સારા નસીબે એક માર્ગ સૂઝયો. કોર્પોરેશનમાં ચીફ ઑડિટર તરીકે ફરજ બજાવતા શ્રી એસ.કે. પટેલના સ્નેહી હરિભાઈ હાથીભાઈની પેઢીમાં માણેકલાલના બનેવી નોકરી કરતા હતા. એમને આ પરિસ્થિતિ સમજાવી. એમના સૂચનથી શ્રી એસ.કે. પટેલે બી.એ.ની પરીક્ષા પૂરી થયે માણેકલાલનો ઈન્ટરવ્યૂ લેવાય એવી ગોઠવણ કરી આપી.

પરીક્ષા પછી ઈન્ટરવ્યૂ લેવાયો અને નોકરી મળી ગઈ. મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં એમને કોસ્ટિંગ કલાર્ક તરીકે કામ કરવાનું હતું.

પરીક્ષાનું પરિણામ આવ્યું. ઑનર્સ સાથે એ બી.એ. થયા.

નોકરી ચાલુ રાખીને એમણે એલએલ.બી.ના અભ્યાસ માટે લૉ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.નોકરી અને અભ્યાસની સંયુક્ત અનુકૂળતા સારી રહી.

એલએલ.બી.માં ઉત્તીર્ણ થયા અને એ પછી બાર કાઉન્સિલની પરીક્ષા આપીને વકીલાત કરવા માટેની સનદ મેળવી.

સારા વકીલ બનવાની પૂરી ક્ષમતા હોવા છતાં એમણે એ વ્યવસાય પસંદ ન કર્યો.

૧૯૫૮માં વ્યવસાયના કારણે એમના જીવનમાં એક મહત્ત્વનો વળાંક આવ્યો. કડી મ્યુનિસિપાલિટીમાં ચીફ ઑફિસરની જગ્યા ભરવાની હતી. એ જગ્યા માટે એમણે અરજી કરી. લાયકાત પૂરતી હતી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નોકરીનો અનુભવ પણ હતો.

ઈન્ટરવ્યૂ કોલ આવ્યો. ઈન્ટરવ્યૂ માટે કડી મ્યુનિસિપાલિટીમાં ઉપસ્થિત થયા. ઈન્ટરવ્યૂ લેનારા સોળ મહાનુભાવો હતા. પ્રમુખ તરીકે શ્રી રામલાલ ગોવિંદભાઈ પારેખ હતા. ઈન્ટરવ્યૂ વખતે માણેકલાલની તેજસ્વિતા સિધ્ધ થઈ. સરસ પરર્ફોમન્સના કારણે નોકરી માટે એ પસંદ થયા. પણ આશ્ચર્યની વાત એ

હતી કે ન સમજાય એવા કોઈ કારણથી નિમણૂકપત્ર ઉપર પ્રમુખની સહી થવામાં વિલંબ થયા કરતો હતો. આખરે પ્રમુખની અનુપસ્થિતિમાં ઉપપ્રમુખ ડૉ. માણેકલાલ સી. પટેલે નિમણૂકપત્ર ઉપર સહી કરી અને માણેકલાલ ચીફ ઑફિસરના પદ પર નિયુક્ત થયા. આ પદ પર એમની કામગીરીનો આરંભ તા. ૧૫-૯-૧૯૫૮ થી શરૂ થયો અને આ પદ પર એમણે ૧૪ વર્ષ અને ૧૦ માસ સુધી સેવાઓ આપી.

આ સમયગાળો અનેક રીતે એમની ઝળહળતી કારકિર્દીનો ગાળો ગણાયો. એક કડક અમલદાર હોવા છતાં એમનો વહીવટ પ્રજાલક્ષી અભિગમવાળો અને આમજનતા પ્રત્યે સહાનુભૂતિવાળો રહ્યો. મકાન બાંધકામ માટેની મંજૂરી માટે આવેલી અરજીનો એ ત્રણ દિવસમાં નિકાલ લાવી મંજૂરી આપી દેતા. આવાં દરેક કાર્યમાં એમની અસાધારણ ઝડપથી નિકાલની રીત ચીફ ઑફિસર તરીકેની એમની લોકપ્રિયતાના પાયામાં હતી. એમનો વહીવટ ચોખ્ખો તો ખરો જ, પણ કોઈની શેહશરમમાં તણાયા વગરનો તટસ્થ પણ ખરો. એક વખત એમણે કડીના સૌથી જૂના અને પ્રતિષ્ઠાસંપન્ન ડૉકટરને પણ મ્યુનિસિપાલિટીના નિયમભંગ બદલ નોટિસ પાઠવેલી.

સર્વિસના આટલા લાંબા સમયગાળા દરમ્યાન એમણે કોઈ રજા ભોગવી નહોતી. લોકો માટે લાગણીથી ફરજ સમજીને કામ કરનાર ચીફ ઑફિસર માણેકલાલ પ્રજામાં ‘સી.ઓ. સાહેબ’ ના હુલામણા સંબોધનના અધિકારી બન્યા. પછીથી એ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બન્યા અને ઉદ્યોગપતિ પણ બન્યા છતાં આજે પણ એ પ્રજાના દિલમાં ‘સી.ઓ.સાહેબ’ જ રહ્યા છે અને જરૂર પડયે ‘સાહેબ’ તરીકે જ સંબોધાય છે.

ચીફ ઑફિસર તરીકેની એમની અનન્ય સિધ્ધિ તો એ હતી કે ડાયરેકટર ઑફ લોકલ ઑથોરિટીએ એમની નિરીક્ષણનોંધમાં લખ્યું હતું કે મકાન બાંધકામ માટે આટલી ઝડપી મંજૂરી બીજી કોઈ મ્યુનિસિપાલિટીમાં અપાતી હોવાનું જાણવા મળ્યું નથી. વળી સરકારમાં આ નગરપાલિકા વિરુધ્ધ એવી કોઈ ફરિયાદ નથી કે સરકારે પ્રશ્ન હાથમાં લેવો પડે. આવા સંગીન કામ માટે આ મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસરને પગારમાં બે વધારાનાં ઈન્ક્રિમેન્ટ આપવાં ઘટે.

માણેકલાલે જયારે ચીફ ઑફિસર તરીકે કામ સંભાળ્યું ત્યારે મ્યુનિસિપાલિટી ખોટમાં ચાલતી હતી. એની આર્થિક સ્થિતિ સુધારવા ઑકટ્રૉય શિડયુલમાં સુધારો કર્યો. તદ્ઉપરાંત અમદાવાદી દરવાજાથી સ્ટેશન તરફના રસ્તા

પર દુકાનો તૈયાર કરાવીને એનાં વેચાણ અથવા ભાડાના કારણે આવકનો વધારો કરવાની યોજના નગરપાલિકામાં મંજૂર કરાવી એમણે પોતે જાતદેખરેખ નીચે એને સાંગોપાંગ પાર પાડીને મ્યુનિસિપાલિટીને આર્થિક રીતે સધ્ધર સ્થિતિમાં મૂકી.

એમણે ૧૯૬૪ (૧૪-૫-૧૯૬૪)માં ટાઉન પ્લાનિંગ એકટ પ્રમાણે શહેરનો વિકાસનકશો તૈયાર કરાવ્યો.

ચીફ ઑફિસરપદેથી રાજીનામું આપીને છૂટા થયા પછી પ્રમુખ તરીકે પણ મ્યુનિસિપાલિટી દ્વારા શહેરની એમની સેવાઓ ચાલુ રહી.

કડીની જનરલ હૉસ્પિટલ મ્યુનિસિપાલિટીએ સરકાર પાસેથી પોતાના હસ્તક લીધેલી. દવાખાનાનો નિભાવખર્ચ મોટો હોય છે. આ ખર્ચ મ્યુનિસિપાલિટીના ગજા બહારનો હતો. માણેકલાલે કુશળ કામગીરી દ્વારા દવાખાનાનો વહીવટ સરકારને સોંપાવીને મ્યુનિસિપાલિટીને એક ભારે આર્થિક બોજમાંથી ઉગારી લીધી.

કડી અને આસપાસનાં ગામડાંની પ્રજાની સુખાકારી માટેનું એક મોટું કામ થયું - ભાગ્યોદય હૉસ્પિટલના નિર્માણનું. આ હૉસ્પિટલની સ્થાપનાનો શુભ વિચાર આવ્યો ભાગ્યોદય જિંનિંગ ફેકટરીના માલિકોને. આ માલિકો તે - શ્રી વનમાળીદાસ, શ્રી બળદેવભાઈ ડોસાભાઈ, શ્રી ગોપાળભાઈ શિવલાલ, શ્રી પોપટલાલ, શ્રી ગિરધારીભાઈ શેઠ, શ્રી બાબુભાઈ છગનલાલ. અન્ય શ્રી ડાહ્યાભાઈ પ્રહ્લાદભાઈ પટેલ તથા રતિલાલ મગનલાલનો વિચાર તો માનવ સેવા અર્થે ઉત્તમ હતો. પણ આ બધા તો વ્યવસાયમાં ગળાબૂડ. એમને સમય કયાંથી હોય ? પણ એની એમને ચિંતા નહોતી માણેકલાલ કાર્યસૂઝ, નિષ્ઠા, પ્રામાણિકતા, હાથમાં લીધેલું કામ વિના વિલંબે પાર પાડવાના નેમધારી... થોડા સમયથી શ્રી બાબુભાઈ છગનલાલની પ્રેરણાથી અને ભાગ્યોદય જિનિંગ ફેકટરીના સહયોગથી માણેકલાલે જિનિંગ-પ્રેસિંગના ધંધામાં પદાર્પણ કર્યું હતું. આ નિમિત્તે ભાગ્યોદય જિનિંગ ફેકટરીમાં એમની બેઠક પણ હતી. હૉસ્પિટલની સ્થાપનાની સઘળી પૂર્વભૂમિકાથી માંડીને સ્થાપના અને ઉદ્‌ઘાટન સુધીની બધી જવાબદારી સૌએ મળીને માણેકલાલ તથા ડાહ્યાભાઈ તેમજ રતિલાલના શિરે મૂકી.

અને પ્રથમ પગલાંરૂપે કડી તાલુકા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના સેટલર બન્યા અને પછી એના નેજા નીચે કામ આરંભાયું. (૧) બળદેવભાઈ ડોસાભાઈ (અમદાવાદ) (૨) રતિલાલ મગનલાલ (કડી) (૩) ભાનુભાઈ બાબુભાઈ

(૪) પોપટલાલ (કલોલ) (૫) શૈલેશ વનમાળીદાસ ટ્રસ્ટીઓ તરીકે નિમાયા.

સૌ પહેલો પ્રશ્ન આવ્યો સ્થળનો. માણેકલાલની નજર સમક્ષ આખા શહેરનો નકશો હતો. સ્ટેશન રોડ પરના જાહેર બાગની જમીન વિશાળ હતી. એનો સ્ટેશન તરફનો એક અંશ હૉસ્પિટલના બાંધકામ માટે લઈ શકાય.

આ જમીન મૂળ તો સરકારી હતી. વડોદરા રાજ્ય વખતની એ સરકારી જમીન રાજ્ય તરફથી કડીમાં પબ્લિક ગાર્ડન માટે આપવામાં આવી હતી. ત્યાં બગીચો પણ બની ચૂકયો હતો. હવે આ જમીનનો ઉપયોગ હૉસ્પિટલ માટે કરવો હોય તો એ જમીન ફરીથી રાજ્યના કબજામાં જવી જોઈએ અને રાજ્ય સૂચિત હૉસ્પિટલ માટે હૉસ્પિટલના સંચાલક ટ્રસ્ટને આપે અને પછી એના પર હૉસ્પિટલ થઈ શકે. જમીન ટ્રાન્સફરનું કામ તો માણેકલાલ સિવાય કોણ કરી શકે એમ હતું ? માણેકલાલે એ કામ માથે લીધું અને બહુ સારી રીતે પાર પાડ્યું. હવે વાત આવી ભૂમિપૂજન અને ખાતમુહૂર્તની. ભૂમિપૂજન માટે ડોંગરે મહારાજ કરતાં વધારે યોગ્ય બીજું કોણ હોય? આવાં માનવીય કલ્યાણનાં સાત્ત્વિક કામ માટે ડોંગરે મહારાજ ઈન્કાર ન કરે. ફક્ત સમયની અનુકૂળતા વિચારી લેવી પડે.

બપોરના ત્રણ વાગ્યા પછી ભૂમિપૂજનનો સમય નક્કી થયો. ડોંગરે મહારાજની વાણીનો લાભ લેવા મોટી સંખ્યામાં માનવમેદની હાજર હતી. પણ લાંબા પ્રવચન માટે અવકાશ નહોતો. ભૂમિપૂજનનો વિધિ પૂરો થયા પછી માત્ર પાંચ-સાત મિનિટમાં ડોંગરે મહારાજે એમનું વક્તવ્ય પૂરું કર્યું. પણ દવાખાનાના આર્થિક લાભાર્થે એમણે ભાગવત સપ્તાહ માટે સંમતિ આપી. આ સપ્તાહની યોજના સ્ટેશન રોડ ઉપર એસ.ટી. બસ સ્ટેન્ડ સામે કરવામાં આવી.

દવાખાનાના આરંભ પહેલાં મકાન, જરૂરી ઓપરેશન થિયેટર અને જરૂરી નિવાસસ્થાનો વગેરે પૂર્ણ સ્થિતિમાં તૈયાર કરવામાં આવ્યાં. સાધનસામગ્રીથી દવાખાનું સજ્જ થયું. એ પછી પ્રજાજનના ઉપયોગ માટે ખુલ્લું મુકાયું.

દવાખાનાના નિભાવખર્ચ માટે માણેકલાલે મ્યુનિસિપાલિટી માટે જે યોજના કરી હતી તે અહીં પણ અજમાવી. દવાખાનાના કેમ્પસ્‌ની રોડ તરફની ધાર ઉપર એમણે દુકાનો અને ઑફિસો માટે પૂરી સગવડવાળાં મકાન તૈયાર કરાવ્યાં.

માણેકલાલે જેટલાં વર્ષ આ દવાખાનાનું કાર્ય ચૅરીટેબલ ટ્રસ્ટના મંત્રીની હેસિયતથી સંભાળ્યું એટલાં વર્ષ એમણે જનતા તરફથી અથવા દવાખાનાના સ્ટાફ તરફથી કોઈ ફરિયાદનું કારણ ન રહે તેની બરાબર કાળજી રાખી. ૧૦૦ પથારીવાળું દવાખાનું કડી તાલુકાની જનતા માટે આશીર્વાદરૂપ બની રહ્યું તેની પાછળ રહેલાં

સૂઝ અને વહીવટી કાબેલિયત માણેકલાલનાં હતાં.

કોઈપણ જાતનો ઢોલ પીટ્યા વગર કે પ્રચાર કર્યા કે કરાવ્યા વગર માણેકલાલે મૂંગા રહીને કડીની અને કડી તાલુકાની પ્રજાની સેવા જાત ઘસીને કરી છે. એવી એક સેવા કડીની નાગરિક સહકારી બૅન્ક વિષે છે. કડીની છોટાલાલ મિલ બંધ થયા પછી મિલ કામદારો બેકાર બન્યા અને એની કડીના સ્થાનિક ધંધા-રોજગાર ઉપર પણ માઠી અસર થઈ. આવા સમયે કડી નાગરિક સહકારી બૅન્કની સ્થાપના શ્રી રતિલાલ મગનલાલ, શ્રી વનમાળીદાસ મગનલાલ, ડૉ. માણેકલાલ, ડૉ. મધુસૂદન શાહ, શ્રી બળદેવભાઈ રામલાલ, શ્રી બાબુભાઈ છગનલાલ, શ્રી ડાહ્યાભાઈ વગેરે આગેવાનોના આધારે થઈ અને કડીનાં સ્થાનિક ધંધાનાં પાણીમાં ભરતી આવવા લાગી. આ બૅન્કની સ્થાપનામાં માણેકલાલનો સિંહફાળો છે. તેઓના એમ.ડી. તરીકે તથા ચૅરમૅનપદે બૅન્કનો ઉત્તરોત્તર વિકાસ થવા લાગ્યો. બૅન્ક કડીના ધંધા રોજગારમાં અનેક રીતે સહાયક બની. બૅન્ક તરફથી છૂટથી ધિરાણ થવા લાગ્યું અને એવી જ રીતે લૉન પણ મળવા લાગી. આ રીતે સાહસિક વેપારીઓ અને કારખાનેદારોને આર્થિક સહારો મળવા લાગ્યો.

બૅન્કના ચીફ પ્રમોટર માણેકલાલ હતા. ચૅરમૅન પણ ખરા. એમની પછીના બૅન્કના ચૅરમૅન તરીકે શ્રી રતિલાલ મગનલાલ પટેલ તેમજ શ્રી નટવરલાલ મગનલાલ પટેલે પણ બૅન્કની સધ્ધરતામાં સંગીન ઉમેરો કર્યો હતો. એ વર્ષોમાં બૅન્કની બે શાખાઓ અમદાવાદમાં અને એક કલ્યાણપુરામાં અસ્તિત્વમાં આવી હતી. તેઓએ નાગરિક બૅન્કમાં પ્રથમ એમ.ડી. તરીકે અને છેવટે ચૅરમૅન તરીકે ઉત્તમ સેવાઓ આપેલી છે.

રૂ ના જિનિંગ-પ્રેસિંગના વ્યવસાયમાં પ્રવેશ કરવાની ગણતરીએ એમણે ૧૯૭૩ માં મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસરની જગ્યા પરથી રાજીનામું આપ્યું.

બાબુભાઈ છગનલાલની પ્રેરણાથી અને ભાગ્યોદય જિનિંગ-પ્રેસિંગ ફૅકટરીના સહકારથી એમણે ભાગ્યોદય જિનિંગ-પ્રેસિંગ ફૅકટરીમાં પોતાના થકી ૨૦૦ થી ૩૦૦ ગાંસડીઓ બાંધવાનો નિર્ણય કરી કામ આરંભ્યું. આ સાહસને અંતે એમને રૂા. ૨૫૦૦૦/- નો ચોખ્ખો નફો મળ્યો.

આ સફળતાથી પ્રેરાઈને બાબુભાઈ છગનલાલ અને બળદેવભાઈ રામલાલ સાથે ભાગીદારીમાં જોડાયા અને કંપનીએ રૂા. ત્રણ લાખ રોક્યા. લગભગ એટલી રકમ જેટલો નફો થયો.

હવે ભાગીદારીમાં વનમાળીદાસ મગનલાલ પણ જોડાયા.

ધંધાના વિકાસ અર્થે એક સ્વતંત્ર એસ્ટાબ્લિશમેન્ટના હેતુથી ૧૬ વીઘા જમીન ખરીદી જે પૈકી રૂા. ૨૨૦૦૦/- માં છ વીઘા કુંડાળની અને રૂા. ૪૫૦૦૦/- માં ૧૦ વીઘા બીજી ખરીદી હતી.

આ ધંધામાં ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો અને જુદાં જુદાં નામે ફેકટરીઓ દ્વારા ધંધાનો પ્રસાર થતો રહ્યો. આ ફેકટરીઓ આ નામથી ચાલતી હતી - (૧) ગણેશ ઑઈલ મિલ એન્ડ જિનિંગ ફેકટરી (૨) અંબિકા પ્રેસિંગ ફેકટરી. સિઝનમાં એક લાખ ગાંસડી બાંધવા સુધીની ક્ષમતા એ વખતના સમયમાં આ સંયુક્ત કંપનીએ સિધ્ધ કરી બતાવી. કડીના ક્ષેત્ર માટે આ અપૂર્વ સિધ્ધિ હતી. હવે તો પાંચ લાખ ગાંસડીઓ સુધી બંધાય છે.

ધંધાના વિકાસ માટે ધંધાકીય કુનેહરૂપે જે જિનિંગ ફેકટરીઓના માલિક હતા એમને ભાગીદાર બનાવ્યા. કાચા માલનો પુરવઠો સહેલાઈથી પૂરતા પ્રમાણમાં મળતો રહે એ આ ભાગીદારીનો મુખ્ય હેતુ હતો.

માણેકલાલે ગણેશ પ્રેસિંગ ફેકટરીનો બહોળો વિકાસ સાધ્યો એ તો ખરું પણ એમણે રાજકોટ ગોંડલ રોડ ઉપર પાંચ કરોડ રૂપિયાના ખર્ચે મોટા પાયા ઉપર પ્રેસિંગ ફેકટરી સ્થાપી હતી. ખૂબ સારી ચાલતી હોવા છતાં કડીમાંના મોટા પાયા પર ચાલતા બિઝનેસના કારણે ગોંડલ પ્રૉજેકટ પર સીધી દેખરેખ રાખવાનું મુશ્કેલ હોઈ ત્યાંનો પ્રૉજેકટ સ્વેચ્છાએ આટોપી લીધો.

એક વાત અહીં નોંધવી જોઈએ કે રૂ ની ગાંસડીઓ બાંધવા માટેના સૅન્ટર તરીકે કડી આખા દેશમાં જાણીતું છે. ગુજરાતમાં આ અંગે જેટલું કામ થાય છે એનો ચોથો ભાગ એકલા કડીમાં થાય છે. ગણેશ પ્રેસિંગ ફેકટરી માણેકલાલની સીધી દેખરેખ નીચે ચાલે છે.

બીજી એક વાત પણ અહીં નોંધી લેવી જોઈએ. કડીમાં જિનિંગ-પ્રેસિંગ ફેકટરીઓ અને ઑઈલ મિલોનો બિઝનેસ એટલા મોટા પાયા પર ચાલે છે કે સિઝન વખતે રોજના કરોડો રૂપિયાની હેરફેર થાય છે. આના કારણે કડીની બૅન્કો સમૃધ્ધ બની છે એ તો ખરું પણ સિઝનમાં ફેકટરીઓનું કામ એટલું મોટું થઈને રહે છે કે અમદાવાદની બૅન્કો સાથે વ્યવહાર ચાલુ રાખવો પડે છે.

આના કારણે નાણાં સાથેની અવરજવર એટલી મોટી હોય છે કે આગવા વાહનમાં નાણાં લાવવા-લઈ જવાનું કામ લૂંટનું (અને નોંધાયેલા કિસ્સા પ્રમાણે ખૂનનું પણ) કારણ બને છે. આવી એક ઘટનામાં માણેકલાલની કંપનીના ૪૦ લાખ રૂપિયા લૂંટાયા હતા. પણ આશ્ચર્યની વાત એ હતી કે આટલી મોટી રકમ

લૂંટાઈ ગઈ હોવા છતાં જાણે કંઈ જ બન્યું ન હોય એટલા એ સ્વસ્થ હતા. આ ઘટના બન્યા પછી બીજા કે ત્રીજા દિવસે સર્વ વિદ્યાલયમાં એક સમારંભ હતો. એમાં એ એક હળવા પંખીની જેમ ઉત્સાહ અને આનંદથી હરતા ફરતા હતા. આવું અનુકરણીય છે એમના ચિત્તનું બૅલેન્સ!

કડીમાં ઑઈલ મિલોના ઉદ્યોગમાં પણ માણેકલાલ અગ્રેસર છે. કડી રૂ નું મોટું કેન્દ્ર એટલે રૂ ને લગતા વ્યવસાયોનું એ કેન્દ્ર બની રહે એ દેખીતું છે. કડીમાં કપાસિયા તેલની અત્યારે નાની મોટી લગભગ ૨૦૦ મિલો ચાલે છે. આ મિલોનું ઍસોસિયેશન પણ છે. માણેકલાલ આ ઍસોસિયેશનના ઘણાં વર્ષો સુધી પ્રમુખ રહ્યા. પોતે કાયદાના સ્નાતક તો ખરા, પણ એથી વિશેષ તો એમની કાયદાકીય તીક્ષ્ણ દૃષ્ટિ અને એને લગતો અનુભવ. આ અનુભવના કારણે એમણે સરકાર તરફથી ઊભી થતી અડચણોને દૂર કરીને ઑઈલના કડીના ઉદ્યોગને (સાથે સાથે સમગ્ર દેશના ઉદ્યોગને પણ) ઘણો ફાયદો કરી આપ્યો છે. તેલના ઉત્પાદનક્ષેત્રે સરકારની કેટલીક નીતિઓ સામે એમણે ઝુંબેશ ચલાવી હતી. શ્રી વી.પી. સિંહ વડા પ્રધાન હતા ત્યારે કેન્દ્ર સરકારે કપાસિયાના તેલને માનવખોરાક (એડીબલ)માં ગણાવીને તેને ઉત્તેજન આપવાની નીતિ અપનાવી હતી. આમ કરવામાં તેલ પુરવઠામાં રાહત થવા ઉપરાંત ખેડૂતોને ઉત્તેજન અને વધારે આર્થિક લાભ મળે એ હેતુ હતો. જયારે ગુજરાતમાં કપાસિયાના તેલના ઉત્પાદનને ઉત્તેજન આપવું તો બાજુએ રહ્યું પણ તેલની મિલ માટે જમીનને એન.એ. કરવા સરકાર મંજૂરી આપતી નહોતી. ગુજરાત સરકારની આ નીતિ સામે માણેકલાલે પડકાર કર્યો હતો પરિણામે સરકારે પોતાની નીતિમાં કેટલીક છૂટછાટો મૂકવી પડી હતી. ખાદ્યતેલ અને અખાદ્ય તેલની વ્યાખ્યા બાબતમાં માણેકલાલે હઠાગ્રહી અધિકારીઓની સમજ ઠેકાણે આણી હતી. કાયદાની રીતે ખાદ્યતેલ ઉપર જકાત લાગે અને અખાદ્ય તેલ એમાંથી મુક્ત હોય. અધિકારીઓ ખોટી સમજના કારણે તેલનું સમગ્ર ઉત્પાદન જકાતને પાત્ર ગણતા હતા. માણેકલાલે સ્પષ્ટ કરી આપ્યું કે જે તેલ રિફાઈન્ડ (શુદ્ધ કરેલું) હોય તે જ ખાદ્ય ગણાય અને જે રિફાઈન્ડ શુધ્ધ નથી એને કોઈપણ સંજોગોમાં ખાદ્ય ગણી શકાય નહીં. એ સીધેસીધું ખાવામાં વપરાય નહીં. કડીની ઑઈલ મિલોમાં તેલનું જે ઉત્પાદન થતું હતું એ રિફાઈન્ડ ન હોવાના કારણે ખાદ્ય તેલ નહોતું અને તે કારણે એ essential commodity ની વ્યાખ્યામાં આવી શકે નહીં એનો અધિકારીઓ પાસે સ્વીકારાવવાનો માણેકલાલનો પુરુષાર્થ કડીની ઑઈલ મિલો માટે ઘણો લાભદાયી બની રહ્યો. કડી ઑઈલ મિલ ઑનર્સ ઍસોસિએશનના પ્રમુખ તરીકે એમનું આ કાર્ય યશસ્વી

અને સ્મરણીય બની રહ્યું છે.

આશ્ચર્ય તો એ વાતનું છે કે જેની સીધી નજર અને દેખરેખ નીચે જિનિંગ-પ્રેસિંગ ફૅક્ટરીમાં રૂની જથ્થાબંધ ગાંસડી બંધાતી હોય, ઑઈલ મિલમાં ટનબંધી તેલનું ઉત્પાદન થતું હોય, કરોડો રૂપિયાનું ટર્ન ઓવર, કાચા માલની ખરીદી, તૈયાર માલનું વેચાણ, કાચા માલ અંગે ખેડૂતોને નાણાંનાં ચૂકવણાં, મોસમમાં બૅન્કો સાથેનો સતત વ્યવહાર...... આટલી બધી પ્રવૃત્તિ અને જવાબદારીમાં ગળાબૂડ રહેતો માણસ શિક્ષણનો માણસ કઈ રીતે બની શકે ? રસ દાખવવાની વાત તો બાજુએ રહી. બીજા ક્ષેત્રની વાત સાંભળવા પણ તૈયાર ન હોય. પણ માણેકલાલ જેટલા ધંધામાં વ્યસ્ત એટલા જ શિક્ષણના ક્ષેત્રમાં પણ વ્યસ્ત. સોળે કળાએ ખીલેલી એમની શક્તિઓ બંને ક્ષેત્રોને સરખી રીતે દીપાવે. જાણીતા વિચારક કાર્લાઈલનું એક વિધાન છે. વીર (Hero) કોઈપણ ક્ષેત્રમાં વીર હોય છે. અહીં માણેકલાલ બંને ક્ષેત્રોમાં વીર છે. એમના અણથક પુરુષાર્થ અને કુનેહથી સર્વ વિદ્યાલય, કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં શિક્ષણનાં કેટકેટલાં એકમો (શાળાઓ, કૉલેજો, ટૅક્નિકલ સંસ્થાઓ વગેરે) સ્થપાયાં, વિકસ્યાં અને નામ કમાયાં એનો વિગતવાર આલેખ આ ગ્રંથમાં પ્રા. પ્રયતકર કાનડિયા દ્વારા અપાયો છે. એમાં માણેકલાલના આ અંગેના કાર્યનો વિગતવાર ચિતાર આપવામાં આવ્યો છે એટલે હકીકતોનું પુનરાવર્તન ન કરતાં શિક્ષણના ક્ષેત્રમાં માણેકલાલના નીતિમૂલક વિચારોની જ વાત કરીશું. શુદ્ધ અને પારદર્શી વહીવટ એ એમનો પ્રથમ આદર્શ. માનવીને માનવ તરીકે ઘડવાનું અને એનામાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર સિંચવાનું કામ કરનાર સંસ્થા પોતે જ ભ્રષ્ટાચારનો આશ્રય લેતી હોય તો તેનાં શાં પરિણામ આવે ? માણેકલાલના વહીવટ હેઠળ ચાલતી બધી જ સંસ્થાઓ આ દૂષણથી મુક્ત રહે એની રખેવાળી માણેકલાલ બરાબર કરે છે. શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ કે નોકરી સંદર્ભે સંસ્થા કોઈપણ સંજોગોમાં ડોનેશન (દાનની રકમ) સ્વીકારતી નથી. કોઈ આવી ઑફર કરે તો માણેકલાલ ગુસ્સે થઈ જાય છે આ અંગેની વાત આપણે માણેકલાલના મિજાજ (mood) વિષે કહેતી વખતે કરીશું.

કેટલીક સંસ્થાઓ કૉલેજોમાં પ્રવેશ માટે મળતા મેનેજમૅન્ટ ક્વોટાનો ગેર-ઉપયોગ કરીને વિદ્યાર્થીના વાલી પાસેથી લાખોના હિસાબે રૂપિયા લૂંટે છે. માણેકલાલે આ બદીના છાંટા સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ન ઊડે એવા હેતુથી શાણપણ દાખવીને મેનેજમેન્ટનો ક્વોટા ફી કમિટીને સરેન્ડર કરી દીધો છે. અર્થાત્, સ્વીકાર્યો જ નથી. 'ન વાંસ, ન વાંસળી' એવી સરસ આ નીતિ. આ નીતિથી એક ફાયદો એ થયો કે માણેકલાલ અને સંસ્થાના કાર્યકરો પ્રવેશ માટે થતાં જાત

જાતનાં દબાણોમાંથી ઉગરી ગયા છે.

વિદ્યાર્થીઓની બાબતમાં કહીએ તો પ્રવેશ માટેના ફોર્મમાં કોઈ લૂંટ નથી. વિદ્યાર્થીઓ પાસેથી સરકારે ફીનાં નક્કી કરેલાં ધોરણોથી અથવા કમિટીએ મંજૂર કરેલી ફી કરતાં એક રૂપિયો પણ વધારે લેવાતો નથી. આર્થિક રીતે નબળા ૧૦ ટકા વિદ્યાર્થીઓને ફ્રીશીપ (માફી) અચૂક અપાય છે. ફી વેઈવર સ્કીમ અમલમાં મૂકી છે. વિશેષમાં ગરીબ વિદ્યાર્થીઓને ફી માફી પણ આપવામાં આવે છે.

નિમણૂક પામેલા સ્ટાફ (શિક્ષકો, અધ્યાપકો, કારકુનો, ચોથા વર્ગના કર્મચારીઓ વગેરે) ને સરકારી ધોરણે પૂરેપૂરો પગાર અને ભથ્થાં અપાય છે. જરૂરતમંદોને ક્વાર્ટર્સની સુવિધા પણ અપાય છે.

શિક્ષણનું કોઈપણ નવું એકમ શરૂ કરવાનું હોય ત્યારે ખાતા, સરકાર કે એ અંગેની તપાસ કમિટી (A.I.C.T.E.) તરફથી અપેક્ષિત જરૂરિયાતો સંપૂર્ણ અને ક્ષતિરહિત હોય એ માણેકલાલ પહેલેથી તપાસી લે છે. મકાન, સ્ટાફ, સાધન સામગ્રી બધું જ તૈયાર હોય. ૧૯૯૫ માં સંસ્થાએ શરૂ કરવા ધારેલી ફાર્મસી કૉલેજ (કે.બી. ઈન્સ્ટિટયૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) ની મંજૂરી અગાઉ કૉલેજનું મકાન અને ૧૨ લૅબોરેટરીઓ તૈયાર જોઈને A.I.C.T.E. (તપાસ માટે આવેલી કમિટી)ના સભ્યો ઘણા પ્રભાવિત થયેલા. સ્ટાફની નિમણૂક માટેની સંસ્થાની તૈયારી કમિટી માટે એટલી જ પ્રભાવક હતી અને એવી જ રીતે ઈ.સ. ૨૦૦૫ માં ઍન્જિનિયરિંગ કૉલેજ (એલ.ડી. આર.પી. ઈન્સ્ટિટયૂટ ઑફ ટૅક્નોલૉજી એન્ડ રિસર્ચ)ની મંજૂરી વખતે જરૂરિયાતો અંગેની સંપૂર્ણ તૈયારી જોઈ એ.આઈ.સી.ટી.ઈ. ના સભ્યો પણ અત્યંત પ્રભાવિત થયેલા અને સંસ્થા માટે ગૌરવની વાત તો એ હતી કે એ વર્ષે સારાયે ગુજરાતમાંથી ઍન્જિનિયરિંગ કૉલેજ માટે મંજૂરી અંગે થયેલી અરજીઓમાં ફક્ત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી - ગાંધીનગરને જ મંજૂરી મળેલી. થોડા જ સમયમાં કૉલેજોનાં મોટાં મોટાં મકાનો અને એની સાથે હૉસ્ટેલોનાં મકાનો પણ, જે ત્વરાથી માણેકલાલ તૈયાર કરાવી શકે છે એ પણ માણેકલાલની શક્તિનાં દ્યોતક છે. મકાનો ભવ્ય અને મનોહર.

બધાં પરિસરોમાં એમની નજર ફરતી જ રહે. શિક્ષણભવનો, હૉસ્ટેલો, રસોડું, મહેમાનગૃહ બધું જ એમની નજર તળે. મહેમાનગૃહમાં કોને ઉતારો આપવો એ પણ એમની સૂચના અનુસાર જ થાય. ઉતારો પામેલા અતિથિઓની બરાબર સરભરા થાય એની સૂચનાઓ તો કર્મચારીઓને આપે જ પણ પોતાનાં સૂચનોનો બરાબર અમલ થાય છે કે નહીં એની બરાબર ખબર રાખે.

કેમ્પસ્‌માં હાજરી આપવામાં ચુસ્ત અને નિયમિત. સામાન્ય દિવસોમાં પ્રત્યેક મંગળવારે અને શુક્રવારે એમની હાજરી ગાંધીનગરના સંકુલમાં હોય જ. સવારે દસ-સાડા દસે એમની ચેમ્બરમાં એ પહોંચી જ જાય અને પાંચ વાગ્યા સુધી હાજર રહી દરેક શાખાનું કામ, જે તે જવાબદાર અધિકારી કે કર્મચારીને બોલાવીને બરાબર જાણી લે, તપાસી લે અને જરૂરી સૂચનો આપે. વેકેશનમાં પ્રવેશનું કામ ચાલતું હોય ત્યારે, પરિણામો પડે તે દિવસોમાં અને સત્રના આરંભના દિવસોમાં રોજ એમની હાજરી કેમ્પસ્‌માં હોય. જુદાં જુદાં શિક્ષણ એકમો (પ્રાથમિક, માધ્યમિક, કૉલેજ કે બાલમંદિર)માં નાની મોટી પ્રવૃત્તિઓનું આયોજન હોય ત્યારે એ સમારંભો કે પ્રવૃત્તિઓમાં એમની હાજરી હોય જ.

સર્વ વિદ્યાલય કેમ્પસ્‌, કડીમાં પણ પ્રત્યેક બુધવારે અને પ્રવૃત્તિઓ સમયે એમની હાજરી ઉપર જણાવ્યું તે પ્રમાણે હોય જ. વધારામાં દર બુધવારે રાત્રે બંને સંસ્થાઓ અને ક.પા. કેળવણી મંડળના મંત્રીઓ સાથે સંસ્થાકીય ચર્ચા કરતા બેઠા હોય અને નિયમિતપણે સવારે ૮ થી ૯ વાગ્યા સુધી ક.પા. તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીઓ-ડૉ. રામભાઈ, ડૉ. મણિભાઈ, શ્રી વલ્લભભાઈ (સરદાર) અને શ્રી ખોડભાઈ અચૂક હાજર હોય.

માણેકલાલ શિક્ષણપ્રેમી કેવા ! બહારની જુદી જુદી સંસ્થાઓ તરફથી યોજાતાં વર્કશોપ, સૅમિનારો, ચર્ચાઓ કે ગોષ્ઠિઓ અંગે જે તે સંસ્થા તરફથી માગણી થતાં એ સંસ્થાઓને ઑડિટોરિયમ કે હૉલ અથવા મહેમાનગૃહનો કૉન્ફરન્સ હૉલ પ્રેમથી વાપરવા આપે, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના માણસો એમની સગવડ સાચવે. ભોજનની વ્યવસ્થા પણ આપે અને અંતે? જે તે સંસ્થાનો ગમે તેટલો આગ્રહ હોય તો પણ ખર્ચનો એક રૂપિયો પણ ન સ્વીકારે. માણેકલાલની આ ઉદાર નીતિ અનન્ય છે.

એમની ઉદારતાની વાત કરતાં ચારુદત્ત અને ગુજરાતના કવિ માઘ સહેજે યાદ આવી જાય. આ બંને દાનવીરો એવા ઉદાર દાતા હતા કે એમની આગળ મદદ માટે લંબાયેલા હાથને કદી પાછો ઠેલતા નહીં. કવિ માઘ તો એટલો ધનાઢ્ય હતો કે રાજા ભોજે એનું જે આતિથ્ય કર્યું હતું એના કરતાં સવાઈ મહેમાનગતિ આ ગુજરાતી કવિએ રાજા ભોજની કરી હતી.

આ બંને દાનવીરો એમની ઉદારતાને લીધે દાન આપવામાં અકિંચન બની ગયા હતા. માણેકલાલની વાત સહેજ નિરાળી છે. એ છૂટા હાથે દાન કરે છે પણ અકિંચન થતા નથી પણ એમના ધનમાં વૃધ્ધિ થયા કરે છે.

એમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને છૂટક છૂટક કેટલું દાન આપ્યું એનો સામટો તાગ કોણ મેળવે ? સર્વ વિદ્યાલય કેમ્પસ્ બહાર એમણે પોતાની અંગત નાણાં કોથળીમાંથી કેટલો ખર્ચ કર્યો એનો હિસાબ કોણે રાખ્યો હોય ? ઉદાહરણ રૂપે કહીએ તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-ગાંધીનગરની મહિલા કૉલેજના સ્ટાફ ઉપર એકાધિક અધ્યાપકો અને પ્રિન્સિપાલની ભરતી કરવાની હતી. ઈન્ટરવ્યૂ ગુજરાત યુનિવર્સિટીમાં રાખવામાં આવ્યા હતા. ઉમેદવારોનો મોટી સંખ્યામાં મેળો થયો હતો. આ બધા ઉમેદવારોને અમદાવાદના ડાઈનિંગ હૉલમાં જમાડ્યા. સંસ્થાના કામે અનેકવાર બહાર જવાનું થાય. માણેકલાલ સાથે હોય ત્યારે સઘળો ખર્ચ એ પોતાના થકો કરે. કશી જાહેરાત નહીં, કશો દેખાડો નહીં અને કશી નોંધ પણ નહીં.

કડી-ગાંધીનગરનું નિયમિતપણે આવન-જાવન, નવાં નવાં શૈક્ષણિક એકમોની મંજૂરી અર્થે સરકારમાં અને કેળવણી ખાતામાં અનેક વાર, સ્થગિત થયેલા કામને વેગ આપવા કે કામ કરાવવા અનેકવાર જવું પડે, પાટણ કે અમદાવાદ યુનિવર્સિટીમાં સંસ્થાના કામ અંગે મુલાકાતો - આ બધું પોતાના થકા ખર્ચથી માણેકલાલ કર્યા કરે. સમય, શ્રમ અને ખર્ચ બધું માણેકલાલનું પોતાનું !

આ મુલાકાતો વિશે તા. ૧૬-૧-૨૦૦૯ ના રોજ સી.એમ.પટેલ નર્સિંગ કૉલેજ અને હૉસ્ટેલ ભવનના ઉદ્ઘાટનસમારંભ વખતે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વક્તવ્યના આ અંશ પરથી માણેકલાલની ભાવના વિશે સારો એવો પ્રકાશ પ્રાપ્ત થશે: "સામાન્ય રીતે સંસ્થાઓ ચલાવનારા લોકો મુખ્યમંત્રી પાસે આવે તો રોદણાં રડતા આવતા હોય કે આ થતું નથી ને પેલું થતું નથીની ફરિયાદો લઈને આવતા હોય છે કે પછી માગણીઓ લઈને આવતા હોય પરંતુ એક જ અપવાદ જોઈએ તો શ્રી માણેકભાઈ સતત નવાં આયોજનો લઈને આવે છે. માણેકભાઈ સમય માગે ત્યારે સમજી જવાનું કે બે-પાંચ એકર જમીન આપવાની આવી. એ એક માત્ર એવી સંસ્થા છે કે જે નવા વિચારો અને આયોજનો સાથે આવે છે. ખૂબ સારી બાબત છે. તેમનું ટીમવર્ક પણ સારું છે. સારી રીતે તેઓ પ્રબંધન કરી રહ્યા છે."

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરનાં સંકુલોમાં અનેક શૈક્ષણિક એકમો અને વિદ્યાશાખાઓ છે. આમાં કે.જી. થી માંડીને કૉલેજોનો સમાવેશ થાય છે. આ સંકુલોમાંનાં શૈક્ષણિક એકમોમાં નવી વિદ્યાશાખાઓ ઉમેરવા માટે, નવી શાળાઓ કે કૉલેજો સ્થાપવા માટે કડી અને ગાંધીનગર બંને જુદી વહીવટી સત્તાઓ નીચે હોવાથી અને હવે માત્ર પત્રવ્યવહાર કે અરજીથી કામ

થઈ જાય એવું ન હોવાથી યુનિવર્સિટી અંગેના કામે પાટણ અને અમદાવાદના આંટાફેરા અનિવાર્ય બને છે. શિક્ષણ કંઈ એકલું શિક્ષણ બૉર્ડ કે યુનિવર્સિટીના સંબંધનું રહ્યું નથી. હવે તો સરકાર સાથે પણ ઝાઝો નાતો સ્થપાયો છે. સંસ્થાઓના કામ અંગે હડિયાપટ્ટી મોટે ભાગે માણેકલાલ કરે છે. કારણ કે જે તે કાર્યના નિકાલ માટે ચૅરમૅન સાથેની ચર્ચા તો જરૂરી ખરી પણ યુનિવર્સિટી કે સરકારી અધિકારીને વહીવટી જ્ઞાનથી આંજી નાખે અને જરૂર પડ્યે કાયદા-નિયમોની તલસ્પર્શી જાણકારીના કારણે ક્યારેક અધિકારીનો કાન પકડાવે એવી બુલંદીની જરૂર પણ હોય છે. માણેકલાલમાં આ પ્રભાવ અને બુલંદી બંને છે. અધિકારીઓની ચાંપલૂશી કરવાનું એમના સ્વભાવમાં નથી. હક અને અધિકારપૂર્વક એ માગણી રજૂ કરે છે. આજના તંત્ર (રેડ ટેપિઝમ) ના જમાનામાં એક મુલાકાતે કામ થઈ જતું નથી. સંસ્થાના કામ માટે વારંવાર ધક્કા ખાવામાં માણેકલાલ કંટાળતા નથી. એ કામને અધૂરું છોડતા નથી, કામ પૂરું કરાવીને જ જંપે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે ક્યારેક યુનિવર્સિટીમાં પોતે માર્ગદર્શન આપીને કામની સરળતા ઊભી કરી આપે છે. ઉદાહરણ તરીકે. ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન કૉલેજોમાં એમ.બી.એ. અને એમ.સી.એ. ના અભ્યાસક્રમો ચાલતા હતા. આ વિદ્યાશાખાઓની સ્વતંત્ર કૉલેજો ચાલતી હતી. પણ બી.બી.એ. અને બી.સી.એ. ના અભ્યાસક્રમો સાથેની કોઈ કૉલેજો નહોતી. અર્થાત્, બી.બી.એ. અને બી.સી.એ. વિદ્યાશાખાઓનું અસ્તિત્વ નહોતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે બી.સી.એ. વિદ્યાશાખાની મંજૂરી માટે અરજી કરી. કશો નિર્ણાયક જવાબ મળતો નહોતો. માગણીના અનુસંધાનમાં યુનિવર્સિટીના કુલપતિને રૂબરૂ મળતાં જાણવા મળ્યું કે બી.સી.એ.નો અભ્યાસક્રમ (સિલેબસ) જ અસ્તિત્વમાં નથી. માણેકલાલ વીરત્વમાં કંઈ પાછા પડે એમ નહોતા. એમણે કહ્યું : 'યુનિવર્સિટી પાસે બૉર્ડ ઑફ સ્ટડીઝ હોવા છતાં આ અભ્યાસક્રમ ન હોય તો અમે તૈયાર કરાવી આપીએ. પણ મારે બી.સી.એ. ચલાવવાની મંજૂરી જોઈએ.'

માણેકલાલે પોતાના સ્ટાફ પાસે આ અભ્યાસક્રમ તૈયાર કરાવ્યો. યુનિવર્સિટીને સોંપ્યો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું તો કામ થયું, પણ સાથે સાથે ત્યારપછી બીજી કૉલેજો માટે પણ માર્ગ મોકળો થઈ ગયો.

આવા ફળદાયી રચનાત્મક અનુભવોની સામે ક્યારેક હતાશાજનક અને ખંડનાત્મક અનુભવો પણ માણેકલાલને વેઠવા પડ્યા છે. યુનિવર્સિટીના વહીવટી તંત્રમાં ક્યારેક કોઈપણ હોદ્દા સિવાય કુલપતિને બાજુમાં મૂકી દે એવી પકડ જમાવી બેઠેલાં તત્ત્વો પણ હોય છે, જે પોતાના સ્વાર્થ માટે આઘાપાછી કરીને અન્ય સંસ્થાની

પ્રગતિમાં રોડાં નાખે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળને M.B.A. / M.C.A. વિદ્યાશાખા સ્થાપવી હતી. એમાં સરકાર કે એ.આઈ.સી.ટી.ઈ. માં, અગાઉના અનુભવ પ્રમાણે મંજૂરી મળવા અંગે કોઈ ચિંતા નહોતી પણ યુનિવર્સિટીના હસ્તકની કાર્યવાહીમાં સતત વિલંબ થયા કરે એ માટે પોતાને એ જ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષા હતી એવા ઉપર જણાવ્યા એવા એક તત્ત્વે પોતાના કાર્ય માટે પૂરતી ભૂમિકા ન રચાય અને પોતાનું કાર્ય સિધ્ધ ન થાય ત્યાં સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની માગણી મંજૂર ન થાય એવી યુનિવર્સિટી કક્ષાએ પેરવી રચવા માંડી. આખરે એ તત્ત્વે પોતાના માટે મંજૂરી મેળવી અને સર્વ વિદ્યાલયને પણ એ મળી. પણ સરવાળે સર્વ વિદ્યાલયને કોઈકના કારણે કાર્યસિધ્ધિ માટે લાંબો વિલંબ વેઠવો પડ્યો !

ક્યારેક સુજ્ઞ અને પરિસ્થિતિને બરાબર સમજીને નિર્ણય લેનાર અધિકારીની મુલાકાત સુખદ અને ફળદાયી બની રહ્યાના અનુભવ પણ માણેકલાલને એમના સહકાર્યકરો સાથે થયા છે. આ અનુભવની વાત કરતાં પહેલાં અહીં થોડી ભૂમિકા આપવી જરૂરી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગરની શાખાના શૈક્ષણિક સંકુલમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલ પ્રથમ માધ્યમિક શાળા. એનો ઉદ્ભવ સરકારી અનુદાન મેળવતી શાળા તરીકેનો. પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા)ની સીધી દેખરેખ નીચે ત્યાંનો વહીવટ ચાલે. એ વર્ષોમાં સ્વનિર્ભર શાળાઓ (સૅલ્ફ ફાઈનાન્સ્ડ સ્કૂલ) નો પવન ફુંકાવો શરૂ થયો નહોતો.

એવામાં એક વખત દાસકાકાને વિચાર સૂઝયો : ગ્રાન્ટ ન લઈએ તો આપણા વહીવટમાં સરકારી ડખલ ન રહે. શાળાનાં આરંભનાં વર્ષો હતાં એટલે હું પણ ઘણી વાર ત્યાં જતો. દાસકાકા મહેસાણાથી પાલનપુર-ગાંધીનગરવાળી બસમાં લગભગ અગિયાર વાગે સ્કૂલમાં આવતા અને સાંજે લગભગ પાંચ વાગ્યે મહેસાણા પરત જતા. સરકારી ગ્રાન્ટ ન લેવા અંગેના વિચાર બાબતે ચર્ચા નીકળતાં મેં મારો અભિપ્રાય આપતાં એમને આવું કહેલું : 'ગ્રાન્ટ ન લેવાથી સરકારી ડખલ મટી જતી નથી. શાળાનું રેકગ્નીશન સરકાર આપે છે એટલે સરકારી નિયમોથી આપણે બાધ્ય બનીએ છીએ. ગ્રાન્ટ ઈન એઈડ કોડ પ્રમાણે આપણે ચાલવું રહ્યું. બીજું સરકારી નિયમ પ્રમાણે આપણે વર્ગ દીઠ દોઢ શિક્ષકનું પ્રમાણ જાળવવું રહ્યું. શિક્ષકોના પગાર અને મોંઘવારી સતત વધતાં રહે છે. કર્મચારીઓની માગણીનો કોઈ અંત નથી. પગારપંચ નિમાતાં રહે છે. કેન્દ્ર સરકાર આ પંચની ભલામણ પ્રમાણે પગાર આપતી રહે છે. રાજ્ય સરકારે નમતું જોખીને પંચની ભલામણો સ્વીકારતો ઠરાવ કરવો પડે છે.

પગારનો ખર્ચ વધતો જાય છે. રીકરીંગ ખર્ચ વધતો જાય છે. ફીનું ધોરણ જેનું તે જ રહે છે. વધારો કરવા જાઓ તો ઊહાપોહ થાય. વિદ્યાર્થીઓ તોફાને પણ ચઢે. વધારામાં બાકી રહી જતું હોય તેમ હવે શિક્ષકોને પેન્શન મળશે. આ કારણથી આપણે ત્યાં શિક્ષકો નોકરી સ્વીકારતાં અચકાશે.... આ સંજોગોમાં ગ્રાન્ટ ન લેતી શાળામાં ફેરવાઈ જવાનું પગલું હિતાવહ નથી.' દાસકાકાની એમની આગવી પધ્ધતિ. એક વખત મનમાં જે વસી ગયું તે જલદી દૂર ન થાય. એમણે સરકારી ગ્રાન્ટ ન લેવાનો વિચાર અમલમાં મૂક્યો.

અનુભવે સમજાયું કે સરકારી ગ્રાન્ટ ન લેવામાં શાણપણ નહોતું.

અને શાળાને ફરી ગ્રાન્ટ લેતી કરવાના પ્રયત્નો શરૂ થયા. હવે આ સહેલી વાત નહોતી.

દાસકાકાનું અવસાન થયું અને આ પ્રશ્ન ઊભો રહ્યો.

હવે આ પ્રશ્ન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના તત્કાલીન હોદ્દેદારોએ ઉપાડવો પડ્યો.

અને એક દિવસ ગુજરાત રાજ્યના મુખ્ય સચિવને મળવાનું ગોઠવ્યું. એ વખતે મુખ્ય સચિવ તરીકે શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક હતા. એક વખતના વડોદરાના કલેક્ટર, નિવૃત્તિ પછી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ. નડિયાદના વતની. વિદ્વાન અને સાહિત્યના ઊંડા અભ્યાસી. ઊંચી કક્ષાના નાગરિકમાં હોય એવી કુમાશભરી રીતભાત.

એ વખતે માણેકલાલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સક્રિય મંત્રી. યાજ્ઞિક સાહેબને મંડળ તરફથી મળવા ગયેલાઓમાં નટુભાઈ (પૂર્વ સંસદસભ્ય) માણેકલાલ અને હું હતા. માણેકલાલે ઝીણવટપૂર્વક વિગતો રજૂ કરી. સંસ્થાની નીતિ-રીતિની વાત પણ વિસ્તારથી કહી. યાજ્ઞિક સાહેબે ફાઈલ મંગાવી. સંસ્થાએ કરેલી અરજી અને તેના પર થયેલા શેરા વગેરે બારીકાઈથી તપાસી લીધા અને એમણે અમને જે કહ્યું એ પરથી શાળાને ફરીથી ગ્રાન્ટ મળતી થશે એવી એક હૈયાધારણ પ્રાપ્ત થઈ.

થોડા જ સમયમાં શાળા ગ્રાન્ટેબલ થઈ. સંસ્થાને એક ભારે નિરાંત થઈ. સરકારી ઠરાવમાં ન રુચે એવી એક વાત એ હતી કે શાળાએ વિદ્યાર્થીઓ પાસેથી લીધેલી ફી સરકારી ટ્રેઝરીમાં પરત ભરી દેવી.

સંસ્થા માટે આ અઘરું હતું. ફી ટ્રેઝરીમાં પરત ન ભરવા માટેનાં સંસ્થા પાસે વાજબી કારણો હતાં. વાતનો સુખદ અંત એ હતો કે સંસ્થાએ શાળા વતી

વિદ્યાર્થીઓ પાસેથી લીધેલી ફી ટ્રેઝરીમાં ભરવી ન પડી.

એક એવી સમજ પ્રવર્તે છે કે માણેકલાલ ધાર્યું કામ ન થાય ત્યારે ગુસ્સે થઈ જાય છે અને ગુસ્સે થાય છે ત્યારે એમનો ગુસ્સો એમના અવાજમાં ઊતરે છે. સામેના માણસને ગભરાવી મૂકે એવો બુલંદ અવાજ એમના ગુસ્સા વખતે હોય છે. લોકો એમના આ મિજાજને ગુસ્સા તરીકે ઓળખે છે પણ આ ગુસ્સાને સમજવા પ્રયત્ન કરતા નથી. હું માણેકલાલના આ રોષને ગુસ્સો નહીં, પણ પુણ્યપ્રકોપ સમજું છું. ગુસ્સો અને પુણ્યપ્રકોપ બંને એમના હેતુના કારણે ભિન્ન છે. ગુસ્સો સર્વથા અનર્થકારી છે જ્યારે પુણ્યપ્રકોપ અન્ય અથવા જન સમાજ માટે ચાનકરૂપ અથવા ઉપયોગી છે. જ્યારે જ્યારે એ ગુસ્સે થાય છે ત્યારે એમના ગુસ્સા પાછળનું કારણ શું છે એ તપાસવામાં આવે તો એ ગુસ્સાનું ઔચિત્ય સમજાશે. અગાઉ આપણે જુદા સંદર્ભે પ્રવેશ અંગે મૅનેજમૅન્ટ ક્વોટાની વાત કરી ગયા છીએ. અહીં એક જુદા દૃષ્ટિકોણથી એ વાતને સ્પર્શીએ. કોઈ ચર્ચામાં, મિટિંગમાં કે પ્રવચનમાં મૅનેજમેન્ટ ક્વોટાનો સંચાલકો મર્યાદા વિનાના આર્થિક ભ્રષ્ટાચાર માટે ઉપયોગ કરે છે એ વાતનો માણેકલાલ ચર્ચામાં ઉલ્લેખ કરે ત્યારે એમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે. આ ભ્રષ્ટાચારની પાછળ કકળી ઊઠતું એમનું હૈયું ભ્રષ્ટાચારી સંચાલકો ઉપર તેજાબી શબ્દો દ્વારા આગની વર્ષા કરે છે. પ્રજાને કોઈ ચૂસે એ પોતે સહી શકતા નથી. આ પુણ્યપ્રકોપ પાછળ આપણને એમની પ્રામાણિક અને પારદર્શક નીતિનું દર્શન થવું જોઈએ.

શાળાકૉલેજોના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની સુવિધા માટે રાત દિવસ ચિંતન કરીને સુવિધામાં કશી ખામી ન રહે એવી વ્યવસ્થા માણેકલાલ બરાબર ગોઠવે છે. આમ છતાં આ અંગે કોઈ ખોટું નિવેદન કરે ત્યારે એ ઊકળી ઊઠે તો એમાં શું અસ્વાભાવિક હોય ? વિદ્યાર્થીઓ પોતાના રહેઠાણથી કશી અગવડ કે તકલીફ વગર શાળા-કૉલેજ સુધી આવે અને એ જ રીતે પોતાના રહેઠાણે પાછા જાય એ માટે પૂરતી સંખ્યામાં સંસ્થા તરફથી બસોની સગવડ રાખેલી છે. આમ હોવા છતાં એક કટાર લેખક-પત્રકારે એના છાપામાં વિદ્યાર્થીઓ માટેની આવી સુવિધા અંગે ખોટી અને સુવિધાનો અભાવ હોવાની ટીકા કરી. આ વાંચ્યા પછી માણેકલાલ ગુસ્સે થયા વગર કેમ રહે? એ તો પત્રકાર ઉપર બદનક્ષીનો કેસ માંડવા તૈયાર થયા હતા. પણ જે દીવા જેવું સ્પષ્ટ છે એ ક્યાં છાનું રહેવાનું છે એવી ચર્ચાને અંતે એ શાંત થયા.

૧૯૯૮ માં સંસ્થાના કેટલાક વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોના આમંત્રણથી

સંસ્થાના વિકાસ અર્થે ફંડરૂપે નાણાંભંડોળ એકઠું કરવા અમે અમેરિકા ગયા હતા. નેતૃત્વ માણેકલાલનું હતું અને નરસિંહભાઈ કે. પટેલ, ડૉ. કનુભાઈ અને હું સાથમાં હતા. સંસ્થાની ટૅકનિકલ હાઈસ્કૂલ માટે મુખ્ય દાતા ડૉ. ચિત્તરંજનભાઈ (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના મંત્રી શ્રી અંબાલાલ સો. પટેલના પુત્ર) ના આમંત્રણથી એક રાત્રે શુભેચ્છા પાર્ટીમાં અમે એમને ત્યાં ગયા. શુભેચ્છકો, સ્નેહીઓ અને મિત્રોનો મિલનમેળો થાય એ હેતુથી ચિત્તરંજનભાઈએ કેટલાંક આમંત્રણો આપ્યાં હતાં. સૌ આનંદથી હળીમળી રહ્યા હતા ત્યારે સંસ્થા અને છગનભાની વાત નીકળી. પાર્ટીમાં સરઢવના એક ભાઈ પણ હતા. એમણે નારાજગી દર્શાવતાં કહ્યું : 'છગનભાએ સરઢવ માટે શું કર્યું ?'

આ બોલનાર ભાઈની વાણીમાં નરી કડવાશ હતી. એ ભાઈના આવા શબ્દો સાંભળીને માણેકલાલનો પુણ્યપ્રકોપ એકાએક ભભૂકી ઊઠ્યો. છગનભાના કાર્યને ન સમજનાર માણસના આવા શબ્દો માણેકલાલથી સહન ન થઈ શક્યા હોય એમ ઊંચા સાદે એમણે પેલા ભાઈને કહ્યું : 'છગનભાએ સરઢવ માટે શું કર્યું એમ પૂછો છો ? પહેલાં તો તમે એ સમજો કે છગનભાએ એમના ગામને એટલે કે તમારા સરઢવને ગુજરાતના નકશામાં ઝળહળતું કર્યું. છગનભાને લીધે આખો મહેસાણા જિલ્લો અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર આવ્યો. કુરૂઢિઓની લોખંડી બેડીઓમાંથી મુક્ત થયો એ તમને અને તમારા ગામે ગૌરવ લેવા જેવું નથી લાગતું ?'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિદ્યાર્થીઓના જે તે કૉલેજમાં પ્રવેશ માટે કે નોકરીની નિમણૂક માટે કોઈપણ પ્રકારનું દાન સ્વીકારતું નથી એની એક ખુમારી સાથે માણેકલાલ ઊંચું મસ્તક રાખીને ફરે છે. કોઈ માણસ આ અંગે શંકા સેવીને ટીકા કરે તે માણેકલાલ સહન ન કરી શકે એ તો સમજાય એવી વાત છે. પણ નોકરી માટેનો કોઈ ઉમેદવાર અજાણપણામાં, નિર્દોષ ભાવે પોતાના સ્વાર્થ ખાતર દાન આપવાની તૈયારી વિશે અરજીમાં લખવાની ચેષ્ટા કરે તો પણ તે માણેકલાલ માટે અસહ્ય બની રહે છે. એક વખત ટૅકનિકલ હાઈસ્કૂલમાં શિક્ષકની ભરતી કરવાની હતી. આવેલી અરજીઓમાં એક ઉમેદવારની અરજીમાં એણે દાન આપવાની પોતાની તૈયારી વિશે નોંધ કરી હતી. એનો ઈન્ટરવ્યૂ કોલ થયો અને એ ઉમેદવાર ઑફિસમાં પ્રવેશ્યો એ પછી પ્રથમ તો માણેકલાલે ગુસ્સો દાઢમાં રાખીને વ્યંગ-વિનોદમાં એ ઉમેદવાર મંત્રીને, આચાર્યને અને ત્યાં બેઠેલા સિલેકશન કમિટીના સભ્ય જેવા મને કેટલા કેટલા રૂપિયા આપી શકશે એ પૂછયું. જે વ્યવહાર સાવ ખાનગીમાં કરવાનો હોય એને આમ જાહેરમાં મુકાતો જોઈ

ઉમેદવાર ગૂંચવાયો. એને હવે વ્યંગવાણી સમજાઈ હોય એવું એના ચહેરા પરની મૂંઝવણથી સમજી શકાયું. હવે માણેકલાલના પુણ્યપ્રકોપે દર્શનીય રૂપ પકડયું. એમણે પટાવાળાને બારણું બંધ કરવાનું સૂચવ્યું. આમાં શારીરિક શિક્ષાનો સંકેત હતો. જોકે આમાં શિક્ષાત્મક પગલાંનો ઇશારો માત્ર હતો, દાનત નહીં. આ આખી ઘટનાનો ધ્વનિ તો એ કે, માણેકલાલની અપેક્ષા એ કે ગુજરાતના ખૂણેખૂણે એ વાત વ્યાપ્ત હોવી જોઈએ કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ભ્રષ્ટાચારમૂલક દાન પ્રવૃત્તિમાં નથી પડતું. કોઈ આવી દાન આપવાની તૈયારી દર્શાવે તો પણ સંસ્થાની નામના ઝાંખી પડે એવી માન્યતા પણ માણેકલાલને હલાવી મૂકે છે.

માણેકલાલને પુણ્યપ્રકોપ કયાં વહોરવા જવો પડે એમ છે? કોઈના હિતની વાત એ કરતા હોય અને સામેની વ્યક્તિ એ વાત તરફ દુર્લક્ષ સેવે તો પણ માણેકલાલ ગુસ્સે થયા વિના ન રહે. માણેકલાલ આર. જે. શાહ ફી રેગ્યુલેટરી કમિટી ફૉર પ્રોફેશનલ કોર્સિઝના સભ્ય છે. એ હેસિયતથી ફી સંબંધી સરકારી નીતિથી પૂરા વાકેફ છે. એમાં ઉપરોક્ત અભ્યાસક્રમો (ઍન્જિનિયરિંગ, ફાર્મસી, મેડિકલ વગેરે) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ૧૦ ટકા વિદ્યાર્થીઓની મરજિયાતપણે માફી આપવાની જોગવાઈ છે. જે કૉલેજ આવી માફી આપે એ કૉલેજ એટલા ટકા પ્રમાણે વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે છે. ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે ૬૦ વિદ્યાર્થીઓનો વર્ગ હોય તો છ વિદ્યાર્થીઓને શિક્ષણ ફી ભરવામાંથી મુક્તિ આપી શકાય અને એની સામે છ વધારે વિદ્યાર્થીઓને દાખલ કરી શકાય. આ ફૉર્મ્યુલા પ્રમાણે સંસ્થાને કશું આર્થિક નુકસાન જતું નથી અને છ ગરીબ વિદ્યાર્થીઓને લાભ આપીને એની કારકિર્દી બનાવવામાં ખૂબ કિંમતી સહાય કરી શકાય છે. માણેકલાલ કૉલેજોના સંચાલકોને આ વાત ગળે ઉતારવા પ્રયાસ કરે છે. પણ વિદ્યાર્થીને કશો જ આર્થિક લાભ ન આપવા ટેવાયેલા સંચાલકો ૧૦ ટકા વિદ્યાર્થીઓને માફી આપતા નથી. વિદ્યાર્થીઓનું હિત ન વિચારનારા સંચાલકો ઉપર માણેકલાલનો પુણ્યપ્રકોપ ઊતર્યા વગર કેમ રહે?

જુદી જુદી કૉલેજોની, એ કૉલેજોને લગતાં ઘણાં પાસાં તપાસીને ફી નક્કી કરવામાં માણેકલાલના જ્ઞાનનો બહોળો ઉપયોગ થાય છે. ફી સંબંધી માણેકલાલની નીતિ માનવતાવાદી અભિગમવાળી અને બરાબર સંતુલિત છે જે ભ્રષ્ટાચારમાં રાચનારા સંચાલકોને પસંદ નથી. આના કારણે એ સૌ માણેકલાલથી ખફા હોય એવું એમના વલણથી સમજાઈ શકાયું છે. પણ માણેકલાલ એમના આ વલણથી જરા પણ ચિંતિત નથી. એ પોતાની નીતિમાં નિશ્ચલ છે.

માણેકલાલના ગુસ્સા પરત્વે ગેરસમજમાં રહેનારા સૌએ એ જાણી લેવું

જોઈએ કે માણેકલાલનો ગુસ્સો, રોષ કે પુણ્યપ્રકોપ જે ગણો તે, વ્યક્તિ પરત્વે નહીં, પણ ઘટના પરત્વે હોય છે. 'થયું ન થયું', 'આ થવું જોઈએ, તે થવું જોઈએ' જેવી બાબતો એમના ગુસ્સાના કેન્દ્રમાં હોય છે. ઘટના સંબંધી જે કંઈ ઊણપ હોય તે દૂર થાય કે એ સંબંધી ચૂક કરનારને ઊંચા સાદે ઠપકો આપવામાં આવે અને એવી ચૂકનું પુનરાવર્તન નહીં થાય એવી પ્રતીતિ થતાં, ત્યાં જ ગુસ્સાનું કારણ દૂર થઈ જાય છે અને માણેકલાલના ચિત્તની ઉત્તેજના પણ શાંત થઈ જાય છે અને પરિસ્થિતિ થોડી ક્ષણો પહેલાં હતી તેવી થઈ જાય છે. વ્યકિત પરત્વે માણેકલાલને કોઈ રોષ હોતો નથી એ ફરીથી કહેવાની જરૂર ન હોય.

કોઈપણ સંસ્થાના સુચારુ સંચાલન માટે આ પુણ્યપ્રકોપની નીતિ કેટલી બધી ઉપયોગી હોય છે એ તો વિચાર કરવા થોભીએ તો જ એ સમજાય. આજકાલ આખા દેશમાં નિષ્ઠાના અભાવનો રોગ વ્યાપક બની રહ્યો છે. એ સંજોગોમાં કામ લેવા માટે ધાક એ એક અનિવાર્ય બળ છે એ ભાગ્યે જ કહેવાની જરૂર હોય.

માણેકલાલ ૧૯૭૩-૭૪ માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં મંત્રી બન્યા. આ વર્ષોમાં સંસ્થાના ઉપપ્રમુખ અમીન સાહેબ પછી સંસ્થાના અન્ય પદાધિકારીઓ અને સંચાલક મંડળના સભ્યોમાં પ્રભાવક નેતૃત્વ સંભાળતા અને સક્રિય કાર્યકર્તાઓ તરીકે દાસકાકા, સાંકળચંદ પટેલ, શિવાભાઈ, છગનભાઈ રા. પટેલ, ધનાભાઈ ૨. પટેલ, છોટાલાલ મ. પટેલ, નટુભાઈ (ભાણાભાઈ તરીકે ખ્યાત), છગનભાઈ કા. પટેલ, કેટલોક સમય પીતાંબર પટેલ. આ કાર્યકરવર્તુળમાં ૧૯૭૦ પછી કેશવલાલ વિ. પટેલ (કેશુભાઈ શેઠ)નો પ્રવેશ થયો. આરંભથી જ એ ક.પા. કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ બન્યા. દાસકાકા હયાત હતા ત્યાં સુધી એમની એકહથ્થુ સત્તા ચાલતી હતી. એ ધાર્યું કરતા અને સૌ એમના નિર્ણયોને માનપૂર્વક સ્વીકારતા. આ બધા કાર્યકર્તાઓમાં જે જૈફ વયના હતા એ અવસાનના કારણે જેમ જેમ વિદાય લેતા ગયા તેમતેમ માણેકલાલના માથે જવાબદારીનો બોજ વધતો ગયો. આજે ઉપરોક્ત મહાનુભાવોમાંથી અમીન સાહેબ, દાસકાકા, સાંકળચંદ પટેલ, શિવાભાઈ, છગનભાઈ રા. પટેલ, ધનાભાઈ હ. પટેલ, છોટાલાલ મ. પટેલ, નટુભાઈ, છગનભાઈ કા. પટેલ, પીતાંબર પટેલ અવસાનના કારણે હયાત નથી. કેશવલાલ વિ. પટેલ ક.પા. કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ છે અને સિધ્ધપુરમાં વસે છે એટલે દરરોજ એમની ઉપસ્થિતિ સંસ્થાના કેમ્પસ્‌માં ન હોઈ શકે. જૂના કાર્યકર્તાઓમાં હવે એકલા રહ્યા માણેકલાલ. આ રીતે સંસ્થાનો બધો ભાર એમના માથે આવ્યો. બધી સંસ્થાઓ સર્વ વિદ્યાલય કેળવણી ઉત્તેજક મંડળ કડી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - ગાંધીનગર, કડવા પાટીદાર કેળવણી

ઉત્તેજક મંડળ, ગુજરાત ગૌશાળા ટ્રસ્ટ વગેરેના સભ્યોએ માણેકલાલને ૨૦૦૦-૨૦૦૧ થી માન અને પ્રેમપૂર્વક ચૅરમૅન પદે સ્થાપ્યા. એ બધાં મંડળોના મંત્રીઓ અને કારોબારીના સભ્યોને સાથે રાખીને, એમને વિશ્વાસમાં લઈને આ બધાં મંડળોનો વહીવટ કરે છે જેમાં વિદ્યાર્થી આશ્રમ અને પાટીદાર મુદ્રણાલયનો પણ સમાવેશ થાય છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય(સ્વનિર્ભર યુનિવર્સિટી)નો બધો કાર્યભાર પ્રૅસિડેન્ટ તરીકે એમના માથે છે.

એમની વહીવટી કુનેહ સમજવા જેવી છે. સમય, ખર્ચ અને શક્તિના ઓછામાં ઓછા વ્યય સાથે વધારે સારું કામ નીપજે એ માટે એ સંચાલક મંડળની મિટિંગો એક સાથે નક્કી કરેલા એક જ દિવસે રાખે છે. દરેક મંડળની મિટિંગનો સમય અલગ, એજન્ડા જુદો પણ સભ્યોએ બેસવાનું સાથે જેથી કાર્યનું (બધાં મંડળો સંદર્ભે) સંકલન (કૉઑર્ડિનેશન) સરસ રીતે થાય છે. ઍજન્ડાની કૉમન આઈટેમ એકસાથે ચર્ચાઈ જાય અને ઘટતા નિર્ણયો પણ જુદી ચર્ચા વિના લેવાઈ જાય.

કહેવાય સંચાલક મંડળની સભા પણ એમાં આમંત્રિતો પણ હોય. બધા મળીને સભામાં સવાસો કરતાં વધારે સભ્યોની હાજરી હોય. સભાનું કામ પણ અસાધારણ શિસ્ત અને શાંતિથી ચાલતું હોય. સંચાલક મંડળની સભામાં આવાં શિસ્ત અને શાંતિ જવલ્લે જ જોવા મળે. સભાનું કામ પૂરું થાય ત્યાં સુધી માણેકલાલ સંસ્થા અંગેની પ્રકાર પ્રકારની માહિતી આપે, હાથ ધરાનાર નવી યોજનાઓ વિશે વાત કરે, મકાનો અંગે વાત કરે, એના ખર્ચની માહિતી આપે સાથે સાથે સંસ્થાના જંગી દેવા વિશે પણ વાત કરે. આ વાતમાં એમની હિંમત, ધીરજ અને સાહસનો પરિચય પણ મળી જાય. દાસકાકા, સભામાં ઘણી વાર કહેતા 'હું રેતીમાં નાવ ચલાવું છું'. માણેકલાલ કદાચ કહી શકે 'હું ખડકો વચ્ચે નાવ ચલાવું છું.' પણ એમને એ કહેવાની જરૂર પડતી નથી. એમની વાત અને વર્ણનમાંથી સભ્યોને બધું આપોઆપ સમજાઈ ગયું હોય. વધારામાં સભ્યોના મન ઉપર દેવા અંગે ચિંતાની એક લકીર પણ ન ખેંચાતી હોય કારણ કે એમને નાવ હાંકનાર ખેવૈયામાં પૂરો ભરોસો છે.

આ ચિંતા ન હોવાનું કારણ સૌ સ્પષ્ટપણે જોઈ શકે છે. સંસ્થાને કશા કષ્ટ વગર નિભાવવાની સોળે કળા માણેકલાલ પાસે છે જેમને બેસતા વર્ષના દિવસે અથવા વર્ષના આરંભના દિવસોમાં કડીની ઑઈલ મિલોમાં માત્ર એમના મંત્રીઓ ફોન કરીને (રૂબરૂ જઈને વિનંતી કર્યા સિવાય) ગૌશાળાની ગાયો માટે ખોળનું

દાન મેળવી લે છે. આમ બાર મહિનાનો પુરવઠો શુભેચ્છા સાથે એકઠો થઈ જાય છે અને નાણાકીય દેવાની ચિંતાનો રજમાત્ર ભાર એ માથા પર રાખતા નથી. એમને સંસ્થાના શુભેચ્છકો અને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપર પૂરો ભરોસો છે. એમને શ્રધ્ધા છે કે આ શુભેચ્છકો અને વિદ્યાર્થીઓ સંસ્થાને સમાજમાં હાંસીપાત્ર થવા દેશે નહીં. વાતમાં સંપૂર્ણ સત્ય છે. અમેરિકામાં સ્થાયી થયેલા સંસ્થાના વિદ્યાર્થીઓ સંસ્થાના વિકાસ અર્થે નાણાકીય ફાળો આપવા પ્રેમથી આમંત્રણ આપે છે અને સંસ્થાની દેવાગત ચિંતા દૂર કરે છે. અમેરિકામાં રહેતા વિદ્યાર્થીઓએ આ હેતુથી ૧૯૮૨ માં, ૧૯૯૮ માં અને ૨૦૦૪ માં સંસ્થાના કાર્યકર્તાઓને નિમંત્ર્યા હતા. ૧૯૯૮ માં અને ૨૦૦૪ માં આ અભિયાનનું નેતૃત્વ માણેકલાલે સંભાળ્યું હતું. એ પછી પણ અમેરિકાથી મોટાં દાન મળતાં રહ્યાં છે. અમેરિકાના આપણા શુભેચ્છકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ફંડ બાબતે મુખ્યત્વે ડૉ. કનુભાઈ (સંસ્થાના મંત્રી) સતત સંપર્ક કરતા રહે છે અને સંસ્થાનું કાર્ય થતું રહે છે.

અહીં માણેકલાલના વ્યક્તિત્વનું એક પાસું તપાસવા જેવું છે. સામાન્ય રીતે માણસ જયારે પોતાનું કામ ચાલતું હોય ત્યારે પોતાનું સઘળું ધ્યાન એ કામમાં કેન્દ્રિત કરે છે. કામનું સ્થળ છોડીને આઘોપાછો કયાંય જવા રાજી હોતો નથી. કામ સામાન્ય હોય તો પણ એની આ વૃત્તિ કામ કરતી હોય છે. અમે ૧૯૯૮ માં સંસ્થાના વિકાસ માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આમંત્રણથી ફંડ પ્રવૃત્તિ માટે માણેકલાલના નેતૃત્વ હેઠળ અમેરિકા ગયા ત્યારે ગોંડલ-રાજકોટ રોડ ઉપર પાંચ કરોડ રૂપિયાના અંદાજ હેઠળ એમની જિનિંગ-પ્રેસિંગ ફેકટરી ઊભી કરવાનું કામ ચાલતું હતું. કહો કે, તડામાર તૈયારીઓ ચાલતી હતી. કડીથી ગોંડલ - રાજકોટ રોડ ઘણો દૂર કહેવાય. કારખાનાની સ્થાપના બાબતે જગ્યા અજાણી કહેવાય. ત્યાં જાતદેખરેખની વધારે જરૂર પડે. જાત દેખરેખ કરતાંય ચાલુ કામ વખતે ચાલી રહેલા કામમાં માલિકે કયાંક કયાંક સૂચનો કરવાં પડે અથવા કામ કરી રહેલા સુપરવાઈઝર, ઍન્જિનિયર કે આર્કિટેકટ માલિકને કંઈ પૂછવા માગતા હોય. કોઈ ફેરફાર કરવાની સલાહ આપવા માગતા હોય. એટલે એમ કહી શકાય કે આવા મોટા પ્રૉજેકટ વખતે માલિકની હાજરી જરૂરી ખરી. આવું મોટું કામ બીજાઓની સંભાળ હેઠળ મૂકીને માણેકલાલ સંસ્થાના કામ માટે નીકળ્યા હતા. આશ્ચર્યની વાત તો એ હતી કે ભારત છોડયા પછી જાણે આ પ્રૉજેકટ પણ ચિત્તમાંથી છૂટી ગયો હતો. ન એના અંગે કશી ચિંતા, ન એના અંગે કશો વિચાર. એ કાર્ય કેવું ચાલે છે, કયાં સુધી આવ્યું, કોઈ મુશ્કેલી છે કે કેમ એવું પૃચ્છા કરતો કોઈ ટૅલિફોન પણ નહીં ! ફંડ પ્રવૃત્તિના પ્રવાસ દરમ્યાન કારમાં અથવા જરાક નિરાંતે

બેસવાનો અવકાશ મળ્યો હોય ત્યારે પેલા પ્રૉજેક્ટની એમના મુખે વાત પણ નહીં. ત્યાં જે થતું હોય તે ભલે થાય. અહીં આપણા કામમાં આપણે મસ્ત અને મશગૂલ!

કામમાં મસ્ત તો શું, મત્ત જ. જાણે કામનો નશો ચઢયો હોય. આ કામ સિવાય બીજું કશું જ ન ખપે. ૧૨૦૦૦ માઈલનો ફાંસલો વટાવ્યા પછી આ 'નવી દુનિયા'ને નજર તળે કાઢવાનો લોભ કોને ન થાય ? પણ માણેકલાલના ફંડના લોભને ભેદી શકે એવું આ લોભનું ગજું ક્યાં હતું ? માણેકલાલની ગણતરીમાં કદાચ આવું હોય - રસ્તામાં આવતું હોય તો જોઈ લઈએ. એના માટે જુદો વખત ન કઢાય. અહીં 'જોઈએ' અને 'જોઈ લઈએ' વચ્ચેનો ભેદ આપણે સમજી લેવાનો છે. બધું માણેકલાલની ઇચ્છા અને ધારણા પ્રમાણે સૌના આનંદ અને સહકાર પ્રમાણે ચાલતું હતું. પણ લાસ વેગાસ જોવાની વાત યજમાન મિત્રો - ચંદુભાઈ અને બાબુભાઈએ કાઢી ત્યારે ગાડું ખોટકાયું. લાસ વેગાસ માટે સમય ફાળવી શકાય જ નહીં એવો માણેકલાલનો મક્કમ અભિપ્રાય હતો. આટલે સુધી આવ્યા છીએ તો લાસ વેગાસની મુલાકાત તો લેવી જ જોઈએ એવું અમારું મન કહેતું હતું. લાસ વેગાસ એ તો દુનિયાભરના લોકોના આકર્ષણનું કેન્દ્ર. એ તો જુગારખાનાનું શહેર એમ કહીને ભવાં ઊંચાં ચઢાવી દઈ શકાય નહીં. નેવેડા રાજ્યનો નિભાવ ફક્ત લાસ વેગાસના આધારે છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. નેવાડા એટલે ઉશર પ્રદેશનું રાજ્ય. ચારેબાજુ રણની વનસ્પતિ નજરે પડે. વગડો પણ રમણીય હોય છે. નેવાડાનો વગડા જેવો પ્રદેશ વળી અતીવ રમણીય છે.

એક રીતે માણેકલાલની વાત સાચી હતી. લાસ વેગાસ એટલે રાતનો ઝળહળાટ, દિવસે ત્યાં નજર ન કરાય. રાત્રે લાસ વેગાસ પહોંચવા માટે અમારે ઉતારાથી બપોર થતાં નીકળવું જોઈએ એટલે અર્ધો દિવસ એમાં જાય અને સવારે ત્યાંથી નીકળ્યા પછી ઉતારે પહોંચતાં બીજો અર્ધો દિવસ જાય. આમ સરવાળે આખો દિવસ બગાડવા માણેકલાલ તૈયાર નહોતા. પણ લાસ વેગાસ લઈ જવા માટે ચંદુભાઈ અને બાબુભાઈ બંનેનો આગ્રહ અત્યંત વજનદાર અને પ્રેમભર્યો હતો અને અમે પૂતળાંની જેમ મૌન ધારણ કરીને ઊભા હતા. અર્થાત્, લાસ વેગાસ જવા માટે અમારી સંમતિ હતી. આ પ્રસંગની વાત પછી માણેકલાલની અનન્ય કાર્યનિષ્ઠા વિશે કંઈ વધારે કહેવાની જરૂર ખરી ?

શુભેચ્છકો અને વિદ્યાર્થીઓ તરફથી આટલાં મોટાં દાન મળતાં રહે છે

એની પાછળનું રહસ્ય શું ? સંસ્થામાં જે કામ થઈ રહ્યું છે એ કામ એ જ રહસ્ય. સંસ્થાનાં સઘળાં કાર્યનો મુખ્ય સૂત્રધાર કોણ ? સૂત્રધાર વિશે આગળનાં પાનાંઓમાં કહેવાઈ ગયું છે. હવે એનું પુનરાવર્તન કરવાની જરૂર શી ?

વિદ્યાર્થીઓ તરફથી મળતા દાન માટે સંસ્થા પ્રત્યેનો પ્રેમ એક કારણ ગણાવી શકાય. પણ જ્યાં દીપી ઊઠે એવું કામ ન થતું હોય ત્યાં સંસ્થા માટે ગમે તેટલો પ્રેમ હોય તો પણ દાન માટે એ પ્રેમ કશો ઉમળકો ન બતાવે. દીપી ઊઠે એવું કામ જ દાનપ્રવાહનું રહસ્ય. આપણી સંસ્થામાં 'work is worship' સૂત્રરૂપે ભીંત ઉપર લખ્યું નથી પણ એ ભાવનાથી જ કામ થાય છે.

માણેકલાલ સંસ્થાના કેમ્પસ્‌માં આવે ત્યારે જવાબદારીના ભાર સાથે હંમેશાં ગંભીર મુખમુદ્રાએ વિહરતા હોય એવું નથી. ક્યારેક હળવા મૂડમાં પણ હોય છે. જ્યારે એ મંત્રી હતા ત્યારે આવી હળવાશ માટે સારા પ્રમાણમાં સમય કાઢી શકતા. ગાંધીનગર કેમ્પસ્‌નો વિકાસ ૧૯૮૦ પછી ઝડપથી થયો. એ પહેલાં ક્યારેક ક્યારેક સર્વ વિદ્યાલય (હાઈસ્કૂલ)માં આચાર્યની ઑફિસમાં બેસવાનો સમય કાઢતા. સ્ટાફમાં કોઈ જગ્યા પર ભરતી કરવાની હોય ત્યારે પણ સારો એવો સમય ફાળવી શકતા. અનુભવી કારકુનોએ સર્વ પ્રકારની તૈયારી કરી રાખી હોય.

એ આવે એટલે આચાર્યની ઑફિસ બહાર બેસતા પટાવાળા ભાઈ ઑફિસમાં સોફા સામેની ટિપૉય ઉપર વાડકી મૂકી જાય. કાયમી જરૂરિયાતની ચીજ નહીં એટલે ઑફિસમાં એશ ટ્રે તો ક્યાંથી હોય? માણેકલાલને એ વર્ષોમાં ધૂમ્રપાન કરવાની ટેવ. ટીંબરુના પાનમાં વાળેલી બીડી પીએ, જેને લોકો ખાખી બીડી તરીકે ઓળખે છે તે. માત્ર મુલાકાતે જ આવ્યા હોય એટલે પૂરી હળવાશથી વાતો કરે. કોઈ વખત એમની સાથે રતિભાઈ મગનલાલ પટેલ હોય. માણેકલાલનો પુણ્યપ્રકોપ જેવો સોળે કલાએ પ્રફુલ્લ હોય એવા જ હળવાશભરી વાતોમાં એમની વિનોદવૃત્તિ સોળે કળાએ ખીલી ઊઠી હોય. નાથાલાલ સોસાયટીમાં રહેતા હતા ત્યારે મિત્ર પ્રહ્‌લાદભાઈ (કસ્વેકર) સાથેના પ્રસંગ વર્ણવે ત્યારે સાંભળનારનું ચિત્ત પણ ખુશખુશાલ થઈ જાય. એક વખત એમણે એક 'બોરકૂટા' વાળી ઘટના વર્ણવી ત્યારે પણ મન ભરપૂર આનંદથી ખીલી ઊઠયું હતું. હું તો માનતો હતો કે બોરકૂટો પાટણના વિસ્તારમાં જ થતો હશે. એ કડી સુધી પહોંચેલો છે એની તો ખબર જ નહીં. કેટલાં બધાં વર્ષો પછી એ શબ્દ સાંભળવા મળ્યો હતો! શબ્દનો શો પ્રભાવ હોય છે એ તો ક્યારેક આવા અનુભવે જ સમજાય.

પોતાની પાસે શબ્દો પસંદ કરવાની એક સારી શક્તિ છે એ કદાચ

માણેકલાલ પોતે પણ નહીં જાણતા હોય. અંગ્રેજીમાં જેને 'ગિફ્ટ ઑફ ધ ગેબ' કહે છે એ એમની પાસે છે. આ શક્તિના કારણે એમનાં પ્રવચન કે વક્તવ્ય શ્રોતાઓને પકડી રાખનારાં હોય છે. એ લાંબું બોલી શકે છે અને સારું બોલે છે. એમના વક્તવ્યમાં માત્ર શબ્દાળુતા જ હોય છે એવું નથી. હકીકત અને વિચારસામગ્રી ઘણી હોય છે. વક્તવ્યના પ્રભાવમાં આનો પણ ફાળો હોય છે.

હમણાં આપણે એમની બીડી પીવાની આદતની વાત કરી. ઘણા વાચકોને આ વાત નવી જ અને નવાઈભરેલી લાગશે. ઘણાં વર્ષોથી આપણે એમને ચા સિવાય બીજું કશું પીતા જોયા નથી. અહીં પીવાની વાત નીકળી જ છે તો એમના એક પીણાના શોખની વાત કરી લઈએ. ગાંધીનગરથી કડી પાછા ફરતી વખતે સાથે બેચાર જણ હોઈએ ત્યારે કલોલના 'જનપથ' આગળ ગાડી ઊભી રખાવે અને લસ્સી (ખરેખર તો જાડી છાશ) નો ઑર્ડર આપી દે. લસ્સીના ઍલ્યુનિમિનિયમના ગ્લાસ! જોતાં જ થથરી જવાય એવા જંબો ગ્લાસ.

પણ હવે એ બધું ભૂતકાળની ઘટનારૂપ બની ગયું. મંત્રી હતા ત્યાં સુધી એ બધું રુચિકર અને શોખની પ્રવૃત્તિ હતું. પણ હવે વિશાળ સંકુલોનું ચૅરમૅનપદ અને યુનિવર્સિટીનું પ્રેસિડૅન્ટપણું ગળાના હારની જેમ આરોપાયાં એટલે કોઈ હૉટલના માર્બલ કે પતરાથી મઢેલા ગંદા ટેબલ આગળ બેસીને પેલા જંબો ગ્લાસમાં લસ્સી પિવાય કંઈ ?

પણ, માણેકલાલ ચૅરમૅન કે પ્રેસિડૅન્ટનાં વળગણને ગાંઠે એવા નથી. પણ કામના ગંજ નીચે દટાયા પછી એ ફુરસદ કાઢવી કયાંથી ?

જે છોડવા જેવું હોય એ માણેકલાલ એક ક્ષણમાં છોડી દઈ શકે છે. એમણે બીડી છોડી દીધી એમાં એમનું આ મનોબળ રહેલું છે. વ્યસન છોડવું સહેલું હોતું નથી. વ્યસન એટલે વ્યસન. પછી એ મદિરાનું હોય કે તમાકુનું. વ્યસન માત્ર સાથે બે વળગણો જોડાયેલાં હોય છે એક ટૉલરન્સ અને બીજું વીથડ્રોઅલ (Withdrawal) ટૉલરન્સમાં ધીરેધીરે વ્યસનની માત્રા (પદાર્થ, પીણું કે ધૂમ્રપાન) વધતી જ જવાની. દિવસમાં બેત્રણ બીડી જ પીશ એમ કહી બીડી પીવાનું શરૂ કરનાર માણસ બીડીની સંખ્યા વધારતો જ જાય છે અને મન નબળું હોય તો ચેઈન સ્મોકર બની જાય છે. વીથડ્રોઅલમાં વ્યસન બંધ કર્યા પછી શરીરની સ્થિતિ માણસને બેહાલ બનાવી મૂકે છે. હાથપગ તૂટે, શરીર નંખાઈ જાય, કશું સૂઝે નહીં, ડ્રગ્ઝના રવાડે ચઢી જનાર માણસની વિથડ્રોઅલ પછીની સ્થિતિ ભયંકર હોય છે.

આ થઈ વ્યસન માત્રની વાત. તાત્પર્ય એટલું જ કે ઉત્કટ મનોબળ સિવાય

એ છૂટી શકે નહીં. માણેકલાલે એકી ઝાટકે ધૂમ્રપાન કરવાનું છોડી દીધું. હવે બીડી તરફ નજર સુધ્ધાં કરતા નથી. એ પોતે માને છે કે આ વ્યસન છૂટ્યા પછી એમની તબિયત ઘણી સારી થઈ છે.

એમના પ્રચંડ મનોબળની એક વાત અહીં નોંધવા જેવી છે. બાળપણમાં ગૂમડું થયું ત્યારે તો એ શરીરમાં થનારી વેદનાની પૂર્વધારણા કરી શકતા નહોતા. પણ એ જ્યારે મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા અને એક ઉદ્યોગપતિ તરીકે ખ્યાત થઈ ચૂક્યા હતા ત્યારે શરીરના એક વ્યાધિએ, પોતે શરીરમાં હોવાનો પરિચય આપ્યો. એકાદ બે વખત એવું બન્યું કે પાંચ સાત સૅકન્ડ પૂરતા એ સ્મૃતિ વિસરીને દિઙ્મૂઢ થયા. આવું કેમ બન્યું એ સમજાયું નહીં. એક વખત ડૉ. ભટ્ટની હાજરીમાં એવું બન્યું. ડૉ. રસેન્દુ ભટ્ટ કડીની જનરલ હૉસ્પિટલ (જે કડી મ્યુનિસિપાલિટીના સંચાલન હેઠળ હતી) ના મૅડિકલ ઑફિસર. એક બાહોશ ડૉક્ટર. એમને લાગ્યું કે માણેકલાલને જે તકલીફ થઈ (કશી જ વેદના નહીં અને સમયફલક પણ બે પાંચ સૅકન્ડોનું) એ તરફ દુર્લક્ષ કે નિષ્કાળજી સેવી શકાય નહીં. એ વખતે કડીમાં M.R.I. માટેની કોઈ સુવિધા નહીં. ડૉ. ભટ્ટનો અભિપ્રાય વહેલી તકે મુંબઈ પહોંચી જઈને તપાસ કરાવવાનો થયો. માણેકલાલ અને ડૉ. ભટ્ટ મુંબઈ ગયા. નિદાન મગજમાં નાનીસરખી ગાંઠ હોવાનું થયું. ગાંઠ મૅલિગ્નન્ટ નહોતી એટલે કૅન્સરનો ભય નહોતો.પણ ગાંઠ એટલે ગાંઠ. એ વિકાસ પામે અને મગજનાં સંવેદનકેન્દ્રો ઉપર દાબ આપીને જ્ઞાનતંતુઓના કાર્યમાં અવરોધ ઊભો કરે. એટલે વિના વિલંબે ઑપરેશન અનિવાર્ય. માણેકલાલ ત્વરિત નિર્ણયના માણસ. સાહસપ્રિય પણ ખરા અને હિંમત પણ એટલી. કશી દ્વિધામાં રહ્યા વગર ઑપરેશનનો નિર્ણય લઈ લીધો. કશી લાંબી જાહેરાત કર્યા વગર મગજનું ઑપરેશન કરાવી દીધું. નિકટના ઘણા માણસોને ઑપરેશન પછી જ આ વાતની જાણ થઈ.

એમનું મનોબળ એમના જીવનમાં વિવિધ રીતે વ્યાપ્ત છે. પોતે જ પોતાનું ઘડતર કર્યું છે. કોઈના માર્ગદર્શન હેઠળ દોરવાઈને એ અનુભવ સિધ્ધ થયા નથી અર્થાત્, ભક્ત કવિ દયારામની પેલી પંક્તિ, 'મન તણો ગુરુ મન કરેશ તો સાચી વસ્તુ જડશે.' એમણે આત્માની ખોજ માટે નહીં પણ વાસ્તવિક જીવનનાં રહસ્યો મેળવવા માટે ઉપયોગમાં લીધી છે. આ શક્તિના કારણે એમનામાં વિવેકબુદ્ધિનો ઘણો વિકાસ થયો છે એટલે સારા-નરસાની એમની પરખશક્તિ સતેજ રહે છે. આથી કોઈ નિર્ણય લેતા પહેલાં એમને બીજા કોઈની સલાહ શોધવા જવું પડતું નથી. આ કારણને લીધે એ ઝડપી નિર્ણય લઈ શકે છે અને એને વળગી રહે છે.

નિર્ણય લીધા પછી એ પાર ન પડે ત્યાં સુધી જંપીને બેસતા નથી.

નિર્ણયો લેવામાં ઉપર કહ્યું તે વિવેકશક્તિ તો ખરી જ પણ એ નિર્ણયને લગતા ક્ષેત્ર વિષેનું જ્ઞાન અને એમનો અંગત અનુભવ પેલા નિર્ણય માટે સહાયક બને છે.

એમના સ્વભાવનો સરાહનીય વિશેષ એ છે કે લોકહિતાર્થે કરવા જેવાં કામ, પોતાના ક્ષેત્ર બહારનાં હોય તો પણ એમાં રસ દાખવી રુચિગત બનાવે છે. આ રીતે કેટલાક સમાજસુધારણા અંગેના સમારંભોમાં હાજરી આપી એને પ્રોત્સાહન આપે છે અને એને જરૂર પડયે આર્થિક સહાય પણ કરે છે. માત્ર સામાજિક સુધારણાની વાત શા માટે ? સાહિત્ય અને કલાના ઉત્કર્ષ બાબતમાં પણ એમનું વલણ એટલું જ પ્રોત્સાહક રહે છે. કડીમાં ૧૯૬૫થી ચાર-પાંચ સાહિત્ય સર્જકો મળતા, સાહિત્યની ચર્ચા કરતા સાહિત્યનું સર્જન કરતા. એક વખત કડીની લાયન્સ કલબ તરફથી આ સાહિત્યસર્જકોના માનાર્થે એક સમારંભ યોજાયો. એમાં માણેકલાલની હાજરી હતી. કડીના આ સાહિત્યસર્જકોનું કામ એમને ધ્યાનાર્હ લાગ્યું. સમાજ અને સાહિત્યને ઉપયોગી લાગ્યું. એમણે એમના વક્તવ્યમાં 'વાર્તાવર્તુળ' નામથી ચાલતી આ સાહિત્યસર્જકોની પ્રવૃત્તિને વધારે વ્યાપક અને વેગવંતી બનાવવાના હેતુથી આ વર્તુળને નવું નામ આપી રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં ફેરવવાનું સૂચન કર્યું અને એમ થાય તો નવા સ્થપાયેલા મંડળને પૂરતી આર્થિક સહાય મળી રહે એવી ગોઠવણી કરી આપવાની શુભ ચેષ્ટારૂપે કડી નાગરિક સહકારી બૅન્ક તરફથી રૂપિયા એક લાખ મળી રહેશે એવી જાહેરાત એમના પ્રવચનમાં જ કરી. આ એક અત્યંત શુભ સંકેત હતો. એ જ સભામાં લાયન્સ કલબ અને અન્ય શુભેચ્છકો તરફથી લગભગ ૩૫ હજાર રૂપિયાના દાનની જાહેરાત થઈ. 'વાર્તાવર્તુળ' માણેકલાલે પોતાના વક્તવ્યમાં સૂચવેલા નામ પ્રમાણે 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' તરીકે રજિસ્ટર્ડ ટ્રસ્ટ તરીકે નોંધાયું. કડીમાં સાહિત્ય પ્રવૃત્તિ એક મઘમઘતા ચમનના રૂપમાં ફેરવાઈ ગઈ. સ્વતંત્રપણે તેમ જ ગુજરાત સાહિત્ય અકાદમી જેવી સંસ્થાના સહકારથી સાહિત્યસ્વરૂપો અંગેના સૅમિનારો, વર્કશોપો, સાહિત્યિક સર્જનની સ્પર્ધાઓ અને પુસ્તકપ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ ચાલવા લાગી. સાહિત્યવર્તુળ તરફથી ત્રણ પુસ્તકો પ્રગટ થયાં અને આ ચોથું પ્રગટ થયું છે. ચાર સાહિત્યકારોને એમના પુસ્તકના પ્રકાશન માટે આર્થિક અનુદાન પણ વર્તુળ તરફથી આપી શકાયું છે.

કડી વાર્તાવર્તુળ સંદર્ભે માણેકલાલે કરેલું સૂચન એક સંગીન ફલશ્રુતિમાં

પરિણમ્યું. એવાં જ બે સૂચન એમણે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં સ્વાગતપ્રમુખ તરીકે એમના પ્રવચનમાં કરેલાં. એમણે એ કહેલું કે ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકોને પ્રતિ વર્ષ અપાતાં પુરસ્કારો કે ઈનામો જુદી જુદી વ્યકિતઓનાં દાનને કારણે એમના નામે અપાય છે. ગુજરાત સાહિત્યસભા તરફથી અપાતા રણજિતરામ સુવર્ણચંદ્રક જેવો કોઈ ચંદ્રક ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી અપાતો નથી. તે અપાવો જોઈએ. એમણે બીજું મહત્ત્વનું સૂચન એ કર્યું હતું કે પરિષદ તરફથી શ્રેષ્ઠ પુસ્તકોને અપાતાં ઈનામોની રકમ આજના સમયમાં નગણ્ય કહી શકાય એવી હોય છે જ્યારે હવે પચીસ-પચાસ હજાર કે લાખ-બે લાખ રૂપિયાનાં ઈનામો સામાન્ય થઈ પડયાં છે ત્યારે પરિષદ તરફથી સાહિત્યકારને એના શ્રેષ્ઠ ગણાયેલા પુસ્તક માટે એક હજાર રૂપિયાનું ઈનામ કેવું વામણું અને બેહૂદું લાગે! એક દલીલ એવી હોય કે દાતા તરફથી ટ્રસ્ટરૂપે અપાયેલી રકમના વ્યાજમાંથી આ ઈનામો અપાય છે. ટ્રસ્ટરૂપે અપાયેલી રકમ જયારે અપાયેલી હોય ત્યારે પૂરતી હોય પણ આજના સંજોગોમાં એનું વ્યાજ ઈનામ માટે ઘણું નાનું બની રહે. આ સંભવિત દલીલના ઉકેલરૂપે માણેકલાલે એ સૂચવ્યું હતું કે પરિષદે ટ્રસ્ટની રકમ દાન તરીકે આપનાર મહાનુભાવને, જો એ દિવંગત થયા હોય તો તેમના વારસોને ટ્રસ્ટની રકમ વધારી આપવા વિનંતી કરવી જોઈએ.

અધિવેશન વખતે માણેકલાલે કરેલાં આ સૂચનોની સારી એવી અસર સભામાં થઈ હતી અને પછીના વક્તાઓએ સારો પ્રતિભાવ આપ્યો હતો.

કડીના સાહિત્યવર્તુળને દાન આપી, અપાવીને એ વેગળા રહ્યા નથી. વર્તુળના એ ટ્રસ્ટી પણ છે અને સક્રિય છે. વર્તુળની પ્રત્યેક પ્રવૃત્તિમાં એ હાજરી આપે છે અને કડી ખાતે થતા સેમિનાર, કાર્યશિબિર (વર્કશોપ) કે અન્ય સભારંભ વખતે થતા ભોજનનો ખર્ચ સાહિત્યવર્તુળ થકો થવા દેતા નથી. એક ઉદ્યોગપતિનો સાહિત્ય પ્રત્યેનો આવો લગાવ કયાં જોવા મળે ?

માણેકલાલ પોતાની અંગત વાત કરવામાં ભારે ઉદાસીન. પોતાના સુખ દુ:ખનો દેખાડો શો ? એવું એ માનતા હશે. અથવા પોતાની વાત કરનાર ઘણુંખરું આપવડાઈ કે આત્મશ્લાઘામાં સરી પડે છે. એમને એ કરવું નહીં હોય. પરિવારમાં એક ગૃહસ્થ તરીકે પોતે સુખી છે. પરિવારના સભ્યો સુખી છે. સૌ પ્રેમથી હળીમળીને રહે છે. કયાંય કટુતા નથી. ઘરમાં સાથે મળીને કશીક ચર્ચા કરવા માટે ઘરસભા જેવું આયોજન કરવાની પધ્ધતિ રાખી નથી. સૌ એકબીજાની જરૂરિયાત પ્રમાણે એકબીજાનો સંપર્ક સાધી લે છે. આ ઘટના કે તે ઘટનાના વર્ણનથી

કોઈ ખાસ લાભ ખરો ? લાભ ખરો કે નહીં એ તો ઘટનાની તપાસણી પછી ખબર પડે. માણેકલાલ બાળપણથી જ સંયુક્ત કુટુંબનું એક પંખી. ભાઈઓ જૈફ વયે પહોંચ્યા પણ વ્યવહાર બધો સંયુક્ત કુટુંબનો. સંયુક્ત કુટુંબનું વર્ષો સુધી એકધારું ટકી રહેવું એ જ સુખ, સંપ અને આબાદી વિશે ઘણું કહી દે છે. એટલે માણેકલાલ ભલે પોતાના પરિવારની કે બહોળા કુટુંબની અંતરંગ ઘટનાઓની વાત ન કરતા હોય, એ પરિવાર પર ઈશ્વરના આશીર્વાદ ઊતરેલા છે એટલું જ્ઞાન આપણા માટે પૂરતું છે અને આમ પણ આ ગ્રંથના સંપાદન પાછળ માણેકલાલના જીવનમાંથી લોકસંગ્રહાર્થે શું પ્રાપ્ત થઈ શકે એ મૂળ હેતુ છે. એ માટેનો પ્રયત્ન લેખકો દ્વારા સ્વશક્તિ પ્રમાણે આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

એમના વતન-ગામ ઊંટવા વિશે એમનો લગાવ કેવો એવો પ્રશ્ન પૂછતાં પહેલાં ટૉલ્સ્ટૉયને એમના વતનના ખેડૂતોએ પૂછેલો પ્રશ્ન યાદ આવી ગયો. ટૉલ્સ્ટોયનું ગામ યાસ્નાયા પોલ્યાના. સાવ નાનકડું ગામ. ટૉલ્સ્ટોય એટલી મોટી જાગીર અને અસ્કયામતોના માલિક કે જેના વૈભવનું વર્ણન કરવાનું કામ મૂંઝવણમાં મૂકી દે. એ એટલો મોટો માણસ કે ગાંધીજી જેવા મહાન માણસે પણ ટૉલ્સ્ટોયની સલાહ પોતાની કાર્ય પધ્ધતિમાં ઉતારી હતી. ખેડૂતોએ ટૉલ્સ્ટોયને પૂછ્યુંઃ 'લીવ નિકોલાયવીચ, તમે દેશ-પરદેશ ફર્યા છો. અહીં કરતાં ત્યાં બધું સારું સારું હશે, ખરું ?' 'ના,' ટૉલ્સ્ટોયે જવાબ આપ્યોઃ 'પોતાના વતન કરતાં કોઈ સ્થળ ચઢિયાતું નથી. મારે મન જગતનું શ્રેષ્ઠ સ્થાન યાસ્નાયા પોલ્યાના છે.' મારો પ્રશ્ન ટૉલ્સ્ટોય અને ગાંધીજીના નિરપેક્ષપણે માત્ર વતન પ્રેમ અંગેનો જ હતો.

મારા પ્રશ્નના જવાબમાં માણેકલાલે એક ક્ષણના પણ વિલંબ વિના જવાબ આપ્યો : 'ઊંટવાની સઘળી પ્રવૃત્તિઓમાં ઊલટપૂર્વક ભાગ લઉં છું અને જરૂર પડ્યે હાજરી આપું છું.'

આ જવાબમાં માણેકલાલની આંખમાં મેં વતનપ્રેમ આંજેલો જોયો. મને લાગ્યું કે ટૉલ્સ્ટૉય જેવા મોટા માણસની યાદ સાર્થક હતી.

અંતે વાત ભગવાનની. માણેકલાલ નાસ્તિક નથી. પણ એ મંદિરમાં દેવદર્શને જતા નથી કે પૂજાપાઠ કરતા નથી. ભગવાનનું નામ સ્મરણ કે જાપ કરતા નથી. પણ ભગવાનને ગમે એવાં કાર્યોમાં મશગૂલ રહે છે. કહ્યું છે ને, જનસેવા એ જ પ્રભુ સેવા. એમના દ્વારા ભરપટ્ટે જનસેવા થાય છે. એમણે શિક્ષણનું ભગીરથ કાર્ય ઉપાડયું છે. એ કાર્યમાં બાળકોનું ઘડતર થાય છે. તરુણો અને યુવાનો પોતાની કારકિર્દીનું આયોજન કરે છે અને સારા નાગરિક બનીને

સમાજમાં ભળે છે. આમાં વ્યકિતસેવા, જનસેવા અને દેશસેવા સારી રીતે સમાવિષ્ટ છે.

સમાપનમાં આપણે કહી શકીએ કે માણેકલાલ એક પાવરહાઉસ છે. પાવરહાઉસ શક્તિ પેદા કરે છે. એ શક્તિને ઍક્યુમીલેટરની જેમ પોતાનામાં સંચિત કરી રાખતું નથી. એ શક્તિને નિર્ગમિત કરે છે. નિર્ગમિત થયેલી એ શક્તિ માનવજાતને અનેકધા ઉપયોગી બની રહે છે. માણેકલાલ પોતાની શક્તિનો ઉપયોગ જનસમાજના લાભાર્થે કરે છે.

એક વખત કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી કેશુભાઈ સાથે એમની ગાડીમાં મહેસાણા તરફ જવાનું થયું. માર્ગમાં એમણે આપણને ચિંતનમાં મૂકી દે એવો પ્રશ્ન કર્યો : 'આ માણેકલાલ નહીં હોય ત્યારે સંસ્થાનું શું થશે ?'

કેશુભાઈ સંસ્થાના ખમતીધર એક સ્તંભ. સંસ્થાની ચિંતા માથે લઈને ફરનારા. એમનો આ સવાલ સહજ તો ખરો, પણ વ્યકિતને ઊંડા વિચારમાં મૂકી દે એવો હતો. માણેકલાલનો ઈ.સ. ૧૯૨૯ માં જન્મ. અત્યારે ૨૦૦૯ નું વર્ષ ચાલી રહ્યું છે. એમણે એમના જીવનમાં ૮૦ વર્ષ તો પસાર કરી દીધા છે. અત્યારે તો શરીરનાં બધાં અંગો પૂરી તાકાતથી કામ કરી રહ્યા છે. પણ ઉંમરની અસર શરીરનાં અંગો અને કોષોને થયા વગર કેમ રહે ? માણેકલાલ નિરામય અને દીર્ઘ આયુષ્ય ભોગવે એવી આપણા અંતરની પ્રાર્થના હોય. એમણે સંસ્થાનાં જુદાં જુદાં સંકુલોમાં જે વિરાટ વટવૃક્ષો વિકસાવ્યાં છે એમને જેમનાં તેમ રાખીને હજુ સંસ્થાનો વધારે વિકાસ સાધવાનો એમનો પુરુષાર્થ ચાલુ છે. મનોબળ ગમે તેટલું ઊંચું હોય, ઉત્સાહ ગમે તેટલો બુલંદ હોય. વીરરસનો સ્થાયી ભાવ ઉત્સાહ છે એ ન્યાયે માણેકલાલ એક વીર પુરુષ છે. વીર પુરુષો પણ ભૌતિક રીતે ક્ષીણ થતા દેહ આગળ હારી ગયા છે. કેશુભાઈ શેઠના પ્રશ્ન પછી એમની લાગણી મારામાં પણ સંક્રાન્ત થઈ. માણેકલાલ ન હોય ત્યારે સંસ્થાનું શું ? એ પ્રશ્ન ચિત્તમાં પડઘાવા લાગ્યો. એ વખતે વારસની ખોજ નિરાશાજનક લાગી. પણ માણેકલાલ દૃષ્ટિવંત માણસ છે. આવો પ્રશ્ન એમને પણ થયો હોય. આજ એમ લાગે છે કે એમણે એ પણ વિચારી રાખ્યું છે અને સંસ્થાને સંભાળી શકે એવો એક સમર્થ વારસદાર તૈયાર થઈ રહ્યો છે !

4

# ૨.

# કેળવણીના કસબી

**પ્રા. પ્રયતકર કે. કાનડિયા**
અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આજે સમાજમાં ઘણા શિક્ષણશાસ્ત્રીઓ, વિદ્વાનો, પંડિતો જોવા મળે છે, પણ આ બધા માણસો શિક્ષણને લગતી ખાસ પદવી મેળવી તેમાં પારંગત બને છે. શિક્ષણને લગતા વિષયોનો ઊંડો અભ્યાસ કરી તેના લાભ વિશે સમાજને પ્રેરણા આપે છે; સમાજમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપે છે. આમાંથી કેટલીક સંસ્થાઓ ખાસ પ્રકારના ચોક્કસ વર્ગને ધ્યાનમાં રાખીને સ્થાપવામાં આવે છે. ઘણી શૈક્ષણિક સંસ્થાઓ એવી છે કે જેમાં ઉચ્ચ આર્થિક ક્ષમતા ધરાવતી વ્યકિતના સંતાનો જ પ્રવેશ મેળવી શકે છે. કારણ કે તેની ફી ઘણી ઊંચી હોય છે. જયારે ઘણી સંસ્થાઓ એવી હોય છે કે જેમાં માત્ર અમુક જ્ઞાતિના કે અમુક ધર્મના લોકો જ પ્રવેશ મેળવી શકે છે.

શ્રી માણેકલાલ એક એવી વ્યકિત છે જેમણે શિક્ષણની ખાસ એવી કોઈ ઉચ્ચ પદવી મેળવી નથી પણ શિક્ષણને આત્મસાત્ કર્યું છે. શિક્ષણ સમાજના દરેક વર્ગ માટે કેટલું ઉપયોગી છે, તેનું તેમણે ચિંતન કર્યું છે. શિક્ષણ સમાજના દરેક વર્ગને સમાન રીતે કોઈપણ જાતના ભેદભાવ વગર મળવું જોઈએ તેવી વ્યવસ્થા એમણે કરી છે. તેઓ જે જે શૈક્ષણિક સંસ્થામાં સેવા આપે છે કે એમણે જે જે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી છે તેમાં ખાસ કોઈ ભેદ રાખવામાં આવતો નથી. હા ! મહિલા માટેની ભગિની સંસ્થા હોય તે ખાસ પ્રકારની કહેવાય તેમાં પણ કોઈ ભેદભાવ રાખ્યા વગર માત્ર ગુણવત્તાના ધોરણે કે નિયમ મુજબ જ પ્રવેશ આપવામાં આવે છે. તે મહદ્અંશે માણેકલાલને જ આભારી છે. તેમણે સ્થાપેલ સંસ્થાઓ કે સેવા આપેલ સંસ્થાઓમાંથી ઘણી વ્યકિતઓ આજે ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન છે. જેમાં કોઈ પરદેશમાં છે તો કોઈ મોટા ડૉકટર, વકીલ, કલેકટર છે, કોઈ રાજકીય ક્ષેત્રે છે. તેઓ જે જે સંસ્થામાં સેવા આપે છે ત્યાં શિસ્ત અને નિયમિતતાની એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે ત્યાંનો વિદ્યાર્થી બહાર નીકળે ત્યારે એક અસામાન્ય વ્યકિત હોય છે. વિદ્યાર્થીની કે વાલીની કોઈ સમસ્યા હોય તો તેનું

તાકીદે યોગ્ય નિરાકરણ કરવામાં આવે છે. વિદ્યાર્થીના શૈક્ષણિક વિકાસ ઉપરાંત અન્ય વિકાસ થાય તે માટે દરેક સંસ્થામાં વિદ્યાર્થીઓ માટે ઈત્તર પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય છે.

તેમના માર્ગદર્શનથી ચાલતા "સર્વ વિદ્યાલય કેળવણી મંડળ" દ્વારા કડી અને ગાંધીનગરમાં વિવિધ શાળા-કૉલેજો ચાલે છે. જેમાં શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક માત્ર ગુણવત્તાના ધોરણે જ કરવામાં આવે છે. જેમાં આજ સુધી એક પણ એવો કિસ્સો નોંધાયો નથી કે કોઈ કર્મચારીની નિમણૂક વખતે દાનના નામે પણ કોઈ નાણાં લેવાયાં હોય. કોઈક ઉમેદવારે સામેથી નાણાં આપવાની દરખાસ્ત કરી હોય તો તેને પણ નકારવામાં આવી છે અને તેને બરાબર પાઠ ભણવા મળ્યો છે. એક ઉમેદવારે એક અરજીમાં લખ્યું હતું કે સંસ્થાને નાણાંની જરૂર પડશે તો હું આપીશ. તેને માણેકલાલે ખૂબ સરસ પાઠ ભણાવ્યો હતો.

શૈક્ષણિક ક્ષેત્રે તો માણેકલાલે ખૂબ અમૂલ્ય ફાળો આપ્યો છે. તેના માટે ગમે તેટલું લખીએ તો પણ ઓછું પડે પણ જેટલી માહિતી ઉપલબ્ધ થઈ છે તેની કેટલીક ઝલક અહીં રજૂ કરી છે.

ઈ.સ. ૧૯૫૮ માં કડીમાં ચીફ ઑફિસર તરીકે જોડાયા ત્યારબાદ તરત જ તેમની શૈક્ષણિક સેવાઓની પરોક્ષ રીતે શરૂઆત થઈ ગઈ હતી. તેમની સેવાઓની કદરરૂપે થોડાં વર્ષો બાદ "સર્વ વિદ્યાલય કેળવણી મંડળ" ના કેટલાક ટ્રસ્ટીઓએ મંત્રી બનવા માટે દરખાસ્ત કરી અને આ દરખાસ્તનો તેમણે હસતે મોંએ સ્વીકાર કર્યો. આ સમય દરમિયાન "શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી" ના મંત્રી તરીકે પણ સર્વ સંમતિએ વરણી કરવામાં આવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં મંત્રી તરીકે ઉત્તમ સેવા આપતા સાહેબ માટે ચેરમેન બનવું સામાન્ય હતું. મંત્રીપદ થોડાં વર્ષો સેવા આપ્યા બાદ તે જ સંસ્થાના ચેરમેન તરીકે પણ સેવા આપતા થયા. આ સંસ્થા તો પહેલેથી જ વિકાસશીલ હતી છતાં માણેકલાલ ચેરમેન બન્યા પછી જાણે કે સોનામાં સુગંધ ન ભળી ગઈ હોય તેમ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો અને આજે તો "સર્વ વિદ્યાલય" ગુજરાતની નામી સંસ્થાઓમાંની એક સંસ્થા બની ગઈ છે.

માણેકલાલ એક જ સંસ્થામાં સેવા આપે છે તેવું નથી પણ તેઓ સમાજ ઉપયોગી ઘણી બધી સંસ્થાઓમાં સેવા આપે છે. જેમ કે, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના મંત્રી તરીકે છેલ્લા ચાર દાયકાથી સેવા આપી રહ્યા છે, તેમજ ગુજરાત ગૌશાળા, કડીના ટ્રસ્ટી તરીકે પણ વર્ષોથી સેવા આપે

છે. આવી સેવા આપતી સંસ્થામાં તેઓ માત્ર સેવા જ આપે છે તેવું નથી પણ જરૂર પડે ત્યારે દાન પણ આપે છે. આ ઉપરાંત શ્રી વિદ્યાર્થીસહાયક સહકારી મંડળીના પ્રમુખ તરીકે સેવા આપવાનું શ્રેય પણ તેમના ભાગે જાય છે.

'સર્વ વિદ્યાલય' નામ મુજબ જ ગુણવાળું પણ છે. આ વિદ્યાલય ભલે માણેકલાલ જેવા ટ્રસ્ટીઓ દ્વારા ચાલે છે. પણ ખરેખર તે લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા ચાલતું હોય તેવો અનુભવ કરાવે છે. અગાઉ ચર્ચા કરી તે મુજબ 'સર્વ વિદ્યાલય'માં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર શિક્ષણ અને રોજગારી માટે દરેકને ગુણવત્તા પ્રમાણે સમાન અધિકાર મળે છે તેમ કહીએ તો કંઈ અતિશયોક્તિ ન કહેવાય.

માણેકલાલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચૅરમૅન તરીકે બિરાજમાન થયા પછી સંસ્થામાં ઘણા બધા નવા અભ્યાસક્રમોનો વિકાસ થયો. જોકે તેઓ ચૅરમૅન બન્યા એ પહેલાં પણ સંસ્થા વિકાસના પંથે તો હતી જ. પણ જેમ વહાણ સારું હોય અને તેને ચલાવનાર પણ નિષ્ણાત હોય તો કોઈપણ જાતના અકસ્માત વગર અંતર ઝડપથી કપાય અને મંઝિલ વહેલી મળી જાય તેવી રીતે માણેકલાલ ચૅરમૅન બનવાથી સંસ્થાનો વિકાસ ઝડપી થવા માંડ્યો.

સર્વ વિદ્યાલય કૅમ્પસ્, કડી આજે જાણે કે શિક્ષણનું મોટું ધામ બની ગયું હોય તેવું લાગે છે. ઘણા ઓછા સમયમાં કડી જેવા નાનકડા શહેરમાં અંગ્રેજી માધ્યમમાં ચાલતા ઉચ્ચ અભ્યાસક્રમોની કૉલેજો સ્થાપવી એ કંઈ સામાન્ય વાત નથી. કડી કૅમ્પસ્‌માં વિજ્ઞાન, વિનયનના અભ્યાસક્રમો અગાઉથી ચાલતા જ હતા. પણ તેના સંચાલક તરીકે તેનું સંચાલન કરવું એ નાનીસૂની વાત નથી; જેમ કે, કોઈ માતા બાળકને જન્મ આપે છે તે તેના માટે અસહ્ય વેદના તો છે જ ; કારણ કે નવ માસ બાળકને પેટમાં સાચવ્યા બાદ જન્મ આપે છે. આ વેદના કંઈ ઓછી નથી હોતી પણ તેના કરતાંય વધુ કષ્ટદાયક સંતાનનું પાલન-પોષણ કરવું, તેને જીવન જીવતાં શીખવવું એ છે. માણેકલાલે પણ 'સર્વ વિદ્યાલય' ની દરેક શાળા, કૉલેજોનું પૂરતું જતન કર્યું છે. ઉપરાંત વર્ષ ૨૦૦૦ ની આસપાસ તો કડી જાણે કે સોનાની દડી ન બની ગયું હોય ! તેમ કમ્પ્યૂટર સાયન્સનો સ્નાતક અભ્યાસક્રમ ચાલુ થઈ ગયો. આ અભ્યાસક્રમ કડીમાં ચાલુ થયો. ત્યારે સમગ્ર રાજ્ય માટે પણ તે લગભગ નવો જ અભ્યાસક્રમ હતો. કડી જેવા નાનકડા શહેરમાં આવો નવો જ અભ્યાસક્રમ ચાલુ કરવો ખૂબ જ મુશ્કેલીભર્યું કાર્ય હતું. છતાં પણ પોતાના અંગત નાણાંનો, સમયનો સદ્‌ઉપયોગ કરીને પણ સંચાલક મંડળના

કાર્યકર્તાઓના સહયોગથી કડીમાં બી.સી.એ.નો અભ્યાસક્રમ ચાલુ કરાવવામાં માણેકલાલનો સિંહફાળો હતો. શરૂઆતમાં બી.સી.એ. કૉલેજ સર્વ વિદ્યાલય કેમ્પસ્‌ના બાલમંદિરના સંકુલમાં શરૂ કરવામાં આવેલ અને થોડા જ મહિનાઓમાં કમ્પ્યૂટર સાયન્સ માટે એક અલગ સંકુલ ઊભું કરી દેવામાં આવ્યું. અજાણ્યો માણસ બે-ચાર મહિના પહેલાં સર્વ વિદ્યાલય કેમ્પસ્‌માં આવ્યો હોય અને ફરી પાછો નવું સંકુલ બન્યા પછી આવે તો તેને આશ્ચર્ય થાય કે આ સંકુલ કોઈ મંત્રવિદ્યાથી બનાવી દેવામાં આવ્યું છે કે શું ? ખરેખર, માણેકલાલ પાસે મંત્ર વિદ્યા જ છે. તેઓ જે કાર્ય હાથમાં લે છે તે પૂરું ન થાય ત્યાં સુધી મંત્ર-જાપ ચાલુ રાખતા હોય તેવો આભાસ થાય છે. બી.સી.એ. કૉલેજના સંકુલના પાયા ખોદવાનું ચાલુ થયું ત્યારથી સંકુલ પૂરું થયું ત્યાં સુધીમાં એક દિવસ એવો નહિ હોય કે તેઓએ એ સંકુલની દિવસમાં બેથી ત્રણ વાર મુલાકાત ન લીધી હોય. આ સંકુલ તો માત્ર એક ઉદાહરણરૂપે અત્રે રજૂ કરેલ છે. પણ આ સિવાય બી.ઍડ્. કૉલેજનું સંકુલ બનતું હોય કે છાત્રાલયનું સંકુલ બનતું હોય ત્યારે તેઓ દરરોજ તેની મુલાકાત લેવાનું ભૂલતા નહિ.

આ તો માત્ર કડી કેમ્પસ્‌ની વાત થઈ. ગાંધીનગર કેમ્પસ્‌માં પણ તેઓએ નવી કૉલેજો સ્થાપવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ગાંધીનગર કેમ્પસ્‌માં પણ કડીની જેમ જ હાજરી આપી દરેક કાર્યમાં અંગત રસ લઈ રજેરજ બાબતનું ધ્યાન રાખે છે. ગાંધીનગર કેમ્પસ્‌માં દર અઠવાડિયાના બે-ત્રણ નક્કી દિવસોએ તો નિયમિત આવવાનું જ તેમ છતાંય ચાલુ દિવસે પણ તેઓ કેમ્પસ્‌માં દેખાય જ. ગાંધીનગર કેમ્પસ્‌માં પણ બી.સી.એ., બી.બી.એ., પી.જી.ડી.સી.એ. જેવા નવા અભ્યાસક્રમો ચાલુ કરવા અને સરકાર, યુનિવર્સિટી, એ.આઈ.સી.ટી.ઈ.માંથી તેની મંજૂરી લેવી, આ મંજૂરી માત્ર ગુજરાતમાંથી જ મળે છે તેવું નથી, તેના માટે ભોપાલ, દિલ્હી કે દેશની અન્ય જગ્યાએ જવાનું હોય તો પણ માણેકલાલ 'જવાન ડોસલા'ની જેમ દોડી જાય છે. તેમની ઉંમરે સ્ફૂર્તિ અને ઉત્સાહ યુવાનને પણ શરમાવે એવાં છે.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવવા કે ચાલુ કરાવવા સામાન્ય લાગે, પણ એવું નથી. માણેકલાલ સામાન્ય બાબતોથી સંતોષ માને એવા નથી. તેઓએ કડી જેવા નાનકડા શહેરમાં એમ.સી.એ, એમ.બી.એ. જેવા ઉચ્ચ અભ્યાસક્રમો પણ ચાલુ કરાવ્યા છે. આ કામ કંઈ સામાન્ય નથી. આ અભ્યાસક્રમો ચાલુ કરાવવામાં માત્ર પૈસો જ કામ કરે છે એવું નથી. જો એવું હોય તો દરેક ઉદ્યોગપતિ પોતાની એક એક કૉલેજ બનાવી દે. ઉચ્ચ અભ્યાસક્રમો ચાલુ કરવા માટે સંસ્થાની

અગાઉની પ્રતિષ્ઠા ખૂબ જ જરૂરી છે. સંસ્થાની પ્રતિષ્ઠામાં તેની ગુણવત્તા, પ્રામાણિકતા, નિષ્ઠા વગેરેનો સમાવેશ થાય છે, જે સર્વ વિદ્યાલયમાં છે. સર્વ વિદ્યાલયને પ્રતિષ્ઠિત બનાવવામાં માણેકલાલનો ખૂબ જ મહત્ત્વનો ફાળો રહ્યો છે. પછી આ ફાળો સમયનો હોય, પ્રામાણિકતાનો હોય કે નાણાંનો હોય. આવા કોઈપણ પ્રકારના ફાળામાં માણેકલાલે કદી પીછેહઠ કરી નથી.

કોઈપણ નવી કૉલેજ કે શાળાની સ્થાપના કરવાની હોય ત્યારે તેની શરૂઆત માટે એટલે કે મંજૂરી માટે જે જરૂરિયાતો હોય તે કોઈપણ ભોગે પૂરી કરવી એ તેમની મૂળ નીતિ છે. તેઓ ગુણવત્તા કે નિયમોમાં ક્યારેય બાંધછોડ કરતા નથી. સરકારે કે યુનિવર્સિટીએ શાળા કે કૉલેજની મંજૂરી માટે જે જે માંગ કરી હોય તેને ગમે તે રીતે પૂરી કરવાની જ. મંજૂરી માટે જેવી સુખ-સુવિધાઓની માગણી થઈ હોય તેવી તમામ સુવિધાઓવાળું સંકુલ થોડા જ મહિનામાં બની જાય છે.

શાળા, કૉલેજો માટે દાન આપવું એ તો આપણે એમનો શોખ માનીએ કે ઉદારતા કે પછી સમાજ પ્રત્યેની ઉમદા લાગણી એ સમજવું બહુ કઠિન છે. તેમણે જુદી જુદી શાળા-કૉલેજોમાં કેટલું દાન આપ્યું હશે તેની કદાચ તેમને પણ ખબર નહિ હોય. દાન આપવામાં જેટલા પ્રબળ છે એટલા જ સંસ્થા માટે દાન માગવામાં પણ શરમાતા નથી. દાન માટે કંઈ આજુબાજુના વિસ્તારમાં જવું એવું જ નથી પરંતુ પરદેશ જવાનું હોય તો પણ અચકાતા નથી. સંસ્થા માટે દાન લેવા તો પરદેશમાં પણ જઈ આવ્યા. પરદેશમાં જાય તો પણ તેમનો ધ્યેય માત્ર એક જ હોય કે વધુમાં વધુ ફાળો કેવી રીતે ભેગો થાય. એક વાર તેઓ સર્વ વિદ્યાલયના ઉચ્ચ શિક્ષણના ચૅરમૅનશ્રી એન. કે. પટેલ, મંત્રીશ્રી ડૉ. કનુભાઈ પટેલ અને શ્રી મોહનભાઈ સાથે અમેરિકા ગયા હતા. ત્યાં લગભગ ૨૯ દિવસ રહ્યા હતા. તેમના ઘણા વિદ્યાર્થીઓ અમેરિકામાં સ્થાયી થયા છે. 'સાહેબ' અમેરિકામાં આવ્યા છે. તેવું જાણીને ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના ઘેર રોકાવવાનું તેમને આમંત્રણ આપતા અને ખૂબ આગ્રહ કરતા છતાંય સાહેબે એકપણ મિનિટ કોઈના ઘેર કામ વગર રોકાવામાં બગાડી ન હતી. જ્યોર્જિયામાં ગયા ત્યાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અજિત પટેલે તેમને ખૂબ આગ્રહ કર્યો કે આપણે ફ્લોરિડામાં જઈએ, આ જોવાલાયક સ્થળ છે. પણ માણેકલાલે તેમને સમજાવ્યા કે અત્યારે હું માત્ર ફાળો ભેગો કરવા માટે આવ્યો છું. સમય રહેશે તો ફરવા માટે ક્યારેક આવીશું. પણ ક્યાં રહેવાનો છે સમય, આવા કર્મઠ મનુષ્ય માટે? અમેરિકામાં રહ્યા ત્યાં છેલ્લા દિવસોમાં જેમણે મોટું દાન આપ્યું હતું તેવા શ્રી ચંદુભાઈના મોટા ભાઈ

શ્રી બાબુભાઈએ ખૂબ જ હઠ પકડી કે તમને લાસવેગાસ બતાવવું છે, આ સ્થળ કેસીનો માટે ખૂબ જ પ્રખ્યાત છે. છતાં માણેકલાલ તૈયાર ન હતા પણ બાબુભાઈનો અત્યંત આગ્રહ હતો એટલે માણેકલાલે તેમના આગ્રહને માન આપી થોડો સમય તે સ્થળ માટે ફાળવ્યો હતો. આવા છે આપણા માણેકલાલ. કોણ પહોંચશે તેમને ? કોણ હંકારશે નાવ તેમના વગર ? કારણ કે આ નાવિક એવા છે કે જે દેશમાંથી ખાલી નાવ લઈને અમેરિકા જાય તોય પાંચ કરોડ સુડતાલીસ લાખ રૂપિયાની નાવ ભરીને આવે અને દેશમાં પણ તેમનું સ્વાગત થાય અને પરદેશમાં પણ તેમનું સ્વાગત થાય. આ રીતે સંસ્થાને કરોડો રૂપિયાનાં માતબર દાન મળ્યાં છે.

શૈક્ષણિક ક્ષેત્રના તેમના માટે સામાન્ય કહેવાય એવા ખર્ચાઓ માટે તેઓ પોતાના અંગત નાણાંનો જ ઉપયોગ કરે છે. ગાંધીનગર કેમ્પસમાં ઉચ્ચ શિક્ષણમાં સૌ પ્રથમ ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજથી શરૂઆત થયેલી. આ સંસ્થા માટે અધ્યાપકોની નિમણૂક કરવા માટેની રૂબરૂ મુલાકાત ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે રાખેલ હતી. આ મુલાકાતમાં જેટલા પણ ઉમેદવારો અને નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા તે તમામની જમવાની વ્યવસ્થા માણેકલાલે પોતાના ખર્ચે શ્રી મોહનભાઈ દ્વારા અમદાવાદના જાણીતા 'મહેતા ડાઈનિંગ' હૉલમાં કરાવી હતી. આવાં તો કેટલાંય ઉદાહરણો છે કે જેમાં તેઓએ સંસ્થાનો એકપણ રૂપિયો વાપર્યા વગર સંસ્થામાં આવનાર મહેમાનોનું સ્વાગત કર્યું હોય. આ ઉપરાંત સંસ્થાના કામ માટે જયારે પણ નીકળે છે ત્યારે તેઓ પોતાની ગાડી લઈને નીકળે છે. આ ગાડીમાં બળતણ વપરાય છે તેનો તમામ ખર્ચ પણ તેઓ જાતે જ ભોગવે છે. આવા સામાન્ય ખર્ચ માટે કયારેય સંસ્થામાંથી નાણાં લીધાં નથી. સર્વ વિદ્યાલયની કોઈપણ સંસ્થાના કર્મચારીઓની ભરતી હોય કે કોઈ કાર્યક્રમ હોય તેમાં પણ ઘણી વાર પોતાના પૈસાનો જ ઉપયોગ કરે છે. માણેકલાલ માત્ર સર્વ વિદ્યાલયની જ સંસ્થાઓમાં જ દાન આપે છે તેવું નથી. આ સિવાયની પણ કોઈપણ સંસ્થામાંથી દાનની માંગ આવે તો તેને કયારેય નકારતા નથી.

માણેકલાલે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનો જેટલો વિકાસ કર્યો છે તેટલો જ વિકાસ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની સંસ્થાઓનો પણ કર્યો છે. સર્વ વિદ્યાલય દ્વારા ગાંધીનગર અને કડી ખાતે બાલમંદિરના શિક્ષણથી શરૂઆત કરી આજે ઉચ્ચ શિક્ષણના શિખરે પહોંચ્યા છે. તેઓ ઉચ્ચ શિક્ષણનો વિકાસ કરતાં પહેલાં પાયાના શિક્ષણનો વિકાસ કરવામાં વધારે માને છે. આથી કડી અને ગાંધીનગર ખાતે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં બાલમંદિરો પણ ચાલે છે. બાળક બાલમંદિરમાં આવે ત્યારથી જ સંસ્થા દ્વારા તેનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો

કરવામાં આવે છે. સંસ્થા દ્વારા બાળકને બાળનાટક, ચિત્ર, એકપાત્રીય અભિનય, રમતો, અંગકસરતો વગેરેમાં નિપુણ બનાવવામાં આવે છે. તેઓ અવારનવાર સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ તેનો વિકાસ અહેવાલ પણ માંગે છે.

બાલમંદિર કે પ્રાથમિક શાળાઓના કોઈ કાર્યક્રમો હોય તો તેમાં તે અવશ્ય જાય છે અને બાળકોને પ્રોત્સાહનરૂપે ઈનામોનું વિતરણ પણ કરે છે. ઘણી વાર તેઓ ઈનામો પણ સ્વખર્ચે જ આપે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં અવારનવાર વાલીમિટિંગ પણ ગોઠવવામાં આવે છે અને આ મિટિંગમાં બાળકના વિકાસ અંગેની ચર્ચા કરવામાં આવે છે. મા-બાપ દ્વારા બાળકની કેવી કાળજી લેવાવી જોઈએ તેની પણ ચર્ચા કરવામાં આવે છે.

વર્ષ દરમિયાન શાળા-કૉલેજમાં અવારનવાર અન્ય મોટા કાર્યક્રમો જેવા કે વાર્ષિકોત્સવ, ટૅલેન્ટ, નાટક, સ્પર્ધાઓ વગેરે યોજવામાં આવે છે અને તેમાં મોટા મોટા મહેમાનોને આમંત્રણ આપવામાં આવે છે. તેમાં વિદ્વાન માણસોનાં પ્રવચનો ગોઠવવામાં આવે છે, જેના દ્વારા વિદ્યાર્થીઓને અને કર્મચારીઓને પ્રેરણા મળે છે.

કોઈ નવી શાળા-કૉલેજના સંકુલનું ઉદ્‌ઘાટન હોય ત્યારે તેમના દાતાઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. આ સમયે વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય મહેમાનોને પણ આમંત્રણ આપવામાં આવે છે. આવા કાર્યક્રમોનું આયોજન માણેકલાલના માર્ગદર્શન હેઠળ જ કરવામાં આવે છે. આવા કાર્યક્રમો પૂર્વ-આયોજનથી જ કરવામાં આવે છે. દરેક વ્યકિતને તેનું કામ ક્ષમતા પ્રમાણે સોંપવામાં માણેકલાલની આવડત મહત્ત્વની છે.

માણેકલાલ દ્વારા ઘણી બધી નવી શાળા-કૉલેજો શરૂ થઈ છે. જેમાં ચીલાચાલુ શિક્ષણ જ આપવામાં આવે છે તેવું નથી પણ વિદ્યાર્થી તેના વાસ્તવિક જીવનમાં ઉપયોગ કરે તેવું ખાસ શિક્ષણ આપતી શાળાઓ પણ ઊભી કરવામાં આવી છે. કડી કૅમ્પસ્ ખાતે એક ટૅક્નિકલ હાઈસ્કૂલ ઊભી કરવામાં આવી છે. જેના દ્વારા સામાન્ય શિક્ષણ ઉપરાંત રોજગારલક્ષી અને વ્યાવસાયિક તકનિકી શિક્ષણ આપવામાં આવે છે. આ શાળાનો વિદ્યાર્થી જયારે બૉર્ડની પરીક્ષા પાસ કરી બહાર પડે છે ત્યારે તેને આગળ તકનિકી અભ્યાસમાં પ્રવેશ મેળવવો હોય તો સરળતા રહે છે. ઉપરાંત સામાન્ય વિદ્યાર્થી કરતાં તેને પાંચ ટકા ગુણ વધારાના પણ મળે છે.

આ ઉપરાંત કડી કૅમ્પસ્ ખાતે તેઓ આઈ.ટી.આઈ.નું પણ સંચાલન કરે

છે. જેના દ્વારા વિદ્યાર્થીઓને માત્ર તક્નિકી જ શિક્ષણ આપવામાં આવે છે. આવું શિક્ષણ મેળવી વિદ્યાર્થી સરકારી નોકરી પણ મેળવી શકે છે. સરકારી નોકરી ન મળે તો ખાનગી કંપનીઓમાં પણ સરળતાથી રોજગારી મેળવી શકે છે. આવું શિક્ષણ મેળવી વિદ્યાર્થી પોતાનો ખાનગી ધંધો કરીને પણ રોજગારી મેળવી શકે છે. આવા અભ્યાસક્રમોમાં સામાન્ય ટકાવારી લાવનાર સામાન્ય વિદ્યાર્થીને પણ પ્રવેશ મળે છે. તેથી જે વિદ્યાર્થી ભણવામાં હોશિયાર ન હોય તે પણ આ શિક્ષણ મેળવી સરળતાથી રોજગારી મેળવી શકે છે.

સર્વ વિદ્યાલય પહેલેથી જ આધુનિકતા સાથે કદમ મિલાવતું આવ્યું છે. તેના વિકાસમાં હંમેશાં સંચાલકોનો અમૂલ્ય ફાળો રહ્યો છે. રાજ્યમાં કોઈપણ નવો અભ્યાસક્રમ વિકાસ પામવાની તૈયારીમાં હોય ત્યાં સર્વ વિદ્યાલય દ્વારા હંમેશાં તે તક ઝડપી લેવામાં આવે છે. ગુજરાતમાં કમ્પ્યૂટર શિક્ષણની શરૂઆત થઈ અને તરત જ બી.સી.એ., એમ.સી.એ. જેવા અભ્યાસક્રમો તો ચાલુ કરી દેવામાં આવ્યા છે. ઉપરાંત મમતા ઈન્સ્ટિટયૂટ દ્વારા કમ્પ્યૂટર અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજીના વિવિધ અભ્યાસક્રમો પણ ચાલુ કરી દેવામાં આવ્યા હતા. આમાં માણેકલાલનો અગત્યનો ફાળો હતો. આ અભ્યાસક્રમો ચલાવવા નિષ્ણાત શિક્ષકોની ભરતી પણ તાકીદે કરવામાં આવી હતી.

માણેકલાલ જે શાળા-કૉલેજની સ્થાપના કરે છે ત્યારે બહારના વિદ્યાર્થીઓનો પણ ખ્યાલ રાખે છે. કડી અને ગાંધીનગરમાં જુદા જુદા અભ્યાસક્રમો ચાલે છે. ત્યાં રાજ્યના ખૂણે ખૂણેથી વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે. નજીકના ગામડાંઓના વિદ્યાર્થીઓ તો બસ દ્વારા કે ખાનગી વાહન દ્વારા આવ-જા કરી શકે પણ જિલ્લા બહારના વિદ્યાર્થીઓ માટે કડી કેમ્પસ્ અને ગાંધીનગર કેમ્પસ્માં જ છાત્રાલયોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ છાત્રાલયોમાં ઉત્તમ પ્રકારની રહેવાની તથા જમવાની સગવડ છે. આનું વહીવટી સંચાલન પણ માણેકલાલ છેલ્લા ચાર દાયકાથી કરે છે. છાત્રાલયોમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની ગૃહપતિ કે ગૃહમાતાની રજા સિવાય છાત્રાલય બહાર જઈ શકે નહિ. છાત્રાલયના મકાનમાં કોઈપણ પ્રકારની સમસ્યાઓ ઊભી થાય તો તેનું તાકીદે નિરાકરણ લાવવામાં આવે છે. છાત્રાલયોની ફી પણ સામાન્ય વિદ્યાર્થીને પરવડે તેવી રાખવામાં આવે છે તેમજ છાત્રાલયોમાં કોઈપણ નાત-જાતના કે ધર્મના વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણના છાત્રાલયોમાં તો બે વિદ્યાર્થી વચ્ચે એક રૂમ ફાળવવામાં આવે છે. જેથી કરીને વિદ્યાર્થી પોતાનો અભ્યાસ વ્યવસ્થિત કરી શકે. આ દરેક છાત્રાલયોમાં સંચાલન

માટે અને સ્થાપના માટે અવારનવાર માણેકલાલ પોતાના અંગત નાણાંનો પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સદુપયોગ કરવામાં કયારેય અચકાતા નથી.

સર્વ વિદ્યાલય કડી કેમ્પસ્ ખાતે એક શૈક્ષણિક મુદ્રણાલય પણ ચાલે છે. આ પાટીદાર મુદ્રણાલય દ્વારા સંસ્થાને જરૂરી દરેક પ્રકારનાં પુસ્તકો, પુસ્તિકાઓ, પ્રશ્નપત્રો, દસ્તાવેજો વગેરે છાપવામાં આવે છે. આ ઉપરાંત મુદ્રણાલયમાં બહારનું કામ પણ વાજબી દરે કરવામાં આવે છે. મુદ્રણાલય દ્વારા મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘની લગભગ ૪૦૦ શાળાઓનાં પ્રશ્નપત્રો અને અન્ય સામગ્રીનું છાપકામ પણ કરવામાં આવે છે. આ મુદ્રણાલયના વહીવટી સંચાલક તરીકે પણ માણેકલાલ ચાલીસ વર્ષથી પણ વધારે સમયથી સેવા આપે છે.

વર્ષ ૨૦૦૪ સર્વ વિદ્યાલય માટે ખૂબ આનંદદાયક રહ્યું હતું. આ વર્ષે માણેકલાલ, ડૉ. કનુભાઈ પટેલ સાથે પુનઃ અમેરિકા જવા નીકળ્યા હતા. અમેરિકા જવું, એ એમના માટે કંઈ મોજ-મજાનો પ્રવાસ ન હતો, પણ ગાંધીનગર ખાતે એક અનુપમ ઍન્જિનિયરિંગ શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનું સ્વપ્ન સાકાર કરવાનો હતો. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૦૪ (આમ તો ૨૩ સપ્ટેમ્બરની રાત્રિ) ની વહેલી સવારે સ્વજનો અને સ્વજનો સમા સર્વ વિદ્યાલય પરિવારના આચાર્યો તેમજ સમગ્ર સ્ટાફની શુભેચ્છા સાથે વિમાનમથકની સઘળી પ્રક્રિયાઓમાંથી પસાર થઈને પૅસેન્જર લૉન્જમાં માણેકલાલ અને ડૉ. કનુભાઈ બંને ચર્ચા કરી રહ્યા હતા કે પ્રવાસ કેવો પરિણામલક્ષી બનશે ? પણ અંતરમાં પૂર્ણ શ્રદ્ધા હતી. સર્વ વિદ્યાલયના સંસ્કાર પામીને મોટા થયેલા સર્વ વિદ્યાલયના સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પરનો ભરોસો હતો. ભૂતકાળમાં કેળવણીપ્રેમી સજ્જનોનો ભાવભીનો આદર સત્કાર અને સંપૂર્ણ ટેકો હતો તે શ્રદ્ધામાં બળ પૂરતો હતો.

ઍર ઈન્ડિયા, અમદાવાદથી મુંબઈ અને પછી મુંબઈથી લૉસ ઍન્જેલસના લગભગ ૨૪ કલાકના પ્રવાસ માટે જયારે અમદાવાદથી ઍરક્રાફટ ટેક ઑફ કરવા રન-વે ઉપર દોડવા માંડયું ત્યારે માણેકલાલનું મન જાણે કે ઘણી તીવ્ર ગતિએ ઊડી છેક કેલિફોર્નિયા, શિકાગો, સૅન્ટલુઈસ, કેન્સાસ, ઍટલાન્ટા, ન્યૂયોર્ક, ન્યૂજર્સી, બૉસ્ટન વગેરે સ્થળોનું વિહંગાવલોકન કરી આવ્યું ન હોય! ઍરક્રાફટ હતું. એટલે પ્રવાસ લાંબો પણ આરામદાયક રહ્યો. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૦૪ની સાંજે ૪-૩૦ કલાકે L.A.ના ઍરપોર્ટ પર વિમાન જયારે સુખરૂપ લૅન્ડ થયું ત્યારે કોઈપણ જાતના વિઘ્ન વગર સહીસલામત અમેરિકાની ધરતી પર પગ મૂક્યો હતો.

હવાઈમથક ઉપર "સીતાબેન અંબાલાલ ત્રિભોવનદાસ પટેલ (મોખાસણ) ઉચ્ચ શિક્ષણ સંકુલ"ના દાતાશ્રીઓ બાબુભાઈ અને ચંદુભાઈ (ચંદુભાઈ આર.સી.પટેલ હાઈસ્કૂલના પણ દાતાશ્રી છે.) બંને ભાઈઓએ ઉમળકાભેર માણેકલાલ અને ડૉ. કનુભાઈનું સ્વાગત કર્યું હતું. સામાન વગેરે તેઓની ગાડીમાં મૂકી હવાઈમથકથી ૭૦ માઈલ દૂર આવેલા શ્રી બાબુભાઈના ઘર તરફ પ્રયાણ કર્યું ત્યારે માણેકલાલ વિચારી રહ્યા હતા કે કેલિફોર્નિયામાં કોને કોને મળીશું ? દોઢેક કલાકમાં શ્રી બાબુભાઈને ઘેર પહોંચી પરિવારના સભ્યોમાં શ્રી બાબુભાઈનાં પત્ની શ્રીમતી હીરાબહેન અને અન્યનો સત્કાર પામી થોડાક તાજા થઈ તેઓના પરિવારના હાથનું પ્રેમપૂર્વક બનાવેલું ભોજન આરોગી અમેરિકા અને ભારતના ખબરઅંતર પૂછી બીજે દિવસે કોને કોને મળવું તેનું આયોજન કરી પ્રવાસનો થાક ઉતારવા નિદ્રાવશ થયા હતા.

એકપણ ક્ષણનો વ્યર્થ વ્યય કર્યા વગર બીજા જ દિવસથી પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ સિધ્ધ કરવા મચી પડ્યા. તારીખ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૦૪થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૪ સુધી કેલિફોર્નિયાનો પ્રવાસ કર્યો હતો. તે દરમિયાન શ્રી બાબુભાઈ, શ્રી ચંદુભાઈ, શ્રી ડાહ્યાભાઈ વગેરેને મળ્યા હતા. તારીખ ૧ ઑક્ટોબરથી ૮ ઑક્ટોબર સુધી શિકાગો અને ડેટ્રોઈટનો પ્રવાસ કર્યો હતો. જે દરમિયાન શ્રી આર.કે.પટેલ, શ્રી અનુપમભાઈ, શ્રી વિઠ્ઠલભાઈ વગેરેની મુલાકાત લીધી હતી.

તારીખ ૯મી ઑક્ટોબરથી ૧૭ મી ઑક્ટોબર સુધી સૅન્ટ લુઈસ, કોલંબિયા, કેન્સાસ, નેશવીલ, ઍટલાન્ટા અને જયોર્જિયા સ્ટેટની મુલાકાત લીધી હતી. જેમાં શ્રી બળદેવભાઈ, શ્રીમતી શારદાબેન, શ્રી પોપટભાઈ, શ્રી અશ્વિનભાઈ વગેરેને મળ્યા હતા.

તારીખ ૧૮ ઑક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૦૪ સુધી ન્યૂયોર્ક, ન્યૂજર્સી, બૉસ્ટનની મુલાકાત લીધી જેમાં શ્રી વિઠ્ઠલભાઈ ચોકસી પરિવાર, શ્રી નારાયણભાઈ પટેલ, શ્રી દશરથભાઈ રામદાસ પટેલ, શ્રી છનાલાલ પટેલ વગેરેને મળ્યા હતા.

ઉપરના દાતાઓને મળ્યા હતા. તેમની યાદી તો માત્ર ઝલક જ છે. આ ઉપરાંત ઘણા બધા દાતાશ્રીઓને મળ્યા હતા. જેઓ પાસેથી ઘણું દાન મળ્યું હતું. પણ બધા દાતાઓનો સમાવેશ અહીં કરી શકાયો નથી. પરંતુ જે મુખ્ય દાતાઓ છે તેમના થોડાંક નામ અને દાનની રકમની ચર્ચા અહીં કરી છે.

પ્રથમ દાતા શ્રીમતી લીલાબેન દશરથભાઈ રામદાસ પટેલ જેઓએ રૂપિયા સવા ત્રણ કરોડનું દાન આપ્યું હતું. તેથી તેમના નામે જ "એલ.ડી.આર.પી.

ઈન્સ્ટિટયૂટ ઑફ ટેક્નોલોજી ઍન્ડ રિસર્ચ''ની સ્થાપના કરવામાં આવી.

દ્વિતીય દાતા અને ભૂમિદાતાશ્રી વિનોદભાઈ મણિલાલ પટેલ (સરસાવ) તરફથી પંચોતેર લાખનું દાન મળ્યું હતું અને ''લક્ષ્મીબેન અંબાલાલ પટેલ બ્લૉક-એ ફર્સ્ટ ફ્લોર'' તથા જયશ્રીબેન વિનોદકુમાર ઍન્ડ શર્મિષ્ઠાબેન હર્ષદકુમાર પટેલ (મોખાસણ) બૉઈઝ હૉસ્ટેલ''ના દાતાશ્રી અંબાલાલભાઈ મોહનભાઈ પટેલ તરફથી બોતેર લાખ રૂપિયાનું દાન મળ્યું હતું.

આ ઉપરાંત ''ઇચ્છાબહેન કાંતિભાઈ પટેલ (કરજીસણ) બ્લૉક-એ ગ્રાઉન્ડ ફ્લોર'' ના દાતાશ્રી રાજુભાઈ કે. પટેલ તથા શ્રી ઘનશ્યામભાઈ કે. પટેલ તરફથી એકાવન લાખ રૂપિયા દાન મળ્યું હતું.

તદ્ઉપરાંત બૉઈઝ હૉસ્ટેલ, ગર્લ્સ હૉસ્ટેલ, લૅબોરેટરી માટે પણ જુદા જુદા દાતાશ્રીઓએ ઉત્તમ દાન આપ્યું હતું.

આમ, ડૉ.કનુભાઈ અને માણેકલાલે લગભગ પાંચ અઠવાડિયાનો અમેરિકાનો પ્રવાસ અત્યંત સફળ બનાવ્યો હતો અને પ્રવાસના કારણે જ ''લીલાબેન દશરથભાઈ રામદાસ પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ ટેક્નોલોજી ઍન્ડ રિસર્ચ''ની સ્થાપનાનું સ્વપ્ન સાકાર થયું.

ઈન્સ્ટિટયૂટ ઑફ ટૅક્નોલોજી ઍન્ડ રિસર્ચની માગણી વર્ષોથી થઈ રહી હતી. માણેકલાલ આ ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરવા વર્ષોથી ઝઝૂમી રહ્યા હતા. સરકારે સૅક્ટર-૧૫માં ખ-૫ સર્કલ નજીક આઈ.ટી.આઈ. પાસે ૪૦,૦૦૦ ચો.મી. જેટલી વિશાળ જગ્યા સર્વ વિદ્યાલયને ફાળવી. આ સમગ્ર યશ માણેકલાલને ફાળે જાય છે. સોનામાં સુગંધ ભળે તેમ આ સંસ્થાની સ્થાપના કરવા આશરે બાર કરોડનું માતબર દાન મળ્યું હતું. આ સંસ્થા ચાલુ કરવા માટે લગભગ પચીસ કરોડથી વધુ ખર્ચ થનાર હતો. જેના માટે માણેકલાલને સહેજ પણ ચિંતા નહોતી. કારણ કે તેમની મહેનત અને ભગવાનના ચારેય હાથ તેમના માથે છે.

આ નવીન સંસ્થાનો ખાતવિધિ ૧૩ ડિસેમ્બર-૨૦૦૪ ને સોમવારના રોજ થયો હતો. જેમાં આ સંસ્થાના મુખ્ય દાતાશ્રી દશરથભાઈ રામદાસ પટેલ, ભૂમિદાતાશ્રી વિનોદભાઈ મણિલાલ પટેલ, દાતાશ્રી અંબાલાલ મોહનભાઈ પટેલ તેમજ અન્ય દાતાશ્રીઓ અને તેમના પરિવારજનોની પ્રેરક ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ દિવસે સર્વ વિદ્યાલયના તમામ કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ અને સામાન્ય પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માણેકલાલના માર્ગદર્શનથી એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયૂટના નિર્માણ થનાર ભવનની ખાતવિધિ બાદ દાતાશ્રીઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દંતાલી આશ્રમના પૂજ્ય સ્વામીશ્રી સચ્ચિદાનંદજીએ ખાસ ઉપસ્થિત રહી સૌને આશીર્વચન પાઠવ્યા હતા. સન્માન સમારંભના અધ્યક્ષસ્થાને રાજયના શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, સંસ્થાના પ્રમુખશ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ, હાયર એજયુકેશનના ચેરમેનશ્રી એન.કે. પટેલ તેમજ અન્ય હોદ્દેદારોએ મંચસ્થ સ્થાન શોભાવ્યું હતું.

આમ, આવી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના કરવામાં સમય ફાળવવા ઉપરાંત નિયમિત રીતે તો ગાંધીનગર અને કડી કેમ્પસ્ ખાતે ચાલતી જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન તો આપણા 'સાહેબ' કરે જ છે.

ગાંધીનગર કેમ્પસ્‌માં ફાર્મસી ડિગ્રી કૉલેજ, પોસ્ટ ગ્રેજયુએટ ફાર્મસી, વિનયન અને કૉમર્સ મહિલા મહાવિદ્યાલયો, ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની શાળાઓ ઉપરાંત ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહ સુધીની શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન એવી રીતે કરે છે કે જાહેર પરીક્ષાઓનાં પરિણામો હંમેશાં શ્રેષ્ઠ આવે છે.

કડી, ગાંધીનગર ઉપરાંત વડનગર અને બલોલ જેવા અનેક સ્થળોએ શૈક્ષણિક સંસ્થાઓના સર્જન, વિકાસ અને સંચાલનમાં પ્રેરણા અને સહયોગ આપવાનું ઉમદા કાર્ય તેઓએ કરેલું છે.

માણેકલાલ એવું માને છે કે વિદ્યાર્થીનો શૈક્ષણિક વિકાસ તો થવો જ જોઈએ તે ઉપરાંત તેનો સર્વાંગી વિકાસ પણ થવો જોઈએ. તેને ધ્યાનમાં રાખીને ગાંધીનગર કેમ્પસ્‌માં વિવિધ લલિતકલાઓ જેવી કે સંગીત, કથકનૃત્ય, લોકનૃત્ય, તબલાવાદન વગેરેના વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં સામાન્ય વિદ્યાર્થી પણ તેમાં પ્રવેશ મેળવી તેના શોખને રોજગારીનું સાધન બનાવી શકે છે અને અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ આ સંસ્થાની તાલીમ દ્વારા તૈયાર થયા છે.

આ ઉપરાંત વિદ્યાર્થીને શારીરિક કસરત સહિત રમતોનું જ્ઞાન મળે તે માટે સંસ્થા દ્વારા ફૂટબોલ, સ્કેટિંગ, રાયફલ શૂટિંગ, ટેબલ ટેનિસ, કરાટે, યોગ વગેરેના વર્ગો પણ ચલાવવામાં આવે છે. માણેકલાલ આ તમામ વર્ગોની અઠવાડિયામાં ઓછાંમાં ઓછી એકવાર અવશ્ય મુલાકાત લે છે.

હાલમાં કડી અને ગાંધીનગર ખાતે ૪૨,૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહ્યાં છે. તેમજ બંને શહેરોના કેમ્પસ્‌માં કુલ મળી

૫૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓનું શ્રેષ્ઠ સંચાલન કરવું એ સમાજ માટે એક ઉદાહરણ છે. આવી વ્યકિતને શિક્ષણના સમર્થ સુકાની કહીએ તો કંઈ અતિશયોક્તિ ન કહેવાય.

માણેકલાલની યશસ્વી અને દીર્ઘ કારકિર્દી દરમિયાન તેઓએ શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉદાત્ત અને વિશિષ્ટ પ્રદાન કર્યું છે. એમના પ્રદાનને ધ્યાનમાં લઈ ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશ (એસો.) મહેસાણા તરફથી "આનર્ત એવૉર્ડ" દ્વારા સન્માનવામાં આવ્યા છે તેમજ અખિલ ગુજરાત કડવા પાટીદાર પરિષદ તરફથી પણ તેમની શૈક્ષણિક અને સામાજિક સેવાઓ માટે તેમને "પાટીદાર રત્ન" એવૉર્ડથી નવાજવામાં આવ્યા છે.

આ શિક્ષણપ્રેમીએ મહિલા શિક્ષણના વિકાસ માટે પણ ઉમદા કાર્યો કર્યાં છે અને આજે પણ કરી રહ્યા છે. તદુપરાંત અંતરિયાળ ગામડાંના વિદ્યાર્થીઓને શાળા-કૉલેજમાં આવન-જાવનની મુશ્કેલીઓ ન પડે તે માટે દરેક શાળા-કૉલેજમાં વિદ્યાર્થીઓને રહેવા તેમજ જમવા માટેની ઉત્તમ સુવિધાઓ અને શાળા બસ તથા કૉલેજ બસની મોટી સગવડ પણ ઊભી કરી છે. આવા 'કર્મયોગી' ને ભગવાનના આશીર્વાદ કેમ ન મળે?

કેળવણીના ક્ષેત્રે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરની અંકિત થયેલી ઉજ્જવળ મુદ્રાના આધારે સંસ્થા ઈ.સ. ૨૦૦૭ માં યુનિવર્સિટીનું પદ પામી તેની પાછળ માણેકલાલના પુરુષાર્થનો સિંહફાળો છે. અને ઈ.સ. ૨૦૦૮ માં ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગની સ્થાપના પણ માણેકલાલના ઊંચા લક્ષ્યનો સફળ વેધ છે.

આ બધી સિદ્ધિઓ માટે માણેકલાલનાં અગમદષ્ટિ અને પુરુષાર્થનું જેટલું અભિવાદન કરીએ એટલું ઓછું છે.

-

# ૩.

# વિદ્યાલયથી વિશ્વવિદ્યાલય

ડૉ. ભોળાભાઈ પટેલ

પદ્મશ્રી, પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

પૂર્વ પ્રમુખ, ગુજરાતી સાહિત્ય અકાદમી, અમદાવાદ

..... પ્રિય સર્વ વિદ્યાલય સોહે.

કેટલીક સંસ્થાઓનાં નામ બોલતાં જ સાંભળનારના માનસપટ પર એમની ખાસ મુદ્રા ઊપસતી હોય છે. મુદ્રા ઊપસવાનું કારણ તેની દીર્ઘ યશોદાયી પરંપરા હોય છે. સર્વ વિદ્યાલય આવી પરંપરા ધરાવે છે. મૂળે તો એની સ્થાપના કરનારનાં ત્યાગતપસ્યા દ્વારા એનાં બીજ વવાયાં છે. છગનભાને 'અર્વાચીન સમયના ઋષિ' કહેવામાં કશી અતિશયોક્તિ થતી નથી. છગનભાએ વાવેલાં બીજમાંથી આજે અનેક વડવાઈઓવાળો કેળવણીનો કબીરવડ વિસ્તર્યો છે, જેનું નામ તો સર્વ વિદ્યાલય અને હવે કડી સર્વ વિશ્વવિદ્યાલય. વિદ્યાલયમાંથી 'વિશ્વવિદ્યાલય' માં પરિણમવું તે એક મોટી ઘટના સર્વ વિદ્યાલયના નવ દાયકાના ઈતિહાસની ગણાય.

આ નવ દાયકા દરમ્યાન અનેક આચાર્યો, શિક્ષકો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના દીર્ઘદષ્ટા સંચાલકોનો ફાળો મળતો રહ્યો છે, પરંતુ આ નવ દાયકા દરમ્યાન જે છાત્રવૃન્દ એટલે કે હજારો છાત્રો સર્વ વિદ્યાલયે તૈયાર કર્યા અને ઉત્તર ગુજરાતના જ નહિ, ભારતના જ નહિ, વિશ્વના વિશાળ પ્રાંગણમાં એમની પ્રતિભાથી આ સંસ્થાનું નામ રોશન કરતા રહ્યા, માત્ર પોતાની ઉજ્જવળ કારકિર્દી રચીને જ નહિ, પણ સમાજસેવામાં એક ઉમદા મનુષ્ય તરીકે પોતાનું વિશિષ્ટ પ્રદાન કરીને.

ઈ.સ. ૧૯૧૯થી ઈ.સ. ૨૦૦૯ દરમ્યાનના સમયાન્તરાલમાં સર્વ વિદ્યાલયે ઉપજાવેલું છાત્રધન પોતાની શસ્યભૂમિને કદી ભૂલ્યું નથી, ભૂલશે નહિ. અને એટલે પોતાની આ માતૃ સંસ્થાને એક યા અન્ય રીતે ઉપયોગી થવામાં ધન્યતા અનુભવે છે અને અધ્યાપકો સમેત પોતાના આચાર્યવૃન્દને અને સકલ છાત્રગણને એક જ બિરાદરીના સભ્યો ગણીને વંદે છે, ચાહે છે. સર્વ વિદ્યાલયનું એક પ્રદાન છે - આવી માનસિકતા - માઈન્ડસેટ જન્માવવામાં. આજે સમગ્ર સર્વ વિશ્વ

વિદ્યાલયના વિદ્યાર્થીવૃન્દની સંખ્યા ૪૨૦૦૦ નો આંકડો રોમાંચકર છે. તો જયારે સર્વ વિદ્યાલયમાંથી 'કડી સર્વ વિશ્વ વિદ્યાલય' બને છે ત્યારે જેમણે જેમણે આવું સપનું જોયું, તે સર્વે અભિવાદનના અધિકારી છે. આપણા સમયમાં આ સ્વપ્ન દૃષ્ટા શ્રી માણેકલાલ પટેલ છે. સર્વ વિદ્યાલયની અગાઉની પરંપરા જાળવી તેનો જે અકલ્પ્ય વિકાસ સધાયો, તેમાં સૌથી મહત્ત્વની ભૂમિકા એમણે અદા કરી છે. સર્વ વિદ્યાલયના કડી - ગાંધીનગરના કેમ્પસ્ પર આજે પૂર્વ પ્રાથમિક કક્ષાથી શરૂ કરી અનુસ્નાતક સુધીની સર્વ વિદ્યાશાખાઓમાં થઈ લગભગ ૪૨૦૦૦ વિદ્યાર્થી છાત્રો ભણે છે, તે આંકડો સાચે જ વિસ્મયકારક છે.

પોતાના સાથીઓ સાથે શ્રી માણેકલાલે કડીમાં અને ગાંધીનગરમાં વિદ્યાધામો ઊભાં કર્યા, માત્ર થોડાંક જ વર્ષોમાં, અને તે આજની એટલે કે નેનોયુગની માંગ પ્રમાણેનાં, અદ્યતન, અધુનાતન. શ્રી માણેકલાલ, આપણે સૌ જાણીએ છીએ તેમ, કડી પાસેના એક નાના ગામમાં ખેડૂત પિતાને ત્યાં જન્મ્યા હતા, ઊછર્યા હતા. પોતાનું માધ્યમિક શિક્ષણ એ સમયે ઉત્તર ગુજરાતના કાશી ગણાતા કડી સર્વ વિદ્યાલયમાં લીધું. આચાર્ય પોપટભાઈ, આચાર્ય બાપુભાઈ પછી આચાર્ય નાથાલાલ દેસાઈ સાહેબ હતા. જરા પણ અત્યુક્તિ વિના કહી શકાય કે આ બધા આચાર્યો તે વખતે ભલે 'હાઈસ્કૂલ'ના હતા, પણ એમની પ્રતિભા યુનિવર્સિટીના કુલપતિઓની હતી. નાથાલાલ દેસાઈ સાહેબ જયારે આચાર્ય હતા ત્યારે માણેકલાલ સર્વ વિદ્યાલયના છાત્ર.

પરંતુ એ પાટીદાર આશ્રમમાં નહોતા રહેતા. કડીની આજુબાજુનાં કેટલાક ગામોના વિદ્યાર્થીઓની જેમ તે પોતાના ગામથી સર્વ વિદ્યાલયમાં રોજ આવ-જા કરતા. પરંતુ સર્વ વિદ્યાલયનું વાતાવરણ ત્યાંના શિક્ષકવૃંદ અને ભવિષ્યનાં સપનાં જોતાં ગ્રામ વિસ્તારના છાત્રોને લીધે મૂલ્યબોધવાળું હતું. આઝાદીની આસપાસનાં વર્ષો હતાં, રાષ્ટ્રીયતાનો રંગ ઓસર્યો નહોતો.

જોગાનુજોગ માણેકલાલની બે વર્ષ પાછળ મને પણ સર્વ વિદ્યાલયના છાત્ર બનવાનું, પાટીદાર આશ્રમના બૉર્ડર બનવાનું સદ્ભાગ્ય મળ્યું હતું. ઈ.સ. ૧૯૪૮ થી ૧૯૫૦ નાં વર્ષો અમે સહ-છાત્રો હોઈશું. આચાર્ય નાથાભાઈ સાહેબ અને બીજા આદર્શપ્રેમી ગુરુજીઓ ત્યારે હતા, શ્રી રામભાઈ, શ્રી અંબાલાલ. ૧૯૫૦ માં મોહનલાલ પટેલ શિક્ષક તરીકે જોડાયા હતા. અમે સૌ જેમ અમારા ગુરુજીઓને ચાહતા તેમ માતૃસંસ્થા સર્વ વિદ્યાલયને. આચાર્ય નાથાભાઈ સાહેબ પછી શ્રી મોહનલાલ પટેલે આચાર્ય તરીકેનો ભાર સંભાળ્યો. એમના વિરલ સૌજન્યપૂર્ણ

વ્યકિતત્વથી કેળવણી મંડળ, સાથી શિક્ષકમિત્રો અને સૌ વિદ્યાર્થીઓને એમણે જીતી લીધા હતા, એ પછી આચાર્યોની એ પરંપરા ચાલુ રહી.

પરંતુ શ્રી પુરુષોતમદાસ - 'દાસકાકા' ના પ્રયાસથી ગાંધીનગરની ભૂમિમાં શિક્ષણના આ કબીરવડનો જે ફાંટો ફૂટયો, તેની શરૂઆત તો એક બે શિક્ષણસંસ્થાઓ સુધી સીમિત હતો. પરંતુ આજે ? બધી સંસ્થાઓની સૂચિ જોનાર આશ્ચર્યચકિત થઈ જાય. માણેકલાલ પાસે એક દૃષ્ટિ હતી – વિકાસની. એમનામાં સાહસવૃત્તિ હતી – માર્ગે આવતા અવરોધો પાર કરવાની. એમણે સર્વ વિદ્યાલયની કડી - ગાંધીનગર સ્થિત સંસ્થાઓના વિકાસ માટે સહકાર માગ્યો, સર્વ વિદ્યાલયના ઋણી ભૂતપૂર્વ છાત્રોનો, જે દેશ અને વિશેષ તો વિદેશમાં જઈ સમૃધ્ધ થયા હતા – અને પોતાની માતૃસંસ્થાને ભૂલ્યા નહોતા.

માણેકલાલ અને એમના સાથીઓ છગનભાનો મૂલ મંત્ર 'કર ભલા હોગા ભલા' લઈને ચાલ્યા અને એ મંત્રને મૂર્તિમંત કર્યો. પોતાના વ્યકિતગત વ્યવસાયમાં માણેકલાલ ઉદ્યોગપતિ હતા, એ વધારે સમય પોતાના ઉદ્યોગોના વિસ્તારમાં કરવામાં આપીને અધિક ધનવાન થયા હોત – પણ એમણે સર્વ વિદ્યાલયના વિકાસને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું, ઉદ્યોગપતિ તરીકે કદાચ એ હાથ લાંબો કરતાં સંકોચ પામે, પણ 'પરમારથ કે કારને મોહિ માગત ન આવે લાજ.-' એવું સ્વીકારી પુરાણા છાત્રો પાસે ભિક્ષાઝોળી લઈને આચાર્ય મોહનલાલ પટેલ, નરસિંહભાઈ, કનુભાઈ આદિ સાથીઓ સાથે વિદેશમાં પહોંચી ગયા અને એ વિદ્યાર્થીઓએ એમની ઝોળી છલકાવી દીધી. કોઈ શિક્ષણ સંસ્થાના ઇતિહાસમાં આવી ઘટના ઘટી નથી, હું સંકુચિત દૃષ્ટિએ નથી કહેતો પણ એ 'પાટીદાર' તત્ત્વ છે, જે આવે વખતે કદી પાછળ પડતું નથી. ગુજરાતના ઉદ્યોગપતિઓ પણ પાછા ન પડ્યા, પરંતુ સૌથી મોટી વાત તો એ દ્રવ્યથી જે શિક્ષણ સંસ્થાઓ વિકસાવવાની હતી, તેના સમુચિત પ્રબંધનનો મૅનેજમેન્ટનો, કઈ વિદ્યાશાખા નવી ખોલવાની જરૂર છે, તેની નજર પણ જરૂરની હતી. મને ખ્યાલ છે ત્યાં સુધી બૅચલર ઑફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન - બી.સી.એ.ની ડિગ્રી કક્ષાનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં અને એ માટે યુનિવર્સિટી પાસે એ ડિગ્રી કોર્સ શરૂ કરવાની માગણી કરવામાં માણેકલાલ પહેલા હતા. કડી - ગાંધીનગરના કેમ્પસ્ પર જે જે વિદ્યાશાખાઓ ક્રમશઃ શરૂ થતી ગઈ, તેની વાત કરીએ તો લંબાણ થઈ જાય, આજે માત્ર એની સમગ્ર સૂચિ જોઈએ તો કેળવણી મંડળની એ સિધ્ધિ કેટલી મોટી છે, તેનો અંદાજ આવી જશે. એમાં પ્રેરક બળ તે માણેકલાલ. એમણે કયારેક સાથીઓને નારાજ પણ કર્યા હશે, પણ એમનું લક્ષ્ય એક હતું – સંસ્થાનો વિકાસ.

એ તો એ કરતા ગયા, પણ જે સૌથી મોટી નોંધવા જેવી વાત તે બહેનોની કેળવણી માટેની ઊભી થયેલી આ કેમ્પસ્ પરની સુવિધાઓ. બહેનો, તેમાંય પાટીદાર કોમની બહેનો માટે પાંખો આપવાની જ બાકી હતી, એ વિના પણ ધારે તો એ ઊડી શકે એટલી વિદ્યાશાખાઓ, કેટલીક તો અલાયદી બહેનો માટે જ શરૂ થઈ. જેમાં નર્સિંગ કૉલેજ છોગારૂપ છે. આ એક મૂળગામી એવી શાંત ક્રાંતિ છે.

માણેકલાલના ચૅરમૅનપદે ચાલતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓની કેટલીક નોંધવા જેવી વિશેષતાઓ છે. આજે જ્યારે કેટલીક સ્વનિર્ભર કૉલેજો માત્ર ને માત્ર પૈસા કમાવા માટે ઊભી થઈ છે અને મૅનેજમેન્ટને ફાળવવામાં આવતી બેઠકોમાંથી લાખો રૂપિયા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી ખેરવી લે છે, ત્યારે આ મંડળની સંસ્થાઓમાં મૅનેજમેન્ટની બેઠકો પ્રવેશ સમિતિને સોંપી દેવાય છે અને તે ગુણવત્તાને ધોરણે ભરાય છે. વળી અહીં નિયુક્તિ પામતા તમામ કર્મચારીગણને નિયમ પ્રમાણે પગારો અપાય છે અને નિયમ પ્રમાણે કર્મચારીઓની પૂરી ભરતી કરવામાં આવે છે. આ સર્વ વિદ્યાલય પાસેથી મળેલો મૂલ્યબોધ છે. આ છે સર્વ વિદ્યાલયની વિશિષ્ટ મુદ્રા !

માણેકલાલ કેળવણીની સંસ્થાઓના વિસ્તાર બાબતે મહત્ત્વાકાંક્ષી છે. તેમાં ૨૦૦૫થી શરૂ થયેલ એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટયૂટ ઑફ ટૅક્નોલોજી અને રિસર્ચ સંસ્થા દ્વારા એક ઊંચું સોપાન સિધ્ધ થાય છે અને એ સાથે નિર્મિત સર્વ વિદ્યાલય યુનિવર્સિટી ભવન. અભિનંદનની વર્ષા જ કરવાની રહે.

અમે ૧૯૫૦નાં વર્ષોમાં ભણતા ત્યારે સ્વ. ઉમેદભાઈ પટેલે રચેલા લગભગ વિસ્તૃત શાળાગીતને નાથાલાલ દેસાઈ સાહેબે પુનઃ જીવંત કર્યું હતું - અમે ગાતા :

પ્રિય સર્વ વિદ્યાલય સોહે .....

પણ હવે તો કડી સર્વ વિશ્વવિદ્યાલયનું નવું ગીત રચવું પડશે !

કડીમાં વર્ષોથી સાહિત્યવર્તુળ ચાલે છે. સાહિત્યની આવી સંસ્થાઓનો આર્થિક પક્ષ સબળ હોતો નથી. માણેકલાલે સાહિત્યવર્તુળ એની પ્રવૃત્તિઓ સારી રીતે કરી શકે એ માટે દાન તો આપ્યું - એના કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહે. એમનો સર્વ વિદ્યાલયના એક વખતના આચાર્યશ્રી અને જાણીતા સાહિત્યકાર મોહનલાલ પટેલ માટે ભારે આદર છે. એમના નામથી એ વર્તુળને નવજીવન આપ્યું. હવે કડીનું સાહિત્યવર્તુળ શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ એ નામથી સાહિત્યિક પ્રવૃત્તિઓ કરે છે.

પરંતુ મોહનલાલ પટેલને ૭૫ વર્ષ થયાં એ અમૃતપર્વ નિમિત્તે માણેકલાલે શ્રી મણિભાઈ પ્રજાપતિ, રઘુવીર ચૌધરી આદિના સહયોગથી અમૃતપર્વની ઉજવણી મોહનલાલ પટેલના સાહિત્યનો અધ્યયન ગ્રંથ તૈયાર કરાવી પાટણ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે ઉજવવાની યોજના કરી અને ભારે ઉત્સાહથી એનો સમારંભ કર્યો અને એ વખતે શ્રી મોહનલાલ પટેલના નામની વ્યાખ્યાનમાળા શરૂ કરવા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને રૂપિયા પાંચ લાખનું દાન આપ્યું, જેના વ્યાજમાંથી દર વર્ષે પાટણમાં વ્યાખ્યાનો યોજાય છે. આ માટે જે દ્રવ્ય જોઈએ તે માણેકલાલની પ્રેરણાથી અને ઉત્સાહથી સંચિત થયું હતું એ કહેવાની ઓછી જ જરૂર છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાતી મોહનલાલ પટેલ વ્યાખ્યાનમાળામાં સિતાંશુ યશચંદ્ર, શિરીષ પંચાલ, અવધેશકુમારસિંહ, રઘુવીર ચૌધરી જેવા વિખ્યાત સાહિત્યકારોએ યુનિવર્સિટીના કુલપતિની અને અનેક વિદ્વાનોની ઉપસ્થિતિમાં વ્યાખ્યાનો આપ્યાં. મણિભાઈ પ્રજાપતિ એના સંયોજક રહ્યા છે. દરેક વ્યાખ્યાન સમારંભમાં માણેકલાલ કેળવણી મંડળના સભ્યો સાથે ઉત્સાહભેર હાજર રહે છે. માણેકલાલની વિદ્યાપ્રવૃત્તિ પ્રેમનું આ પણ એક જમા પાસું છે.

આવા શ્રી માણેકલાલનું આપણે સૌ અભિવાદન કરીએ.

# 4.

# સેનાધિપતિને બદલે કુલાધિપતિ

ડૉ. રઘુવીર ચૌધરી
જાણીતા સાહિત્યકાર, ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

કડી સર્વ વિદ્યાલય પરિવાર મને પોતાનો ગણે છે. એનું કારણ મારા શિક્ષક શ્રી ભોળાભાઈ પટેલે માણસામાં સને ૧૯૫૨થી, '૫૬ દરમિયાન મને ભણાવ્યો અને એ કડી સર્વ વિદ્યાલયમાં શ્રી મોહનલાલ પટેલ પાસે ભણેલા. શ્રી માણેકલાલ પટેલે સને ૧૯૪૪ થી ૧૯૫૦ દરમિયાન કડી સર્વ વિદ્યાલયમાં શિક્ષણ મેળવ્યું હતું. શ્રી મોહનલાલ પટેલ ૧૯૫૦માં સર્વ વિદ્યાલયમાં જોડાયા તેથી માણેકલાલભાઈને ભણાવવાની તક મળી નહીં પણ સંસ્થા પ્રત્યેના આદરને કારણે એમણે મોહનભાઈને સદા નવાજ્યા. કડીના સાહિત્યકારોએ સાહિત્ય વર્તુળની સ્થાપના કરવા વિચાર્યું તો એની સાથે મોહનભાઈનું નામ જોડાયું. એ સંસ્થાની આર્થિક જોગવાઈઓમાં એમણે રસ લીધો. ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીએ મોહનલાલ પટેલના નામે રાષ્ટ્રીય વ્યાખ્યાનમાળા શરૂ કરવા ભંડોળ એકઠું કર્યું એમાં પણ સિંહફાળો માણેકલાલનો.

જ્યોતિષશાસ્ત્રના અભ્યાસીઓએ માણેકભાઈની કુંડળી તપાસવી જોઈએ. એમના જીવનમાં આવેલા વળાંકો, રાજકારણ, વેપાર, શિક્ષણ- બધાં ક્ષેત્રો સાથેનો એમનો નાતો કયા ગ્રહોને આભારી છે એ તારવી શકાય. મારા અનુમાન મુજબ મંગળ અને ગુરુ બંને ગ્રહ બળવાન હશે. મંગળમાં ઉગ્રતા, પહેલ કરવાની વૃત્તિ અને વિજય માટેની આકાંક્ષા જોઈ શકાય. તો ગુરુમાં સ્થિરતા ધરાવતું નેતૃત્વ. અગાઉ હું એમને રૂ-કપાસના સફળ વેપારી તરીકે ઓળખતો અને અમે મળીએ ત્યારે કપાસની ખેતી, એના ઉત્પાદનખર્ચ અને બજારભાવની ચર્ચા થતી. મને ખેતર સુધી મૂકી જવા કયારેક કાર પણ મોકલે. એટલે બુધનો ગ્રહ પણ પ્રમાણમાં સારો હશે. બાળપણમાં કેટલાક ગ્રહ એમને નડ્યા હશે પણ પછી તો એ એવા પગભર થયા કે ગ્રહોને નડી શકે. હાર-જીતની અસર એમના વ્યકિતત્વ પર વરતાય નહીં. એમને કોઈ કામ માટે શુભેચ્છા આપીએ તો એ કહે કે એ કામ તો

સફળ થઈ ગયું. સને ૨૦૦૮ માં મેં કડી સર્વ વિદ્યાલયના ગાંધીનગર કેમ્પસ્નો વિકાસ જોઈને કહેલું : 'તમારી સંસ્થા હવે યુનિવર્સિટી થવી જોઈએ' તો માણેકલાલ કહે : 'થઈ ગઈ.' જૂન-૨૦૦૮ થી 'કડી સર્વ વિશ્વ વિદ્યાલય' યુનિવર્સિટી તરીકેની માન્યતા સાથે કાર્યરત છે. પણ પોતે કુલપતિ છે એ એમણે કહ્યું નહીં. મેં અનુમાન પણ ન કર્યું. કેમ કે મારા મનમાં એમની છબિ સેનાપતિ તરીકેની રહી છે. હવે કુલાધિપતિ થયા છે તો સમારંભોમાં ભાષણ તૈયાર કરીને આવે છે અને ઉચ્ચાર શુધ્ધિ સાથે કડકડાટ વાંચે છે. સ્ફૂર્તિ પૂર્વવત્ ટકી રહી છે. એંશી વર્ષ થઈ ગયાં. માન્યામાં ન આવે.

સને ૧૯૨૯ ના ફેબ્રુઆરીની પહેલી તારીખે કડીથી છ કિલોમીટર અંતરે આવેલા ઊંટવા ગામે જન્મ. પિતાજી માધવલાલ ખેડૂત. છ ધોરણ પછી માણેકભાઈ ઊંટવાથી કડી ભણવા જોડાયા. રોજ ચાલતા જવાનું. ખેતરમાં શાકભાજી વાવી હોય ત્યારે એનું પોટલું માથે ઉપાડતા જવાનું. શ્રમનિષ્ઠાએ શરીર અને મનને ઘડયાં. પ્રાથમિક શિક્ષક તરીકેની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે ઉત્તીર્ણ થયા છતાં પસંદગી માટે રૂબરૂ મુલાકાત લેનારાઓને લાગ્યું કે આ પાતળો છોકરો વર્ગ પર કાબૂ નહીં રાખી શકે. પણ એ પાતળો યુવક કેટલો કાઠો હતો એ તો પછી આખા કડી પંથકે જાણ્યું. એ બી.એ., એલએલ.બી. થયા. શ્રી પ્રયતકર કે. કાનડિયાએ આપેલી વિગતો મુજબ વિવિધ ક્ષેત્રે કામ કરતા રહીને 'કર્મયોગી' તરીકે માણેકભાઈ વિકસતા ગયા.

માણેકભાઈ સાથે સરખાવવા જેવા બે મહાનુભાવોનું અહીં સ્મરણ થાય છે. એક આજીવન કુલપતિ ઈશ્વરભાઈ પટેલ અને બીજા સહયોગના પ્રવકતા અને વિશ્વકોશના પ્રેરક સાંકળચંદ પટેલ. આ બંને સાથે પણ મોકળાશથી વાત થઈ શકતી. હાસ્યવિનોદની છૂટ લઈ શકાતી. ઘણા લોકો માણેકભાઈ સાથે વાત કરતાં ગભરાય, અંતર રાખે. મને તો એ સદા પ્રેમાળ અને આખાબોલા લાગ્યા છે. સહુએ પૂરતું કામ કરવું જોઈએ એવો આગ્રહ રાખનારને આદર આપવો જોઈએ.

માણેકભાઈની કાર્યક્ષમતા અને કોઠાસૂઝને કારણે ગાંધીનગર, કડી અને અન્ય વિસ્તારોમાં શિક્ષણસંસ્થાઓનો ત્વરિત વિકાસ થયો. જયાં એ સીધા સંકળાયેલા ન હોય ત્યાં એમની કર્તૃશૈલી નમૂનારૂપ ગણાઈ. દાતાઓને ખાતરી થઈ કે આ માણસના હાથમાં મૂકેલું દાન ઊગી નીકળશે. આવા કર્મયોગી પટેલોના બ્રહ્મતેજ વિશે પ્રો. મંગુભાઈ પટેલે પુસ્તક લખવું ઘટે.

# 5.

# ઉત્સાહમૂર્તિની શિક્ષણનિષ્ઠા

ડૉ. કુમારપાળ દેસાઈ
પદ્મશ્રી, પ્રસિધ્ધ સાહિત્યકાર, પત્રકાર,
પૂર્વ અધ્યક્ષ, ભાષા સાહિત્યભવન, ગુજ. યુનિ., અમદાવાદ

તરવરતો ઉત્સાહ, કેળવણીની અદમ્ય ધગશ અને વિકાસ માટેનો અવિરત પુરુષાર્થ - એ ત્રણેય બાબતથી માણેકલાલભાઈએ પોતાની આગવી પ્રતિભાનો પરિચય આપ્યો છે. કડી જેવા નાનકડા ગામમાંથી શરૂ થયેલી શિક્ષણપ્રવૃત્તિ કડીમાં તો વિકાસ સાધે, પરંતુ એની સાથોસાથ એનો તંતુ છેક ગાંધીનગર સુધી લંબાય અને એક વિરાટ શૈક્ષણિક સંકુલનું નિર્માણ થાય એ ઘટના ગુજરાતના શિક્ષણ જગતને માટે નોંધપાત્ર છે. માણેકલાલભાઈ અને એમના સાથીઓએ આ શિક્ષણસંસ્થાઓ સર્જવા માટે અથાગ પુરુષાર્થ કર્યો છે. એના પાયામાં ઋષિતુલ્ય પૂજ્ય છગનભાની કેળવણીપ્રીતિ અને સામાજિક વિકાસની દૃષ્ટિ પડેલી છે. છગનભા જેવા તપસ્વીએ વરસો પહેલાં ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં કેળવણી માટે જે પ્રયત્નો કર્યા, એ જ પ્રયત્નોનું સુંદર અનુસંધાન માણેકલાલભાઈમાં નજરે પડે છે.

ગુજરાત યુનિવર્સિટીમાં વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે કાર્યરત હતો, ત્યારે સતત વિકાસ સાધતા સર્વ વિદ્યાલય (કડી)ની કેળવણી દૃષ્ટિનો પ્રત્યક્ષ અનુભવ થયો. જ્યારે કોઈપણ પ્રકારની સુવિધા કે સગવડ વિના વ્યાપારી ધોરણે શિક્ષણસંસ્થાઓ (દુકાનો) ખૂલતી હોય, તેવે વખતે કડી સર્વ વિદ્યાલય એ અભ્યાસક્રમ શીખવવા માટેની સર્વ યોગ્યતા મેળવ્યા પછી જ એ સંસ્થાની મંજૂરી માટે યુનિવર્સિટીને પ્રસ્તાવ મોકલતી હતી. વળી જ્યાં શિક્ષકોની નિમણૂક ડોનેશનથી થતી હતી, એવે સમયે માણેકલાલભાઈએ પ્રામાણિકતાનો આગ્રહ રાખ્યો અને કોઈપણ વ્યક્તિ કોઈની ભલામણથી કે દાન આપીને શિક્ષક કે અધ્યાપક બની જાય નહીં તેની સતત તકેદારી રાખી શૈક્ષણિક યોગ્યતા ધરાવનારને જ નિમણૂક આપે. વળી આ સંસ્થાઓની જરૂરિયાત અંગે એ સતત કાળજી લેતા અને વારંવાર એ સંસ્થામાં જઈને એના પ્રશ્નોનો ઝડપી નિકાલ કરતા, એની

જરૂરિયાતો પૂરી કરતા, પણ એની સાથે સહુને સંસ્થાના વિકાસ માટે વચનબદ્ધ કરતા.

આને પરિણામે કડી અને ગાંધીનગરમાં જુદી જુદી વિદ્યાશાખા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ ઊભી થઈ. એને માટે આપોઆપ દાનનો પ્રવાહ વહેતા લાગ્યો. જેની સમાજને વિશેષ જરૂર હતી, એવી કન્યાકેળવણીની વાત ભુલાય કેમ ? એ માટે સંસ્થાઓ ઊભી કરી. આધુનિક વિશ્વમાં સ્પર્ધામાં ઊભા રહેવા માટે મૅનેજમૅન્ટ, ટેલિકમ્યુનિકેશન, કમ્પ્યૂટર, મૅડિકલ કૉલેજ, ઈન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી, ફાર્માકૉલોજી, મલ્ટીમીડિયા, આઈ.એ.એસ. ટ્રેનિંગ સૅન્ટર જેવી સંસ્થાઓ પણ સ્થાપી. આમ છેક પ્રાથમિક શિક્ષણથી માંડીને તમામ પ્રકારના શિક્ષણને આવરી લેવાનો પ્રયાસ કર્યો એટલું જ નહીં, પણ બે વર્ષ પૂર્વે આ સંસ્થાને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ને નામે સ્વનિર્ભર યુનિવર્સિટી પ્રાપ્ત થઈ.

શિક્ષણપ્રેમના એક નાનકડા બીજમાંથી કેવું વિશાળ વૃક્ષ સર્જી શકાય છે, તેનું ઉદાહરણ માણેકલાલભાઈએ પૂરું પાડ્યું. હજી બીજી નવી નવી સંસ્થાઓ સર્જાતી જાય છે અને જાણે શિક્ષણનો મહાયજ્ઞ આદર્યો હોય એ રીતે માણેકલાલભાઈના ચૅરમૅનપદે જુદાં જુદાં શૈક્ષણિક સંકુલો સર્જાતાં જાય છે. શૈક્ષણિક સંકુલના સર્જન પાછળ જીવ રેડી દેવાની માણેકલાલભાઈની આદત છે. વળી આ બધાં શૈક્ષણિક કાર્યો માટે થતો ખર્ચ પણ તેઓ અંગત રીતે ભોગવતા હોય છે. તેઓ બીજાઓ પાસેથી દાન પ્રાપ્ત કરી શકે છે, પણ સાથોસાથ સ્વયં પણ જ્ઞાનદાન કરે છે. કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકે આગવી વહીવટી સૂઝ દાખવનારા માણેકલાલભાઈની વહીવટી સૂઝનો ઘણો લાભ એમની આ શૈક્ષણિક સંસ્થાઓને મળ્યો. સમયપાલન કે શિસ્તપાલનની બાબતમાં અત્યંત મક્કમ એવા માણેકલાલભાઈને ક્યારેય સમયને વ્યર્થ પસાર કરતા જોયા નથી. એ જ્યાં હોય ત્યાં એક વાતાવરણ સર્જાતું હોય છે. કામ રજૂ થાય, ઉકેલ શોધાય અને સભા પૂરી. મોટી જવાબદારી ઉપાડી શકે એવો ખભો એમની પાસે છે તો એને સાકાર કરી શકે તેવી સંકલ્પશક્તિ પણ છે. ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય જેવાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કાર્ય કરનાર માણેકલાલભાઈ પાસે જીવનના અનેકવિધ અનુભવોમાંથી મળેલી દૃષ્ટિ, સારુંનરસું પારખી શકવાની વિવેકશક્તિ અને ધારેલું કામ પાર પાડવાનો દૃઢ નિર્ધાર જોવા મળે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં તેઓ સ્વાગત પ્રમુખ તરીકે હતા અને તેથી તેમને વારંવાર મળવાનું બન્યું. આ સમયે એમની

આયોજનશક્તિનો પરિચય થયો. જુદી જુદી વ્યક્તિઓને એમની શક્તિ મુજબ કામ આપવું અને એમની ગતિવિધિની જાણ મેળવતા રહેવી એની એમની પાસે આવડત છે. સાથોસાથ સાહિત્ય માટેની એમની નિસબત પણ દેખાઈ આવી. ગાંધીનગરમાં યોજાતી ગ્રંથયાત્રા સમયે માણેકલાલભાઈની ઉપસ્થિતિ હોય એટલું જ નહીં, પરંતુ એની જુદી જુદી સંસ્થાઓમાં એ જાય એનો ખ્યાલ પણ રાખે છે.

આવા પ્રામાણિક, કર્મનિષ્ઠ અને ઉત્સાહમૂર્તિ માણેકલાલભાઈ પાસેથી ગુજરાતના શિક્ષણજગત અને સંસ્કારજીવનને હજી ઘણું પ્રાપ્ત થશે એવી પૂર્ણ શ્રદ્ધા છે.

# 6.

# સન્મિત્ર માણેકલાલ પટેલ

**ડૉ. રામભાઈ પટેલ**

મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

પૂર્વ ડાયરેક્ટર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

ડૉકટર તરીકે હું સરકારી સેવામાંથી ૧૯૭૬ ની ફેબ્રુઆરીથી મુક્ત થયો ને ત્યાર પછી મારે કડી આવવાનું થયેલું. મને આ સમયગાળામાં ગાંધી વિચાર અને વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિનો રંગ લાગેલો, ને તેથીસ્તો મને દીન-દુઃખીઓની સેવા કરવામાં દરિદ્રનારાયણનાં દર્શન થતાં. ક્યારેક મનમાં થતું કે ભગવાને મને એક તબીબ તરીકે માનવસેવાની ઉમદા તક આપી છે તો લાવો માદરે વતન કરણનગરમાં જાઉં, અને પછી જ્યાંથી મેં વિદ્યાપ્રાપ્તિ કરી છે તે કડીનગરમાં જઈને ત્યાંના આમલોકોને મારો યથાશક્તિ લાભ આપું.

હું કડીમાં આવ્યો. મને ત્યારે માણેકલાલની આ પહેલાં કોઈ ઓળખ નહોતી. 'સાહેબ' ના હુલામણા નામે એમને આખું કડી ઓળખે. આ માણસને ખબર પડી કે આપણા ગામમાં એક ગાંધીવાદી સેવાભાવી ડૉકટર આવ્યા છે, એટલે તેઓએ તરત મારો સંપર્ક કર્યો ને પછી તો આ સદ્‌ગૃહસ્થે આ નગરથી થોડાક ઓછા પરિચિત એવા આ ડૉકટરની અન્ય મહાનુભાવો સાથે ઓળખ કરાવીને મારા દવાખાનાના ઉદ્‌ઘાટનનો સઘળો ભાર પણ એમણે ઉઠાવી લીધેલો. માણેકલાલ સાથે નિકટનો પરિચય થતાં મને સમજાયું કે તેઓ પણ સેવાભાવી અને નાત-જાતના અને ઊંચ-નીચના ભેદભાવરહિત તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તેવી દઢ માન્યતા ધરાવતા હતા. આમ, સાહેબ અને મારી વિચારસરણી એક સમાન હોવાથી એમની સાથે સહૃદયભરી મૈત્રી જામી અને કડીમાં સ્થાયી થવા મેં વિચાર્યું. માણેકલાલે મને પોતાનું મકાન લઈ લેવા કહેલું, પરંતુ એ અરસામાં તો મારી પાસે મકાન લેવા પૂરતી આર્થિક જોગવાઈ નહોતી, તો સાહેબે રૂા. ૧૦,૦૦૦ની બેન્ક લોન અપાવી અને એમના સદ્‌ગત મિત્ર - કડી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ - બાબુભાઈ ધનાભાઈ પટેલનો બંગલો પણ સાવ વાજબી કિંમતે અપાવ્યો. મારી દષ્ટિએ પરોપકારીપણું એ સાહેબના વ્યકિતત્વનું

સૌથી મોટું જમા પાસું છે, હા, સ્વજનો, મિત્રો માટે તેઓ બધું જ કરી છૂટે, તેમને પૂરેપૂરી હૂંફ આપે, તેમનાં સુખદુઃખને પોતાનાં સમજે, કયારેક તો વળી ખુદની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખ્યા વગર સમાજકલ્યાણનાં કાર્યોમાં ગજા ઉપરાંતનું દાન આપી દરિયાદિલીસભર ઉદારતા દાખવતા મેં એમને જોયા છે.

કડીની ભાગ્યોદય હૉસ્પિટલની સ્થાપનામાં, એને આર્થિક રીતે પગભર કરવામાં સાહેબે એમના સાથી મિત્રો - શેઠ વનમાળીદાસ, રતિલાલ મગનલાલ પટેલ અને અન્ય સદ્‌ગૃહસ્થોનો સહયોગ પ્રાપ્ત કરીને કડી અને કડી તાલુકાની આમજનતાને પૂરતી સુવિધાયુક્ત હૉસ્પિટલની એક મૂલ્યવાન ભેટ પ્રદાન કરેલ છે, જેની નોંધ અવશ્ય લેવી ઘટે.

સાહેબના બહુમુખી વ્યકિતત્વનું બીજું મહત્ત્વનું પાસું તે તેમની નિર્ભયતા છે એમ મને જણાયું છે. તેમના સતત સહવાસથી હું જોઉં છું કે ઘણીય વાર તેઓ ભલભલા રાજકીય નેતા કે પછી સરકારી ઉચ્ચ અધિકારી અરે! ખુદ શિક્ષણમંત્રી કે તેમના સચિવશ્રી સામે પણ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય પ્રગટ કરવામાં સહેજ પણ ખચકાટ અનુભવતા નથી. પોતાને જે લાગ્યું તે કટુસત્ય હોય તો પણ નિર્ભયપણે એને તેઓશ્રી રજૂ કરી દે છે. હા, આવી જ નૈતિક તાકાતથી ઘણી વાર સમાજના અનિષ્ટ ગણાતાં તત્ત્વો સામે પણ સહેજે વિચલિત થયા વગર ઝઝૂમતા મેં એમને જોયા છે. કોમી રમખાણના દિવસોમાં અમે બંને મિત્રો કોમી એખલાસ સ્થાપવાના ઉમદા હેતુથી હિંદુ-મુસ્લિમ વિસ્તારની મુલાકાત લેતા ત્યારે પણ ભલભલા માથા ભારે ગણાતા માણસો વચ્ચેય મનમાં સહેજ પણ ભય કે ડર રાખ્યા વગર તેમને શાંતિ સ્થાપવા માટે સમજાવતા મેં જોયા છે. સાહેબની આવી નિર્ભીકતા એમના હૃદયની પ્રેમસભર વિશાળતામાંથી, એમની પરોપકારની સેવાભાવનાથી પ્રગટી હોય તેવું મારું દૃઢપણે માનવું છે.

સાહેબના વ્યકિતત્વનું બીજું એક પાસું તે તેમના વાણીવ્યવહારમાં પ્રગટ થતી કડકાઈ છે. અલબત્ત, આ ઉપર-ઉપરની, કહો કે બહારથી દેખાતી કડકાઈ જોઈને અજાણ્યો માણસ કયારેક આ ઉમદા માણસની ભીતર રહેલા અત્યંત ઋજુ-કોમળ હૃદયને સમજવામાં ભૂલ કરી બેસે તો પણ જરાય નવાઈ ના લાગે !

હા, સાહેબનો આ કડકાઈનો ભાવ ઘણીય વાર કામચોર લોકો તરફ, ખોટી ખુશામત કરનારાઓ, ભ્રષ્ટાચારીઓ તરફ પુણ્યપ્રકોપ બનીને પ્રગટતો અનુભવાય છે. સાહેબ જાહેર સેવાની અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. નાગરિક સહકારી બૅન્ક, નગરપાલિકા કે પછી સર્વ વિદ્યાલયનું વિશાળ સંકુલ-

આ બધી સંસ્થાઓનો વહીવટ તેમણે સંભાળ્યો છે પણ સાહેબ સામે એકપણ સંસ્થાનો કર્મચારી ખોટી ચાંપલૂશી કરવા ભાગ્યે જ ગયો હશે. આનું કારણ સ્વયં સ્પષ્ટ છે. કારણ કે એ જાણતો હોય છે કે સાહેબને કામમાં પ્રમાદ-આળસ જરાય પસંદ નથી. ખોટી બહાનાંબાજી કે ખોટી ઘાલ-મેલ તરફ તેમને સખત અણગમો છે. સાહેબ ખુદ કર્મયોગી છે. એમને કામ કરવું ગમે છે. કામ કરનાર વ્યકિત ગમે છે. પ્રામાણિક માણસો એમને ગમે છે ને તેથી જ આ સિવાયની વ્યકિતઓ તરફ એમની કડકાઈ પ્રગટ થાય તે એટલું જ સ્વાભાવિક છે ને ?

સાહેબ મને તો સદાય સ્વપ્નદૃષ્ટા જણાયા છે. રાત-દિવસ તેઓ સંસ્થાના વિકાસના સ્વપ્ન જોતા હોય છે. સ્વપ્ન જોયા પછી તો તેને સાકાર કરવા તેઓ તન-મન-ધનથી લાગી જાય છે. જયાં સુધી સ્વપ્ન સાકાર ન થાય ત્યાં સુધી તેઓ તો જંપે નહીં અને સાથી કર્મચારીઓને પણ જંપવા ન દે, ખરેખર તો આ એમના સ્વભાવની એક તાસીર છે.

આજનું આપણું સર્વ વિદ્યાલયનું સંકુલ, એનો અકલ્પનીય ગંજાવર વિકાસ આ બધું સાહેબના મૂર્ત થયેલા સ્વપ્નનું જ પરિણામ મને તો જણાયું છે. કોઈ વાર સાહેબ કહે : 'અમુક ઈમારત પંદર દિવસમાં કે મહિનામાં ઊભી થઈ જશે!' તો આ સાંભળીને પહેલી વાર તો નવાઈ જેવું લાગે, પણ જયાં મહિનાની અવધિ પૂરી થઈ કે પેલી ઈમારતે આકાર લીધો જ હોય!! હા, આવાં કામોમાં પણ પ્રામાણિકતા, પારદર્શિતા અને વહીવટી કુશળતાનાં દર્શન થયા વગર રહે નહીં. આ ઉપરાંત આવા કામ પાછળ ચુસ્ત સિદ્ધાંત મુજબ બધી કાર્યવાહી થઈ જ હોય, ને એ માટે આવશ્યક બધા જ દસ્તાવેજ વગેરેની પૂર્તિ પણ કરાઈ હોય અને ઘણીવાર તો આ માટે આકાશ-પાતાળ એક કરીને સમયસર રજૂઆત કરવામાં આવી હોય જ ! હા, આ બધાં છે - સાહેબના સ્વપ્નને સાકાર કરવા પાછળનાં મહત્ત્વનાં પરિબળો.

ખરેખર તો હું મારી જાતને સદ્ભાગી માનું છું, કેમ કે મને 'સાહેબ' જેવા સહૃદયી સન્મિત્ર સાંપડ્યા છે. સાહેબ હવે તો સર્વ વિદ્યાલયમય બની ગયા છે. એમના પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ સંસ્થા માટે, સંસ્થાને સમર્પિત હોય તેવું મારા જેવા એક સાયન્સના વિદ્યાર્થીને, ડૉકટરને જણાયું છે ને તેથીસ્તો આજે અમે કેટલાક મિત્રો પણ તેમની સાથે સંસ્થાની સેવા માટે યથાશક્તિ સહયોગ આપીને કૃતકૃત્યતા અનુભવી રહ્યા છીએ.

# 7.

# નવા જમાનાના પાટીદાર

**પ્રકાશ ન. શાહ**
સુપ્રસિધ્ધ પત્રકાર અને ચિંતક

જયપ્રકાશજીના આંદોલનને કારણે તેમજ લોકજાગૃતિની પ્રવૃત્તિઓને નિમિત્તે ઉત્તર ગુજરાતમાં જે કેટલાક રૂડાં પરિચયો થયા એમાં કડીસ્થિત ડૉ. રામભાઈ પટેલ સાથે લાંબા સમયથી એક સ્થાયી ભાવ રહ્યો છે. રામભાઈને કારણે જ માણેકલાલભાઈનો કંઈક પરિચય થયો એથીસ્તો આરંભે એમને સ્મર્યા !

માણેકલાલભાઈના અભિવાદન ગ્રંથ નિમિત્તે મારો હૃદયભાવ વ્યકત કરવા આ બે શબ્દો પાડવા બેઠો છું ત્યારે નજર સામે રામભાઈ સાથે એમને જીન પર, એમના મુકામે મળવા એક રાતે જવાનું થયેલું એ દશ્ય યાદ આવે છે. આ લખતાં લખતાં રામભાઈ ને માણેકલાલભાઈના ચહેરા પણ હવે જાણે દેખાતા બંધ થાય છે અને સામે તરવરી રહે છે એક કાપલી. પીળી પડેલી આ છાપાકાપલીમાં એક સમાચાર હતા કે સરકાર અને યુ.જી.સી.નો નવો અભિગમ સારી શૈક્ષણિક સંસ્થાઓને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવાનો છે. હવે આ કાપલી જ નહિ, એને ઉઠાવતો હાથ જ નહિ, માણેકલાલભાઈને આખેઆખા પ્રગટ થતા જોઉં છું. એ આ સમાચાર ઝાંખે દીવે વાંચી સંભળાવે છે. વાંચતા તકલીફ નથી પડતી, કેમ કે એ કદાચ મોઢે થઈ ગયા છે. વાચનમાંથી પ્રગટ થતી પ્રતિબધ્ધતાના ઉજાસમાં મોં પરની નિશ્ચયાત્મક રેખાઓ પણ સાફ દેખાય બલકે સંભળાય છે !

આમ પહેલી વાર રૂબરૂ મળવાનું થયું એ પહેલાં જોકે એમના અંગે થોડુંક જાણતો સાંભળતો જરૂર થયો હતો. કડી સુધરાઈના યશસ્વી અધિકારી તરીકે ચમકી, ધીરે ધીરે શૈક્ષણિક સંચાલનમાં અને જાહેર જીવનમાં રચનાત્મક એટલો જ કાર્યસાધક અને નિર્ણાયક ભાગ એ ભજવતા થયા છે. એનો મને કંઈક ખ્યાલ હતો પણ ડિમ્ડ યુનિવર્સિટી પ્રકારનું શમણું સેવનાર તરીકે એમને જોવા મળવાનું થયું એ મારે સારુ નિશ્ચે એક સાક્ષાત્કારક ક્ષણ હતી અને હવે તો એ સપનું સાકાર થયું છે.

માણેકલાલ પટેલ નકરા રાજકારણી નથી, જરૂર નથી, પણ જાહેર ક્ષેત્રના જીવ તરીકે તે ક્ષેત્રની પરહેજ કરે એવા લૂગડાંસંકોર જીવ તો એ નથી જ નથી. થોડા વરસ પર એ ચૂંટણી લડ્યા ત્યારે ગુજરાતમાં છેલ્લા દસકામાં જે પરિબળો જામ્યા છે એમાં સામે પ્રવાહે તરવા જેવો જ નિર્ણય એ હતો. પણ પાટીદાર, હાડનો નક્કુર, એ મુકાબલો ઝીલી જ જાણે.

હમણાં મેં એમને પાટીદાર કહ્યા પણ મારે મન એમની આ ઓળખ જેટલી એમના સહજ સમાજ કે સમુદાયગત છે એથી વધુ તો એમની ગુણસંપદાગત છે. કણબી (કુટુમ્બી) ગામ આખાની દાઝ જાણતો હોય એવી જે નવી નાગરિક સમજ ગાંધી - સરદારના ગુજરાતમાં સ્વરાજસંગ્રામ દરમ્યાન વિકસી એના હવામાનમાં આવેલું એક સંતાન એ પણ છે. 'પ્રબુધ્ધ જૈન'માંથી 'પ્રબુધ્ધ જીવન'ની પરમાનંદ કુંવરજી કાપડિયાની ગતિ - પ્રગતિ કે 'પાટીદાર'થી 'સંસાર' લગીની નરસિંહભાઈ અને પેટલીકરની ગતિ-પ્રગતિમાં નવા અને પલટાતા સમયનું જે બિંબ ઝિલાયું હશે, કંઈક એ જ ફ્રિકવન્સી પરની નાનીમોટી ઘટનાઓ પૈકી એક દાખલો માણેકલાલભાઈનો પણ છે. મૅનેજમેન્ટની સીટો ન હોય એવો એમનો ને મંડળનો અભિગમ ચોક્કસપણે આવી વ્યાપક ભૂમિકાઓથી જ હોય.

પેલી કહેવતમાંના સૉલ્જર પેઠે એ જયારે પણ જાય, બૂટસોતા જ જાય એવો અભિલાષ પ્રગટ કરી માણેકલાલભાઈને નિરામય દીર્ઘાયુ ઇચ્છું છું.

# ૪.

# સંસ્થાના ઇતિહાસમાં માણેકલાલ

**કેશવલાલ વિ. પટેલ**
પ્રમુખ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

લાંબી યાત્રાની શરૂઆત એક નાનકડા પગલાંથી થાય છે. એક એક પગલું મળતાં યાત્રા વિરાટ બનતી જાય છે. સર્વ વિદ્યાલયની નવ દાયકાની માનવકલ્યાણ (Philanthropic) માટેની શિક્ષણયાત્રા પણ આવી લાંબી અને વિરાટ છે.

કાશીના સ્વામી કેશવાનંદજીના આશીર્વાદ અને પાંચ રૂપિયાના દાનથી પૂજ્ય છગનભા અને એ વખતના અગ્રણી કાર્યકરોએ સને ૧૯૧૯માં ફક્ત સાત વિદ્યાર્થીઓથી શરૂ કરેલી આ સંસ્થા આજે તો કેળવણીનું મહાવૃક્ષ બનીને કડી તેમજ તેની શાખારૂપે ગાંધીનગર કેમ્પસ્‌માં ઝૂલી રહ્યું છે. એની શીળી છાયામાં આજે લગભગ પચાસ હજાર વિદ્યાર્થી ભાઈ-બહેનો વિદ્યાપાન કરી રહ્યાં છે. કૃષ્ણકૃપા પામેલા સુદામા પોતાના ઘરે (સુદામાપુરી) પાછા ફર્યા ત્યારે જાણે કોઈ નવી જ દુનિયામાં પોતે આવી ચઢયા હોય એવું એમને થયેલું. આ સંસ્થાના અદ્યસ્થાપક પૂ. છગનભા પણ આજે જો સદેહે કડીમાં પધારે અને સંસ્થા જુએ તો એનું વિરાટ દર્શન કરીને રોમાંચિત થઈ ઊઠે.

પણ આ બધો ચમત્કાર થયો કેવી રીતે ? ઋજુહૃદયના છગનભાનું હૃદય એ વખતના સમાજનાં હીરનીરને ચૂસતી સામાજિક સમસ્યાઓ (ખરા અર્થમાં દૂષણો) જોઈને વલોવાયું અને એમાંથી કોઈ સોનેરી પળે એમના મનમાં એક વિચારે જન્મ લીધો : 'આ બધાં જ દૂષણોનો રામબાણ ઇલાજ એકમાત્ર કેળવણી જ છે.' વિચાર જ કાર્યોનો જનક છે. જે સમાજ વિચારતો નથી તે કદી આગળ વધી શકતો નથી. વિચારોની સ્થગિતતા માણસને મારી નાખે છે. છગનભાના આ વિચારને સૌએ હર્ષભેર વધાવી લીધો અને છગનભા તથા કેટલાક પ્રબુધ્ધજનોની દોરવણી નીચે અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાતા કેળવણી પ્રચારના આ અભિયાનમાં અચકાતો ખચકાતો જોડાયો. એમના આ ડગુમગુ થતા પગને છગનભાની એ વખતની બે આકરી પ્રતિજ્ઞાઓએ (વાંચો પુસ્તક : 'પ્રજ્ઞાદીપ

છગનભા' લેખક પૂર્વ આચાર્ય અને જાણીતા સાહિત્યકાર મોહનલાલ પટેલ) બળ પૂરું પાડયું અને સૌ આ સંકલ્પ સાથે જોડાયા. આ સંકલ્પ, દાતાઓમાં નાનાંમોટાં દાન, કાર્યકરોએ કેડ બાંધીને કરેલો પુરુષાર્થ - આ બધાથી સર્જાયું સર્વ વિદ્યાલય, જે આજે તો કડી સર્વ વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી) નામે ગુજરાતભરમાં એક પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે સુખ્યાત બન્યું છે. સદ્ગત કવિ ડૉ. 'અનામી'ના શબ્દોમાં 'એક કળી બહુરૂપે ફળી.' ડૉ. 'અનામી' કહે છે : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સાથે એના ઉગમકાળથી જોડાવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે, એની નિરંતર ચાલતી અને એક પછી એક શિખરો સર કરતી વિકાસયાત્રાનો હું સાથી અને સાક્ષી છું.

આ સંસ્થાનું એ સદ્નસીબ છે કે એના વિકાસના વિવિધ તબક્કે એને મજબૂત નેતૃત્વ પ્રાપ્ત થયું છે. એના આદ્યસ્થાપક છગનભાએ ભારે વિપરીત અને વિષમ સામાજિક પરિસ્થિતિ સામે ઝઝૂમીને કડીમાં કેળવણીનો દીપ પ્રગટાવ્યો અને પ્રજ્ઞાદીપ છગનભા બન્યા. એમણે કંડારેલી કેળવણીની કેડીને છાતીના મજબૂત મહારથી પુરુષોત્તમદાસ ર. પટેલે (દાસકાકા) વિસ્તારી અને ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સંસ્થાની શરૂઆત કરી. સદ્ગત શેઠ લક્ષ્મીકાંત ભગુભાઈ પરિવારના દાનથી શેઠ સી.એમ. હાઈસ્કૂલની ઈમારતની પ્રથમ ઈંટ મૂકાઈ. ત્યારબાદ સંસ્થાના બાહોશ સુકાની તરીકે મંડળના આજના ગતિશીલ ચૅરમૅન અને યુનિવર્સિટીના શિલ્પી સમા માણેકલાલભાઈના સબળ નેતૃત્વ નીચે સંસ્થાએ સ્પુટનિક ગતિએ અકલ્પ્ય વિકાસ સાધ્યો છે.

સંસ્થાના એક હોદ્દેદાર તરીકે છેલ્લાં ઘણાં વર્ષોથી એમની સાથે કામ કરવાનો મને સુખદ અનુભવ છે. મેં એમને ખૂબ નજીકથી જોયા છે અને જાણ્યા છે. એ વાવાઝોડાની જેમ કામ કરે છે. મારે જો એક જ વાક્યમાં તેમને મૂલવવાના હોય તો કહી દઉં કે આજ સુધી મેં આવો માણસ જોયો નથી. એ મનનો (વિચારોનો) મહારથી અને ભારે કામકરંદો માણસ છે.

છેલ્લાં ૩૫ વર્ષથી સંસ્થાના મંત્રી અને ચૅરમૅન તરીકે આ માણસે જવાબદારીઓનો જે જંગી બોજ વહન કર્યો છે એ જોઈને હું દંગ થઈ ગયો છું. ઊંચા ડાયાબિટીસ વચ્ચે પણ રાતદિવસ જોયા વિના આ માણસે જે પરસેવો પાડ્યો છે અને સિંચન કર્યુ છે એમાંથી જ સર્વ વિદ્યાલયની આ સૌનેરી સૃષ્ટિ રચાઈ છે.

છગનભાની જેમ માણેકલાલભાઈને પણ એ સત્ય સમજાયું કે કેળવણી જ વિકાસ અને સમૃધ્ધિની ચાવી છે. એમનું એક સ્વપ્ન છે કે ગુજરાતના યુવક -

યુવતીઓ હાઈટેક શિક્ષણથી સજ્જ બની ગુજરાતને ગુણવંતી જ નહીં, ગૌરવવંતી પણ બનાવે. આ સ્વપ્નને સાકાર કરવા માટે આ માણસે જે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે તેની નોંધ ભવિષ્યમાં લખાનારા ગુજરાતના કેળવણીના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સ્વપ્નોના આ સોદાગરને રાત્રે એક સ્વપ્ન આવે અને દિવસે તો એ સાકાર થઈ જાય - રાતોરાત લંબી દાઢી જેવું. બન્ને કેમ્પસમાં ઊભાં થયેલાં ગગનચુંબી વિદ્યાભવનો અને હૉસ્ટેલ્સ (છાત્રાલયો) નાં છાત્રછાત્રાઓ માટેનાં સુવિધાયુક્ત ભવનોની હારમાળા એમના વિદ્યાપ્રેમ, સમાજપ્રેમ અને રાષ્ટ્રપ્રેમનાં દ્યોતક છે.

સંસ્થાના ચેરમૅન કે પ્રેસિડૅન્ટ હોવું એ એક વાત છે પણ દરેક સંસ્થાની સંતાનવત્ ચિંતા કરીને એને સંવર્ધવી, પોષવી એ બીજી વાત છે. સંસ્થાઓ પાંગરતી રહે અને તરોતાજા બની જાજરમાન છતાં 'ક્લીન કૅરેકટર' ધારણ કરે એ જોવું ને તેમ કરવું એ ખૂબ કપરું કામ છે. શ્રી માણેકલાલભાઈ જ આ બધું કરી શકે. એમનામાં સુચારુ સંચાલન કરવાની આવશ્યક એવી કડકાઈ પણ છે. લગભગ ૮૧ વર્ષની જૈફ વયે અત્યંત ઉત્સાહ ધરાવતા, વહેલી સવારથી રાત્રિના આઠ વાગ્યા સુધી સતત પ્રવૃત્તિમય જીવન ગાળતા શ્રી માણેકલાલભાઈમાં ઉચ્ચ આદર્શ ભાવના, દ્વેષરહિત જીવનશૈલી, અપ્રતિમ કાર્યદક્ષતા, કન્યાકેળવણીના ઉચ્ચ વિચારો, શિક્ષણ પ્રત્યે ઊંડો પ્રેમ, અનૈતિક તત્ત્વો સામે જંગે ચઢવાની નૈતિક તાકાતનાં દર્શન થાય છે. ગાંધીવિચારધારાથી રંગાયેલું અણીશુધ્ધ જાહેરજીવન તેઓ જીવી રહ્યા છે.

વહીવટી દક્ષતા એમની આગવી વિશેષતા છે. કાચો વહીવટ કદી પાકાં અને મજબૂત મકાનોનું નિર્માણ કરી શકે જ નહીં. એમની વહીવટી દક્ષતાથી સંસ્થાની વિશ્વસનીયતા મજબૂત બની છે. આ વિશ્વસનીયતાએ દાનના ઝરણાંને વધારે વેગીલું બનાવ્યું છે. થોડીક કડકાઈ એ સાચા વહીવટ માટે અનિવાર્ય નહીં તો જરૂરી તો ખરી જ. બીજાઓ પાસેથી કામ લેવાની આવડતમાં એ માહેર છે. ઉપર ઉપરથી થોડાક રૂક્ષ લાગતા માણેકલાલભાઈ અંદરથી ઋજુ છે. કોઈનું અહિત કરે નહીં. ખુલ્લા દિલનો આ માણસ કડવું સત્ય કહેતાં જરાય અચકાય નહીં.

વિકાસની ગાડી દાનના પાટા ઉપર દોડે છે. વાતે કંઈ વડાં થાય નહીં. સંસ્થાના સતત વિકાસ માટે આજે તો કરોડો રૂપિયાની જરૂર પડે છે. અહીં ઘર આંગણે અને પરદેશમાંથી (યુ.એસ.એ.ની બબ્બે વખતની ખેડ કરી છે.) દાતાઓ સાથે જીવંત સંપર્ક રાખીને સંસ્થાના કાર્યકરોના સાથ સહકારથી એમણે કરોડો

રૂપિયાનું ફંડ પ્રાપ્ત કર્યું છે. ફંડ કલેકશન માટેની એમની આક્રમકતા વખાણવા જેવી છે.

એમની સંસ્થાભક્તિની તો શી વાત કરવી ? એમની આ સંસ્થાભક્તિ જોઈને તો દાતાઓ અષાડના ભર્યા વાદળની જેમ વરસી પડે છે. એમનો સમર્પણ ભાવ ખૂબ ઊંચા પ્રકારનો છે. એમની સંસ્થાભક્તિ અને સમર્પણભાવ જોઈને કહેવું પડે કે એ સમાજના એક સમર્પિત સેવક છે. પરિવારના સભ્યની પરવરિશ કરતા હોય એ રીતે એમણે સંસ્થાની પરવરિશ કરી છે.

સ્વામી વિવેકાનંદજી કહેતા કે મને ૧૦૦ યંગ એન્ગ્રીમેન (young angrymen) (સો ઉછળતા યુવાનો) આપો તો હું દેશને બદલી દઉં. મને પણ સમાજને કેળવણીના માધ્યમ દ્વારા ઊંચે ઉઠાવવાની માણેકલાલની હોંશ અને થોડીક ઠોંશ જોઈને થાય છે કે જો ગુજરાતને આવા પાંચ માણેકલાલ મળે (ઉ.ગુ., મ.ગુ., દ.ગુ, કચ્છ અને કાઠિયાવાડ માટે) તો ગુજરાત ધન્ય બની જાય, ગુજરાતમાં યુવક-યુવતી ન્યાલ થઈ જાય.

એમણે ગીતા વાંચી છે કે નહીં એ હું જાણતો નથી. મારા ખ્યાલ પ્રમાણે એ ગીતાપાઠ કરતા નથી. છતાં એમણે ગીતા પચાવી છે અને સાચા અર્થમાં એ કર્મયોગી છે. કામનો જાણે ટુકડો ! પુરુષાર્થનો પર્યાય ! બન્ને કેમ્પસ્‌ની સંસ્થાઓનો કાર્યકલાપ એટલો વિસ્તર્યો છે કે સતત જાગતા જ રહેવું પડે. કડી અને ગાંધીનગર કેમ્પસ્‌માં એમને ચાલતા જુઓ તો જાણે દોડતા હોય એવું લાગે. એમની સાથે તાલ મિલાવવા આપણે પણ દોડવું પડે ને ભાઈ !

સઘળો ભાર પોતાના માથે ઉઠાવીને ચાલનાર આ માણસમાં સમાજના શ્રેય માટેની ઝંખના પડેલી છે. સમાજનું શિવત્વ એ એમનું લક્ષ્ય છે. એમની સાથેનાં સંસ્મરણો તો ખૂટ્યાં ખૂટે નહીં એટલા છે પણ અહીં જ અટકીએ અને શિવત્વના આ યાત્રીને વંદન કરીએ.

# 9.

## શ્રી માણેકલાલ : શિક્ષણમાં ઓતપ્રોત એક અનોખું વ્યક્તિત્વ

નરસિંહભાઈ કે. પટેલ

ઉદ્યોગપતિ, પૂર્વ ચૅરમૅન-હાયર અને ટેક્નિકલ એજ્યુ. સર્વ વિદ્યાલય કૅમ્પસ્, કડી, ગાંધીનગર

"સમાજસેવાને વરેલી સંસ્થાઓમાં કોઈક વાર એવો સમય આવતો હોય છે, જેમાં વિકાસ અને વૃધ્ધિની પુષ્કળ સંભાવનાઓ હોય છે. એ તકને જો ઝડપી લેવામાં આવે અને એનો અમલ કરવામાં આવે તો એ સંસ્થા ઘણી પ્રગતિ કરી શકે છે અને વિકાસ કરી શકે છે. સફળતાનાં નવા સોપાનો પણ સર કરી શકે છે, જો એ સંસ્થાનું નેતૃત્વ સક્રિય, સબળ, હિમતવાળું અને ઉત્સાહી હોય તો..."

૧૯૯૫ પછીના સુપ્રિમ કોર્ટના ચુકાદાથી શિક્ષણનું ખાનગીકરણ અને 'સૅલ્ફ-ફાઈનાન્સ' સંસ્થાઓ શરૂ કરવાની છૂટ મળી અને શિક્ષણક્ષેત્રે ઘણી મોટી તકો ઊભી થઈ.

આ સોનેરી તકનો સંપૂર્ણ લાભ આપણી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે, ગાંધીનગર શાખામાં તેમજ કડીમાં લીધો. એનું નેતૃત્વ અને મુશ્કેલ કામ સુંદર અને સફળ રીતે શ્રી માણેકભાઈએ કર્યું અને ટાંચા સાધનો હોવા છતાં છેલ્લા દશ વરસમાં તો જોતજોતામાં અનેક ઉચ્ચ કક્ષાની ટેક્નિકલ, શૈક્ષણિક, નર્સિંગ સંસ્થાઓ ઊભી કરી સર્વ વિદ્યાલયનું નામ ગાજતું કર્યુ અને રોશન કર્યુ. એટલું જ નહિ, પણ પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજો માટે પ્રખ્યાત થયેલી સંસ્થાને "કડી સર્વ વિશ્વવિદ્યાલય" નો આગવો દરજ્જો પણ અપાવ્યો. આ સિધ્ધિઓ સુવર્ણ અક્ષરે એમના નામે હંમેશાં લખાઈ રહેશે.

સંસ્થાના આ ઉત્કર્ષમાં અને વિકાસમાં અને ખાસ કરીને ઉચ્ચ અને ટૅક્નિકલ અને મૅનેજમેન્ટ અભ્યાસક્રમો ગાંધીનગર તેમજ કડીમાં મને શરૂ કરવાનો અને સેવા કરવાનો લાભ મળ્યો છે. ૧૯૯૭ માં મેં સર્વ વિદ્યાલય સંસ્થામાં 'હાયર અને ટેક્નિકલ ઍજયુકેશન'ના ચૅરમૅન તરીકે આ સંસ્થાઓ ઊભી કરી જરૂરી મંજૂરીઓ મેળવી, નવા નવા વિષયો દાખલ કર્યા, નિયમો પ્રમાણેનો યોગ્ય પ્રૉફેસરો પ્રાધ્યાપકો અને બીજો સ્ટાફ અને પૂરાં સાધનો સાથે લૅબોરેટરીઝ ગોઠવી,

પૂરતી ગુણવત્તા સાથે આ ઉચ્ચ અભ્યાસક્રમો દાખલ કર્યા અને થોડા જ સમયમાં આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓમાં પ્રથમ પસંદગી પામ્યા અને સર્વ વિદ્યાલયનું નામ ઉચ્ચ શિક્ષણ તેમજ મૅનેજમેન્ટ શિક્ષણમાં પણ બોલાતું થયું. આ બધા કામકાજ દરમ્યાન મને શ્રી માણેકભાઈના તરફથી ખૂબ સહકાર, સલાહ અને મદદ મળતા રહ્યા અને એટલે જ સંસ્થા માટે અમે આ મુશ્કેલ કામ સફળતાપૂર્વક કરી શક્યા.

એમાંય ઈન્ફ્રાસ્ટ્રકચર, મકાનો, હૉસ્ટેલો, લાઈબ્રેરીઓ તો બધી શ્રી માણેકભાઈએ અંગત રસ લઈ, સમયસર ઊભી કરી આપી. એમની એ મદદ સિવાય આ સંસ્થાઓ સ્થાપવી મુશ્કેલ હતી.

આ બધા અભ્યાસક્રમો માટે AICTE - દિલ્હીની મંજૂરી લેવાની હોય છે ને છતાંય તેમાં ગુજરાત સરકારની કેટલીક મંજૂરીઓ અને "ના વાંધા" સર્ટિફિકેટ્સ પણ લેવા પડે છે. એ કામ શ્રી માણેકભાઈએ ખૂબ ખૂબી ને કાબેલિયતથી અને સમયસર કરી આપ્યું. સરકાર પાસેથી કામ લેવાની અને 'ફાઈલો ક્લીયર' કરાવવાની એમની ગજબની આવડત અને હિંમત છે. ઘણીવાર તો અમારે ઑફિસરો સાથે ખૂબ દલીલો પણ કરવી પડે, કોઈની પાસે કહેવડાવવું પડે અને એ કામ શ્રી માણેકભાઈ જેવી વ્યક્તિ જ કરી શકે.

એવી જ મુશ્કેલીઓ અમને BBA, BCA, B.Com (English Medium)માં મંજૂરી માટે ગુજરાત યુનિવર્સિટીમાં પડી. કોઈ અગમ્ય કારણોસર ગુજરાત યુનિવર્સિટીની એક્ઝીક્યુટિવ કમિટીને આપણે આ બધા કોર્સ ગાંધીનગરમાં શરૂ કરીએ એ પસંદ નહોતું. આપણી ગતિ અને પ્રગતિ કદાચ એમને માફક આવતી નહોતી.

એ કપરા સંજોગોમાં પણ શ્રી માણેકભાઈ મારી સાથે સતત હિંમત આપતા રહ્યા, સાથે આવી વાઈસ-ચાન્સેલર અને રજિસ્ટ્રાર સાથે સંપર્ક સાધતા રહ્યા. એમની વ્યક્તિગત વગનો પણ ઉપયોગ કરતા રહ્યાં અને જ્યાં જરૂર પડી ત્યાં સરકારની પણ મદદ લીધી. પણ આ બધા અભ્યાસક્રમોની મંજૂરીઓ મેળવી અને પહેલી જ વાર પહેલા જ વર્ષે આપણે એ બધા અભ્યાસક્રમો ચાલુ કરી શક્યા. અત્યારે એ બધા અભ્યાસક્રમો બહુ જ સફળ રીતે ગાંધીનગરમાં ખ્યાતિ સાથે ચાલી રહ્યા છે. એ મંજૂરીઓ મેળવવામાં પણ શ્રી માણેકભાઈનો સક્રિય ફાળો હતો. ઉપરાંત જેવી મંજૂરી મળે કે તરત જ હૉસ્ટેલનો વિચાર કરે અને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સગવડ અને સુવિધાવાળી હૉસ્ટેલોનું નિર્માણ પણ કરી દેતા, જેથી આજુબાજુ ગામોની સંખ્યા મેળવવામાં કોઈ તકલીફ પડતી નહીં.

ત્યારપછી તો એમને એકલા હાથે LDRP ઍન્જિનિયરિંગ કૉલેજ અને નવી પોલિટેક્નિક પણ સૅક્ટર-૧૫ ના નવા કેમ્પસમાં ઊભી કરી સૅક્ટર-૧૨માં નર્સિંગ કૉલેજ પણ કરી અને છેવટે "કડી સર્વ વિશ્વ વિદ્યાલય" ની મંજૂરી મેળવી સંસ્થાનું નામ રોશન કર્યુ. સંસ્થાને ઉચ્ચ કક્ષાએ મૂકી દીધી. યુનિવર્સિટી પણ બનાવી દીધી.

આ બધાં કામ સહેલાં નથી. એમાં ખૂબ મહેનત, શક્તિ, પૈસા, ઉપરાંત જબ્બર કુનેહ અને આવડતની જરૂર પડે છે, જે શ્રી માણેકભાઈ માટે સહજ અને ખૂબ પ્રમાણમાં છે.

આ બધા ઉચ્ચ અને ટેક્નિકલ અભ્યાસક્રમોમાં સરકારી સંસ્થાઓ અને સરકારનાં ઘણાં નિયંત્રણો હોય છે. અવારનવાર ઈન્સ્પેકશન થતાં હોય છે. સરકારી તંત્ર પણ ઘણું જટિલ અને નિરાશાજનક છે. છતાંય એ બધાંની સાથે કામ કરવું પડે છે અને લેવું પડે છે, એ બધાં સામે કામ કરાવવાની આવડત, કોઈપણ મંજૂરીઓ લાવવાનું શ્રી માણેકભાઈ માટે સહજ છે. જયારે જયારે મુશ્કેલી ઊભી થાય ત્યારે રાજકીય નેતાઓ પાસેથી પણ કામ કરાવી શકે છે અને સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે. પ્રગતિને પંથે શ્રી માણેકભાઈને કોઈ મુશ્કેલીઓ નડતી નથી. આવા નિષ્ઠાવાન અને કાબેલ, સંપૂર્ણ સમર્પિત ચૅરમૅન આપણી આ સંસ્થાને મળ્યા છે, એ સર્વ વિદ્યાલયનું ભાગ્ય છે અને વડીલોની પુણ્યાઈ છે.

પ્રભુ એમને તંદુરસ્ત લાંબું આયુષ્ય આપે એ જ પ્રાર્થના.

# 10.

# લોકસંગ્રહાર્થે ડેમોક્રેટિક ડિક્ટેટર

**ડૉ. કનુભાઈ ડી. પટેલ**

મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર

પૂર્વ ડાયરેક્ટર,કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

વિવિધ મંડળોની કાર્યવાહી, મિટિંગોમાં થતી વ્યર્થ ચર્ચાઓ, નાની નાની બાબતોમાં વ્યર્થ વિતંડાવાદ કરી સમય અને નાણાંનો વ્યય કરતા વ્યકિત સમૂહોને નજીકથી નિહાળ્યા પછી ફક્ત અને ફક્ત લોકશાહી જ સર્વશ્રેષ્ઠ છે તેમ માનવામાં મન કયારેક શંકાશીલ બને છે. સરવાળે વ્યર્થ અને પરિણામશૂન્ય ચર્ચાઓ અને અનિર્ણાયકતા સંસ્થાઓની પ્રગતિને રૂંધે છે અને તે થકી સમાજનો વિકાસ અવરોધાય છે. આ સંદર્ભમાં મુ.શ્રી માણેકલાલ સાહેબ (અમારા માટે તો ગામ તરફે પૂ.મામા સાહેબ)ની કાર્યપધ્ધતિ કાબિલેતારીફ છે. જે કોઈ નિર્ણય કરવાનો હોય તે જો જનહિતમાં હોય તો ત્વરિત નિર્ણય કરવો અને તેને ત્વરિત અમલમાં મૂકવાની કાર્યવાહી કરવી અને ટૂંક સમયમાં તેનું જનહિતાર્થે પરિણામ બતાવવું અને તે થકી કદાચ કોઈને જે તે વખતે નિર્ણય ન ગમ્યો હોય પણ સરવાળે પરિણામ જોઈ પોતે ખોટો વિરોધ કરતા હતા તે અહેસાસ જે તે વ્યકિતને થતો અમે નિહાળ્યો છે.

પોતાના સાથી કાર્યકરોને પોતે વિચારેલ પ્લાન (પછી તે જમીન લેવા માટેનો હોય, નવી કૉલેજ કરવાનો હોય, નવા કોર્સ ચાલુ કરવાના હોય, નવી નિમણૂક કરવાની હોય, સંસ્થાના હોદ્દેદારો નક્કી કરવાના હોય કે પછી ચીફ ગેસ્ટ બોલાવવાના હોય) ગળે ઉતારી પોતે ધારેલ કામ પોતાની રીતે (જે મોટે ભાગે સાચું જ નીવડતું) કરાવવાની લોકશાહીયુક્ત ડિકટેટરશીપના તેઓ નિષ્ણાત છે.

મારા સગા મામા સ્વ. પૂ. નારણમામા પૂ.શ્રી માણેકલાલ મામાને લઈને કડી અમારા ઘરે અમારા પિતાશ્રી પૂ. શ્રી ધનાભાઈ વકીલને મળવા લાવેલા અને કડી મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર તરીકે નિમણૂક થયેલી ત્યારે કોઈને કલ્પના પણ નહિ હોય કે આ વ્યકિત જેનું શારીરિક વ્યક્તિત્વ કાંઈ ન હતું તે એક વખત પૂ. છગનભાએ સ્થાપેલી અને અનેક નિષ્ઠાવાન કાર્યકરો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાયો, શિક્ષકો વડે સમર્પિત થયેલી સંસ્થાનો અભૂતપૂર્વ વિકાસ કરનાર શિલ્પી

બનશે.

આમ તો અમારા પિતાશ્રી તેમની નાદુરસ્ત તબિયતે સાથ ન આપ્યો ત્યાં સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ હતા ત્યારે હવે સંસ્થા કોણ સંભાળશે તેવો વિચાર કરતા અને સાથી કાર્યકરોમાં પૂ.શ્રી માણેકલાલભાઈ સક્ષમ છે તે સમજતાં કાર્યભાર તેમણે જે રીતે સંભાળી લીધેલ તે જોઈ હંમેશાં અમારી સમક્ષ સંસ્થાની પ્રગતિ અને કુશળતાપૂર્વક સંચાલન અંગે સંતોષ વ્યકત કરતા અમારા પિતાશ્રી પચાસ વર્ષ સુધી સતત જે સંસ્થાની સાથે નાતો જોડાયેલો તે અંગે સતત ચિંતન કરતા અને મને સંસ્થામાં જોડાવા માટે પ્રેરણા આપતા. એક વખતે સંસ્થાની કારોબારીની મિટિંગમાં પૂ. પિતાશ્રીએ નાદુરસ્ત તબિયતને કારણે જવાબદારીમાંથી મુક્ત કરવાની વાત કરી ત્યારે પૂ. શ્રી માણેકલાલ મામાએ જો તમારે મુક્ત થવું હોય તો ડૉ. કનુભાઈ અમને આપો તેવી દરખાસ્ત કરી. પૂ. પિતાશ્રીની લાગણી ખરી કે હું સંસ્થામાં જોડાઉ પણ વ્યવસાયે ડૉકટર અને વળી ફક્ત અને ફકત એ જ ઘર ચલાવવા માટેનો વ્યવસાય. પૂ. પિતાશ્રીએ તો ૫૧ વર્ષની ઉંમરે પોતાનો વકીલાતનો વ્યવસાય છોડી ફક્ત અને ફક્ત સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં જ સેવા આપવાનું નક્કી કરેલ એટલે મારા માથે જ આર્થિક અને સામાજિક જવાબદારી હતી. એટલે ખૂબ મંથનને અંતે મને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વહીવટમાં જવા માટે આજ્ઞા કરી. મને એમ કે આપણા પાછલા હોદ્દેદારોની શાખ, વ્યક્તિગત સંપર્કો વગેરેથી જો સંસ્થાને આર્થિક રીતે વધારે સક્ષમ બનાવી વિકાસ કરવામાં યથાયોગ્ય ફાળો આપી શકાશે તો સંસ્થાઋણ ચુકવાશે. મનમાં એવો ખ્યાલ કરેલો કે સંસ્થા માટે એકાદ કરોડ (જે તે વખતે ઘણો મોટો આંકડો લાગતો હતો) એકઠા કરાવીશું તો આપણને સંતોષ થશે પણ વિધિને કાંઈક વધારે કામ કરાવવું હશે એટલે ઘણી વધારે સફળતા અપાવી.

પૂ.શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની સ્મશાનયાત્રા વખતે હું અને પૂ. શ્રી માણેકલાલમામા સાથે ચાલતા હતા ત્યારે શ્રી માણેકલાલમામાએ શ્રી અનિલભાઈ બકેરીના (જેઓ વગર માગ્યે સામે ચાલીને દાન લખાવતા અને વગર ઉઘરાણીએ સમયસર ચેક મોકલી આપતા) પૈસા કયારે આવવાના છે ? એવું પૂછયું. મને થયું કે હજુ તો પૈસા મોકલી આપવાનો સમય પણ નથી થયો અને કેમ સાહેબે આવી વાત કરી. મેં સ્મશાનયાત્રામાંથી આવી સંસ્થામાં તપાસ કરી કે સંસ્થાને કેટલું દેવું છે ? જવાબ મળ્યો ૫.૫૦ લાખ. અત્યારે આ રકમ નાની લાગે પણ ૧૯૯૭-૯૮ માં આ રકમ ઘણી જ મોટી હતી. મેં તુરત જ નિર્ણય કર્યો

કે આટલી રકમ અમેરિકા ગયા વગર ઝડપથી નહિ મેળવી શકાય. અમેરિકા તુરત સંપર્ક કર્યા અને શક્ય હોય તો દાનની ગોઠવણ કરવા માટે જણાવ્યું. જવાબ મળ્યો રૂબરૂમાં આવવું પડશે. તુરત માનસિક નિર્ણય કર્યો. કારોબારીમાં મુકાયો અને ૧૯૯૮ માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું બીજું પ્રતિનિધિ મંડળ યુ.એસ.એ. મોકલવું તેવો નિર્ણય થયો. એક પ્રતિનિધિ મંડળ ૧૯૮૨ માં પૂ. શ્રી ધનાભાઈ વકીલ અને મુ.શ્રી મોહનલાલ પટેલ સાહેબના રૂપે રૂા. ત્રણ લાખના ટારગેટ સાથે ગયેલું અને રૂા. બાર લાખનું દાન મેળવી શકેલું.

લગભગ રૂા. બે કરોડના અંદાજ સાથે પૂ.શ્રી માણેકલાલમામા, મુ. શ્રી એન.કે. પટેલ, મુ.શ્રી મોહનલાલ પટેલ તથા હું એમ ચાર જણા ૧૩, ઑગસ્ટ-૧૯૯૮ ના રોજ યુ.એસ.એ. ગયા અને ત્યાંથી એકાદ માસના પ્રવાસ દરમ્યાન લગભગ રૂા. છ કરોડના દાનના સંકલ્પ મળ્યા. વળી ૨૦૦૪ ના વર્ષમાં પૂ.શ્રી માણેકલાલમામા અને હું યુ.એસ.એ.ના પ્રવાસે ૨૮ દિવસ માટે ગયા અને લગભગ રૂા. બાર કરોડના દાનના સંકલ્પ મળ્યા. વળી ૨૦૦૭ માં હું અમેરિકા ગયેલ ત્યારે નર્સિંગ કૉલેજ માટે રૂા. પોણા બે કરોડના દાન મળેલ.

વિવિધ દાન મળવામાં મળેલી સફળતા માટે સંસ્થાનું નામ તો ખરું જ, વ્યક્તિગત સંપર્કો પણ ખરા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંસ્થા પ્રત્યેનો અઢળક પ્રેમ પણ ખરો, સંસ્થાનું ઋણ ચૂકવવાની તત્પરતા પણ ખરી. સમાજના આગેવાનોનો કેળવણી માટેનો પ્રેમ પણ ખરો. આ આ બધામાં સર્વોપરી સંસ્થાનો પારદર્શી વહીવટ અને તે વહીવટના વડા પૂ.શ્રી માણેકલાલમામા કોઈની પણ શેહશરમ વગર ખોટી વાતને તુરત જ ઝાટકી નાંખતાં કેટલીયે વાર નિહાળ્યા છે. ૧૯૯૮ અને ૨૦૦૪ના યુ.એસ.એ. પ્રવાસના સૌથી મીઠાં ફળ અને ધ્યાન ખેંચતી વાત તે છે કે સંસ્થા અમેરિકાભરમાં સર્વે કેળવણી પ્રેમીઓમાં ખ્યાતિ પામી. સૌને અહેસાસ થયો કે કેળવણીનું કામ જોવું હોય તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી અને ગાંધીનગર જાઓ. વહીવટ જોવો હોય તો પૂ.શ્રી માણેકલાલ સાહેબનો જુઓ. સંસ્થાના સઘળા સાથી કાર્યકરોને પોતાની ક્ષમતા પ્રમાણે કામ ચીંધે, ધીરેધીરે સૅકન્ડ કેડર તૈયાર કરવાનું પણ તેમણે શરૂ કર્યું છે. કડીના સદ્ભાગ્યે કડીના દરેક જાહેર સંસ્થાઓને બિનસ્વાર્થી અને પોતાનું ગાંઠનું ખર્ચ અને ક્ષમતા પ્રમાણે દાન આપનાર દાનવીરો મળ્યા છે. મોટા ભાગે સૌમાં સામાજિક મનમેળ ખૂબ છે. વૈચારિક મતભેદો હોવા છતાં સામાજિક મનમેળ ટકાવવો તે ખૂબ ઊંચા ગજાના માનવીઓનું કામ છે. ઉપર મથાળામાં ડિક્ટેટરશીપ વાંચી કોઈને એમ થાય કે આ માણસ પાસે જવું કેમ ? પણ જે કોઈ સૌએ એમને નજીકથી નિહાળ્યા છે એમણે

તેમના કોમળ હૃદયનો અનુભવ કર્યો છે. છણકાથી ઍડ્મિશન તો મળતું હશે એવું કહેતાં કહેતાં કલમ તો લખી રહી હોય કે Please admit in...... કોઈની સાથે કોઈ કારણસર મતભેદ હોય તો પણ મનભેદ ક્યારેય નથી રાખ્યો. ઘણીવાર તેમને વિરોધી માની બેઠેલા માટે પણ તેમણે તેના તરફ કુણી નજર રાખી છે તે ખૂબ નજીક ગયા પછી ખબર પડે. સફળતા માટે એમણે જંગ કર્યો છે. નીચેનો નાનકડો પેરેગ્રાફ કદાચ સૌથી વધુ તેમને માટે લખાયો હોય તેવું લાગે છે.

"જો તમે સ્વબળે તમારો માર્ગ પસંદ કરવાનું માનતા હો,
જો તમે દઢતાપૂર્વક તેને વળગી રહેવાનું સાહસ ધરાવતા હો,
જો તમે મુશ્કેલીઓને પહોંચી વળવાની દઢ માન્યતા ધરાવતા હો,
તો તમે જોશો કે માર્ગ પોતે તમને રાહ દેખાડે છે,
તમને મંઝિલ પર લઈ જાય છે."

જો નિયમ મુજબ કામ કરવાનો તમે આગ્રહ રાખતા હો, જો તમે કાયદાના શાસન પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખતા હો, જો તમે કોઈપણ જાતના રાગદ્વેષ વગર પોતાનું યા પારકું રાખ્યા વગર લોકશાહીએ ઘડેલા નિયમો પળાવવાનો આગ્રહ રાખતા હોય અને તેનું કડકાઈપૂર્વક પાલન કરાવવા માંગતા હોવ અને તમારી છાપ ડિકટેટર તરીકે પડે તો વાંક વહીવટકર્તાનો નથી, વાંક નિયમ જોડે બાંધછોડ કરવાવાળાનો છે.

પૂ. શ્રી માણેકલાલમામાની મહેમાનગતિ જેમણે માણી હશે તેઓ સદા તેમને માટે ક્યાંક પ્રગટ થયેલી નીચેની પંક્તિઓ ગણગણતા હશે.

હેતને ન હોય કોઈ હેતુ
સંબંધના બાંધવાના હોય સદા સેતુ
મનની મહોલાત બધી છલકાવી દઈએ
થાય પછી લાગણીની લહાણ
મબલખ આ માનવીના મેળામાં કોઈ રહે ના કોઈથી છેટું.

# 11.

# કેડીને કેડામાં પરિવર્તિત કરનાર માર્ગદર્શક માણેકલાલભાઈ

**અરવિંદ પટેલ**

પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ચેરમૅન, પ્રમુખસ્વામી સાયન્સ
કૉલેજ ગવર્નિંગ બૉડી તથા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી

માણેકભાઈ એટલે કડીમાં કંડારાયેલી કેળવણીની કેડીને કેડામાં પરિવર્તિત કરનાર પરિશ્રમી અને પ્રામાણિક પ્રતિભાવંત પુરુષ.

આવતી પેઢીને આવતા યુગમાં પ્રવેશવાના પથદર્શક માણેકલાલભાઈ સાથેનો મારો સંપર્ક ૧૯૯૦ થી સતત રહ્યો છે. મેં તેમનામાં નિષ્ઠા તે પણ બાંધછોડ વગરની, સિધ્ધાંતપૂર્વકની મારી નરી આંખે નિહાળી છે.

એમને હું આજીવન કેળવણીને સમર્પિત શિક્ષણજગતના સંનિષ્ઠ સેવક જ નહિ પણ પ્રવર્તમાન યુગના એટલેકે આજના યુગના શિક્ષણ ક્ષેત્રના ઋષિ તરીકે ગણું છું. માણેકભાઈની અવિરત-કયાંય પણ અટકયા વગરની આ શિક્ષણજગતની સેવાયાત્રાના કારણે તેમની ઊપસેલી પ્રતિભાને કારણે ઉત્તર ગુજરાત જ નહિ પણ સમગ્ર ગુજરાત ગૌરવ અનુભવે તે સહજ છે.

માણેકલાલભાઈમાં મૃદુતા અને મક્કમતા સમાન્તરે જોવા મળે છે. એક અનોખા વ્યકિતત્વની ઓળખ આપમેળે ઊભરે છે. કેળવણીની ધગશ હંમેશાં તેમનામાં ધગધગ્યા જ કરે છે.

વર્તમાન વખતમાં કેળવણીની હાટડીઓ મંડાય ને અર્થ ઉપાર્જનના હેતુઓ હોંકારા કરતા હોય એવા લોભામણા કપરા કાળમાં માત્ર ને માત્ર કેળવણીનો કીર્તિધ્વજ લહેરાવવો એ પણ એક નોખો-અનોખો યજ્ઞ છે તેવા યજ્ઞમાં પોતાના અમૂલ્ય આયખાની આહુતિ આપીને આ વ્યકિત નહિ પણ વિરલ વ્યકિતએ ભાવિ પેઢીના ઘડતર અને ચણતરનું ઈતિહાસ અંકિત કાર્ય કર્યું છે ને કરી રહ્યા છે. તેનો હું અને આપણે સૌ સાક્ષી છીએ અને અમુક અંશે સાથી પણ.

માણેકલાલભાઈને અંતરની શુભેચ્છા આપતા હું આનંદની લાગણી અનુભવું છું. તેમના આ અભિવાદન ગ્રંથને અંતરથી આવકારું છું. આ ગ્રંથ અનેક લોકોને પ્રેરણા આપશે એવી મને શ્રધ્ધા છે.

# 12.

## સર્વ વિદ્યાલયના સ્વપ્નદૃષ્ટા અને આદર્શ વહીવટપુરુષ

મનુભાઈ જે. પટેલ

મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, પૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી

"શ્રી માણેકલાલ એમ. પટેલ સાચા અર્થમાં શિક્ષણજગતમાં માણેક સમા છે. તેઓમાં દૃઢ ઇચ્છાશક્તિ, કર્તવ્યનિષ્ઠા, સમાજ સેવા અને શિક્ષણજગતમાં સૌને સુલભ થાય તેવી ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા અને વ્યાપ વધારવાની ભાવના દેખાય છે. દાતાશ્રીઓ પાસેથી કુનેહપૂર્વક દાન મેળવવાની વિશિષ્ટ શક્તિ પણ છે." - આ શબ્દો છે ગુજરાતના ક્રાંતિકારી સંત સ્વામી સચ્ચિદાનંદજી મહારાજના. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં બીએસ.સી. નર્સિંગ કૉલેજના નવા મકાનની ખાતવિધિના શુભ પ્રસંગે સ્વામીશ્રી સચ્ચિદાનંદજીએ પોતાના ઉદ્‌બોધનમાં ઉપરોક્ત અભિપ્રાય વ્યકત કર્યો હતો.

કોઈપણ સંસ્થાનો પૂર્વ વિદ્યાર્થી એ જ સંસ્થાનો નિષ્ઠાવાન મંત્રી બને અને સંસ્થાના વિકાસને પૂર્ણ કક્ષાએ પહોંચાડીને તેના સર્વોચ્ચ પદ પ્રમુખ અને કુલાધિપતિ બનીને શ્રધ્ધેય માર્ગદર્શન આપતો રહે તે ઘટના અવિસ્મરણીય ગણી શકાય. આ એ જ વ્યકિત એટલે શ્રી માણેકલાલ માધવલાલ પટેલ.

ગુજરાતમાં ગઈ સદીના બીજા દાયકાના અંત ભાગમાં બે મહત્ત્વની ઘટનાઓ બની. ઈ.સ. ૧૯૨૦ માં અમદાવાદમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. આ વિદ્યાપીઠમાં તૈયાર થનાર યુવાનો રાષ્ટ્રના ગ્રામવિકાસમાં સહભાગી થઈને જનસેવામાં જોડાતા હતા. જયારે ૧૯૧૯ માં બીજી ઘટનારૂપે એમાં ઉત્તર ગુજરાતમાં કડી નગરમાં પૂજ્ય છગનભાએ કડવા પાટીદાર કેળવણી મંડળની સ્થાપના કરી. શિક્ષણ દ્વારા સમાજમાં ક્રાંતિ આવે અને રાષ્ટ્રપ્રેમી નાગરિકો તૈયાર થાય એવી ભાવના હતી. ઉક્ત કેળવણી મંડળની આ ભાવનાને વધારે વ્યાપક અને સાર્વત્રિક બનાવવાના હેતુથી ૧૯૨૨માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અસ્તિત્વમાં આવ્યું. તેના આજના સફળ સુકાની શ્રી માણેકલાલ એમ. પટેલે તેમના સહકાર્યકરો અને દાતાશ્રીઓના સહયોગથી

સર્વોચ્ચ રીતે પરિપૂર્ણ કરીને શિક્ષણજગતમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય કડી-ગાંધીનગરને વિશ્વના ફલક ઉપર ગૌરવાન્વિત કરેલ છે.

ઊંટવા જેવા નાનકડા ગામમાં મધ્યમ વર્ગના ખેડૂત કુટુંબમાં જન્મ થયો. ભણતર અને ઘડતર સર્વ વિદ્યાલય કડીના ઋષિ આચાર્યશ્રી નાથાલાલ દેસાઈ અને અન્ય સારસ્વતોએ કર્યું. ઉચ્ચ અભ્યાસ કર્યા પછી કડી નગરની મ્યુનિસિપાલિટીમાં ચીફ ઑફિસરની ફરજો વર્ષો સુધી બજાવી. જેથી કડી નગરની સામાન્ય જનતાએ પણ તેઓશ્રીને સી.ઓ. સાહેબના હુલામણા નામે આજે પણ હૃદયમાં પ્રેમથી અંકિત કરેલા છે. નગરપાલિકાના પ્રમુખ તરીકે પણ કરેલ નિષ્ઠાવાન કામગીરીને કારણે કડી આજે આદર્શ ઉદ્યોગનગર અને શૈક્ષણિક ધામ તરીકે વિખ્યાત થયેલ છે. કડી નાગરિક સહકારી બૅન્ક અને ભાગ્યોદય હૉસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી તરીકે કાર્ય કરીને વેપારઉદ્યોગના અને આમ જનતાના આરોગ્યની ઉત્તમ સેવા કરેલ છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સક્રિય મંત્રી તરીકે તેઓ ચાર દાયકાઓથી સતત કર્તવ્યશીલ રહ્યા. હાલ ચૅરમેન તરીકે સેવા આપી રહ્યા છે. કડીના શૈક્ષણિક કેમ્પસ્ ઉપરાંત ગાંધીનગરમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ અને ફાર્મસી તથા ઍન્જિનિયરિંગ અને પેરા મૅડિકલ કૉલેજોની સ્થાપના કરીને સ્વાયત્ત યુનિવર્સિટીનું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાત અને રાષ્ટ્રમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની આગવી પ્રતિભા અને પ્રતિષ્ઠા ઊભી કરી શક્યા છે. ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભણતર, ઘડતર અને ચણતર ઉપરાંત જીવન વિકાસ માટે નિષ્ઠાપૂર્વક માર્ગદર્શન આપી રહેલ છે. સર્વ વિશ્વ વિદ્યાલયનો પર્યાય એટલે શ્રી માણેકલાલ એમ. પટેલ જ ગણાય છે. સતત ચિંતન અને ચિંતા કરતા રહે છે. સંસ્થાના વિવિધ વિભાગો અને તેના સર્જનના ઉપાયો વિચારતા રહે છે. શ્રી માણેકલાલ એટલે માત્ર વિચારના જ યાત્રી નહિ પણ તે વિચારને યથાયોગ્ય સ્વરૂપ આપનાર સાચા શિલ્પી સમા છે.

શિક્ષણના કેન્દ્રમાં બાળક જ મહત્ત્વનો છે, જેથી તેના સર્વાંગી વિકાસ માટેના સર્વે પ્રયત્નો શાળા-કૉલેજ યુનિ. છાત્રાલય/હૉસ્ટેલો દ્વારા થાય તેવું સતત વિચારીને સૌ કાર્યકરોને પ્રેરણા આપતા રહે છે. બાળકોના વિકાસમાં અધ્યાપકો, પ્રાધ્યાપકો, પ્રિન્સિપાલ, ડિરેક્ટરશ્રીઓ મહત્ત્વના ગણાય છે. જેથી તેમની જરૂરિયાતો, સુવિધાઓ પૂર્ણ કરવા ઉપરાંત રિસર્ચ તથા ટ્રેઈનિંગ માટે પણ સતત કુલપતિશ્રી સાથે સંવાદમાં રહીને માર્ગદર્શન આપતા રહે છે. તેઓશ્રીની સામાન્ય છાપ

શિસ્તપ્રેમી અને કડક પદાધિકારીશ્રીની છે. પણ વાસ્તવમાં તેઓશ્રી હૃદયના મૃદુ અને પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટેની તીવ્ર ઈચ્છા ધરાવે છે. નારિકેલ પાક સમા એટલે તેઓશ્રીનું વ્યક્તિત્વ શ્રીફળ જેવું બાહ્ય દૃષ્ટિએ કડક પણ હૃદય/મનથી અમૃત સમા મીઠા જળ અને સ્વાદિષ્ટ કોપરા જેવા છે. સૌનાં કામ કરવાં અને સૌને મદદરૂપ થવા સાથે પૂજ્ય છગનભાનો "કર ભલા હોગા ભલા" નો જીવનમંત્ર એમણે ચરિતાર્થ કર્યો છે.

સરકારી અધિકારીશ્રીઓ સાથે સહકારભર્યુ વલણ અને રચનાત્મક વ્યવહાર રાખીને સરકારશ્રીમાં સર્વ વિદ્યાલયની વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. પરિપત્રોના અર્થઘટનમાં પણ ખૂબ જ વિસ્તૃત અને દીર્ઘ દૃષ્ટિથી વિચારીને તેનું અમલીકરણ કરે છે. સરકારશ્રીની ભાવના અને લાગણી પ્રમાણે અનુકૂળ થઈને વિદ્યાર્થીઓ અને સમાજને ઉપયોગી થઈ શકે તે રીતે જ કામ કરવામાં ઈષ્ટ માને છે. જેથી વિદ્યાર્થીના પ્રવેશ કે પ્રાધ્યાપકની પસંદગી સમયે માત્ર ગુણવત્તાને ધ્યાનમાં રાખવામાં આવે છે. "નો ડૉનેશન, નો કૅપીટેશન ફી અને નો લૅસ પેમેન્ટ" ના ત્રિવેણી સૂત્રોના અમલ દ્વારા સર્વ વિશ્વવિદ્યાલય ગુજરાત અને રાષ્ટ્રની પ્રથમ હરોળની યુનિવર્સિટી બની શકી છે. ઉચ્ચ શિક્ષણ માટે સરકારશ્રીએ નિયુક્ત કરેલ જસ્ટીસ આર. જે. શાહ ફી રૅગ્યુલેટરી સમિતિના તેઓ માનાર્હ સભ્યશ્રી છે. કોઈપણ સંસ્થાને અન્યાય ન થાય અને બાળકોના હિતોનું સતત રક્ષણ થાય તે માટે એ વિશેષ કાળજી રાખી રહ્યા છે.

વિશાળ અને દીર્ઘ દૃષ્ટિ, જરૂરી શરતોનો અમલ અને ચોકસાઈ, માહિતી અને અનુવર્તી કાર્ય ઉપરાંત શૈક્ષણિક સુવિધાઓના સર્જનમાં વિશેષ કાળજી રાખે છે. પરિણામે ભારત સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ધારાધોરણોનો ચુસ્ત અમલ કરીને સમગ્ર શિક્ષણજગતમાં સર્વ વિશ્વવિદ્યાલયનું નામ પ્રથમ હરોળમાં મૂકી દીધું છે. દાતાશ્રીઓ સાથેનો સૌજન્યપૂર્ણ વ્યવહાર ઉપરાંત તેઓશ્રી સાથે થયેલ તમામ કાર્યવાહીનો અચૂક અને તત્કાલ અમલ તેઓશ્રીની વિશેષતા છે. જેથી દાતાશ્રીઓ આનંદથી દાન આપવા પ્રેરાય છે. દાતાશ્રીઓનું બહુમાન કરવાના પ્રસંગો વારંવાર યોજીને દાતાશ્રીઓની ભાવનાને વિશેષ કાર્યરત બનાવી શક્યા છે. સભાસંચાલન કે ઠરાવની નોંધ અર્થપૂર્ણ રીતે નોંધવાની કુનેહ તેઓશ્રી પાસેથી શીખવા મળી છે. દાતાશ્રીઓ કે શુભેચ્છકોની માગણી કે લાગણીને પણ સંસ્થાના પ્રવર્તમાન નિયમોના પાલન સાથે અમલ કરવાની કુનેહ અને વિશિષ્ટ દૃષ્ટિ તેઓશ્રી ધરાવે છે. પરિણામે તેઓશ્રી વિશાળ અને વ્યાપક શુભેચ્છકો અને દાતાશ્રીઓનો વર્ગ ઊભો કરી શક્યા છે. પરિણામે જન જનના હૃદયમાં સર્વ

વિદ્યાલયનું નામ અંકિત થઈ શકયું છે. સમાજનો આવો વિરાટ અને સદ્ભાવપૂર્ણ સહયોગ સર્વ વિશ્વ વિદ્યાલયને મળી શક્યો છે તે આનંદ અને ગૌરવપૂર્ણ ઘટના છે.

શ્રી માણેકલાલ સાહેબ હંમેશાં પ્રસિધ્ધિ કે પ્રશસ્તિથી અલિપ્ત રહ્યા છે. પોતાના નામની જાહેરાત કે ફોટાઓ તરફ હંમેશાં ઉદાસીન વલણ રાખીને દાતાશ્રીઓને જ મહત્ત્વ આપતા દેખાયા છે.

આચાર્ય વિનોબા ભાવેએ કાર્યકર્તા વિશે લખેલ નોંધ સ્મરણમાં રાખવા જેવી છે. “જે ખરો કાર્યકર્તા છે, તે એકધારો સતત કામ કરતો રહેશે. સતત એટલે કઈ રીતે ? જેમ ગંગા સતત વહેતી રહે છે, સૂરજ રોજ ઊગતો રહે છે, તેમ કાર્યકર્તા પણ સતત કામ કરતો રહે છે. કાર્યકરમાં દ્યુતિ અને ઉત્સાહ બેઉ જોઈએ. ઉત્સાહ એવો હોય કે મારું કામ હું ઓછામાં ઓછા સમયમાં પૂર્ણ કરી નાખીશ. પણ સાથે સાથે ધગશ એવી હોય કે જિંદગીના અંત સમય સુધી મારે મારા મિશન માટે કામ કરવું પડશે તોયે હું તૈયાર છું. આ રીતે દ્યુતિ પણ જોઈએ. કાર્યકરે નિરંતર કાર્યરત રહેવાનું છે. પણ સાથોસાથ ક્ષણભર માટે પણ તેણે ચિંતાયુક્ત રહેવાનું નથી. કામનો ભાર કે ચિંતા લગીરે રાખવાનાં નથી. આપણે સામાજિક મૂલ્યોમાં પરિવર્તન કરવા માગીએ છીએ અને તે માટે સતત મથતા રહીએ છીએ, પરંતુ એ બધું ઈશ્વરી યોજના મુજબ જયારે થવાનું હશે ત્યારે થશે. આપણે તેનો બોજ લઈને ફરવાનું નથી. કામમાં લગીરે આળસ ન કરીએ, પણ સાથે ઉતાવળા પણ ન થઈએ. આપણું કામ ઈશ્વરને સમર્પિત કરી દઈએ અને નચિંત થઈ જઈએ. આપણી બાદશાહી કદી ન ખોઈએ.”

ઉપરોકત વિધાનો શ્રી માણેકલાલ સાહેબને યથાયોગ્ય રીતે લાગુ પડે છે. આવા સાચુકલા અને નિષ્ઠાવાન કાર્યકર ઉપરાંત માર્ગદર્શક માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીશું કે તેઓશ્રીનું સ્વાસ્થ્ય નિરામય રહે અને શતાયુ ભોગવીને સર્વ વિદ્યાલયના વિકાસમાં હજુ વિશેષ સેવાઓ આપીને શ્રધ્ધેય માર્ગદર્શક બની રહે એ જ અમારી અભિપ્સા- મંગલ કામના !

# 13.

# પર્યાવરણપ્રેમી માણેકલાલભાઈ

**ડૉ. મણિભાઈ એસ. પટેલ**
મંત્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

શ્રી માણેકલાલભાઈ પ્રાકૃતિક પર્યાવરણના ભારે હિમાયતી છે. ભારતીય સંસ્કૃતિ અને વિશ્વની મોટા ભાગની સંસ્કૃતિને ઈશ્વરીય તત્ત્વ માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ઊર્જાનું સ્ત્રોત સૂર્ય, વાયુના દેવતા, જળ દેવતા, નદી માતા અને વૃક્ષોનું પૂજન કરવામાં આવે છે. પર્યાવરણના આ સૌ ઘટકોને મહત્ત્વ અપાય, તેનું જતન થાય અને પર્યાવરણના આ ઘટકોને પૂજનીય ગણી તેનું સંરક્ષણ થાય એ માટે શ્રી માણેકલાલભાઈનો અત્યાગ્રહ હોય છે. કેમ્પસ્‌માં પ્રવેશ કરે ત્યાંથી તેમની સૂક્ષ્મ અને તીવ્ર નિરીક્ષણ દૃષ્ટિ ચારે તરફ પડે અને સર્વત્ર સર્વ પ્રકારે 'પર્યાવરણ' શુદ્ધતા તરફ ખાસ ચીવટ રાખવાની તેમની શક્તિને દાદ આપવી પડે !

તેમને મન સજીવ સૃષ્ટિ અને નિર્જીવ સૃષ્ટિ વચ્ચેની આંતરક્રિયાઓ પ્રાકૃતિક નિયમો મુજબ પ્રકૃતિના ન્યાયિક ક્રમમાં ચાલતી રહે તે પરિસ્થિતિને 'પર્યાવરણ' કહી શકાય. 'સર્વ વિદ્યાલય કેમ્પસ્'ને તુલસી, લીંબડા, આંબા-બહેડા, કેસૂડા, અર્જુન-વૃક્ષ, પીંપળો, રંગબેરંગી પુષ્પોથી આચ્છાદિત છોડવા, લીલીછમ હરિયાળી લૉન ચારે તરફ વાવો, દિલથી તેનું જતન કરી સંવર્ધન કરો- એ પ્રકારના શબ્દો સદૈવ તેમના મુખેથી સરી પડે છે.... અને તે માટે ગમે તેટલો ખર્ચ કરવો પડે તો પણ 'ખચકાટ' ન અનુભવવાની સલાહ આપે છે.

ભારતીય સંસ્કૃતિમાં 'વાનપ્રસ્થાશ્રમ'નો સમય છે. વૃક્ષોની નિશ્રામાં બેસી અને તપ અને ચિંતન કરી સ્વાસ્થ્ય જાળવણી કરવામાં આવે છે. આજે પણ સર્વ વિદ્યાલય કેમ્પસ્‌માં અભ્યાસ માટે જે આશ્રમ વ્યવસ્થા છે ત્યાં બાળકો/બાળાઓ વિવિધ વૃક્ષોની નિશ્રામાં અને રંગબેરંગી પુષ્પોથી આચ્છાદિત લીલીછમ હરિયાળી લૉનમાં બેસી સ્વસ્થ ચિત્તે અભ્યાસ કરે છે. વૃક્ષોની પ્રાકૃતિક અસરમાં જ્ઞાનોત્તેજક બનતાં આ દૃશ્યને નિહાળવાનું માણેકલાલભાઈને અતિ પ્રિય છે. એક ગજાના

ઉદ્યોગપતિ અને કેળવણીકારનું ગજું (Status/Position) ધરાવતા માણેકલાલભાઈ પણ સવાર-સાંજ સર્વ વિદ્યાલય કેમ્પસ્‌ની હરિયાળી વચ્ચે સાદા ખાટલામાં સાદાઈથી બેસી પ્રકૃતિ અને શિક્ષણના વિચારોમાં ખોવાઈ જતાં જોવા મળે છે.

કોઈ લીંબડો કે વૃક્ષ યા છોડ સૂકાતો જાય, કોઈ આંતરિક યા બાહ્ય ઉછેરની ખામીના કારણે નરમ પડે કે ઢીલો પડે એ તેમને જરાય ન ગમે, તેમનું ધ્યાન આવા વૃક્ષો-છોડ પ્રત્યે તરત જ દોરાય અને આચાર્ય, માળી કે અન્ય વ્યવસ્થા જાળવતી વ્યકિતને બોલાવી તેનાં કારણોની સમીક્ષા કરી તેના માટે આપવા જેવાં સૂચનો કરી તે વૃક્ષ યા છોડને પુનઃજીવિત કરી અંતરનો આનંદ માણે અને અન્યને પણ તે હર્ષાનુભૂતિ કરાવે. આ છે આપણા પ્રકૃતિપ્રેમી માણેકલાલભાઈ ! તમામ વનસ્પતિને જરૂરી ખાતર, નિયમિત જળ અને ટ્રીટમેન્ટ અપાવી તેને સુંદર આકારબધ્ધ નયનરમ્ય બનાવવાની દૃષ્ટિ અને સૂઝ પણ સૌને આપતાં રહે છે.

આ કેળવણીપ્રેમી આત્માએ ‘પર્યાવરણ’નો અર્થ સંકુચિત નથી ગણ્યો. આસપાસનું વાતાવરણ અત્યંત શુધ્ધ, સ્વચ્છ અને સ્ફટિક સમ રહે તે માટે પણ ‘Awareness’ - જાગૃતિ રાખવા સૌને સતત સભાન કર્યા કરે છે. કેમ્પસ્‌ના જલાવરણ, મૃદાવરણ, જીવાવરણ કે ઊર્જાસ્ત્રોત માટેની જાળવણીના પણ તે ખૂબ જ આગ્રહી છે.

શિક્ષણમાં માત્ર ‘પર્યાવરણ’ ના પાઠોનું રટણ થાય એ ઉચિત નથી. બાળક/બાળા શાળામાં, ઘરની આસપાસ, અન્ય ખુલ્લી જગ્યામાં પણ પર્યાવરણને દૂષિત થતું બચાવે - અટકાવે તે જરૂરી છે. તે ઘણી વાર બહુશ્રુત વાચનનાં ઉદાહરણો ટાંકી અનુભવેલી બાબતોનાં દૃષ્ટાંતો આપી અમેરિકા, જાપાન, ઈંગ્લેન્ડ, ચીન જેવા દેશો પણ Landscaping કરી કેવાં પ્રાકૃતિક Monument સર્જે છે તેનાં ઉદાહરણો આપી સૌને પર્યાવરણ પ્રત્યેની પ્રેરણા પૂરી પણ પાડે છે.

કડી કેમ્પસ્‌માં ૧૩૦૦૦ વિદ્યાર્થીઓ શાળા/કૉલેજોમાં જતી વખતે અને છૂટતી વખતે આશ્રમની સવાર-સાંજની પ્રાર્થનામાં આવતાં-જતાં કે બેસતાં ઘોંઘાટ-વિહીન (Without Noise Polution) દ્વારા જે શાંત પર્યાવરણ જન્માવે છે તેની પણ બહારથી આવતા કેળવણીકારો, વાલીઓ, સૌ હર્ષપ્લાવિત બની અચૂક નોંધ લે છે. પ્રાકૃતિક વાતાવરણમાં ઉછરતાં જલચર, સ્થળચર, પ્રાણીઓ, વૃક્ષો પર સુમધુર ગાન કરતાં પક્ષીઓ વગેરેથી પ્રાકૃતિક પર્યાવરણ જીવંત ભાસે છે. શ્રી માણેકલાલભાઈ આચાર્યો, અધ્યાપકો અને ગૃહપતિઓની સાથે કયારેક સવારે કે

સાંજે બેસીને કહેતાં The environmental Education is very much realted to the reaching a clear goal. આપણી આસપાસનું જે વાતાવરણ છે તેને જ 'પર્યાવરણ' કહેવાય. આ પર્યાવરણ આપણા તન, મન, જીવન અને પ્રવૃત્તિને અસર કરે જ છે. માટે વાતાવરણની શુદ્ધિ જાળવતું 'પર્યાવરણ' આપણી જીવનશૈલી અને વ્યવસ્થાતંત્રને પણ પ્રભાવિત કરતું તંત્ર (System) છે. માટે જળ પ્રદૂષણ, ભૂમિ પ્રદૂષણ વગેરેથી દૂર રહેવા અને સૌને રાખવા 'Self-awarness' માટેની જવાબદારી સમજવા માટે સૌ કોઈને અનુરોધ કરે છે. તે હંમેશાં કહે છે. - વધુ ને વધુ 'વૃક્ષો વાવો અને જાતને બચાવો' તેનું વૈજ્ઞાનિક રહસ્ય જાણો અને આપણી આસપાસના પર્યાવરણના વિવિધ એકમોનું જતન કરવા આપણે 'જનજાગૃતિ' જગાવીએ એ જ આજની પરિસ્થિતિમાં મહત્ત્વનું શિક્ષણ છે. બસ, આ વાત સૌના હૈયે ઉતારવા માટે ગાંધીજી જેવા આ પર્યાવરણપ્રેમી માણેકલાલભાઈએ સતત મથામણ કરી છે અને કરતાં રહે છે. ધન્ય છે આ પર્યાવરણપ્રેમી, પ્રકૃતિપ્રેમી જીવાત્મા માણેકલાલભાઈને !

# 14.

## ઊંટવાના ગુર્જર જયોતિર્ધરનાં તેજરશ્મિ

રતિલાલ સાં. નાયક

નિવૃત્ત અધ્યાપક, ભવન્સ કૉલેજ, અમદાવાદ. સુપ્રસિધ્ધ બાલ સાહિત્યકાર અને કોશકાર

ક.મા. મુનશીએ ગુજરાતના જયોતિર્ધરોની છબીઓ સાથેનું એક પુસ્તક પ્રગટ કર્યું છે. એમાં ગુજરાત સમગ્રની નક્ષત્રમાળાના તેજમણિઓનો પરિચય આપ્યો છે. ઉત્તર ગુજરાતના ઊંટવા ગામે એક મૂઠી-ઊંચેરા માનવમણિને જન્મ આપ્યો છે એ માણેકલાલ પટેલનો એમાં સમાવેશ થવો ઘટે. એક સામાન્ય મધ્યમવર્ગી કુટુંબમાં જન્મ લેનાર આ પાણીદાર પાટીદારને કડીની પૂજ્ય છગનભા -સ્થાપિત 'સર્વ વિદ્યાલય' માં અભ્યાસ કરવાનું બન્યું. જેના શિક્ષણના સયાજીરાવ અને ગાંધીજીએ પણ વખાણ કર્યાં છે એવી આ સંસ્થાએ એમનું એવું ઘડતર કર્યું. જેથી માણેકલાલના જીવનવિકાસનો એક એવો માણેકસ્તંભ રોપાયો જેનો અપ્રતિમ લાભ સારાયે ઉત્તર ગુજરાતને - બલ્કે ગુર્જરરાષ્ટ્ર સમસ્તને - મળ્યો છે. માણેકલાલ એમના સાવ સામાન્ય જીવન પછીના બીજા વળાંક અસામાન્ય બન્યાનું શ્રેય કડીની સંસ્થાએ મૂકેલા સંસ્કાર બીજને આપે છે.

રણજિત પટેલ 'અનામી' ને ઘેર હું અને ડૉ. સુભાષ દવે ગયેલા ત્યારે 'સર્વ વિદ્યાલય'ના શિક્ષણની વાત નીકળતાં અનામી સાહેબ બોલેલા એ યાદ આવે છે. તેમણે કહેલું "ઊંચામાં ઊંચા શિક્ષણનું વાવેતર કડીમાં થયું પણ એ વાવેતર કરનારા કોણ હતા? સ્થાપક છગનભા, નિષ્ઠાવંત શિક્ષકો અને સંસ્થાના સૂત્રધારો. ફળદ્રુપ જમીન, ઉત્તમ બી, નિષ્ઠાભરી ખેડ ને તળપદું ખાતર અને પરિણામે સારાયે ગુજરાતને સર્વશ્રેષ્ઠ નાગરિકો (વાસ્તવમાં દિશાદર્શકો અને અગ્રણીઓ) મળ્યા. શિક્ષક થવું પણ ગમે એવી એ સંસ્થા બની એનું કારણ એને એવા કર્મઠ ને કાબેલ શિક્ષકો, આચાર્યો, ધુરીણોને આભારી છે."

માણેકલાલની આટલી અણધારી અને બહુપરિમાણી પ્રતિભા કેવી રીતે પાંગરી એમ એમને પૂછીએ તો વિનયવાણીથી કહી દે છે કે 'સર્વ વિદ્યાલય' માંથી જે શિક્ષણ મળ્યું અથવા તો એ શિક્ષણ જે શિક્ષકોએ આપ્યું એમણે કરેલા

સંસ્કાર સિંચનને હું બધો યશ આપું છું. આમ કહી માણેકલાલ પોતાના ઘડતરનો યશ 'સર્વ વિદ્યાલય' ના શિક્ષકગણને આપે છે. વાત સાચી છે. અહીં લગભગ બધી જ વ્યકિત શિક્ષક તરીકે આવી જેને નકરો રસ શિક્ષક થવામાં જ હતો. આવા એક અ-નામી શિક્ષકની ડાયરીનું ટાંચણ મૂકું તો - શિક્ષકના કાર્યને મેં વ્યવસાયરૂપે માન્યું જ નથી; ક્ષણેક્ષણનો મેં એને સ્વધર્મ માન્યો છે. ઉમાશંકરની જેમ વર્ગને સ્વર્ગ ન માન્યો હોત તો પણ શિક્ષણકાર્યમાં જે નિર્ભેળ આનંદ ને પરમ પરિતોષ પ્રાપ્ત થાય છે એવાં બીજે કશે જણાયાં નથી. જ્ઞાનસંપદા મર્યાદિત હોય પણ જો સ્વધર્મ પ્રત્યે નિષ્ઠા અને વિદ્યાર્થી માટે સ્વાભાવિક વાત્સલ્ય હોય તો કોઈ પ્રકારની ઊણપ વર્તાતી નથી. શિક્ષકના કાર્યને હું આ રીતે રજૂ કરું: શિક્ષકે માતાની જેમ એક પેઢી સુધી ધીરજ ધરવાની હોય છે - શિક્ષકનું કાર્ય એકાદ પચીસી પછી ઊગી નીકળે છે ત્યારે એનો શ્રમ પરમ મુદામાં પલટાય છે; વિદ્યાર્થીનું ઘડતર આવે ટાણે જોયાનો અવસર પામનાર શિક્ષકને પોતાનું વળતર લાખેલેખાં ગણાતા ડૉકટર ઈજનેર કે સફળ વેપારી કરતાં રજમાત્ર ઓછું ગણતો નથી. સ્થૂળ કમાણીની ત્રિરાશી થોડી માંડી શકાય - માતાના ધાવણનું શું મૂલ્ય હોઈ શકે ?

માણેકલાલ જયારે પણ મળ્યા છે - પછી એ મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળની સભા વેળા હોય, ગાંધીનગરની સંસ્થામાં પ્રસંગ વેળા હોય, સાહિત્ય પરિષદની સભા વેળા સ્વાગત પ્રમુખ તરીકેની હાજરી વેળા હોય કે કયાંય કોઈના લગ્ન પ્રસંગ વેળા ભેગા થઈ જવાયું હોય પણ આવી હરેક વેળા એમના હોઠેથી ઉદ્ગાર નીકળી પડે છે : 'આમણે મને કડી હાઈસ્કૂલમાં ભણાવ્યો હતો.' મને એમના આ પ્રેમાદરભર્યા શબ્દોથી અતિ આનંદ ને રોમાંચ થાય છે. મારી જેમ એમને ભણાવનાર સર્વ કોઈ પ્રતિ અરે, આચાર્ય પ્રતિ અર્થાત્, મોહનભાઈ સાહેબ પ્રતિ પણ - એમનો આ વિનીતભાવ પ્રગટતો જોવા મળે છે. પોતે જયાં ભણ્યા એ 'સર્વ વિદ્યાલય' નો ઋણભાર આમ અંતઃકરણ સુધી ઉતાર્યો છે ને પોતે જે આજ સંસ્થાના બૃહત્ નવસ્વરૂપ કે જેના પોતે સ્રષ્ટા, શિલ્પી ને સૂત્રધાર છે એવી વ્યક્તિ આટલી બધી શિક્ષણ ને શિક્ષકપ્રેમી હોય એ જોતાં ભાવવિભોર થઈ જવાય છે. ક.મા. મુનશીએ દેશને 'ભારતીય વિદ્યાભવન' આપ્યું એવી જ કામગીરી એમ. એમ. પટેલે ગુજરાતને કડી અને ગાંધીનગરની શતાધિક શિક્ષણસંસ્થાઓરૂપી 'વિદ્યાવાડી'ના પ્રદાનથી કરી છે, અત્યારે એના પ્રેસિડેન્ટ રહીને સ્વનિર્ભર યુનિવર્સિટી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ની નામના વિશ્વસ્તરે કરી ચૂક્યા છે.

માણેકલાલનું જીવન વિવિધ રીતે પ્રેરણાદાયી છે. શિક્ષણ, ઉદ્યોગ અને રાજકારણ (વાસ્તવમાં સમાજકારણ) એ ત્રિવિધ ક્ષેત્રે સિદ્ધિવંત થયેલ આ કર્મવીરની જીવનપોથી શિક્ષાપોથી સમી છે.

જેઓ રિધ્ધિ રળ્યા છે ને આભઅડકતી સિદ્ધિએ પહોંચ્યા છે એ 'ગીતા' નો સાર આપતા હોય એમ કહેશે : જીવનમાં પ્રારબ્ધ બળવાન કે પુરુષાર્થ ? મારા જીવનમાં એવા બનાવો બન્યા છે જે દુઃખીને દિલાસો, નિરાશામાં મુકાયેલાને આશા અને ભાંગી પડેલાને ફરી બેઠો કરે એવા છે. ખંતીલા પુરુષાર્થમાં હું શ્રદ્ધા ધરાવું છું. અનુભવને અંતે હું શીખ્યો છું કે પુરુષાર્થ જો વધુ પ્રબળ હોય તો તે પ્રારબ્ધના લેખને પણ મિટાવી શકે છે. મારી વાત કરું તો સામાન્ય જીવનમાંથી હું ઘણું પલટીને આગળ આવ્યો છું.વિપરીત પ્રારબ્ધની સામે નમી પડવાને કે હાર સ્વીકારી લેવાને બદલે છેલ્લી ક્ષણ સુધી તાકાત લડાવી વિષમ પરિસ્થિતિમાં પણ વિજેતા થઈ શક્યો છું.'

એક બીજી વાત પણ માણેકલાલની વિકાસકિતાબમાં જોવા મળે છે. તેમણે પૂજ્ય છગનભાનો 'કર ભલા હોગા ભલા' સિધ્ધાંત અપનાવ્યો છે. એ રસ્તે આગળ વધતાં એક જીવનબોધ સાંપડ્યો છે : 'કોઈપણ સત્કાર્યનો (આચરિત સુકાર્યનો) બદલો કેવળ આત્મસંતોષરૂપે જ મળે છે. સત્કાર્ય કરનારના માર્ગમાં અનેક વિઘ્નો ઊભાં થતાં જાય છે પણ સત્કાર્યની એ જ અગ્નિકસોટી છે. પોતાની માનેલી વ્યકિત પોતાની સામે નારાજ થઈ મોં ફેરવે ત્યારે વિચલિત ન થતાં માનવું કે મેં એનું ભલું કર્યું. એ કેવળ આત્મકર્તવ્ય જ હતું, ઋણાનુબંધ સુધીનું જ એ કાર્ય હતું.'

સૌ એમને સહનશીલ, નિરભિમાની ને ઊંચામાં ઊંચી મહત્તાએ પહોંચેલ માને છે તો પ્રશ્ન થાય કે તમે કેવી રીતે આવી મહત્તાએ પહોંચ્યા ? એમનો જવાબ હશે : 'આ બાબતમાં મારી સમજ કંઈક આવી છે : જીવનનો માર્ગ રેશમ જેવો સુંવાળો કે ગુલાબ જેવો મુલાયમ નથી. મહત્તાનું શિખર જેમ ઊંચું તેમ તે જગ્યાએ પહોંચવાનું પણ અનેક મુશ્કેલીઓવાળું જ રહેવાનું.માનવી પોતાની હોશિયારીનો પૂરેપૂરો ઉપયોગ કરી વિઘ્નોથી ગભરાઈ જવાને બદલે ચિત્તને શાંત રાખી પ્રયત્ન કરે તો એનો યોગ્ય માર્ગ જડી જ રહે છે.'

સૌ એમને દાતા કહી વખાણે છે એનો જવાબ આવો છે : 'જીવનમાં લક્ષ્મી મેળવવી એ સૌભાગ્ય છે એ ખરું, પરંતુ મારાં ગ્રામવાસી સીધુંસરળ જીવન જીવનાર માતપિતા કહેતાં કે ઘસારો વેઠવો, બીજાનું ભલું કરવું, પૈસો આવે તો વહેંચીને રાજી રહેવું. હું એમની આજ્ઞાને અનુસરું છું.'

# 15.

## કડીમાં માણેકલાલ એટલે ........

**રામજીભાઈ કડિયા**

પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી- શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડી

કડીમાં સાહિત્ય વર્તુળની સ્થાપના એક યાદગાર ઘટના છે. સદ્ગત સાહિત્યકાર અને પત્રકાર શ્રી સીતારામ શર્મા પછી કડીમાં સાહિત્યના સંસ્કાર સચવાઈ રહે તેવું આયોજન કરવાની પ્રેરણા માનનીય શ્રી માણેકલાલ પટેલે આપી તે એક હકીકત છે. "વાર્તાવર્તુળ" રૂપે કડીના અમે સાત-આઠ લેખકો અવારનવાર સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી અને જાણીતા સાહિત્યકાર શ્રી મોહનલાલ પટેલની હાજરીમાં મળતા. વારાફરતી એકબીજાના ઘેર સાહિત્યના વાર્તાલાપોની ચર્ચા માટે મિટિંગ કરતા. જાહેર કાર્યક્રમ રાખવાનો હોય ત્યારે સાધના હૉલમાં ગોઠવતા અથવા સર્વ વિદ્યાલય કેમ્પસ્‌ના સંસ્કાર હૉલમાં રાખતા ત્યારે શ્રી માણેકલાલ ક્યારેક અમારા કાર્યક્રમોમાં રસપૂર્વક હાજરી આપતા. અમને એમની હાજરીથી આનંદ થતો. એકવાર લાયન્સ કલબ, કડી દ્વારા કડીના સાહિત્યકારોને સન્માનવાના એક કાર્યક્રમમાં માણેકલાલભાઈ પ્રમુખસ્થાને હતા, ત્યારે સાહિત્ય વર્તુળની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ તેમણે સાહિત્ય વર્તુળને "શ્રી મોહનલાલ પટેલ" નું નામ જોડવાની વાત મૂકી. અમને સૌને ગમી ગઈ અને સ્વીકારી. તે માટે તેમણે નાગરિક બૅન્ક કડીમાંથી એક લાખ રૂપિયાનું દાન સાહિત્યની પ્રવૃત્તિઓ કરવા માટે અપાવ્યું, આ ઘટના સાહિત્ય વર્તુળ માટે પ્રોત્સાહક બની ગઈ. ગુજરાતી સાહિત્યજગતમાં આ પ્રકારના સન્માનવાળી હકીકત સર્વ પ્રથમ કડીમાં બની છે. એક ઉદ્યોગપતિ સાહિત્યની પ્રવૃત્તિમાં રસ ધરાવે એ મહત્ત્વની ઘટના છે.

તે પછી આ વર્તુળે ઘણા કાર્યક્રમોનું આયોજન કર્યું છે. બહારથી જાણીતા સાહિત્યકારોને નિમંત્રી સભાઓ ભરી છે. કડીમાં સાહિત્યની સ્પર્ધા જેવી કે વાર્તા, કવિતા, નિબંધ લખાવવામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું છે. શ્રી માણેકલાલનો સાથ મળવાથી અમે વિવિધ પ્રવૃત્તિઓ કરી શક્યા. ઉદ્યોગપતિ તરીકે કામમાં વ્યસ્ત રહેવા છતાં "સાહિત્યવર્તુળ"ની પ્રવૃત્તિમાં કેટલીકવાર હાજરી આપી છે.

એમને વાંચવાનો સમય નહિ મળતો હોય પણ સારાં પુસ્તકોને જોવામાં અને ખરીદવામાં રસ લીધો છે. આમ તેઓશ્રી કાયદાની ડિગ્રી ધરાવે છે - એલએલ.બી. પણ સાહિત્યની બાબતમાંય ઘણું જાણે છે. એટલું જ નહિ પણ વિશેષ સૂઝ રાખે છે. સાહિત્યમાં રસ લઈ વર્તુળને આર્થિક સધ્ધરતા આપી છે, એટલું જ નહિ પણ સર્વ વિદ્યાલય કેમ્પસ્‌માં "શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ" માટે અલગ રૂમ ફાળવી કાર્યાલય બનાવી આપ્યું છે. આ સાહિત્ય વર્તુળ દ્વારા થતા કેટલાક સમારંભો અને તે અંગે થતો ભોજન પ્રબંધ તેમજ અન્ય ખર્ચ તેઓશ્રી કયારેક ઉઠાવે છે. સર્વ વિદ્યાલય કેમ્પસ્‌ જાણે સાહિત્યકારોનું મિલન સ્થળ.

એમણે કડીના સાહિત્યકારોમાં રસ લીધો છે, એટલે સાહિત્યવર્તુળનો વ્યાપ કડી નગરથી બહાર સમગ્ર ગુજરાતી સાહિત્યના ખૂણેખૂણે વ્યાપી ગયો. કડીનું સાહિત્ય વર્તુળ એની પ્રવૃત્તિઓથી ગુજરાતમાં સુવિખ્યાત બન્યું છે. ગુજરાતના લેખકો કડી નગરને સાહિત્યની નગરી તરીકે બિરદાવે છે. આના યશભાગી અમે શ્રી માણેકલાલને ગણીએ છીએ.

એ સમય એવો હતો - શ્રી માણેકલાલ કડી નગરમાં લોકપ્રિય બની ગયા હતા. નગરપાલિકાનો વહીવટ તેમણે સી.ઓ. તરીકે અને પછી પ્રમુખ તરીકે સંભાળ્યો ત્યારે પાલિકાની કામગીરી ધમધમતી કરી નાંખી. શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવી દીધું. પાલિકાના પ્રમુખશ્રી જાતે શહેરમાં રાઉન્ડ લે ત્યારે બીજા કર્મચારીઓ તેમની ફરજ અદા કરવામાં ખામી રાખે ખરા ?

શ્રી માણેકલાલભાઈએ નગરપાલિકાના પ્રમુખ તરીકે એક સરાહનીય શિરસ્તો પાળેલો કે ચીફ ઑફિસર સ્ટાફ સાથે નગરના રસ્તાઓ જોવા નીકળે. નગરનાં કોઈ સ્થળો ગંદા ગોબરાં દેખાય કે દબાણ કરેલું દેખાય તો શ્રી માણેકલાલ તરત નગરનો નકશો જોઈ લે અને ત્યાં જ એનો ચુકાદો આપી દે અથવા નગરપાલિકાની ઑફિસે બોલાવે. આવી દેખરેખ કેટલા હોદ્દેદારો રાખતા હશે ? તે વિચારવા જેવું છે. પ્રમુખશ્રી જો આવી ચીવટ રાખે અને નગરને તપાસવાનો શ્રમ લે તો પછી વહીવટદારો કે કર્મચારીઓ સજાગ રહી સંપૂર્ણ ફરજપાલન કરે જ.

જનતાનાં સેવાકાર્યો અદા કરવાની પોતાની એક ફરજ છે એવું જાહેર નેતાઓ સમજી લે અને સેવકો દ્વારા એ કામગીરી સરખી રીતે અદા થાય છે કે નહિ ? તેનું ધ્યાન રાખે તો ઘણા પ્રશ્નો ઉકલી જાય. શ્રી માણેકલાલભાઈએ આ સર્વ બાબતો તેમના નગરપાલિકાના વહીવટ દરમ્યાન આચરેલી છે એ સૌ જાણે છે. તેઓ જાતે રાઉન્ડમાં નીકળતા ત્યારે નગરના ખૂણેખૂણે ફરી વળતા. જાહેર હિતને જો નુકસાન

થતું હોય તો ગમે તેવા મોટા નગરજનને સમજ આપી નુકસાની વસૂલ કરતા. જાહેર રસ્તાને સ્વચ્છ રાખવાનું અને ઘરનાં પગથિયાનું દબાણ કયાંય ન થાય તે જોવાની કાળજી અને ફરજ તેમણે અદા કરી છે અને કરાવી છે. જનતાના એક ઉચ્ચ સેવક તરીકે હંમેશાં તેમણે પોતાના ઊંચા હોદ્દાને બાજુ પર રાખી નગરના નાનામાં નાના કામને તેમણે સાથ આપ્યો છે. "મારું કડી સ્વચ્છ કડી" નો મંત્ર તેમણે રજૂ કર્યો છે. એટલું જ નહિ પણ કડી નગર એટલે "સાહિત્ય અને સંસ્કારોનું નગર" એવી ભાવના સેવી છે.

એક ઉદ્યોગપતિ તરીકે શ્રી માણેકલાલને લીધે કડીની ખ્યાતિ કૉટનસીટી તરીકે જાણીતી થઈ છે. એ હકીકત સર્વ રીતે સ્વીકૃત બની ગઈ છે. કડીના કૉટન ઉદ્યોગના મહારથીઓમાં શ્રી માણેકલાલ એક ગણી શકાય.

કડી નગરનાં ગોડાઉનો ભરચક કરવામાં, કપાસિયાની મિલો ધમધમતી રાખવામાં ઉદ્યોગપતિ માણેકલાલનો વિશેષ ફાળો છે. આ રીતે કડી શહેરનો ચહેરો બદલવામાં આવા ઉદ્યોગો અને તેના ચાલકોનું મહત્ત્વનું યોગદાન છે. કડી નગરની એક માનનીય વ્યક્તિ તરીકે તેમનો આદર સૌ કોઈ કરે છે. તેઓ જે ક્ષેત્રમાં પ્રવેશ્યા- પછી તે ક્ષેત્ર શિક્ષણનું હોય, ઉદ્યોગનું હોય, વહીવટી કક્ષાનું હોય, સામાજિક સેવા ક્ષેત્રનું હોય કે નગર આયોજનનું હોય તે સર્વમાં તેઓ તમામ શક્તિથી ખૂંપી જાય છે અને સફળ કામગીરી કરી બતાવે છે. કડી નગરની નાનીમોટી બાબતો પછી તે નગર વિકાસની હોય, સમાજલક્ષી હોય, શિક્ષણની હોય - આજે સર્વ વિદ્યાલય કેમ્પસ્ તથા ગાંધીનગર કેમ્પસ્ વિવિધ વિદ્યાશાખાઓથી ધમધમે છે. તેનું શ્રેય શ્રી માણેકલાલને છે, તેમનાં અન્ય ક્ષેત્રો જોઈશું તો સામાજિક, વહીવટી કે ઔદ્યોગિક હોય તે સર્વમાં તેઓ પૂરા રસથી ખૂંપી જાય છે અને સર્વોત્તમ કામગીરી બતાવી સફળતા મેળવે છે.

કડી નગરપાલિકાના સી.ઓ. તરીકે અને પછી અધ્યક્ષ તરીકે તેમણે જે સેવાકાર્યો કર્યાં - નવા પાકા રસ્તાઓ, શહેર સ્વચ્છ રાખવું, ગંદકીનો નિકાલ કરવો, સ્વચ્છ પાણી આપવું અને પૂરતી ગટરવ્યવસ્થા કરવી, કૂવામાં પાણીની દેખરેખ અને વ્યવસ્થા, કેળવણીવિષયક બાલમંદિરો તથા પછાત વર્ગોનાં રહેઠાણોનું આયોજન વગેરેમાં તેમની આગવી સૂઝ અને શક્તિ રહેલાં છે. આ નગરનું વિશિષ્ટ રીતે ઘડતર કરવાના આયોજનની એક વિશેષ પધ્ધતિ અને સૂઝ તેઓમાં હતી અને છે. આવી વ્યકિતઓ અધિકારી બને, વૈજ્ઞાનિક બને કે ઉદ્યોગપતિ બને તે સર્વમાં સફળ થાય છે. સમાજને અને દેશને આવી વ્યકિતઓની જરૂર છે. કડીમાં માણેકલાલ એટલે માણેકલાલ.

# 16.

# ઔદ્યોગિક નગરી કડીના શિલ્પી

યશવંત કડીકર
સભ્ય, ગુજરાત સાહિત્ય અકાદમી તથા જાણીતા લેખક

કડીના ઔદ્યોગિક વિકાસમાં જેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે, એવા કેટલાક વિશિષ્ટ મહાનુભાવોમાં એક મહત્ત્વનું નામ છે - શ્રી માણેકલાલ માધવલાલ પટેલ (એમ.એમ. પટેલ).

વર્ષો પહેલાંની વાત છે. કડીની છોટાલાલ મિલ, એ સમયના મારવાડી શેઠ કાપડિયા શેઠે અચાનક જ બંધ કરવાનો નિર્ણય લીધો. એમની પાસે બહાનાં તો અનેક હતાં. મજૂરો બરાબર સહકાર નથી આપતા, મજૂર મહાજન માથાકૂટ કરે છે, ઉત્પાદન ઘટી ગયું છે, આર્થિક નુકસાની બહુ આવે છે. આ બધાં જ બહાનાં હતાં, વાસ્તવિકતા જુદી હતી. પરંતુ આ મારવાડી શેઠિયાને નહોતી મિલની પડી કે નહોતી મજૂરોની પડી, એમને તો પૈસા અને કમાણીની પડી હતી. એ સમયે આ શેઠની ભત્રીજી ડિમ્પલ કાપડિયા, જે પછી તો ફિલ્મજગતની ખ્યાતનામ અભિનેત્રી બની ગયેલી. તેને એક કાર્યક્રમમાં બોલાવી, આ વાતની તેની સાથે ચર્ચા થઈ. આ બુધ્ધિશાળી યુવતીએ તેના કાકા કાપડિયા શેઠને સમજાવ્યા. પરંતુ કંઈ પરિણામ ના આવ્યું અને અંતે કડીની મિલ બંધ થઈ. મિલના મજૂરો બેકાર બન્યા. આખા ગામ માટે આ મોટો ચિંતાનો વિષય હતો. શું કરવું ? આ મિલમજૂરોની ચિંતા આખા ગામને હતી, ગામના આગેવાનોને હતી. આ સુજલામ્ સુફલામ્ ધરતી કડીની એક વિશિષ્ટતા એ રહી છે કે બીજાના દુઃખમાં સહભાગી થવું.ગામના આગેવાનો ઝવેરી આર.ટી. હાઈસ્કૂલ, જે ગામ વચ્ચે આવેલી છે, ત્યાં ભેગા થયા. સૌના મનમાં એક જ ચિંતા હતી, ગામના મિલ મજદૂરોની. તાત્કાલિક કોઈ નિર્ણય લઈ, આ મિલ મજદૂરોની સમસ્યા હલ કરવી જરૂરી હતી. આ મિલ મજદૂરો હતા - કડીના સ્થાનિક અને કડીની આજુબાજુનાં ગામડાંઓના.

આ પ્રજાપ્રેમી આગેવાનો હતા, આપણા આ દીર્ઘદૃષ્ટા શ્રી માણેકલાલ

એમ. પટેલ, એમની સાથે હતા ડૉ. મધુભાઈ શાહ જે કડી મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. એવી રીતે ગોઠવાયેલું કે અઢી વરસ ડૉ. મધુભાઈ પ્રમુખ રહે અને અઢી વરસ શ્રી માણેકલાલ પટેલ પ્રમુખ રહે, જેથી મ્યુનિસિપાલિટીનો વહીવટ સારી રીતે ચાલે. શ્રી નટુભાઈ ભાણાભાઈ (સંસદસભ્ય) શ્રી રતિભાઈ પટેલ (હાલના ગુજરાત રાજ્યના કેબિનેટ મિનિસ્ટર શ્રી નિતીનભાઈ પટેલના પિતાશ્રી) ડૉ. માણેકલાલ પટેલ (કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરના મંત્રીશ્રી કેપ્ટન હસમુખ પટેલના પિતાશ્રી), પારેખ શેઠ, ધનાભાઈ વકીલ, છગનભાઈ વકીલ, પ્રહ્લાદભાઈ ભગત (ધારાસભ્ય), બાબુભાઈ ભંડારી આવા ઘણા બધા આગેવાનો એકઠા થયા. દરેકે પોતપોતાના વિચારો વ્યકત કર્યા, આ માટે સમિતિ પણ રચવામાં આવી અને આપણા આ માનવરત્ન માણેકલાલભાઈએ જવાબદારી સંભાળી લીધી.

પછી તો નક્કી કરવામાં આવ્યું કે કડીને ઔદ્યોગિક નગર તરીકે વિકસાવવામાં આવે તો બધી સમસ્યા હલ થઈ જાય. આ પુણ્યભૂમિ ઉપર તો કેટકેટલા સંતોની કૃપા છે. સંત જાવલી મહારાજ, સંતશ્રી સોમેશ્વર તીર્થ, બંસીવાલા, બાલાપીર, ઉપરાંત મા મેલડીમા, સિંધવાઈ માતા, યવતેશ્વર મહાદેવ, ઓઘડનાથ મહાદેવ, સહજાનંદ સ્વામીએ તો આ ભૂમિ પર પગલાં પાડેલાં. આ બધાની ગામ પરની કૃપા અને ગામના આગેવાનોનું દૃઢ મનોબળ અને માણેકલાલ એમ. પટેલ જેવા મક્કમ મનના મેરુ સમા માનવીનું માર્ગદર્શન - પ્રવૃત્તિઓ આરંભાઈ.

પછી તો આપણા આ સંનિષ્ઠ આગેવાનોએ શ્રી માણેકલાલ એમ. પટેલની આગેવાની હેઠળ સરકારમાં સચોટ રીતે રજૂઆત કરી અને ઈશ્વરકૃપાએ ધાર્યુ પરિણામ આવ્યું.

રાજ્ય સરકારે કડીને 'પછાત વિભાગ' તરીકે જાહેર કર્યું. આ કારણે કડીને ઔદ્યોગિક વિકાસ માટે કેટલાક વિશિષ્ટ લાભો મળે એ માટે જી.આઈ.ડી.સી. ના એક વિશિષ્ટ અધિકારી પોતાની ટીમ સાથે કડીની મુલાકાતે આવ્યા.

કાયદાના નિષ્ણાત માણેકલાલ પટેલે એમને કાયદાકીય રીતે પૂરી સમજ આપી. ઉપરાંત આ અધિકારીશ્રીને નગરપાલિકા તરફથી તેમજ અન્ય ક્ષેત્રે સંપૂર્ણ સહાય આપવાની તૈયારી બતાવતાં જી.આઈ.ડી.સી.ના આ અધિકારી ખૂબ જ પ્રભાવિત થયા અને કડીના આગેવાનોની ભાવનાને એમણે મુક્ત મને બિરદાવી.

શ્રી માણેકલાલ પટેલ અને એમના સાથી આગેવાન મિત્રોએ પોતાનો કિંમતી

સમયનો ગામના હિતમાં ભોગ આપી, આ અધિકારીઓની સાથે રહી ૧૦૦ એકર જમીનનું સર્વે પણ કરાવ્યું અરદેસણના માર્ગે - ગૌશાળા પાસેની જમીન આ માટે પસંદ કરાઈ. ત્યાંથી બે કિલોમીટરનો માર્ગ નંદાસણ રોડને જોડતો કુંડાળ નજીક તળાવ પાછળના ભાગમાં તૈયાર કરવાનું નક્કી થયું. જેથી મોટા વાહનો માલની હેરફેરમાં, ગામમાં પ્રવેશ્યા વિના જ સીધે સીધા જઈ શકે. જેથી સામાન્ય જનતાને ટ્રાફિકના ભરાવાથી કોઈ અડચણ ઊભી ના થાય. સાચે જ આપણા મહાનુભાવોનું આ એક બુધ્ધિગમ્ય પગલું લેખી શકાય.

આ ઉદ્યોગો વિશેની વધુ માહિતી મેળવતાં જાણવા મળેલું કે પછાત એરિયા જાહેર કરવાના કારણે અહીંના ઉદ્યોગોના વિકાસ માટે સબસીડી ૧૦ થી ૧૫ ટકા લૉન ૭૦ ટકા બિલકુલ મામુલી વ્યાજે અને પાંચ વર્ષ સુધીના હપ્તાની રાહત, ઍકસાઈઝ, ઑકટ્રોય અને સૅલટેક્ષમાં પાંચ વર્ષ સુધી માફીની સગવડો અને ૨૦ ટકા ઉપરના ઈન્કમટેક્ષ 'સ્લેબ'માં રાહત તેમજ સસ્તા ભાવે ગૅસની સગવડ, આ બધી વિશિષ્ટ સગવડોના કારણે ઉદ્યોગપતિઓની નજર કડી તરફ મંડાઈ અને એમણે કડીમાં ઉદ્યોગો સ્થાપ્યા. કાચનું કારખાનું - ઍલેમ્બિક કક્ષાના કારખાના માટે બુડાસણ પાસે ૧૦૦ એકર જમીન રાખવામાં આવી તેમજ ઍરકન્ડિશનની જરૂરિયાતવાળી મશીનરી માટે શેડ પણ ભાડે રખાયા.

રાજ્ય સરકાર અને નગરપાલિકા દ્વારા અપાતા આ વિશિષ્ટ લાભોથી ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નંખાયો. આમ, કડીના ઔદ્યોગિક વિકાસમાં શ્રી માણેકલાલ પટેલનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે.

કડીમાં મહત્ત્વના ઉદ્યોગો ગૅસ પર આધારિત છે, જેવા કે સિરામિક અને કાચઉદ્યોગ. અહીંની મોટી કંપનીઓ જેવી કે 'સેરા સેનીટરી વૅર' કમોડ અને વૉશબેઝિન બનાવે છે, જયારે સોમાણી કંપની 'ટાઈલ્સ' બનાવે છે. આ બન્ને કંપનીઓનો માલ વિશ્વભરના દેશોમાં જાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રે કડીની જે કાયાપલટ થઈ છે એમાં શ્રી માણેકલાલ પટેલ અને એમના સાથીઓનું મહત્ત્વનું યોગદાન રહેલું છે.

'ઉદ્યોગરત્ન'ના સન્માનથી સન્માનિત આ ઉદ્દાત્ત માનવે કડી નાગરિક બૅન્કના સ્થાપના કાળથી ચૅરમૅન હોવાના નાતે કડી નાગરિક બૅન્કના સહયોગથી પાંચ રિફાઈનરીઓ કડીમાં સ્થાપી છે.

આજે કડીમાં ૧૫૦ ઑઈલ મિલ, ૫૦ જિનિંગ ફૅકટરીઓ ધમધમી રહી છે, એનો યશ પણ કડી નાગરિક બૅન્કને અને આ બૅન્કના સ્થાપનાકાળથી ચૅરમૅન

અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી માણેકલાલ પટેલને જરૂરથી આપી શકાય. કડી આજે આ ઉદ્યોગો માટે તો એશિયાનું મોટામાં મોટું સૅન્ટર ગણાય છે.

ઔદ્યોગિક ક્ષેત્રની શ્રી માણેકલાલ પટેલની સેવાઓ તો અભિનંદનીય રહી છે જ ઉપરાંત સમાજ સેવા પ્રત્યે પણ તેઓ એટલા જ જાગૃત છે. ઘણા સમય પહેલાં, તેઓ જયારે લાયન્સ કલબ, કડીના પ્રમુખ હતા ત્યારે એવું બનેલું કે એ વર્ષે સતત વરસાદના કારણે જયારે આજુબાજુમાં પાણી ભરાઈ ગયા હતાં, ગામડામાં તો બોટમાં જવું પડે એવી સ્થિતિ હતી, ત્યારે આ સંસ્થા ‘લાયન્સ કલબ, કડી’ એ શ્રી માણેકલાલ પટેલના માર્ગદર્શન હેઠળ ફૂડ પેકેટ પહોંચાડયા અને સતત વરસાદના કારણે ગરીબો માટેની આવાસ યોજનામાં લાયન્સ કલબ ઑફ કડી દ્વારા ૧૦૦૦ મકાનો બાંધી આપ્યાં.

કડીના સરકારી દવાખાનામાં દર્દીઓ માટે જરૂરી સગવડ ના હોવાથી શ્રી માણેકલાલ પટેલે ભાગ્યોદય જિનિંગ ફૅકટરીના માલિકોના સહયોગમાં કડી ભાગ્યોદય અદ્યતન હૉસ્પિટલની સ્થાપના કરી, જે આજે પણ કડી અને કડી આજુબાજુનાં ગામડાંઓના દર્દીઓ માટે તો આશીર્વાદ સમાન છે.

આવા ઉદ્યોગ અને સમાજસેવાના યશસ્વી માનવરત્નને અંતરના ઉમળકાથી બિરદાવીએ અને પ્રભુ તેમને તેમની સેવાપ્રવૃત્તિઓ માટે ખૂબ ખૂબ શક્તિ બક્ષે એવી પ્રભુપ્રાર્થના સાથે વિરમીએ.

# 17.

## શૈલે શૈલે ન માણિક્યમ્...

**ડૉ. રતિલાલ બોરીસાગર**
પૂર્વ નાયબ નિયામક, ગુ.રા. શાળા પાઠ્યપુસ્તક મંડળ અને સુપ્રસિધ્ધ હાસ્યલેખક

માણેકલાલભાઈને નામથી તો હું ઘણાં વર્ષથી જાણતો હતો. અમદાવાદ આવ્યો તે પહેલાં હું મારા વતન સાવર-કુંડલાની આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં ગુજરાતીનો અધ્યાપક હતો. મારી સાથે કામ કરતા હિન્દીના પ્રાધ્યાપક અને કવિ જાદવભાઈ પટેલનો સર્વ વિદ્યાલય કડી સાથે ગાઢ નાતો. તેઓ પાસેથી સર્વ વિદ્યાલયની, એના બે આચાર્યો - નાથાભાઈ દેસાઈની તથા મોહનલાલ પટેલની ખૂબ પ્રશંસા સાંભળેલી. હું લઘુકથાનો લઘુ-લેખક હતો એ વખતે મોહનલાલ પટેલ લઘુકથાના જનક ને સ્વયં લઘુકથાના ગુરુ-લેખક. હું ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળમાં જોડાયો તે પછી મોહનભાઈનો પ્રત્યક્ષ પરિચય થયો ને માણેકલાલભાઈનો પરોક્ષ. માણેકલાલભાઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડીના મુખ્ય સંચાલક છે તેમ જાણેલું. આ પછી લઘુકથાના એક પરિસંવાદ નિમિત્તે કડી જવાનું થયું ત્યારે પહેલી વાર માણેકલાલભાઈને મળવાનું થયું. પહેલા પરિચયમાં જ એમનાથી - ખાસ કરીને એમના અવાજમાં રહેલા દઢતાસૂચક રણકાથી હું ખાસ્સો પ્રભાવિત થયેલો એવું મને યાદ છે. માણેકલાલભાઈ ભણેલા છે - જૂના સમયના બી.એ. એલએલ.બી. છે, કડીની મ્યુનિસિપાલિટીના દક્ષ ચીફ ઑફિસર રહી ચૂકેલા છે એમ પણ જાણ્યું ત્યારે મને સાનંદાશ્ચર્ય થયું હતું. એક સમયે સૌરાષ્ટ્રમાં એક દંતકથા પ્રચલિત હતી. આમ તો કહેનારા એને સત્યઘટના તરીકે જ ઓળખાવતા હતા. પણ કથા એવી છે કે હું એને દંતકથા ગણું છું. વર્ષો પહેલાંની વાત છે. સૌરાષ્ટ્રના એક નાના ગામમાં નવી નવી કૉલેજ શરૂ થઈ. પ્રિન્સિપાલની પૉસ્ટ માટે ઈન્ટરવ્યૂ ગોઠવાયા. ઉમેદવારોમાંના એક પીએચ.ડી. થયેલા ઉમેદવાર પણ હતાં. કૉલેજના મુખ્ય સંચાલકે પહેલો જ પ્રશ્ન પૂછયો : કેમ સાહેબ, દવાખાનું છોડીને માસ્તર શું કામ થાવું છે ? દવાખાનું બરોબર નથી હાલતું ? આટલેથી વાત અટકી હોત તો કંઈકે સારું હતું પરંતુ સંચાલકશ્રીએ સળંગ ત્રીજો જનોઈવઢ પ્રશ્ન પૂછયો : તમે દવાખાનું બરોબર ન હલાવી શક્યા તો કૉલેજ કેવી રીતે હલાવી

શકશો ? પેલા બિચારા જીવ રૂંવે રૂંવે ઘાયલ થઈને પાછા જતા રહ્યા. પ્રિન્સિપાલ થવાનું એમણે કાયમ માટે માંડી વાળ્યું અને અધ્યાપક તરીકે જ નોકરી પૂરી કરી. એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પાસે ભણેલા - ગણેલા (હા, ભણેલા અને ગણેલા - બન્ને સંસ્થાના વડા ભણેલા ન હોય તોય સંસ્થાનું ભલું ન થાય તેમ ગણેલા ન હોય તોય સંસ્થાનો દી ન વાળે) સંચાલકશ્રી છે ત્યારે મને ખરે જ આનંદ અને આશ્ચર્ય બન્ને થયેલાં.

મેં જોયું છે કે માણેકલાલભાઈમાં કેળવણીની કોઠાસૂઝ છે ને એ સૂઝને ચરિતાર્થ કરી શકવાની વિરલ વહીવટી દૃઢતા છે. માણેકલાલભાઈ નાનકડા જૂથમાં ચર્ચા કરતા હોય કે મોટી સભામાં ભાષણ કરતા હોય - વૈચારિક રીતે તેઓ તદ્દન સ્પષ્ટ હોય છે. પોતાના વિચારને અમલમાં મૂકવાની દૃઢ નિશ્ચયાત્મકતા એમના અવાજમાં પરખાય છે. એમના શબ્દો સીધા હૃદયમાંથી આવે છે અને સીધા જ સામી વ્યકિતના હૃદયને સ્પર્શે છે. ઢાંકપિછોડો કરીને વાત કરવાનું એમને ફાવતું નથી. એટલે સચ્ચાઈભર્યા એમના શબ્દો કોઈ વાર કોઈને આકરા પણ લાગી શકે પરંતુ એમના શબ્દોમાં રહેલી સચ્ચાઈ વહેલી-મોડી પરખાયા વિના રહેતી નથી. મારી દૃષ્ટિએ વ્યકિતત્વની આવી એકરૂપતા જ માણસની મોટી મૂડી છે. મન-વચન - કર્મની આવી એકરૂપતાને કારણે જ માણેકલાલભાઈ માટે મારા મનમાં અપાર આદર છે.

ગંગા જેવું શિક્ષણનું પવિત્ર ક્ષેત્ર આજે વધુ ને વધુ પ્રદૂષિત થતું જાય છે. આવા સમયમાં અફાટ રણમાં જોવા મળતી કેટલીક મીઠી વીરડીઓ જેવી સંસ્થાઓ ગુજરાતમાં છે, એમાંની એક સંસ્થાનું નામ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી છે. સંસ્થાના મુખી પ્રામાણિક હોય તો જ સંસ્થા પવિત્ર રહી શકે. શું ઉદ્યોગમાં કે શું શિક્ષણમાં - પ્રામાણિકતા માણેકલાલભાઈનો જીવન-મંત્ર છે. ચોમેર પ્રસરેલી સંસ્થાની સુગંધનું રહસ્ય આમાં છુપાયેલું છે. આજે શિક્ષકની નોકરી મફતમાં મળતી નથી. જાણીતા હાસ્યકાર નિરંજન ત્રિવેદીએ થોડાં વર્ષ પહેલાં ચાણક્યનો હવાલો આપીને એક સરસ મજાક કરી હતી. ચાણકયે કહ્યું છે કે 'શિક્ષક કભી સાધારણ નહિ હોતા.' નિરંજન કહે છે કે ચાણક્યની વાત આજે પણ એટલી જ સાચી છે - પણ જરા જુદી રીતે. દોઢ-બે લાખ રૂપિયા આપ્યા પછી જ શિક્ષક થઈ શકાય છે - શિક્ષક થવાનું સાધારણ માણસનું કામ નથી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંસ્થાઓમાં ગુણવત્તાના ધોરણે જ શિક્ષક- અધ્યાપકની પસંદગી થાય છે - અને એટલે જ આ સંસ્થાઓમાં અપાતા શિક્ષણનું સ્તર ઘણું ઊંચું હોય છે - અને

એટલે જ આ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓ પડાપડી કરે છે - એટલું જ નહિ તેજસ્વી વ્યકિતઓ આ સંસ્થાઓમાં શિક્ષક-અધ્યાપક થવાની અભિલાષા સેવે છે. ગાંધીનગરમાં એન્જિનિયરિંગની સંસ્થા શરૂ થઈ ત્યારે સામે ચાલીને મૅનેજમૅન્ટની સીટો જતી કરવામાં આવી હતી. આ એક અભૂતપૂર્વ પગલું હતું. જાહેર જીવનમાં પડેલી વ્યકિતને પોસાય નહિ. પણ માણેકલાલભાઈ જેનું નામ - એમણે આ પગલું ભર્યું જ.

શિક્ષણની જેમ આપણું રાજકારણ પણ ઉત્તરોત્તર ભ્રષ્ટ થતું ગયું છે. ગાંધીજીએ ધર્મયુક્ત રાજકારણની વાત કરી. વિનોબાજીએ પણ અધ્યાત્મ સાથે જોડાયેલા રાજકારણની હિમાયત કરી. જયપ્રકાશ નારાયણ અને વિમલાતાઈ જેવાં આ માટે જીવનભર મથ્યાં પણ આ બધી વાતો ભુલાતી ચાલી. સેવાને બદલે સત્તા રાજકારણનું સાધ્ય બની. 'રાજ' કરવાના 'કારણ'થી લોકો જેમાં જાય છે તેનું નામ 'રાજકારણ' - એવી રાજકારણની વ્યાખ્યા કોઈએ કરી છે તે અત્યારે સાવ સાચી ઠરતી જાય છે. રાજકારણમાંથી નીતિની સમૂળગી બાદબાકી થતી જાય છે. આવા દુકાળિયા વાતાવરણમાં દેશમાં ને ગુજરાતમાં કેટલાંક મૂલ્યનિષ્ઠ નામો છે એમાં એક નામ માણેકલાલ પટેલ છે. જાતિ કે ધર્મના ભેદભાવને સહેજે આડે લાવ્યા વગર એ સમાજસેવા કરે છે. શું શિક્ષણ સંસ્થામાં કે શું સમાજ જીવનમાં- માણેકલાલભાઈ સમાજના છેવાડાના માણસના કલ્યાણ માટે કાયમ મથતા રહ્યા છે.

માણેકલાલભાઈમાં જેમ દૃઢતા અને કશી જ સેળભેળ વિનાની નિખાલસતા છે તેમ મૃદુતા અને નમ્રતા પણ એટલાં જ છે. પોતે અત્યારે ભલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મોવડી હોય. પરંતુ પોતે આ સંસ્થાની શાળાના એક સમયે વિદ્યાર્થી પણ હતા એ વાત તેઓ બિલકુલ ભૂલ્યા નથી. ગુજરાતના વિરલ આચાર્યોમાંના એક અને ગુજરાતી ભાષાના પ્રથમ હરોળના સર્જક-વિવેચક મોહનલાલ પટેલ માણેકલાલભાઈના શાળાજીવનના ગુરુ. મોહનભાઈ પાસે માણેકલાલભાઈને પોતાનો સંચાલક - વેશ ઉતારીને હંમેશાં શિષ્યભાવે જ પેશ આવતા મેં જોયા છે.

આપણને એવું થાય કે દરેક શિક્ષણસંસ્થાને એક 'માણેકલાલ પટેલ' મળે તો કેવું સારું ! પરંતુ સંસ્કૃતના એક શ્લોકમાં આવે છે કે દરેક પર્વતમાંથી 'માણેક' મળતાં નથી તેમ દરેક સંસ્થાના ભાગ્યમાં એક 'માણેકલાલ' હોતા નથી.

# 18.

## મહાજન પરંપરાના પ્રતિનિધિ : માણેકલાલ

મનસુખ સલ્લા
સાહિત્યકાર, કેળવણીકાર તથા પૂર્વાચાર્ય, લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી સણોસરા

માણેકલાલભાઈ પટેલને પહેલી વખત મળનાર પણ એ છાપ લે કે આ દૃઢતાના માણસ છે. તેઓ આપણી વાત સાંભળતા હોય ત્યારે જાણે આપણો ઍક્સ-રે લેતા હોય તેમ માપતા હોય છે. કારણ કે માણસની પરખ કરવાની તેમની પાસે આગવી નજર છે. તેઓ વિશેષણ સાથે નહિ, ક્રિયાપદ સાથે વધુ સંબંધ રાખે છે. વાત ગળે ઊતરે તો તેમના જવાબમાં ત્રણ ક્રિયાપદો પ્રાધાન્ય ભોગવે છે. કરશું, થઈ જાશે કાં ગોઠવાઈ જાશે.

માણેકલાલભાઈમાં અનેકવિધ ક્ષમતાઓ છે. એટલે અભ્યાસ કારકિર્દીમાં કે કડી મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર તરીકે કે વ્યક્તિગત ઉદ્યોગમાં સફળ થયા. નામ અને દામ મેળવ્યાં, પરંતુ તેમનો જીવનરસ શિક્ષણ છે. અંદર બીજ હતું, કડી સર્વ વિદ્યાલય સાથે સંકળાયા પછી એ મહોરી ઊઠ્યું. કદાચ તેમને પોતાની આ વાતની પ્રતીતિ પાછળથી થઈ હશે. એટલે હવે બધું ધ્યાન પોતાની શિક્ષણ સંસ્થા સર્વ વિદ્યાલય ઉપર આપે છે.

ગુજરાતમાં અત્યારે શિક્ષણસંસ્થા ચલાવનારા ત્રણ પ્રકારના છે : (૧) કેવળ વેપાર ગણીને પૈસા કમાનારા, (૨) કમાવું અને સારું શિક્ષણ આપવું, (૩) શિક્ષણને જ કેન્દ્રમાં રાખી તેના હિતમાં બધી શક્તિ ખર્ચવી. માણેકલાલભાઈ ત્રીજા પ્રકારના માણસ છે. શિક્ષણના હિતમાં તેઓ બધું કરે, પરંતુ ભાવના નિઃસ્વાર્થ સેવાની. એટલે જ તો તેમનો આગ્રહી સ્વભાવ સર્વ વિદ્યાલયમાં ગુણલક્ષણ બની રહ્યો છે. ઢીલુંપોચું કે ચાલશે-થશેના એ માણસ નથી. આમ પણ એક પ્રજા તરીકે જવાબદારીપૂર્વક ફરજ નિભાવવાની તાલીમ જ આપણામાં ઓછી છે. એટલે આગ્રહ ન હોય તો થતું હોય તેમાંથી પણ ચાલીસ-પચાસ ટકા જ કામ થાય. માણેકલાલભાઈ કડક ગણાય છે કારણ કે બાકીના ચાલવા માગતા નથી હોતા કે ધીમું ચાલવાની મજા લેનારા હોય છે. સામે પક્ષે માણેકલાલભાઈ ચાલનારા નહિ,

દોડનારા છે. પોતે દોડે અને સાથેનાને પણ દોડાવે.

સર્વ વિદ્યાલય યુનિવર્સિટી બની અને પ્રતિષ્ઠા મેળવી શકી તેનું કારણ માણેકલાલભાઈનો ગુણવત્તાનો આગ્રહ છે. તેઓ ગુણવત્તાને ભોગે સંબંધ, ઓળખાણ કે ભલામણ ચલાવી ન લે. એમાં સામેવાળા નારાજ થતા હોય તો તેઓ ચિંતા ન કરે. કેવળ પોતાની સંસ્થામાં જ નહિ, અન્યત્ર કામ સરસ થતું હોય તો પોતાની સીધી જવાબદારી ન હોય તોય આગળ ચાલે, થાય તે બધું કરે, છેવટે આંગળી ચીંધ્યાનું પુણ્ય લે જ.

દાતાઓ તેમને ઉદાર હાથે દાન આપે છે, કારણ કે માણેકલાલભાઈના વહીવટ વિશે તેમને ખાતરી છે. દરેક પૈસો લેખે લાગશે તેનો ભરોસો છે. જરૂર હોય ત્યાં કરકસર અને સંસ્થાના કામ માટે પણ ગાંઠને ખર્ચે તેઓ દોડતા હોય છે. તેની બધાને ખબર છે. એટલે તેઓ લાખો - કરોડોના દાન મેળવી શક્યા છે. કહી તો એમ શકાય કે દાન મેળવવાની તેમની ખાસ આવડત છે. તેમાં મુખ્ય કારણ કાર્ય ઉત્તમ રીતે પાર પાડીને તેમણે મેળવેલો વિશ્વાસ છે.

માણેકલાલભાઈ મંચના માણસ છે તે કરતાં ક્ષેત્રના માણસ વધુ છે. તેમને સારું વક્તવ્ય આપતાં આવડે છે, પરંતુ શબ્દ કરતાં કૃતિ તેમને વધુ પ્રિય છે. તેમાં ફંડની તાણ, સમયની પ્રતિકૂળતાઓ કે માણસોની અનિશ્ચિતતાઓને પાર કરવામાં તેમની દૃઢતા લેખે લાગે છે. એક વખત સંકલ્પ થયો કે આ કામ સારું છે, કરવા જેવું છે, તો કરવું જ. બધાં વિઘ્નો વટાવીને કરવું. આ જ તો તેમની ઈમેજ જ ઘણાં કામ સીધાં કરી આપે છે.

એમનો નિકટ પરિચય થયો ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ગાંધીનગરમાં ગોઠવવાનું હતું ત્યારે. માણેકલાલભાઈ પાકા આયોજનના માણસ. લઘરવઘર કશું તેમને ગમે નહિ. સીધી ગતિએ ચાલે. અમારી દરખાસ્તો અને આયોજન તેમણે ધ્યાનથી સાંભળ્યાં. સાંભળતાં જ દાખલાનો જવાબ ગણાઈ ગયો હોય તેમ એક પછી એક મુદ્દો તેઓ સ્પષ્ટ કરતા ગયા. ત્યારે ખ્યાલ આવ્યો કે આ તડ અને ફડના માણસ છે. અમારે જમવામાં વધુ વખત ગયો હતો, આયોજનની ચર્ચામાં ઓછો.

આજે સર્વ વિશ્વવિદ્યાલયના તેઓ મોભી છે. તેમની પાસે પોતાની નજર છે - સ્વપ્નાં જોવાની, તેનું આયોજન કરવાની અને તેને પાર પાડવાની. એટલે કુલ પચાસેક સંસ્થાઓમાં પચાસ હજાર જેટલા વિદ્યાર્થીઓ (પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીમાં) ભણે છે તેની નાનામાં નાની વિગતોમાં તેઓ રસ લે, જાણકાર

હોય. સુધારવા જેવું તત્કાલ સુધરે તેના આગ્રહી હોય. એમનું કેમ્પસ્ ખાસ્સું મોટું છે, વિભાગો અનેક છે, સગવડો ઝીણવટપૂર્વક અને ઝાઝી ઊભી કરવી પડી છે, પરંતુ માણેકલાલભાઈ અને તેમના સાથીદારો આ બધું ભાર વિના ગોઠવી શક્યા છે. તેઓ કામ નક્કી કરે છે, તે કરી શકે તેવા માણસો ગોતે છે અને કામ કરવાની પધ્ધતિ નક્કી કરીને લક્ષ્ય આપે છે. એટલે પોતે હળવાફૂલ રહી શકે છે. માણસને ઓળખવાની તેમની આગવી નજર છે, પરંતુ તેઓ માણસને વપરાશની વસ્તુ નથી ગણતા, સહકાર્યકર ગણે છે. સાથીદારો, સહકાર્યકરોની ઝીણી કાળજી પણ તેઓ લઈ શકે છે. એટલે તેમને ઉત્તમ સાથીદારો અને સહકાર્યકરો મળ્યા છે અને ટક્યા છે.

આજે સર્વ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસની અનેક શાખાઓનો ઉચ્ચ અભ્યાસ શક્ય બન્યો છે. વિશ્વવિદ્યાલયના નામને ગૌરવ અપાવે તેવી રીતે તેનું સંચાલન થઈ રહ્યું છે. તો વિદ્યાર્થીઓ માટેનાં છાત્રાલયો પણ નમૂનેદાર છે. સાથે જ માણેકલાલભાઈની દૃષ્ટિ આરોગ્યસેવા, ગ્રંથાલય અને લોકસુવિધાઓ ઉપર પણ રહી છે. કુદરતી આફતો વખતે કે કોમી તંગદિલી વખતે તેઓ નિર્ભયતાપૂર્વક રાહત આપવા અને સંવાદિતા સ્થાપવા મથ્યા છે. આ સઘળાંમાં તેમની વ્યવસ્થાપન સૂઝ, સંકલ્પશક્તિ અને પ્રશ્નને પારખવાની દૃષ્ટિને કારણે ઈષ્ટ પરિણામો મળ્યાં છે.

ગુજરાત મહાજન પરંપરાથી ઊજળું છે. તેનાં ઉત્તમ ફળો ગુજરાતે ચાખ્યાં છે. સરકારની મદદ તો પછી આવી પરંતુ મહાજનોએ જ અનેક નવપ્રસ્થાન કર્યાં. પોતે બે પૈસા કમાયા છીએ અને શક્તિ છે તો ઋણભાવે સમાજના ઉત્થાન માટે યોજીએ તે ભાવ મહાજનપરંપરાનો પ્રાણ છે. માણેકલાલભાઈ આવી મહાજન પરંપરાના ઉત્તમ પ્રતિનિધિ છે. પોતાનું ઉત્તમ સમાજને ચરણે ધરવામાં જ તેમને તૃપ્તિ છે.

આજે શિક્ષણસંસ્થાઓ અને સરકારી તંત્ર નાદાર થવા તરફ વધુ ને વધુ ઢળી રહ્યાં છે ત્યારે માણેકલાલભાઈ જેવા મહાજન આપણી આશા છે. ગુજરાતને માણેકલાલભાઈ જેવા મહાજનની ખોટ કદી ન હજો.

# 19.

## A Multifaceted personality...

**Lt. Co. Hasmukh M. Patel (Retd.)**
Secretary, Sarva Vidhyalay Kelvani Mandal, Gandhinagar

When I was studying in Sarva Vidhyalay High school, Kadi, from 1946 till January 1955, I had the fortune of meeting and teasing Shree M. M. Patel, who was studying a few classes ahead of me. During those days there was a welknown saying that "There is no study, without Kadi." Incidentally, Kadi was a 'Prant' under the Gaikwad of Baroda and was famous for its varieties of snuff. I was quite mischevious then and used to call students coming. from nearby villages as "Desi Baloons" He would mostly laugh it off in good spirits or some times twist my ears – when he could catch hold of me and threaten me by saying that he would report to principal, late Shri N.N. Desai, who would give us a taste of his "mojdi"..!! 'He never did; such was his thirst for knowledge and desire to be something above normal that he used to come walking from UNTWA village, about five miles away, after finishing his daily chores in their ancestral land. He bore the hard ships of student. Life bravely. His thirst for further studies and knowledge finally ended with a B.A, LLB.

Next I met him in December 1959 after being commissioned into our Army as a second lieutenant, When he was the chief officer of Kadi municipality. By that time he had earned a name for himself though his hard work, sincerity and integrity. He was respected and feared by subordinates as he tolerated no nonsense, but was find at heart. He was popularly known as "Saheb" a nick name that has stuck till today. When you tell someone that Shri Maneklalbhai is the president of Kadi Sarva Vishwa Vidhyalay and Chairman of Sarva Vidhyalay Kelvani Mandal, Kadi and

Gandhinagar, he thinks for a few seconds then his face lights up with recognition and says "oh – you mean Saheb" ! He eventually became municipality's president.

My father, late Dr. Maneklal C. Patel, and he worked together for many years specially in the activities of the school, Kadi Nagrik Sahakari Bank and other social projects. My father used to say often that it was more or less impossible to find such a talented person like him.

He is on good terms with everyone in town and nearby villages. His reputation as an able administrator spread far and wide. After serving for arround fifteen years, he plunged into business where he soon rose high and became one of the top most industrialists.

Saheb was one of the founder Directors of Kadi Nagrik Sahakari Bank. Later on he was its chairman for almost two decades. He put the Bank on a very round financial footing and it performed admirably.

A couple of years ago a young man came to him seeking for a job as a teacher. On inquiry it was found that though he was fully and highly qualified, he was working as a vidya Sahayak elsewhere. To make matters worse he was made to sign for more pay but given much less say. Besides being made to perform other tasks. After a few other questions, saheb asked him to collect his appointment letter and join the school at the earliest. That young man could not believe his ears and good fortune. Thus an honest, sincere and a devoted teacher was born. There are many like him in all our schools and colleges. No wonder our Institution is an envy for all.

Saheb is so devoted to the Institution, that he has left all business activities in the capable hands of his son Vallabh, affectionately known as "Sardar". He has been serving the Institution selflessly for almost half a century – a record impossible to beat. Will there he another person like him ? only time will tell.

# 20.

## કર્મયોગી શ્રી માણેકલાલ

મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)
જાણીતા સમાજસેવક, ઊંઝા

આજથી એકસો વર્ષ પૂર્વે પાટીદાર સમાજની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને ધાર્મિક પરિસ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યારે આ સમાજ કેવી રીતે જીવતો હતો તો ખેતીના વ્યવસાય સિવાય ધંધો રોજગાર કે નોકરી ન હતી. પૂર, વાવાઝોડું, માવઠું, હીમ, ધરતીકંપ આવી પ્રતિકૂળતાઓ સામે સંઘર્ષ કર્યો છતાં આ સમાજે નીતિ, પ્રામાણિકતા અને ચારિત્ર્ય છોડ્યા નથી. તે વખતે સામાજિક જીવનમાં બાળલગ્નો, અંધશ્રધ્ધા, વહેમ, ભયંકર કુરિવાજો, દોરાધાગા, અશિક્ષિત, અંધશ્રધ્ધામાં ડૂબેલો, પશુપાલન અને ખેતી કરી માંડ બે છેડા સરખા કરતો હતો. આ સમાજને સમયે સમયે દીર્ઘ દૃષ્ટા આગેવાનો મળ્યા હોવાના કારણે આજે ભવ્ય પ્રગતિ કરી શક્યો છે. આવા એક અંધકારમય સમાજમાં છગનભા નામના માણસે જે હિમાલયમાં સાધુ-સંત થવા નીકળેલ તેમને કેશવાનંદજી સંતે કહ્યું કે "છગન જે સમાજમાં જન્મ્યા છો તે સમાજને ભણાવવાનું કામ કર. લે આ પાંચ રૂપિયા, તારો અખૂટ ભંડાર ભરેલો રહેશે." આ શબ્દો હાડોહાડ લાગી જવાથી છગનભાએ હિમાલયથી સીધા કડી આવી ઝૂંપડી બાંધી શિક્ષણની ધૂણી ધખાવી. તે સમયે સમાજ પાસે રોકડ નાણું ન હતું. તે સમયે છગનભા ગામે ગામ ફરી કહેતા કે ભણાવવા માટે છોકરાંઓ આપો ત્યારે ખેડૂત એમ કહેતો કે છોકરાને ભણાવવા માટે મારી પાસે પૈસો નથી. ત્યારે છગનભા ત્રાંસળું ભરી અનાજ આપે અને ઘાસ આપે. આમ વસ્તુના રૂપમાં દાન મેળવી કડી સંસ્થાની સ્થાપના કરી.

ત્યાગ અને બલિદાનના પાયા ઉપર રચાયેલી આ સંસ્થા દેશની એક મોટી શૈક્ષણિક સંસ્થા બની. આ સંસ્થાના વિકાસમાં ઘણા બધા આગેવાનોએ શિક્ષણનો વ્યાપ વધારવા માટે અને તેની જરૂરિયાતો મુજબ મકાનો બાંધવા માટે અવિરત પ્રયત્નો કર્યા. આ સંસ્થામાં વિદ્યાર્થીઓનું ચારિત્ર્યઘડતર થાય તે માટે આશ્રમ શાળા જેવી પધ્ધતિ વિકસાવી. આ શૈક્ષણિક સંસ્થામાં ભણેલો વિદ્યાર્થી ઉચ્ચ ચારિત્ર્યવાન બને તેવા સંસ્કારો આપ્યા. આ સંસ્થા આર્થિક મૂંઝવણ અનુભવીને પ્રગતિ કરતી હતી. ત્યારબાદ કડીના માનનીય શ્રી માણેકલાલભાઈ કે જેઓ 'સાહેબ'ના હુલામણા નામથી

સમાજમાં જાણીતા છે તેમણે સંસ્થાનો વહીવટ હાથમાં લીધો. અનેક હોદ્દેદારશ્રીઓ અને કારોબારી અને જનરલ સભાના સભ્યશ્રીઓ સાથે આપણા સમાજના દીર્ઘદૃષ્ટા અને ચિંતનશીલ પુરુષ શ્રી કેશવલાલ શેઠની પ્રમુખ તરીકે નિમણૂક થઈ. આ સંસ્થા કરોડો રૂપિયાના કામ કેમ ન કરી શકે તેવી તેમણે વાત કરી ત્યારે બધાને આશ્ચર્ય થયું પરંતુ સંસ્થાના કાર્યવાહકોને વિશ્વાસ બેઠો કે આપણે આ વાતને આગળ વધારી શકીશું અને તે પછી માણેકલાલભાઈ અને તેમની ટીમે સતત પ્રયત્નો આદર્યા.

પાટીદારોએ પોતાનાં બાળકોને આ સંસ્થામાં ભણાવવા ભરપૂર ઉપયોગ કર્યો અને તેના કારણે હજારો યુવાનો, દેશ-પરદેશના ઉદ્યોગપતિઓ, ઍન્જિનિયરો, વકીલો, પ્રિન્સિપાલો, શિક્ષકો અને વેપારી લાઈનમાં જવાથી સમગ્ર પાટીદાર સમાજનો આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઘણો બધો વિકાસ થયો. આ સંસ્થાનું મૂલ્ય ઘણી રીતે મૂલવી શકાય તેમ છે. દેશ-પરદેશમાં રહેતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અનેક દાતાશ્રીઓના દાનથી કરોડો રૂપિયા એકઠા કરી આજે આ સંસ્થાનો વિકાસ જોઈ રહ્યા છીએ, જે આપણી કલ્પના બહારનો છે. આ બધી બાબતોમાં માણેકલાલભાઈ જે કોઈપણ કાર્ય હાથ પર લે તે પછી તેમની અથાગ શક્તિ અને બુદ્ધિ દ્વારા આ સંસ્થાઓ - પ્રાથમિક શાળાઓથી માંડી ઉચ્ચ શિક્ષણની અનેક શાળાઓ ઊભી કરી શક્યા. ગાંધીનગર જેવા પાટનગરમાં હાઈટેક ઍજયુકેશનની વિવિધ વિષયોની ફેકલ્ટીઓ ઊભી કરી તેમજ વિદ્યાર્થીઓને રહેવાની અને અભ્યાસની સારી સુવ્યવસ્થા મળી રહે તે માટે અનેક છાત્રાલયોની સ્થાપના કરી અને એક આદર્શ અને નમૂનેદાર, શિક્ષણજગતમાં નામના ધરાવતી સંસ્થામાં અભ્યાસ કરવા માટે ગુજરાતભરના વિદ્યાર્થીઓ આ સંસ્થાની અનેકવિધ શાળા-કૉલેજોમાં દાખલ થવા પડાપડી કરે છે અને તે સાથે યુનિવર્સિટીનું ભવ્ય ભવન, નર્સિંગ કૉલેજ, એલ.ડી.આર.પી. ઍન્જિનિયરિંગ કૉલેજ, ફાર્મસી કૉલેજ જેવી અનેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના કરવામાં શ્રી માણેકલાલભાઈ સાહેબનો અદ્‌ભુત પ્રયાસ છે. આ માટે તેમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આજે ૪૫ હજારથી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ કરી રહ્યા છે.

આ બધી જ બાબતોનું પૂરેપૂરું ધ્યાન શ્રી માણેકલાલભાઈ આપી રહ્યા છે. આ સંસ્થાને યુનિવર્સિટીનું સ્વરૂપ આપવા માટે તેમનો અથાગ પ્રયત્ન કામમાં આવ્યો અને કડી 'સર્વ વિશ્વવિદ્યાલય' નામથી યુનિવર્સિટી મળી. આ કોઈ નાની-સૂની સિધ્ધિ નથી એવા કર્મયોગી અને સેવાભાવીના વિરલ વ્યક્તિત્વને ઉજાગર કરતો સ્મૃતિગ્રંથ તૈયાર થઈ રહ્યો છે તે માટે આયોજકોને ધન્યવાદ, આભાર. શ્રી માણેકલાલભાઈનું શેષ જીવન, નિરામય, પ્રભુપરાયણ, સેવાકીય નીવડે. હજી પણ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે અને સમાજની સેવા કરતા રહે તેવી મા ઉમાને પ્રાર્થના.

# 21.

## મૂઠી ઊંચેરા માનવી

**ખોડભાઈ એચ. પટેલ**
મંત્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર

સંવેદનના તાંતણે બંધાયેલ મારા જેવા માટે બૌધ્ધિક પરિભાષામાં ન બાંધી શકાય એવા મુરબ્બીશ્રી માણેકલાલભાઈ જેવી વિરલ વ્યક્તિ માટે લખવું ઘણું અઘરું છે. શ્રી માણેકલાલભાઈ બુધ્ધિજીવી કરતાં કંઈક વિશેષ છે. સાગર જેવું વિશાળ, ઉદાર અને ગહન એવું બહુમુખી જેમનું વ્યક્તિત્વ છે તેમના વિશે કંઈ કહેવું કે લખવું તે "गागर में सागर जैसी बात है ।"

ઉત્તર ગુજરાતમાં ખોબા જેવા નાનકડા ઊંટવા ગામે માણેકલાલભાઈએ જન્મ ધરીને તે ગામને 'પુણ્યશાળી' બનાવ્યું. સમાજમાં કેટલીક વ્યક્તિઓ એવી જન્મે છે કે જેમના જન્મથી, કર્મથી જનેતા તો કૃતાર્થ થાય છે પરંતુ તેની સાથે સાથે આવી વ્યક્તિનાં સત્કાર્યો, સેવાકાર્યોથી સમગ્ર સમાજ પણ વિકાસોન્મુખ બને છે. ધરતીના પેટાળમાં ધરબાયેલ શિલાનો ટુકડો ચમકતો-દમકતો 'માણેક' બની સૌને ઉજાગર કરે એવું આ 'મહારત્ન' છે. નાનપણમાં અનેક કઠણાઈ વેઠી ઊંટવા ગામેથી માથે શાકભાજીનું પોટલું બજારમાં ઠાલવી સર્વ વિદ્યાલયમાં અભ્યાસાર્થે આવતાં માણેકભાઈ અનેકાનેક સંઘર્ષોમાંથી પસાર થયા છે. મેટ્રિકમાં, હિન્દી કોવિદ પરીક્ષામાં, સ્નાતક કે એલએલ.બી. સુધીના અભ્યાસમાં તેમની તેજસ્વિતા એકધારી જળવાઈ છે. તેમની પાસેથી સાચુકલા હૃદયની હૂંફ અને લાગણી જેવી મને પ્રાપ્ત થઈ છે એવી અનેક વ્યક્તિઓને પ્રાપ્ત થઈ હશે.

'મેટ્રિક' માં ઉચ્ચ કક્ષા મેળવી પાતળા, દુબળા દેહધારી, 'માણેકલાલભાઈ' ને "તું તેજસ્વી બુધ્ધિશાળી તો છે પણ તને છોકરાઓ ગાંઠશે નહીં" એમ કહી શિક્ષકની નોકરી માટે નાપાસ કરેલ ઈન્સ્પેક્ટરને પણ આ દુર્બળ પરંતુ મજબૂત દેહમાં, મનમાં રહેલી મક્કમતા, કુશાગ્રતાનો તે સમયે ઈન્ટરવ્યૂ લેનારાઓને અહેસાસ ન થઈ શક્યો. ખેર, આમાં પણ કુદરતની બલિહારી છે. કેમ કે ત્યાર પછી અભ્યાસમાં, કડી નગરપાલિકાના ચૅરમૅનપદે, વ્યાપારક્ષેત્રે, શિક્ષણ અને

સામાજિક ક્ષેત્રે તેમની નૌકા સડસડાટ દોડવા લાગી. લોકો તેમને 'સાહેબ' ના હુલામણા શબ્દે હૃદયમાં ચાહી સન્માનવા લાગ્યા.

એક વાર તેમના શિરે મોટું સંકટ આવ્યું. તેમને મગજમાં નાની ગાંઠ છે તેવું નિદાન થયું. તેમને મુંબઈની 'બૉમ્બે હૉસ્પિટલ' માં દાખલ કર્યા. ત્યાં તેમના મગજનું ઑપરેશન થયું અને તે બચી ગયા. કહ્યું છે ને કે 'જેને રામ રાખે તેને કોણ મારી શકે ?' કુદરતે સમાજના હિત માટે તેમની પાસે સમાજના શ્રેયના અનેક કામ કરાવવાના હતાં એટલે આજે એક્યાશી વર્ષે પણ સાદગીપૂર્ણ પરંતુ છટાદાર જીવનશૈલી અને ઊંચા આદર્શો સાથે કામ કરતાં આપણે તેમને જોઈએ છીએ તે આપણા સૌનું, સમગ્ર ઉત્તર ગુજરાતનું સદ્‌ભાગ્ય ગણાય. એવું કહેવાય છે કે આ નૂતન જીવન બાદ આ માનવીએ પોતાના જીવનની કરવટ જ બદલી નાંખી.

આજે તો 'માણેકલાલભાઈ' અને 'સર્વ વિદ્યાલયે' ઐક્ય સાધ્યું છે. સવારથી સાંજના મોડા સુધી કડી અને ગાંધીનગરની અનેકવિધ શિક્ષણસંસ્થાઓ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં સહેજ પણ આરામ કર્યા વિના જ્ઞાનોત્કર્ષ અને કલ્યાણની પ્રવૃત્તિમાં તેઓશ્રી જોતરાઈ ગયા છે. સ્વર્ગસ્થ પૂ. છગનભાના જીવનને અને તેમના 'કર ભલા હોગા ભલા' ના સૂત્રે તેમને ચેનથી બેસવા દીધા નથી. કેટલીક બારીકાઈથી નિરીક્ષણ કરતી વ્યક્તિઓએ તો 'માણેકલાલભાઈમાં પૂ. છગનભાના આત્માએ પ્રવેશ કર્યો છે.' - જેવી લોકોક્તિ પણ ઉચ્ચારવા માંડી છે. ગમે તેમ, પણ માણેકલાલભાઈએ 'દાસકાકા', રામચંદ્ર અમીન, સ્વર્ગસ્થ ધનાભાઈ વકીલ, સ્વર્ગસ્થ લક્ષ્મીકાંતભાઈ, સ્વ ડૉ. માણેકલાલ જેવા મહાનુભાવો સાથે રહીને તેમણે સેવેલાં સ્વપ્નોને છેલ્લા દશકામાં ગતિશીલ બનાવી સર્વ વિદ્યાલય શિક્ષણ સંકુલને વટવૃક્ષ બનાવી દીધું છે. માણેકલાલભાઈએ "Perfect" એટલે કે હાથમાં લીધેલ કોઈપણ કામ પાર પાડવાની શક્તિ અને અન્ય પાસેથી એ જ પ્રકારે સંપૂર્ણપણે સંપૂર્ણ કામ લેવાનો તેમનો સ્વભાવ એ તેમની ગજબની શક્તિ દર્શાવે છે.

સ્પષ્ટવક્તા, ન્યાયપ્રિય, સત્યનિષ્ઠ અને દાતા એવા માણેકલાલભાઈનું કડવું સત્ય કયારેક અકળાવનારું બને છે. એક માનવ તરીકે જયારે તેમની અપેક્ષા પ્રમાણેનું વલણ (Attitude) ન જણાય ત્યારે તે સહન ન કરે એવું બને. ભગીરથ પ્રયત્ન કરાવીને પણ કોઈપણ કાર્ય પૂર્ણતમ બનાવવા માટેની તેમની કાર્યપધ્ધતિ છે અને તેમની ઇચ્છાને પારખીને સૌ કામ કરવાની ધગશ ધરાવતા થઈ જતાં. શ્રી માણેકલાલભાઈના હાથ નીચે કામ કરી ઘણું શીખવા - પામવાની દૃષ્ટિ આજના યુવાવર્ગને મળી છે.

શ્રી માણેકલાલભાઈને વ્યાયામ પ્રત્યે પણ એટલી જ પ્રીતિ. વહેલી સવારે કે સાંજે વિદ્યાર્થીઓ વિશાળ ગ્રાઉન્ડ પર જઈ દોડ, આસનો, કબડ્ડી, ખો.ખો, વૉલીબોલ, બૅડ મિન્ટન જેવી રમતો રમી સ્ફૂર્તિ પ્રાપ્ત કરી શારીરિક ઘડતર કરે એ માટે તેમણે ખાસ પ્રેરણા પૂરી પાડી છે. સ્કાઉટ, એન.સી.સી. જેવી પ્રવૃત્તિઓમાં પણ રાષ્ટ્ર કક્ષાએ વિદ્યાર્થી મોખરે રહે છે. તેમની ઉત્પ્રેરણાનું પરિણામ છે.

આ વિદ્યાર્થીઓ આજુબાજુ કોઈને પ્રાથમિક સારવારની જરૂર પડતી તો પાટા-પિંડી પણ કરતા. વિદ્યાર્થીનું શાળાજીવન ત્યાગપૂર્વક ભોગવટા (तेन त्यक्तेन भुंज्जीथाः ।) અને કરુણા જેવા ગુણોની ખિલવણી સામે વિકસી રહ્યું છે. જે પૂ. છગનભાના અને માણેકલાલભાઈના ઉદાત્ત જીવનઘડતર માટેની ખેવના પરિપૂર્ણ કરે છે. શ્રી માણેકલાલભાઈએ કેળવણીના ક્ષેત્રે વિવિધ ફેકલ્ટીઓ ઊભી કરીને, ઉત્તમ શિક્ષણપ્રક્રિયા અને પરિણામો દ્વારા, વિદ્યાર્થી કે વાલી કે અધ્યાપકનું સહેજ પણ શોષણ ન થાય એવી ભાવનાથી જે આદર્શ વહીવટીય ક્ષમતાનું ઉદાહરણ પૂરું પાડીને સમગ્ર ગુજરાતમાં અને અન્ય પ્રદેશોમાં ‘સર્વ વિદ્યાલય’ ની એક આગવી પ્રતિષ્ઠા ઊભી કરી છે.

વેપાર કે શિક્ષણક્ષેત્રે પા પા પગલી ભરનાર મારા જેવી વ્યક્તિના તેઓ ‘ગુરુ’ બન્યા છે. આજે વ્યાપાર ક્ષેત્રે પ્રગતિ કરવાનું, શિક્ષણની સંસ્થાઓમાં મંત્રીપદે રહીને સેવા કરવાનું કાર્ય વગેરે તેમના માર્ગદર્શનથી જ શક્ય બન્યું છે. માટે વંદનીય માણેકલાલભાઈનું ઋણ અમારા જેવાના શિરે અનેકગણું છે. અંતમાં, શ્રી માણેકલાલભાઈ સારા સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ ભોગવે એવી પ્રભુને અભ્યર્થના.

# 22.

## સદ્કર્મ-સદ્વિચારનું બીજ

ડૉ. આર. જે. વ્યાસ
પૂર્વ પ્રિન્સિપાલ અને કેમ્પસ્ ડાયરેકટર, સર્વ વિદ્યાલય કેમ્પસ્, કડી

સદ્વિચારથી વચન અને કર્મની રૂપરેખા સર્જાય છે. વિચારબીજ છે, વચન તેનો છોડ છે અને કર્મ તેનું પાકેલું ફળ છે. સ્વર્ગસ્થ પૂ. છગનભા અને માણેકલાલભાઈએ આ પ્રાકૃતિક નિયમને યોગ્ય રીતે સમજી લીધો છે. પોતાના મનની ધરતી પર આ ગ્રામ્ય કૃષિપુત્રે સર્વ વિદ્યાલયમાં અધ્યયન કરતાં કરતાં શ્રેષ્ઠ આચાર્યશ્રી અને અધ્યાપકોના સત્સંગથી, વડીલોના આશિષથી સદ્વિચારોના બીજનું આરોપણ કર્યું જેનાથી પૂ છગનભાના રોપેલા બીજ અને તેનું માણેકલાલભાઈ દ્વારા સંવર્ધન થતાં સત્કર્મોના મધુર એવં સ્વાદિષ્ટ ફળોને લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને આપણે પ્રાપ્ત કરી રહ્યા છીએ.

માણેકલાલભાઈએ કયારેય ધાર્મિક ક્રિયાકાંડને અને મંદિરોને એટલું મહત્ત્વ નથી આપ્યું. અલબત્ત, તેમણે આ બાબતમાં કોઈને રોકટોક પણ કરી નથી તેમ છતાં તેમણે સદૈવ આચાર - વિચારને હૈયે ધરી ચિંતન કર્યું છે. જે મનુષ્ય સદ્વિચાર, સદાચરણ કરે છે તે તેના જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતોમાં પણ હરક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરે છે અને તેમની કીર્તિ ચોપાસ પ્રસરે છે. આ સનાતન સત્યને પકડીને માણેકલાલભાઈએ ઉત્તમોત્તમ સદ્વિચારો દ્વારા, દૃઢ સંકલ્પો કરી શિક્ષણના ક્ષેત્રમાં, વ્યાપારના ક્ષેત્રમાં, માનવ કલ્યાણકારી કાર્યો કે આરોગ્યપ્રદાન કરે એવા ક્ષેત્રમાં સર્વત્ર સદ્કર્મો માટે પોતાના જીવનને સમર્પિત કરી દીધું છે.

લોકો ભગવાનની પૂજા એટલા માટે કરે છે કે તેમની ઇચ્છાઓ પૂરી થાય... તે સુખી થાય. પરંતુ સાચું સુખ માનવને ત્યારે મળે છે જયારે તે કોઈ અન્ય વ્યકિતની મનોકામનાઓ પૂર્ણ કરવા સદ્કર્મ કરે છે. આવું ઈષ્ટ કાર્ય વ્યકિતને સાદા ચાર પાયાના ખાટલામાં સાદગીપૂર્ણ રીતે બેસીને પણ મનનો સંતોષ પ્રાપ્ત કરાવે છે.

જયારે માણેકલાલભાઈ પાસે કે.જી.થી પી.જી. સુધીના અભ્યાસક્રમો માટે કોઈ ઍડ્મિશનની વાત લઈને આવે ત્યારે પણ જાતિ-પાતિ, ગરીબ- તવંગર,

ઊંચ-નીચના ભેદભાવને સહેજ પણ સ્પર્શયા વિના કોઈને ય અન્યાય ન થાય એવા સિધ્ધાંતને અનુસરી કાર્ય કરે છે.

માણેકલાલભાઈએ સદ્‌વિચારો અને સદ્‌કર્મોને સદૈવ મહત્ત્વ આપ્યું છે. તેમનું એક અંતર્ગત ચિંતન છે. જ્ઞાન, સાહિત્ય એ વ્યકિતના સાચા માપદંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ બધાનું તેમને મન મૂલ્ય છે જ પણ આ ગુણોના સંવર્ધનમાં સત્સાહિત્ય, સદ્‌વાચન અને ચિંતન જેટલું ઉપકારક પરિબળ બીજું કોઈ નથી. એટલે જ એમણે કડીમાં મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળની પ્રવૃત્તિઓને, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મોહનલાલ પટેલ સંસ્કાર વાર્તાલાપોને, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને તેની સંસ્થાઓમાં પૂ. છગનભા વ્યાખ્યાનમાળાઓ યોજીને કે અન્ય રીતે મૂર્ધન્ય સાહિત્યકારો, કેળવણીકારો અને ચિંતકોને આમંત્રણ આપીને અધ્યાપક - મનીષિઓને, વિદ્યાર્થીઓને, અન્ય શ્રોતાવર્ગને આ લાભ મળતો જ રહે તેનું સતત સાતત્ય જાળવ્યું છે.

માણેકલાલ બોલવામાં કડકાઈભરી શિસ્ત ધરાવનાર ખરા, પરંતુ તેમના હૃદયમાં સદા પીગળતા માખણ સમી પરોપકારિતા વિલસતી જોવા મળે. કયારેક તેમની પાસેથી બેસીને છૂટી પડતી કોઈ વ્યકિતના મુખે "આટલા મોટા ઉદ્યોગપતિ, કેળવણીકાર પણ કેવી સાદગી, કેવું ઔદાર્યભર્યું લાગણીશીલ વ્યકિતત્વ !" આવા શબ્દો લોકમુખે સાંભળીએ ત્યારે તેમની સત્કર્મોની શૃંખલા કેટલી વિસ્તૃત હશે તેનો અહેસાસ જરૂર થઈ આવે.

સદ્‌વિચારો અને સદ્‌કર્મોને કિનારાનાં બંધનો હોતાં નથી. સાંભળ્યું છે કે જયારે કડી નગરમાં હિન્દુ મુસ્લિમ વચ્ચે હુલ્લડો ફાટી નીકળ્યાં ત્યારે પલભરનો પણ વિચાર કર્યા વિના પોતાના સન્મિત્ર ડૉ. રામભાઈ અને અન્ય સાથે તેઓશ્રી નીકળી પડ્યા. વાતાવરણ એવું તો તંગ હતું કે બંને પક્ષો પોતાની વિવેકબુધ્ધિ ખોઈ બેઠા હતા પરંતુ પંડનીય પરવા કર્યા વિના બંને પક્ષોને કોમવાદથી દૂર કરી નગરશાંતિ જાળવી શિસ્તબધ્ધતામાં બાંધવા તેઓશ્રી સફળ થયા હતા. તેમને મન...

"સબ હમ સોધ્યા સોધિ કહી, દૂજા નાહીં આન,
સબ ઘર એકૈ આત્મા, કયા હિન્દુ, મુસલમાન."
એવી છે તેમના હૈયાની ઉત્તમ ધર્મભાવના !

માણેકલાલભાઈનું 'દિલ એટલે દરિયાવ'. કોઈપણ ગરીબ, આર્થિક જરૂરિયાતમંદને જોઈને તેમનું હૃદય ગદ્‌ગદિત થઈ જતું. સર્વ વિદ્યાલય કેળવણી

મંડળમાં, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળમાં કે ઊંઝાના ઉમિયા માતાના મંડળમાં યા અન્યત્ર હોદ્દેદાર તરીકે રહીને તેમણે પ્રભાવક વિચારો દ્વારા આવી જરૂરિયાતવાળી વ્યકિતઓને વિદ્યા માફી, પરદેશમાં આગળ અભ્યાસાર્થે સહાય, ગરીબ, વિધવા બહેનોને કોઈપણ જાણ ન થાય તે રીતે ઉમિયા માતાજીના મંદિરમાંથી મદદ મળે એવી લાંબા ગાળાની યોજનાઓ ઘડી છે અને તેમાં તમામ હોદ્દેદારો સાથે રહીને ઉત્તમ વિચારોનાં બીજ રોપ્યાં છે. જેનો આજે આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ અને વ્યકિતઓ લાભ ઉઠાવી રહ્યા છે અને જિંદગીભર તેનું ઋણ ભૂલતા નથી. એક કહેવત છે ને કે "જેવું વાવશો એવું લણશો." આ વાવેલાં બીજમાંથી પાંગરેલાં વટવૃક્ષો સમી સંસ્થાઓને નિહાળી, તેનો પારદર્શક, તટસ્થ, શ્રમપૂર્વકનો શુધ્ધ સાત્ત્વિક વહીવટ છેલ્લાં ઘણાં વર્ષોથી નિહાળતા આપણી જ આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓએ, ચાહકોએ કરોડોની દાનવર્ષા કરીને આ સંસ્થાને ગુજરાત સરકારમાં, ગુજરાતને સમગ્ર દેશ તેમજ પરદેશમાં પણ નામના અપાવી છે. માટે જ લોકવાણીના આ શબ્દો તેમના માટે અને અન્ય હોદ્દેદારો માટે ટાંકવાની લાલચ રોકી શકાતી નથી....

"તન ચોખ્ખાં, મન ઊજળાં, ભીતર રખ્યે ભાવ,
કિનકા બૂરા ન ચિત્ત મેં, તાકુ રંગ ચડાવ."

કડી નગરની એક પ્રતિષ્ઠિત વ્યકિત એટલે સ્વ. રતિલાલભાઈ પટેલ. તેમના સહયોગમાં માણેકલાલભાઈએ કડી શહેરના વિકાસાર્થે અને વ્યાપારવૃધ્ધિ તેમજ લોકસહાયાર્થે બૅન્ક સ્થાપવાનું સ્વપ્ન સેવ્યું. માણેકલાલભાઈએ તેમના પરમ મિત્ર સ્વર્ગસ્થ રતિલાલભાઈની પડખે ઊભા રહી વર્ષો સુધી બૅન્કના ચૅરમૅન તરીકે રહી આ સ્વપ્નને સિધ્ધ કરી બતાવ્યું. આજે કડીમાં નાના વેપારીઓથી માંડી મોટા જિનિંગ - પ્રેસિંગ ફૅકટરીઓના માલિકો બૅન્ક સહાયથી સધ્ધર બન્યા તેને તેઓ કેમ વિસરી શકે ! આવું જ એક સદ્કર્મ 'ભાગ્યોદય હૉસ્પિટલ'. તેના ચૅરમૅનપદે રહી આ સંસ્થાને 'ગરીબોના બેલી' જેવી ઉપકારક બનાવી.

માણેકલાલભાઈની પ્રકૃતિ સતત એક્યાશી વર્ષે પણ સવારના પાંચથી રાતના નવ વાગ્યા સુધી કડી સર્વ વિદ્યાલય, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર કે જયાં બંને કેમ્પસ્‌માં ૪૨૦૦૦ વિદ્યાર્થીઓ સુખપૂર્વક વિવિધ વિદ્યાશાખાઓમાં પીએચ.ડી સુધી અભ્યાસ કરી રહ્યા છે, તેમની નાનામાં નાની જરૂરિયાતો, અધ્યાપકોની જરૂરિયાતો પ્રત્યે તેમણે ખૂબ જ બારીકાઈથી ધ્યાન રાખ્યું છે. "No Management Quota at all" ની મક્કમ વિચારસરણીને

અનેક સંઘર્ષોમાં પણ વળગી રહીને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત સંસ્થાઓની આન અને શાનમાં ઉમેરો કરી સમગ્ર ગુજરાત અને દેશ - વિદેશમાં ભારે પ્રતિષ્ઠા અપાવી છે.... આ છે સદ્વિચારમાં શ્રદ્ધા સેવી 'સત્કર્મ' કરવાનું પાવન પરિણામ ! તેમણે ગીતા વાંચી છે કે નહીં તે તો ખબર નથી પરંતુ ગીતાનાં સિદ્ધાંતો / ઉત્તમ વિચારોને તેમણે જીવન વ્યવહારમાં ઉતાર્યા છે. શ્રીકૃષ્ણનો ગીતા સંદેશ कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । ને જીવનવર્તનમાં ઝીલ્યો છે. આમ, સદ્વિચાર અને સદ્કર્મોનું પરિણામ સદૈવ સાફલ્યપૂર્ણ હોય છે. ગાંધીનગરમાં ૪૦૦૦ વિદ્યાર્થીઓ, ૨૦૦૦ બહેનો, કડીમાં ૬૦૦ બહેનો અને ૧૮૦૦ વિદ્યાર્થીઓ અદ્યતન છાત્રાલયોમાં રહીને સાત્ત્વિક નાસ્તો, ઉત્તમ ભોજનની વ્યવસ્થાની નાનામાં નાની કાળજી લેવાય એવા મંત્રીઓ, આચાર્યો અને ગૃહપતિઓ દ્વારા માનવ સંસાધનતંત્રની તેમણે ગોઠવણ કરી છે. આ છે ઉત્તમ, આદર્શ, વિચારશીલ વહીવટીય સદ્કર્મનું દૃષ્ટાંત અને તેનું સ્ત્રોત છે 'માણેક'. માણેક સમા ઉજ્જવળ, તેજપુંજ સમા સદ્વિચારોનું તેમનું સદ્કર્મ ! ધન્ય છે ! કોટિ કોટિ પ્રણામ સાથે પ્રભુને પ્રાર્થના - કે માણેકલાલભાઈ ઉત્તમ સ્વાસ્થ્ય સાથે.. शरदं शतं जीवेत् । ની શુભભાવના.

# 23.

## શ્રી માણેકલાલ એમ. પટેલ : એક વિશિષ્ટ વ્યક્તિત્વ

**ડૉ. સોમાભાઈ સી. પટેલ**

પૂર્વ આચાર્ય, ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ

કૅમ્પસ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, સૅક્ટર-૨૩, ગાંધીનગર

માણેકલાલ સાહેબના પર્યાવરણપ્રેમનો અનુભવ મને 'સર્વ વિદ્યાલય' સંસ્થામાં પગ મૂકતાંની સાથે જ થયો. તે વખતે ઈ.સ. ૧૯૯૧ની સાલમાં ગુજરાતમાં પર્યાવરણ અંગે જાગૃતિની શરૂઆત થઈ ચૂકી હતી. સ્વથી શરૂઆત કરી તેની પહેલ કરનારાઓમાં શ્રી માણેકલાલ સાહેબ આગળ પડતા હતા. ગાંધીનગરના કૅમ્પસમાં મેં વૃક્ષો જોયાં, ફૂલછોડો જોયા અને હરિયાળી જોઈ. મને આ સારું લાગ્યું. ગમ્યું. મારા વિચારો પણ આ દિશામાં જ આગળ જતા હતા, સંસ્થાના કામ અંગે અવારનવાર કડી (જિલ્લો : મહેસાણા)ની મૂળ સંસ્થામાં જવાનું બનતું. શરૂઆતમાં હું અને શ્રી પ્રભુદાસભાઈ (શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના પૂર્વ આચાર્ય) બંને સાથે કડી જતા. કડીમાં શહેરના પ્રવેશમાર્ગ નજીક તેમની રૂની ગણેશ જિનિંગ પ્રેસિંગ ફૅક્ટરી આવેલી છે. અમારે ત્યાં ઊતરી જવાનું. ફૅટકરીની ઑફિસે ચા વગેરેનું આતિથ્ય માણીને પછી જ કડીના પરિસરમાં જવાનું. કોઈવાર સીધા કડી પહોંચી જઈએ તો પાછા વળતાં ફૅક્ટરીએ ઊતરવાનું અને આતિથ્ય માણ્યા પછી જ ગાંધીનગર જવા નીકળવાનું. તેમની આ આતિથ્યભાવના મને સ્પર્શી ગઈ, યોગ્ય લાગી અને અપનાવવા જેવી પણ લાગી. તેમની ગણેશ ફૅક્ટરીના આગળના ભાગમાં તેમણે સરસ ગ્રીનરી વિકસાવી હતી. હરિયાળી, રંગબેરંગી ફૂલછોડો અને વળી સ્વચ્છતા.

૧૯૯૨ની સાલમાં અમારી ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજનો એન.એસ.એસ.નો શિબિર અમે ગ્રામભારતી અમરાપુરમાં રાખ્યો હતો. તેના ઉદ્‌ઘાટન પ્રસંગે અમે તેમને પધારવા ખાસ આગ્રહ કર્યો હતો. તેઓ અવશ્ય આવ્યા. અમને હૂંફ મળી અને પીઠબળ મળ્યું. ગ્રામભારતીનાં વૃક્ષોની ઝાડીઓ, ઘટાઓ અને ફૂલછોડો જોઈને આનંદિત બની તેઓ બોલ્યા : 'સોમભાઈ, આપણે ગાંધીનગરમાં આવું જ કરવું છે. આપણા કૅમ્પસને લીલોતરીથી ભરી દો'. તેમના

આ પ્રોત્સાહનથી ગાંધીનગરના કૅમ્પસ્‌માં દિવસે દિવસે વનરાજિનું પ્રમાણ વધતું ગયું છે. ત્યારપછી સૅક્ટર-૧૫માં ટૅક્નોલૉજી કૅમ્પસ્‌ અને યુનિવર્સિટી કૅમ્પસ્‌નું નિર્માણ થયું. ત્યાંની લીલોતરી કોઈને પણ બતાવવા જેવી છે. ત્યારબાદ સૅક્ટર-૧૨માં નર્સિંગ કૅમ્પસ્‌ ૨૦૦૮ થી શરૂ થયું છે. તેની ગ્રીનરી તો વળી વધુ નયનરમ્ય અને ભરપૂર છે. આ બધું તેમના પર્યાવરણપ્રેમનું પરિણામ છે. પર્યાવરણની સાથે સ્વચ્છતા સંકળાયેલી હોય જ. સ્વચ્છતાના તેઓ એટલા જ આગ્રહી છે. કોઈ સંસ્થામાં નમૂનેદાર સ્વચ્છતા જુએ એટલે આપણા કૅમ્પસ્‌માં આવી જ સ્વચ્છતા આપણે કરવી છે એમ અચૂક કહે જ અને તે માટે જરૂરી ખર્ચની વ્યવસ્થા પણ કરે. કડી અને ગાંધીનગરમાં બધાં જ કૅમ્પસ્‌ અત્યારે સ્વચ્છ-સુંદર બનવા પામ્યાં છે તે તેમના પર્યાવરણપ્રેમી અને સ્વચ્છતાપ્રેમી અભિગમનું પરિણામ છે.

તેમની આતિથ્યભાવનાનો ઉલ્લેખ આગળ આવી ગયો છે અને તે ઘણો વ્યાપક છે. આતિથ્ય માટે તેઓ અંગત રીતે ઘણું જ ખર્ચ ભોગવે છે. સંસ્થાનું કામ હોય તો પણ નાસ્તો કે ભોજન વ્યવસ્થા માટે તેમણે અનેકવાર પોતાના ખિસ્સામાંથી પાંચસો કે હજારની નોટો કાઢેલી છે. જે સંચાલક મંડળની મિટિંગો દર બે-ત્રણ મહિને કડી અને ગાંધીનગરમાં મળતી રહે છે. તેમાં આવનારાઓની સંખ્યા ૬૦ થી ૧૦૦ જેટલી તો હોય છે. બે વખત ચા-પાણી અને બપોરના સમયે ઉચ્ચ ગુણવત્તાવાળું ભોજન એ એક શિરસ્તો બની ગયો છે. 'સર્વ વિદ્યાલય' ની ભોજન વ્યવસ્થા હંમેશાં વખાણવાલાયક રહી છે. મિટિંગો ઉપરાંત મોટા ઉદ્‌ઘાટન કાર્યક્રમો કે સન્માન સમારંભોમાં ચાર-પાંચ હજાર માણસોનું રસોડું તો સહેજે થઈ જાય. વી.આઈ.પી. મહેમાનો માટે ડાઈનિંગ ટેબલ-ખુરશી સાથેની ભવ્ય વ્યવસ્થા હોય જ છે અને તેની સાથે બૂફે પણ હોય. જમવા બેસવામાં તેઓ કદી ઉતાવળ ન કરે. મુખ્ય મુખ્ય માણસોને સંભારે. તેમને શોધીને આગ્રહપૂર્વક જમવા બેસાડે. પહેલી પંગત પૂરી થયા પછી બીજી કે ત્રીજી પંગતમાં જ પોતે બેસે. આટલી હદ સુધીની કાળજી મને હંમેશાં સ્પર્શ કરતી રહી છે અને અપનાવવા જેવી લાગી છે.

ઈ.સ. ૧૯૯૧ના જૂન માસમાં ગાંધીનગરની ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના પ્રિન્સિપાલ તરીકે મારી પસંદગી થઈ. ઈન્ટરવ્યૂ ગુજરાત યુનિવર્સિટીમાં હતા, ત્યાંથી મારે પાછા પાટણ જવાનું હતું. તેમને અમદાવાદથી કડી જવાનું હતું. એટલે પોતાની ગાડીમાં મને બેસાડી કલોલ-ગાંધીનગર હાઈવે બસ સ્ટેન્ડ સુધી મૂકવા આવ્યા. મેં કહ્યું, 'હવે બસ આવશે એટલે તેમાં હું બેસી જઈશ. તમે કડી જવા નીકળો.' તેઓ બોલ્યા, 'શું ઉતાવળ છે, તમારી બસ આવવા દો! પાટણની બસ આવી.' તેમાં હું બેઠો અને બસ રવાના થઈ. પછી જ

તેઓ કડી જવા નીકળ્યા. તેમની આવી કાળજીના અનેક અનુભવો મને થયા છે. કૉલેજના કામ અંગે શરુઆતમાં ગાંધીનગરથી ગુજરાત યુનિવર્સિટી જવાનું થતું. કડીથી તેમની અંગત ગાડી ગાંધીનગર આવે. ત્યાંથી હું યુનિવર્સિટી પહોંચું. કામ પતી જાય એટલે ગાડી મને ગાંધીનગર મૂકી જાય અને પછી ગાડી કડી જાય. આવા અનેક પ્રસંગોએ તેમણે ઘણું જ પેટ્રોલ બાળ્યું છે. માઉન્ટ આબુ મુકામે બ્રહ્માકુમારી સંસ્થામાં ત્રણ દિવસના યોગશિબિરમાં આચાર્યોને લઈને મારે જવાનું હતું ત્યારે જવા-આવવા માટે અમે વ્યવસ્થા કરવાનું વિચારી રહ્યા હતા ત્યારે તેમણે પોતાની ગાડીની ઑફર કરી. અમે નમ્રતાપૂર્વક ના પાડી છતાં આગ્રહપૂર્વક પોતાની જ ગાડી અમને આપી. વળી આબુમાં અમારી નિવાસવ્યવસ્થા થયેલી હતી. છતાં તેમણે કહ્યું, આબુમાં મારો બંગલો છે. તેમાં જ તમારે રહેવાનું. ગાડી ત્યાંથી તમને શિબિરના સ્થળે લઈ જશે અને પાછા બંગલે મૂકી જશે. અમારી ના છતાં તેમણે આબુના બંગલે ચોકીદાર પર ફોન કરી, આખો બંગલો સાફ-સૂફ કરાવી અમારી સંપૂર્ણ નિવાસવ્યવસ્થા ત્યાં કરાવી દીધી. જોકે શિબિરના નિયમ પ્રમાણે અમારે શિબિરના સ્થળે જ રહેવાનું હતું છતાં અમે તે બંગલો અને બંગલાની વ્યવસ્થા જોવા ગયા. ત્યાં જઈને જોયું તો કોઈ વી.આઈ.પી. મહેમાનોના ઉતારા અને સરભરા માટે જેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી વ્યવસ્થા અમારા માટે થયેલી અમે જોઈ. આ જાણી તેમની આતિથ્યભાવના અને કાળજી માટે અમારા મનમાં તેમના વિશે ઘણું માન પેદા થયું.

આજકાલ પલંગ માટે તૈયાર ગાદલાં લાવવાનું લોકો પસંદ કરે છે, પણ વર્ષો અગાઉ રૂનાં ગાદલાં ભરાવવાની પ્રથા હતી. અમારા ઘરનાં ગાદલાં ભરાવવા માટે મારાં શ્રીમતીએ મને કહ્યું કે માણેકલાલ સાહેબની જિનિંગ ફૅક્ટરીમાંથી રૂ મંગાવીએ તો ગાદલાં સારાં થાય એટલે મેં સાહેબને જણાવ્યું કે મારે આપની ફૅક્ટરીમાંથી વીસ કિલો રૂ જોઈએ છે. જે પૈસા થશે તે આપી દઈશું. તેઓ બોલ્યા : 'અમે છૂટક રૂ વેચતા નથી પણ તમારા માટે હું લેતો આવીશ.' તેમની પોતાની જ ગાડીમાં પાછળની ડીકીમાં રૂની ગાંસડી લેતા આવ્યા અને આગ્રહ છતાં પૈસા ન લીધા. અન્યનું કામ કરવાની અને ઘસારો વેઠવાની તેમની મનોભાવના પ્રત્યે મને માન પેદા થયું.

તેમનો આ આતિથ્યભાવ સંસ્થામાં પણ ઊતર્યો છે. સર્વ વિદ્યાલય એ મોટી સંસ્થા છે અને ઉત્તરોતર વિકસતી રહી છે, પ્રસંગોપાત્ત વિશિષ્ટ મુલાકાતીઓ અને સંસ્થાઓનાં પ્રતિનિધિ મંડળો સંસ્થાની મુલાકાતે આવતાં રહે છે, આવે એટલે તરત ચા-પાણી તો હોય જ. અરસ-પરસ પરિચય થાય અને સંસ્થાદર્શન

માટે નીકળતાં પહેલાં સાહેબ તેમને કહે: 'સંસ્થા જોયા પછી જમીને જ જવાનું છે.' મુલાકાતીઓ જમવાની ના પાડે, પણ સાહેબ માને નહીં. કહે, 'રસોઈની તો ક્યારનીય સૂચના અપાઈ ગઈ છે, તૈયાર પણ થઈ ગઈ છે. જમ્યા વિના જવાતું હશે ?' તેમના આવા આતિથ્યભાવથી સંસ્થાની પ્રતિષ્ઠા વધી છે.

શ્રી માણેકલાલ સાહેબ એટલે પ્રોટોકોલનું ઉત્તમ ઉદાહરણ. કોઈ નાનું કે મોટું ફંકશન હોય, મહત્ત્વની મિટિંગ હોય તો દરેકને પોતપોતાના હોદ્દા અને પ્રતિષ્ઠા પ્રમાણે, માન જળવાય તે રીતે કોને ક્યાં બેસાડવા તેનું બારીક ધ્યાન તેઓ રાખે. સહુને મોભા પ્રમાણે બેસાડે અને માન આપે. કોને કોની જોડે બેસાડવા તો સારું લાગે તેનું ખાસ ધ્યાન રાખે અને આ વ્યવસ્થામાં કચાશ કે ખામી જણાય તો તેમાં ફેરફાર કરીને અને પ્રોટોકોલ વ્યવસ્થાને પરિપૂર્ણ બનાવીને જ રહે. તેવી જ રીતે ફૂલહાર, બૂકે, શાલ, સ્મૃતિચિહ્ન વગેરે અર્પણ કરી માન-સન્માન અપાવવામાં તેમણે હંમેશાં ઘણી જ કાળજી લીધી છે. પરિણામે સંસ્થાની પ્રતિષ્ઠા વધી છે. રાજયના મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી, ગવર્નરશ્રી કે કેન્દ્રીય ઉચ્ચ હોદ્દેદારશ્રીઓ અને દાતાશ્રીઓને સત્કારવા ને સન્માનવા તેમણે કદી કોઈ કચાશ રાખી નથી. તેમની ઝીણવટભરી કાળજીથી વી.આઈ.પી. મહેમાનો હંમેશાં ખૂબ સારી છાપ લઈને ગયા છે. આવા પ્રસંગોએ આખું કેમ્પસ્ વાળી-ઝૂડી સંપૂર્ણ સ્વચ્છ બનાવવામાં, પાણી છંટાવી તેને મહેંકતું કરવામાં તેમણે કલાકો સુધી સ્થળ ઉપર હાજર રહી, સુંદર વ્યવસ્થા હંમેશાં જાળવી છે. મોટો કાર્યક્રમ યોજાવાનો હોય ત્યારે છેલ્લા બે-ત્રણ દિવસ કેમ્પસ્‌માં જ રોકાય અને એકેએક વ્યવસ્થાનું જાત નિરીક્ષણ કરી, ખામીઓ સુધરાવી તેને શોભાયમાન બનાવી દે. ખર્ચની કરકસર નહીં, કામ મુખ્ય બની જાય, તેવી તેમની કાર્યશૈલી રહી છે. દાતાશ્રીઓએ જે દાનો આપ્યા છે તેનો કેવો ઉપયોગ થયો છે તે જોવા તેમને બોલાવી તેમણે આપેલા દાનમાં તેટલી જ કે તેનાથી બે-ત્રણ ગણી રકમ સંસ્થાએ ઉમેરી જે મકાન બાંધ્યું હોય તે તથા તેની અંદરની બધી વ્યવસ્થાઓ દાતાઓને રસપૂર્વક બતાવવા-સમજાવવામાં તેઓ કદી થાકે નહીં. આવી તેમની સંસ્થાપ્રીતિ, કાર્યપ્રીતિ અને આતિથ્ય ભાવનાના અનેક પ્રસંગો મારા મનમાં હંમેશાં રમ્યા કરે છે તેની થોડીક પ્રસાદી જ આ લેખમાં મેં આપી છે. બાકી તો આવાં અગણિત ઉદાહરણોનું સાક્ષી 'સર્વ વિદ્યાલય' પોતે જ છે અને બોલ્યા વિના પણ તે ઘણું ઘણું કહી દે છે. 'સર્વ વિદ્યાલય' ની પ્રત્યેક બાબત ઉપર માણેકલાલ સાહેબના વિશિષ્ટ વ્યકિતત્વની છાપ અંકિત થયેલી છે અને જોનારને તે તરત દેખાય છે.

# 24.

## આપણા સમર્થ સી. ઈ. ઓ.

ગણેશભાઈ કા. પટેલ
પૂર્વ દ્વિતીય આચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી
પૂર્વ તંત્રી : 'ધરતી' માસિક, અમદાવાદ

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ એમના ચૂંટણી પ્રવાસ દરમ્યાન એક સૂત્ર ગાજતું કરીને મોટા ભાગના મતદારોના દિલ જીતી લીધેલા. એ સૂત્ર હતું : 'Yes, We Can'. આ સૂત્રની જાદુઈ અસર થઈ અને તેઓ મેદાન મારી ગયા. સૂત્રો અને પ્રતિજ્ઞાઓની જનમાનસ પર પ્રભાવક અસર પડતી હોય છે.

પૂ. છગનભાની બે પ્રતિજ્ઞાઓ યાદ કરો : છાત્રાલય અને શાળા નહીં સ્થપાય ત્યાં સુધી (૧) ગળ્યું નહીં ખાઉં અને (૨) એકટાણું કરીશ. આ પ્રતિજ્ઞાઓએ સમાજને તંદ્રામાંથી જગાડયો અને ૨૨-૩-૧૯૨૦ માં છાત્રાલય (વિદ્યાર્થી આશ્રમ) અને ૧-૩-૧૯૨૨ થી પાટીદાર વિદ્યાલય (સર્વ વિદ્યાલય) ની જ્ઞાનગંગાનું કડીમાં અવતરણ થયું. મહાત્મા ગાંધીની ૧૯૨૦ ની દાંડીકૂચ પૂર્વેની 'કૂતરા-બિલાડાના મોતે મરીશ પણ આઝાદી મેળવીને જ જંપીશ' પ્રતિજ્ઞા યાદ કરો. ગાંધીનગર સર્વ વિદ્યાલય કેમ્પસના સર્જન (૧૯૭૯) પાછળ પણ પૂ. દાસકાકા (પુ.ર. પટેલ) ની 'કઠોર પરિશ્રમ' ની તેમની ટેક કામ કરી ગઈ.

ત્યારબાદ જેમનામાં પૂ. છગનભાનો સેવાભાવ અને પૂ. દાસકાકાનો કઠોર પરિશ્રમ મૂર્તિમંત થયેલો દેખાય છે એવા આપણા માણેકલાલભાઈને જુઓ.બરાક ઓબામાએ તો ૨૦૦૮ માં 'યસ વી કેન' કહ્યું પણ માણેકલાલભાઈએ તો આજથી ૪૦ વર્ષ પહેલાં એ સૂત્રને કાર્યાન્વિત કર્યું છે. પૂ. છગનભાએ વાવેલી 'એક કળી, બહુરૂપે ફળી' માં આપણા સમર્થ સીઈઓ માણેકલાલ અને એમની ટીમનો પ્રચંડ પુરુષાર્થ પડેલો છે. સમર્થ સીઈઓ એટલા માટે કે એમની પાસે સ્વપ્નો પણ છે અને એમને સાકાર કરવાની અપ્રતિમ શક્તિ પણ છે. સંસ્થાઓ સ્થાપવાથી લઈને એમના સુચારુ સંચાલન માટેની પ્રામાણિકતા, સંસ્થાભક્તિ, કઠોર પરિશ્રમ અને વહીવટી દક્ષતાની બાબતમાં તેઓ એક્કા છે.

કાશીના સ્વામી કેશવાનંદજીએ આશીર્વાદ પાઠવી પૂ. ભાની હથેળીમાં

પાંચ રૂપિયા મૂક્યા. એ પાંચ રૂપિયા અને છ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી આ સંસ્થા આજે તો ૪૨ હજારની લગોલગ પહોંચીને કડી સર્વ વિશ્વવિદ્યાલયનો માનવંતો દરજ્જો પામી છે. સાધના સિવાય કશું સિધ્ધ થતું નથી. આપણા આ સીઈઓ એવા પટેલ છે જે કદી પલાંઠી વાળીને બેસતા જ નથી. એમણે પૂ.ભાનો મંત્ર પકડયો : 'કર ભલા, હોગા ભલા'. એમણે મનમાં ગાંઠ વાળી કે કેળવણી જ સુખ-સમૃધ્ધિની ચાવી છે. એમની આ વાતે યજ્ઞનું સ્વરૂપ પકડ્યું. સમાજ સાથેનો એમનો જીવંત સંપર્ક અને એમની અનન્ય સંસ્થાભક્તિ જોઈને સમગ્ર સમાજ અર્ઘ્ય (યજ્ઞસામગ્રી, અહીં દાન) સાથે જોડાયો અને સંત કબીરની એક ચીરી (દાતણની) માંથી નર્મદાતટે જેમ કબીરવડ સર્જાયો તેમ ભા અને દાસકાકાએ રોપેલા એ છોડ કેળવણીનું મહાવૃક્ષ બનીને બન્ને કેમ્પસ્‌માં ઝૂલતા થયા. મનીષિ કવિ ડૉ. 'અનામી' એમના એક કાવ્યમાં એટલે જ ભક્તિભાવપૂર્વક, ભાને વિનવે છે : 'ઝૂલે કેવું મહાવૃક્ષ આ જુઓ ભા.'

શતાબ્દીની ઉજવણી જેના હાથવેંતમાં છે તેવી આ સંસ્થા આટલી બધી કેવી રીતે પાંગરી, ફૂલી-ફાલી, વિકસી, વિસ્તરી અને વિલસી એના મૂળમાં કેળવણી દ્વારા સમાજને ઊંચે ઊઠાવવાની પ્રતિબધ્ધતા પડેલી છે અને સાથે સાથે એને અનુરૂપ સમર્થ નેતૃત્વ એને પ્રાપ્ત થયું છે. આજસુધીના એના નીતિઘડવૈયાઓએ રાજકારણ સંસ્થાને સ્પર્શી ન જાય એનું અસિધારાવ્રતની જેમ પાલન કર્યું છે. સંસ્થા પક્ષાપક્ષીથી પર રહી છે એ એના વ્યકિતત્વનું મજબૂત પાસું છે. તમામ હોદ્દેદારો, કાર્યકરો, આચાર્યો, શિક્ષકો અને ગૃહપતિઓએ માળીની જેમ સંસ્થાની માવજત કરી છે.

આપણી સરકારો વિકાસકાર્યોમાં જનભાગીદારીની વાતો કરવામાંથી ઊંચી આવતી નથી પણ આપણા આ સીઈઓએ છેલ્લાં ૪૦ વર્ષથી જનભાગીદારીનો આ પ્રયોગ અમલમાં મૂકીને (સામાન્ય માણસથી માંડીને મોટા દાતાશ્રીઓને સંસ્થા વિકાસ સાથે જોડીને) કરોડો રૂપિયાના રોકાણવાળા મોટા શૈક્ષણિક પ્રૉજેક્ટ્સ સાકાર કર્યા છે. જેમને અનુભવ છે તેમને પૂછો તો ખ્યાલ આવે કે દાન મેળવવું એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. દાતાઓને તમારા વહીવટમાં વિશ્વાસ હોવો જોઈએ. માણેકલાલભાઈ વિશ્વાસની આ મૂડીથી માલદાર છે. શિક્ષણનો આ ગોવર્ધન પોતાના ખભે ઉઠાવીને જે સલુકાઈ, સહજતા અને સરળતાથી તેઓ કામ કરે છે એ જોઈને આશ્ચર્ય અને અહોભાવ ન પ્રગટે તો જ નવાઈ.

૨૧મી સદીને અનુરૂપ હાઈટેક શિક્ષણ આપતાં એકમેકથી ચઢી જાય તેવાં

વિદ્યાભવનો અને છાત્રાલયો તથા વિશાળ એ.સી. ઑડિટોરિયમ્સ્ ઊભાં કરીને એમણે અનેક યુનિવર્સિટીઓના માનવંતા વાઈસ ચાન્સેલર સદ્ગત વિદ્યાપુરુષ ઈશ્વરભાઈ પટેલની યાદ તાજી કરાવી છે. તેઓ (ઈ. પટેલ) પણ રાતોરાત ભવનો ઊભાં કરવાની જબરદસ્ત તાકાત ધરાવતા હતા. આપણા શહેનશાહ શાહજહાં સમા માણેકલાલ સાહેબની આ તાકાત જોઈને છક્ક થઈ જવાય છે. આ તાકાત ઈશ્વરીય દેન લાગે છે.

સેવાધર્મો પરમ ગહનો. એમના આ સેવાધર્મનાં મૂળ શામાં રહેલાં છે ? તા. ૧-૨-૧૯૨૯ ના રોજ કડી તાલુકાના ખોબા જેવડા ઊંટવા ગામના સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા આ ચીંથરેવીંટયા રતન ઉપર પૂ. છગનભાના 'કર ભલા, હોગા ભલા' સૂત્રની દૃઢ છાપ વજ્રલેપની જેમ અંકિત થયેલી છે.

મેલાંઘેલાં કપડાં પહેરી, ખભે દફતર ભરાવીને ઊંટવાના ધૂળિયાં નાળિયાં ખૂંદતી અને રસ્તે આવતી બોરડીઓને ઝૂડતી તેમજ આસપાસનાં ખેતરોમાંથી મૂળા-ગાજર ડૂસકાવતી સર્વ વિદ્યાલયમાં ભણતી આ વિદ્યાર્થીટોળીના તેઓ આમ મંકોડી પહેલવાન. પણ ભણવેગણવે તેજસ્વી કેપ્ટન હતા. આજે પણ એ કેપ્ટનશીપ તેમણે જાળવી રાખી છે. એ વખતે ગામડાંએ ગળી જોયેલી નહીં. છાત્રાલયના વિદ્યાર્થીઓ જ ગળીબંધ ગાદલા, ઈસ્ત્રીવાળો ડ્રેસ પહેરતા. ધૂળમાં રહેવું ને ધૂપેલનો શોખ ક્યાંથી પોષાય ?

સર સયાજીરાવ મહારાજાનો સ્નેહ (૪-૧-૧૯૨૬) અને મહાત્મા ગાંધીના આશીર્વાદ (૨૭-૭-૧૯૨૯) પામેલી આ રાષ્ટ્રીય શાળા અને છાત્રાલયમાં ૩૩ વર્ષ અને ત્યાંની નિવૃત્તિ પછી તેમના હાથ નીચે કડી - ગાંધીનગરમાં કેમ્પસ્ નિયામક તરીકે મેં એમને નજીકથી ખાતાપીતા, ચર્ચા કરતા, મિટિંગો ચલાવતા, પ્રધાનો અને અમલદારો સમક્ષ સંસ્થાના પ્રશ્નો અને પ્રપોઝલ્સની સબળ રજૂઆત કરતા, કોઈ વાર ગુસ્સે થતા, શાબાશી આપતા અને લેફટરાઈટ લેતા, કેમ્પસ્માં ચાલતાં કામો ઉપર દોડતા અને અન્યોને દોડાવતા જોયા છે. પણ આ બધુંય સંસ્થા માટે. થોડીક વારમાં તો હળવા થઈને બધું ભૂલી જાય . એમના સ્વભાવની એ વિશેષતા છે કે તેઓ દંશરહિત અને દ્વેષરહિત છે. નકામી વાતોનો ટોપલો એ માથા ઉપર નથી રાખતા.

એમની સંસ્થાભક્તિ તો એવી કે સંસ્થાને કદી રેઢી ન મૂકે. કડીમાં હોય તો ગાંધીનગર કેમ્પસ્માં ચાલતાં કામો કે અન્ય મહત્ત્વની બાબતો અંગે ત્રણ-ચાર

ફોન કરીને બધાને જાગતા રાખે. ગાંધીનગર કેમ્પસ્‌માં હોય ત્યારે ફોનથી કડીને જીવંત રાખે. He is a hard task-master. કામ કરે અને બધાની પાસે કામનો હિસાબ માગી બધાને કામ કરતા કરે. આપણા સીઈઓ સ્પે. બી.એ. (અર્થશાસ્ત્ર) એલએલ.બી. હોઈ હિસાબકિતાબ અને કાનૂની બાબતોમાં નિષ્ણાત છે. વહીવટદક્ષતા તો એમના બાપની. કડી મ્યુનિસિપાલિટીના દક્ષ સી.ઓ. સાહેબ તરીકે લોકો આજે પણ યાદ કરે છે. તમામ સંસ્થાઓના દૈનિક વ્યવહારોના હિસાબના જે તે ચોપડા તપાસી પોતે સહી કરે. નક્કી કરેલ ખર્ચ કરતાં વધારાના ખર્ચની પ્રપોઝલ્સ માટે જે તે આચાર્યશ્રી સાથે ચર્ચા કરે. કોઈપણ સારી શૈક્ષણિક પ્રવૃત્તિ માટે હંમેશાં તૈયાર. કેમ્પસ્‌માં થતા વિકાસકાર્યને નજર તળે કાઢયા સિવાય રહે નહીં. ચણતર અને પ્લાસ્ટર ઉપર હાથ ફેરવીને જોઈ લે અને ઉબડખાબડ પ્લાસ્ટર હોય તો સુપરવાઈઝર અને કૉન્ટ્રાકટરની ધૂળ કાઢી નાખે. સંસ્થાના વિકાસ કાર્યો માટે જમીનની કે બીજા કોઈ પ્રશ્ન અંગેની ફાઈલ ચાલતી હોય તો અડધી રાતે ફોન કરીને 'બધું' તૈયાર છે ને' એમ પૂછી લે ને સવારે તમને લેવા ગાડી આવશે - તૈયાર રહેજો' કહીને જ જંપે. કડીની ઑઈલ મિલ્સ પાસેથી ગુજરાત ગૌશાળાના ગોધન માટે ફોન ઉપર જ સેંકડો પાપડીના કોથળા નોંધીને અમને યાદી મોકલાવી દે. ઊંચા ડાયાબિટીસ વચ્ચે પણ કેમ્પસ્ અને સરકારી ઑફિસમાં જે ત્વરાથી આ માણસ ચાલે છે તે જોઈને દંગ થઈ જવાય છે. ૮૧મા વર્ષે પણ આ યોધ્ધો અડગ અને અજેય છે. નથી એ મંદિર - મહાદેવ જતા કે નથી કોઈ ધર્મની કંઠી બાંધી. સંસ્થા એમનું મંદિર છે ને શિક્ષણ દ્વારા સામાજિક ક્રાન્તિ આણીને નવી પેઢીને ૨૧મી સદીના પડકારો ઝીલે તેવી ખમીરવંતી બનાવવી એ જ એમનું સ્વપ્ન છે.

સ્વપ્નોના સોદાગર એવા આ સમર્થ સીઈઓ (ચીફ એકઝીકયુટિવ ઑફિસર) માટે તો 'શતાયુ ભવ' ની પ્રાર્થના સિવાય ઈશ્વર પાસે બીજું શું માગીએ ?

# 25.

## શ્રી મા. મા. પટેલ : એક વિચાર

ભગવત સુથાર
પૂર્વ અધ્યાપક, એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી

ગ્રીક તત્ત્વચિંતક પ્લેટોએ તેના એક પુસ્તકમાં લખ્યું છે : "હું કવિઓ, લેખકો ચિંતકો અને સમાજસેવકોને મારા નગરથી દેશવટો આપું છું. તેઓ રાષ્ટ્ર કે સમાજને ઉપયોગી નથી."

પ્લેટોના પટ્ટશિષ્ય ઍરિસ્ટોટલે પ્લેટોના આ વિચારને સત્યથી વેગળો, ભ્રામક અને વાહિયાત ગણાવતાં કહ્યું : હું પ્લેટોના વિચાર સાથે સંમત નથી, કેમકે કવિઓ, લેખકો, ચિંતકો અને સમાજસેવકો જ રાષ્ટ્ર અને સમાજનું નેતૃત્વ કરીને તેમને અભ્યુદયને માર્ગે દોરે છે. ગ્રીકનો મહાન સૉક્રેટિસ પણ કહે છે : "જે મા-બાપ પોતાનાં સંતાનને શિક્ષા આપતાં નથી, તે સંતાનોનાં મા-બાપ નથી પણ શત્રુ છે."

આંગ્લકવિ એલેકઝાંડર પોપે કહ્યું છે : "લજ્જા કે માન પ્રસંગજન્ય નથી પણ વ્યકિતનાં મંગલ કર્મોનું સુફળ છે."

આંગ્લકવિ નાટ્યકાર વિલિયમ શેક્સપિયર તેના નાટકમાં કહે છે : "કેટલાક જન્મથી જ મહાન હોય છે, કેટલાક મહાન થવા જ જન્મે છે, કેટલાક જન્મ, કુળ કે જાતિથી નહીં પણ સ્વ કર્મબળ ફળથી જ મહાન થવા જન્મે છે." પ્લેટો, ઍરિસ્ટોટલ, સૉક્રેટિસ, ઍલેકઝાંડર પોપ અને વિલિયમ શેક્સપિયરે જ્યારે આ શબ્દો લખ્યા હશે ત્યારે તેઓ એક વાતથી તો તદ્દન અજાણ હતા. હજારો વર્ષ પછી ગુજરાતના એક નાનકડા ગામ ઊંટવામાં એક ભડવીર જન્મશે. જે અવશ્ય તમારા પથ્થર પરની લકીર જેવા શબ્દોને પૂરેપૂરી સાર્થકતા બક્ષીને સ્વ-આત્મશક્તિ, આત્મશ્રદ્ધા અને આત્મોપમ્યને અવશ્ય દીપાવશે જ.

આપણા સંસ્કૃત સાહિત્યમાં કહેવાયું છે : "સાહિત્ય, સંગીત કલાવિહીન માણસ શિંગડા ને પૂંછ વિનાનો પશુ સમાન છે." વળી કહેવાયું છે : "કાવ્યશાસ્ત્ર વિનોદમાં જ બુદ્ધિમાન રાચે છે. મૂર્ખ તો કલહ-નિંદામાં જ રાચે છે."

આદ્ય અર્વાચીન કવિ વીર નર્મદના શબ્દો : ડગલું ભર્યું કે ના હટવું, વેણ કાઢ્યું કે ના લટવું - ને આપે જીવી જાણ્યા છે.

આ એકવડિયું, પાતળી સોટી જેવું નબળું લાગતું એ તન, ભલે પ્રાથમિક શિક્ષક થવા માટે યોગ્ય ન લાગ્યું પણ એ પાતળિયા પુરુષોત્તમ જેવા આપે અનેક યુવાન-યુવતીઓના જીવનના રાહબર થવાની યોગ્યતા સ્થાપિત કરી છે.

યુવાવર્ગના એ કેવા મોંઘેરા રાહબર બની રહે છે એનો એક કિસ્સો અત્યારે સ્મરણમાં તાજો છે :

ગાંધીનગરથી રાત્રે ફોન આવ્યો : મોટા ભાઈ! કાલે ગાંધીનગર આવો. સાગરને ધોરણ દસમાં પ્રવેશ મળતો નથી. શાળાના આચાર્ય કહે છેઃ શ્રી એમ.એમ. પટેલ કહે તો પ્રવેશ શક્ય છે.

'સારું, હું કાલે આવું છું.' હું ગાંધીનગર ગયો. મારા દીકરા મહેન્દ્રને ત્યાં સાગર મોટર-સાઈકલ લઈને મારી રાહ જોતો હતો. હું સર્વ વિદ્યાલયની શાખાના એક મહેમાનગૃહમાં ગયો. શ્રી એમ.એમ. પટેલ ઉપસ્થિત હતા. શાળાના આચાર્ય પણ હતા. હું તેમની પાસેની ગાદી પર નમસ્તે કહીને બેઠો. તેઓ બોલ્યા, 'સુથાર સાહેબ, અહીં નજીક બેસો.' તેમનો શબ્દ એટલે જાણે અવાજ ધીરગંભીર રણકતો હોવાથી આજ્ઞા જેવો લાગે પણ ભીતરમાં જાણે સ્નેહવર્ષા.

અનેક રોકાણો અને ખૂબ મુલાકાતીઓ હોવા છતાં, અગાઉથી મુલાકાત માગેલી ન હોવા છતાં તેમણે પૂછયું, 'સુથાર સાહેબ, કેમ આટલું લાંબું થવું પડયું ?'

'મારા કાકાના દીકરાના દીકરાને ધોરણ દસમાં આચાર્યશ્રી પ્રવેશ માટે ના કહે છે.'

'સર,' તે છમાસિકમાં ગણિત - અંગ્રેજીમાં નાપાસ છે. જો પ્રવેશ આપું તો આપણી શાળાનું બોર્ડનું પરિણામ કદાચ બગડે..' આચાર્યે ખુલાસો કર્યો.

તેમણે દીકરાનું પરિણામ જોયું. ગણિત-અંગ્રેજીમાં ગુણાંકન બહુ, ઓછા ન હોતા.

'શું તું મહેનત કરીશ ? રખડીશ તો નહીંને ?

દીકરાએ બે હાથે નમસ્તે કરીને વિનયથી કહ્યું: આપશ્રી જે કાંઈ કહેશો તે મુજબ મહેનત કરીશ. શાળાનું પરિણામ નહીં બગાડું.'

મેં પણ કહ્યું : 'જે તે જરૂરી ટ્યુશન રાખવા કે ખર્ચ માટે તેના વાલીને હું અવશ્ય કહીશ.'

દીકરાની આંખમાં રહેલાં નિશ્ચયબળ અને ભણીને આગળ વધવાની તમન્નાનો અવ્વલ રંગ જોઈને તેમણે આચાર્યશ્રીને કહ્યું: 'પ્રવેશ આપી દો.'

સાગરે પ્રવેશપત્ર અને જરૂરી ફી ભરી દીધાં. તેના પર સાહેબના શબ્દોનો એટલો બધો પ્રભાવ પડ્યો હતો કે શાળામાં એકપણ દિવસ તે ગેરહાજર ન રહ્યો કે ન એકે તાસ છોડયો. મોટા માણસના સાચદિલ શબ્દો તેને અસર કરી ગયા.

બે-ત્રણ વર્ષે સાહેબને મળવાનું થયું. તેમણે પૂછયું: 'સુથાર સાહેબ! તમારા પેલા વિદ્યાર્થીનું પછી શું થયું ?'

'સાહેબ! આપના શબ્દોની સચ્ચાઈ અને શિક્ષણપ્રેમને લીધે તે દસ-બાર ઉત્તીર્ણ કરીને આજે કૉલેજમાં છે. જયારે મળે છે ત્યારે મનોમન આપને યાદ કરીને આભાર માને છે. આપને તે સાચા રાહબર ગણે છે.'

એક હળવું હાસ્ય તેમના ચહેરા પર ચમકી ગયું.

કડી કેમ્પસ્ અને ગાંધીનગર કેમ્પસ્‌ના નયનરમ્ય ને દર્શનીય શિક્ષણસંકુલોમાં ૪૨,૦૦૦ ઉપરાંત અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને છાત્રોની ચિંતા સાથે કન્યાકેળવણી માટેનો ભેખ ધરીને ધૂણી ધખાવીને આપણા માણેક - યોગેન્દ્રરૂપે વિરાજે છે ,એક તાન, એક રટણ છે. નેપોલિયન બોનાપાર્ટ ફ્રાન્સના રાજવીની જેમ :

કરવો હોય દેશને આબાદાન,<br>
તો દો કન્યાને જ્ઞાનદાન :

આપશ્રીના શિક્ષણ સહ સાહિત્યરસને બિરદાવવા આથી વિશેષ શું કહું ? આપ સાહિત્ય, સંગીત અને કલાના પરમ ચાહક-ઉપાસક છો. આપની પૈની યકબાલ નજર તે રસસાગરમાં સતત ડૂબેલી રહે છે, જે આપને શિક્ષણપ્રેમી અને સાહિત્યપ્રેમી પ્રસ્થાપિત કરે છે.

અંતમાં પ્રભુ મા.મા. પટેલને તેમની સકલ મંગલ કામનાઓ પરિપૂર્ણ કરવાની તમામ તનમનધનની શક્તિઓ અર્પીને તેમને કૃતાર્થ કરે, માનવતાના ઊંચા શિખરે આરૂઢ કરે.

# 26.

# ધ્યેયસિધ્ધિના શિલ્પી

દિલીપ રૉય

સુપ્રસિધ્ધ લેખક

શ્રી માણેકલાલભાઈ "સાહેબ" ના નામે જ ઓળખાય છે અને તેમને એ જ નામે સંબોધવામાં આવે છે. પોતે સ્વભાવે શિસ્તપાલન તથા સચ્ચાઈના દઢાગ્રહી. વિચારો વજ્ર સમાન દઢ પણ લાગણીમાં ઋજુ. પોતે પોતાનાં હૈયે ઊગેલા વિચારોને અનુસરે. ભૂલ જણાય તો તે સ્વીકારી બાંધછોડ કરે. મને કયાંક વાંચેલું યાદ આવે છે : "એ જ ઉન્નતિ કરે છે જે પોતાને ઉપદેશ આપે છે." તેઓ સારા, સાચા તથા ઉપકારક વિચારોને દઢપણે વળગી રહે.

કહેવાય છે ને કે મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. એ સૂત્રવાક્યને કર્મઠ વ્યકિતઓએ પોતાના પુરુષાર્થ દ્વારા અશક્યને શક્ય બનાવીને સમગ્ર વિશ્વ સમક્ષ એક સિધ્ધ મંત્રરૂપે રજૂ કર્યો છે. સફળતા માટે સંઘર્ષ કરવો એ મનુષ્યમાત્રનો જન્મસિધ્ધ અધિકાર છે. પ્રારંભિક નિષ્ફળતાઓના અંધકાર વચ્ચેથી જ સફળતાની આશાનું કિરણ ઝળહળી ઊઠે છે. સાહેબે પણ પોતાના જીવનમાં ઘણી તડકીછાંયડી જોઈ છે. પોતે કહે છે : જીવનમાં ચડતીપડતી તો આવ્યા કરે એથી હતાશાને વળગી ન રહેવાય. એકવાર ડગલું ભર્યું પછી ના હટવું તે ના હટવું - એ જ સિધ્ધાંતને વળગી રહેવામાં માને.

ઈમર્સને કહ્યું છે ને કે "આત્મવિશ્વાસ એ જ સફળતાનું મુખ્ય રહસ્ય છે." આત્મવિશ્વાસ તથા દઢ સંકલ્પબળ મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓને સંગઠિત કરી જીવનને ધ્યેયલક્ષી, ગતિશીલ તથા ઉન્નત બનાવે છે. માનવજીવનની સફળતા કર્મયોગમાં છે, નહીં કે કર્મભોગમાં. સાહેબે અત્યંત સામાન્ય પરિવેશમાંથી અસામાન્ય કહી શકાય એવી પ્રશસ્ય સિધ્ધિઓ મેળવી છે. મનુષ્યનો સ્વભાવ સમય, સામર્થ્ય તથા સંકલ્પ કોઈ એક યા અનેક પરિબળો તેમજ દિશાઓમાં મનોયોગ અને પરિશ્રમપૂર્વક પ્રયોજાય તો તેમાં તે ચમત્કાર સર્જી શકે છે. સાહેબને તો શ્રી અને સરસ્વતી બન્નેની કૃપા મળી છે. શ્રી એટલે લક્ષ્મીની સાથે સરસ્વતીનો

કદી મેળ ન ખાય, ભલે એવું કહેવાતું હોય પણ લક્ષ્મીની કૃપાપ્રાપ્તિના પગલે તેમણે સરસ્વતીની આરાધના આરંભી અને શિક્ષણ પ્રત્યેની પ્રબળ અભિરુચિને પોતાની અકલ્પ્ય તથા પ્રશસ્ય કાર્યદક્ષતાથી વેગવંતી બનાવી. યોજનાબધ્ધ કાર્યનિર્ધારણ તથા તેનો તત્પરતાપૂર્વક નિભાવ સાહેબ સમાન બુધ્ધિશાળી વિચક્ષણ વ્યકિતને સફળતા અપાવે જ.

સાહેબે પોતે જે શાળામાં અભ્યાસ કર્યો તે સર્વ વિદ્યાલય કેળવણી સંસ્થા - કડી તથા તેમના વિદ્યાભ્યાસ સમયના ઋષિઓ સમાન આચાર્ય અને શિક્ષાગુરુઓ પ્રત્યેના અનન્ય પ્રેમ, શ્રધ્ધા ભક્તિ તથા લાગણીને ઉમદા વિચારો તથા સ્વપ્નો દ્વારા સાકાર કરવા કટિબધ્ધ બન્યા. પોતાની શાળા-માતૃસંસ્થાના ઉત્તરોત્તર વિકાસ કાર્યો માટે આયોજન કરતા ગયા અને નિષ્ઠા, ધગશ તેમજ અથાગ પ્રયાસ - પરિશ્રમ દ્વારા તેમાં સિધ્ધિ મેળવતા ગયા. આજે સર્વ વિદ્યાલય - કડીનું વિદ્યાસંકુલ કબીરવડ સમાન ફાલીફૂલીને ખૂબ પ્રશસ્ય અને દર્શનીય બન્યું છે. પોતાની આ માતૃસંસ્થાના વિકાસની સાથે સાથે એની શાખા સ્વરૂપે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ અનેક શૈક્ષણિક પ્રશાખાઓ સ્થાપી એક જબરદસ્ત વિદ્યાવિહાર ઊભું કર્યુ છે. દેશ-પરદેશમાં વસતા અને સમૃધ્ધ બનેલા આ શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી બન્ને સંસ્થાઓના કેળવણીક્ષેત્રે સર્વાંગીણ વિકાસાર્થે વિપુલ દાન મેળવી અનેકવિધ વિદ્યાશાખાઓ શરૂ કરી અભૂતપૂર્વ વિકાસ સાધ્યો. પરિણામે આજે સર્વ વિદ્યાલય વિદ્યાસંકુલ યુનિવર્સિટીમાં પરિણમેલ છે, જેનો સમગ્ર શ્રેય સાહેબને તેમના દૃઢ સંકલ્પ, પ્રબળ કર્મયોગ, દીર્ઘ દૃષ્ટિ, અતૂટ મનોબળ, નિશ્ચિત ધ્યેય તથા અન્યના સાથ-સહકારના ફળસ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

શ્રી માણેકલાલભાઈએ ઉપરોકત ધ્યેયસિધ્ધિ માટે પોતાના સંકલ્પબળને મહત્ત્વનું ગણ્યું. કોઈ પણ સંકલ્પનો લાભ વ્યકિત જયારે વિશેષ મનોયોગપૂર્વક એને પૂર્ણ કરવા કટિબધ્ધ બને છે ત્યારે જ મળે છે. આજે તેમનાં જીવનની આ સાર્થકતા સુપેરે ફળી છે એ જોઈ શકાય છે.

તેમણે પોતાના પ્રિય એવા શિક્ષાગુરુ પ્રત્યે પણ સેવાવૃત્તિ સ્વરૂપ અહોભાવ દાખવી વિનમ્ર પ્રયાસ કર્યો, જે કડીના અમે સાહિત્યસર્જકો માટે લાભપ્રદ સાબિત થયો છે. જે શિક્ષાગુરુઓ પ્રત્યે પોતાને સવિશેષ પૂજયભાવ છે, તેમાંના એક એવા સર્વ વિદ્યાલયના પૂર્વ આચાર્યશ્રી મોહનલાલ પટેલ કે જેઓ ગુજરાતી સાહિત્યક્ષેત્રે ઉત્કૃષ્ટ સાહિત્યકાર છે, ઉપરાંત અમારા પણ સાહિત્યગુરુ છે, તેમના નામાભિધાન સાથેના શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ - કડીને માતબર કહી શકાય એવી

આર્થિક સહાય કરી-મેળવી આપી એટલું જ નહીં પણ એમાં અવિરતપણે સાથ-સહકાર આપતા રહ્યા છે. જેના માટે અમે સૌ તેમના ઋણી છીએ.

આ રીતે સાહેબે સારા, આદર્શ, રચનાત્મક, ઉપયોગી તથા આત્મસંતોષ આપનારાં કાર્યો દ્વારા જીવનના ઉદ્દેશ્યને નિઃસ્વાર્થભાવે પૂર્ણ કર્યું છે. તેમણે 'Adopt positive thinking and grow rich.' અર્થાત્, 'ઉત્તમ વિચારોને અપનાવો અને વિકાસની કેડીએ સમૃધ્ધ બનો'. એ નીતિરીતિને પોતાના જીવનમાં અપનાવી છે. આપણા શ્રી માણેકલાલભાઈ યથાર્થમાં જ "માણેક" છે.

# 27.

## મુ. માણેકલાલભાઈ :
## એક અનોખું સમર્પિત વ્યક્તિત્વ

**પ્રિ. સોમાભાઈ વિ. પટેલ**
તંત્રી : 'ધરતી' માસિક, અમદાવાદ

એક સમયે ઉત્તર ગુજરાતના રૂઢિગ્રસ્ત સમાજમાં શૈક્ષણિક ક્રાંતિ દ્વારા સામાજિક ક્રાંતિ સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર મુખ્ય ત્રણ હાઈસ્કૂલો તે સર્વ વિદ્યાલય, કડી; નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર અને શેઠ જી.સી. હાઈસ્કૂલ, પિલવાઈ. આ ત્રણ શાળાઓમાં શિક્ષણ પામનાર વિદ્યાર્થીઓમાં ગાંધીજીની રાષ્ટ્રીય ભાવના સાથે કર્તવ્યનિષ્ઠા અને શિસ્તપાલનનાં એવાં બીજ રોપાયાં હતાં કે એમણે એ સમયના રૂઢિગ્રસ્ત સમાજને ઢંઢોળીને બેઠો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ ત્રણેય વિદ્યાસંસ્થાઓમાં પણ કડી સર્વ વિદ્યાલય અગ્રેસર હતી અને આજે પણ અગ્રેસર રહી છે.

ઈ.સ. ૧૯૧૯માં 'કર ભલા, હોગા ભલા' ના સૂત્રનાદ સાથે પૂ. છગનભાના સંનિષ્ઠ પ્રયાસોથી, અનેક સામાજિક- આર્થિક અવરોધક - પરિબળોની વચ્ચે આરંભાયેલી આ સંસ્થાની શિક્ષણજ્યોત આટલાં વર્ષોમાં કોઈ કાળે ઝાંખી પડી નથી; એટલું જ નહિ, આજે એ શત દીવડે પ્રકાશી રહી છે. આનું શ્રેય, આમ તો કોઈ એક વ્યક્તિને નહિ, પણ આ સંસ્થાની અવિરત વિકાસયાત્રામાં સહભાગી થનાર અનેક સંનિષ્ઠ કાર્યકર્તાઓને આપી શકાય; પરંતુ એમાંયે આ સંસ્થાના છેલ્લા ત્રણ-ચાર દાયકાઓના અતીત પર દૃષ્ટિપાત કરીશું તો એમાં એક નામ સૌના ચિત્ત પર અવશ્ય ઊભરી આવશે; અને તે નામ એટલે શ્રી માણેકલાલ મા. પટેલ અર્થાત્ 'સાહેબ'.

'સાહેબ' ના નામથી સર્વપ્રિય બનેલા અને સર્વ વિદ્યાલયના સર્વતોમુખી વિકાસના પ્રણેતા તરીકે સર્વસ્વીકૃતિ પામેલા મુ. માણેકલાલભાઈ એટલે આ સંસ્થાને સમર્પિત એક અનોખું વ્યક્તિત્વ. 'અનોખું' એટલા માટે કે કૉટન-ઉદ્યોગ સાથે જોડાયેલ કોઈ વેપારી કે ઉદ્યોગપતિ 'શેઠ' હોય, પણ 'સાહેબ' ભાગ્યે જ હોય; પરંતુ આજે આ સંસ્થાના આચાર્યો, અધ્યાપકો, કર્મચારીઓ અને

વિદ્યાર્થીઓમાં 'માણેકલાલભાઈ' થીયે વધુ ગુંજતો કોઈ શબ્દ હોય તો તે 'સાહેબ' છે. કૉટન-ઉદ્યોગ અને કેળવણીને મેળ કયાંથી ખાય ? પણ આજે કેળવણીકાર માણેકલાલભાઈ ઉદ્યોગકાર માણેકલાલભાઈને પાછળ રાખી દઈને કયાંય આગળ નીકળી ગયા છે અને કેળવણીના ક્ષેત્રમાં અનેક નવાં નવાં સોપાનો સર કરતા રહ્યા છે. આ વિદ્યાસંસ્થાનો છેલ્લા દોઢ-બે દાયકામાં જે ઝડપે સર્વતોમુખી વિકાસ થયો તેમાં અને વિશેષતઃ આ સંસ્થાને ગાંધીનગરમાં વિશાળ સંકુલરૂપે પ્રસ્થાપિત કરવામાં અને તેને સમગ્ર ગુજરાતમાં અને દેશમાં પ્રતિષ્ઠા અપાવવામાં મુ. માણેકલાલભાઈનું પ્રદાન અનન્ય કહી શકાય તેવું છે. અલબત્ત, એમની આ સિદ્ધિમાં એક ઉદ્યોગકારની દીર્ઘદૃષ્ટિ, સાહસિકતા, વ્યાવહારિક સૂઝ-બૂઝ અને પ્રામાણિકતાનો ફાળો ઘણો મોટો છે.

કડી સર્વ વિદ્યાલયને ગાંધીનગરમાં પ્રસ્થાપિત કરનારા સ્વપ્નદષ્ટાઓમાં મુ. પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા), મુ. ધનાભાઈ વકીલ જેવા ઘણા અગ્રણીઓ હતા, પરંતુ આ સંસ્થાના વર્તમાન સ્વરૂપના નિર્માતા તેમજ તેને આ ભૂમિમાં પ્રાથમિક - માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ જ નહિ બલકે ઉચ્ચ શિક્ષણની આર્ટ્સ-કૉમર્સ - સાયન્સ - ઍજ્યુકેશનથી માંડીને ડિગ્રી ઍન્જિનિયરિંગ, ફાર્મસી અને પોલિટૅક્નિક સહિતની અનેક વિદ્યાશાખાઓના ૩૫૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓના વિશાળ શિક્ષણ સંકુલરૂપે વિસ્તારીને તેને 'સર્વ વિશ્વવિદ્યાલય' ના નામે યુનિવર્સિટીની રાષ્ટ્રવ્યાપી પ્રતિષ્ઠા અપાવનાર તો મુ. માણેકલાલભાઈ જ.

હું કડી સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી ન હોઈ મુ. માણેકલાલભાઈ સાથે મારો પ્રત્યક્ષ પરિચય ઘણાં વર્ષો સુધી નહિવત્ જ રહ્યો. પરંતુ આ સંસ્થા સાથે ગાઢ સંબંધે જોડાયેલા આચાર્યો શ્રી મનુભાઈ, મુ.શ્રી મોહનલાલ પટેલ, શ્રી ગણેશભાઈ તેમજ સાહિત્યકારો મુ.શ્રી રતિલાલ સાં. નાયક, મુ. ડૉ. ભોળાભાઈ પટેલ, શ્રી યશવંત કડીકર અને કડીના સાહિત્યવર્તુળ સાથેના સંબંધોને કારણે આ સંસ્થામાં યોજાતા મોટા ભાગના કાર્યક્રમોમાં મારે હાજર રહેવાનું થતું. આ દરેક કાર્યક્રમમાં મુ. માણેકલાલભાઈની હાજરી હોય જ. કેમ્પસ્‌માં એ ગમે ત્યાં હોય તો પણ એમની હાજરી મહેમાનોની આગતાસ્વાગતામાં કાર્યક્રમની વ્યવસ્થા અને તેના સંચાલનમાં વરતાયા વગર ન રહે.

મુ. માણેકલાલભાઈ એટલે સ્પષ્ટ વિચારધારા, મજબૂત મનોબળ અને આ સંસ્થાને આજીવન સમર્પિત વ્યકિતત્વ. સંસ્થાનો વહીવટ અને મિટિંગોનું સંચાલન લોકશાહી ઢબે થાય; પરંતુ એમનો અવાજ એવો પ્રબળ કે કોઈ એ અવાજને

ઉવેખવાની હિંમત ન કરે. અલબત્ત, એ અવાજમાં સંસ્થાનું હિત અને સંસ્થાના વિકાસની જ વાત સમાયેલી હોય. સ્પષ્ટવક્તા માણેકલાલભાઈ કોઈને સરમુખત્યાર જેવા કઠોર લાગે, પણ એવું નથી. એ પોતાની સાથેના સંનિષ્ઠ કાર્યકર્તાઓનું જ નહિ, સામાન્ય કર્મચારીઓના હિતનું અને આર્થિક મૂંઝવણ અનુભવતા વિદ્યાર્થીના વાલીનું યે ધ્યાન રાખે. આવા માણેકલાલભાઈના કઠોર છતાં ઋજુ વ્યકિતત્વને આ શ્લોક દ્વારા જ યથાર્થ રીતે પામી શકીએ.

वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को विज्ञातुमर्हति ॥

(અર્થાત્, વજ્ર જેવા કઠોર અને પુષ્પ જેવા કોમળ મહાપુરુષોનાં હૃદયને કોણ જાણવા સમર્થ છે ?)

# 28.

# માનવતાની મહેંકથી મઘમઘતા માણેકલાલ!

પ્રિ. ભોગીભાઈ સી. શાહ

પૂર્વાચાર્ય, શેઠ સી.એન.જી.બી.ટી.સી., અમદાવાદ, ચીફ એડિટર અને લેખક

આપણી ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં છેક પરાપૂર્વકાળથી 'નારીરત્ન' અને 'નરરત્નની' સર્વગુણસંપન્નતાનાં યશોગાન, લોકમુખે અને અક્ષરદેહે ગાતાં-ગવાતાં આવ્યા છે. એ પૈકી 'નારીરત્ન'ને ષોડશ ગુણ-સંસ્કારોથી નવાજવામાં આવી છે તો, 'નરરત્ન' ને નારીરત્નથી બમણા એટલે કે બત્રીસ ગુણ-લક્ષણોથી બિરદાવવામાં આવ્યા છે; અર્થાત્, 'બત્રીસ-લક્ષણા' પુરુષની સર્વોપરિતાનો, સર્વશ્રેષ્ઠતાના શિરમોર સ્વરૂપે, સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો છે...

ભારતીય નારીરત્નના ષોડશ ગુણ - સંસ્કારોની ચર્ચાને હમણાં બાજુ પર રાખીને આપણે, 'બત્રીસ-લક્ષણા' પુરુષની બહુમુખી પ્રતિભાને ઉજાગર કરવાનો પ્રયત્ન કરીએ તો, સર્વપ્રથમ એક વાતની ખાસ નોંધ લેવી પડે કે, 'પુરુષશ્રેષ્ઠ' નાં આ બત્રીસ લક્ષણો છેક પ્રાચીનકાળથી અર્વાચીનકાળ સુધી, એના એ સ્વરૂપે યથાવત્ રહ્યાં નથી, એમાં જમાને-જમાને કહો કે સદીએ-સદીએ, માનવજીવન વ્યવહારનાં બદલાતાં રહેતાં મૂલ્યનિષ્ઠ માપદંડોના સંદર્ભમાં આમૂલ પરિવર્તનો થતાં રહ્યાં છે. બીજા શબ્દોમાં કહીએ તો, પ્રાચીનકાળમાં અને ત્યારપછી મધ્યકાલીન યુગમાં જે 'નરરત્નો'ની ગણના 'બત્રીસ-લક્ષણા પુરુષો' માં થતી હતી તે ગણના કે માન્યતા, અર્વાચીન યુગમાં એનાં એ લક્ષણોથી કે વિશેષતાઓથી મૂલવવી શક્ય નથી.

ઉદાહરણરૂપે જોઈએ તો, પ્રાચીનકાળના ઋષિમુનિઓ અને આશ્રમવાસી ગુરુઓની પ્રખર **'જ્ઞાનશક્તિ'**ના પરિપ્રેક્ષ્યમાં 'Knowledge is Power'ની સંકલ્પના ત્યારે સર્વોત્તમ કે સર્વશ્રેષ્ઠ ગણાતી હતી. ત્યારબાદ મધ્યયુગમાં રાજા-મહારાજાઓ, સર્વસત્તાધીશ શાસનકર્તાઓ અને નિર્મમ સરમુખત્યારોના 'મારે એની તલવાર' ના જમાનામાં, પ્રચંડ **'બળશક્તિ'**ના પ્રભાવે કરીને 'Strength is Power'ની બોલબાલા થઈ ગઈ; 'શાસ્ત્રો'નું સ્થાન 'શસ્ત્રો' એ લઈ લીધું

તત્પશ્ચાત્ **'યંત્રશક્તિ'**ના સામર્થ્યે કરીને વૈજ્ઞાનિક ટેક્નોલોજીના સંદર્ભમાં 'Wealth is Power'ના ન્યાયે, વિશ્વની આર્થિક-સમૃધ્ધ શક્તિશાળી મહાસત્તાઓએ, સમગ્ર માનવજાતને, અણુયુધ્ધનો ભય દેખાડીને, બાનમાં લઈ લીધી !

પરંતુ એ વિશ્વસત્તાઓની સર્વોપરિતાને પણ નામશેષ થતાં વાર ન લાગી અને 'પરિવર્તન એ સંસારનો નિયમ છે' - એ ભગવદ્ગીતાના સારરૂપ સંદેશને વિશ્વની બુદ્ધિજીવી જનતાએ સ્વીકારવો જ પડ્યો અને હવે પ્રવર્તમાન પરિસ્થિતિમાં તો , સમષ્ટિની નહિ કિન્તુ વ્યકિતની 'માનવધર્મી માનવતા' જ, માનવીય જીવનવ્યવહારના સર્વોચ્ચ શિખર પર પ્રસ્થાપિત થઈને ઝળહળી રહી છે એટલું નોંધ્યા સિવાય ચાલે એમ નથી.

આટલી ભૂમિકા બાંધવા પાછળનો મારો નમ્ર આશય તો માત્ર એટલો જ છે કે, જે મહાનુભાવના યશોજજવલ જીવનવૃત્તાંતને શાબ્દિક રીતે મૂલવવાનો સંનિષ્ઠ પ્રયત્ન આપણે સૌ આ અભિવાદન ગ્રંથના ઉપક્રમે કરી રહ્યા છીએ તે માનનીયશ્રી માણેકલાલભાઈની, માનવતાની મહેંકથી મઘમઘતી બહુમૂલ્ય પ્રતિભાને, જરાપણ અતિશયોક્તિ કે વાણી-વિલાસ કર્યા વિના હું, એક 'બત્રીસલક્ષણા નરશ્રેષ્ઠ'ના માપદંડથી મૂલવીને આપની સમક્ષ પ્રસ્તુત કરવા માગું છું.....

આપ સૌએ મુરબ્બીશ્રી માણેકલાલભાઈની (૮૧ વર્ષીય) સુદીર્ઘ જીવનયાત્રા દરમિયાન, કોઈને કોઈ પ્રસંગ યા સંદર્ભે એમની સાથે સંલગ્ન એવા આપના જેવા એમના નિકટના સ્વજનોએ, સન્મિત્રોએ, શુભેચ્છકોએ, સાહિત્યકારોએ, શિક્ષણવિદોએ, સહકાર્યકરો વગેરેએ પોતપોતાના સ્મૃતિ-લેખમાં તેમના વિશે જે કંઈ લખ્યું છે, તેમાંની કેટલીક મહત્ત્વની બાબતોને મારા સુપુત્ર શ્રી હર્ષદભાઈ કે જેઓ હાલ સર્વ વિદ્યાલય કેમ્પસ્-ગાંધીનગરમાં સંપાદક- સુપરવાઈઝર છે તેમની પાસેથી જાણીને તથા મને મળેલ પત્ર સાથેના સંદર્ભ સાહિત્યને વાંચી જઈને તેમજ ખાસ તો અમદાવાદ-નારદીપુરના મહત્ત્વના બે-ચાર પ્રસંગોએ તેમને અધ્યક્ષશ્રી તથા ઉદ્ઘાટક પદે નિમંત્રીને અને તેમનાં વક્તવ્યો સાંભળીને મારી દૃષ્ટિએ તેમના 'બત્રીસ-ગુણી જીવન વ્યવહાર'નાં જુદાં જુદાં પાસાંઓને પ્રકાશિત કરવાનો - High light કરવાનો - વિનમ્ર પ્રયાસ કર્યો છે.

ફળસ્વરૂપ, 'મૂઠી ઊંચેરા માનવી' શ્રી માણેકલાલભાઈના આજદિન સુધીના માનવતાપૂર્ણ જીવનવ્યવહારમાંથી સંપ્રાપ્ત થતાં, અનુપમ અને અપ્રતિમ કહી

શકાય એવાં, બત્રીસ જેટલાં ગુણ-સંસ્કારોથી યુક્ત લક્ષણોને, ચાર મુખ્ય ક્ષેત્રોમાં સમાવિષ્ટ કરવાનો મેં જે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તે આ પ્રમાણે છે :

(૧) પ્રભાવશાળી વ્યકિતત્વ : Dynamic Personality
(૨) અડગ આત્મબળ : Indestructible Will-Power
(૩) માનવતાવાદી અભિગમો : Humane Approaches
(૪) અફર આગ્રહો : Invariable Insistences

ઉપર્યુક્ત ચાર ક્ષેત્રો પૈકી પ્રત્યેક ક્ષેત્રના વિશાળ વ્યાપમાં શ્રી માણેકલાલભાઈના જીવનવ્યવહારમાં આઠ લેખે કુલ બત્રીસ જેટલાં ગુણ-સંસ્કારયુક્ત લક્ષણોનો સહજ ભાવે સમાવેશ થઈ જાય છે તેની પ્રતીતિ, નીચેની યાદી જોવાથી આપને અચૂક થઈ જશે :

**ક્ષેત્ર-(૧) પ્રતિભાશાળી પ્રખર વ્યકિતત્વ :**

જેમના હૃદયમાં હિમાલય જેવી સુદઢતા અને અડગતા છે, જેમનાં વાણી - વર્તન - વ્યવહારમાં ગંગાનાં નીર જેવી નિર્મળતા અને પ્રવાહિતા છે ; જેમની બુદ્ધિપ્રતિભામાં અશક્યને પણ શક્ય કરી બતાવવાની કુશળતા અને પરિપક્વતા છે તથા જેમના વૈયકિતક જીવનમાં પારદર્શિતા અને પ્રામાણિકતા તાણાવાણાની જેમ વણાઈ ગયાં છે તેવા મુરબ્બીશ્રી માણેકલાલભાઈના પ્રતિભાસંપન્ન વ્યકિતત્વમાં નીચેનાં આઠ દિવ્યાભૂષણોરૂપ તેજસ્ફુલ્લિંગો વિરાટ સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે :

(૧) સંન્નિષ્ઠ શિક્ષણવિદ્ (૨) સક્ષમ ઉદ્યોગપતિ (૩) કર્તવ્યનિષ્ઠ કર્મયોગી (૪) સ્વપ્નદૃષ્ટા શિલ્પી (૫) કોમી એખલાસના હિમાયતી (૬) દીર્ઘદૃષ્ટિયુક્ત આર્ષદૃષ્ટા (૭) પારદર્શી વહીવટના પુરસ્કર્તા અને (૮) ઉદારદિલ તથા નેકદિલ દાનવીર....

**ક્ષેત્ર-(૨) અડગ, અવિનાશી આત્મબળ :**

જેમનામાં ઘસાઈને ઊજળા થવાની માનવતાયુક્ત પવિત્ર ભાવના ઝળહળે છે; જેઓ જરૂરિયાતમંદ માનવબંધુઓને આર્થિક રીતે પગભર કરવા પરોપકારી વૃત્તિથી સતત અને સદૈવ પ્રયત્નશીલ રહે છે; જેમનામાં સમાજનાં અનૈતિક તત્ત્વો સામે જંગે ચઢવાની નૈતિક તાકાત અને હિંમત વિદ્યમાન છે તથા જેઓ લોખંડ જેવું પોલાદી મનોબળ ધરાવે છે તેવા આદરણીયશ્રી માણેકલાલભાઈના રોમરોમમાં, નીચેના

જેવી આઠ વિરલ અને વિશિષ્ટ શક્તિઓથી વિભૂષિત, અડગ અને અવિનાશી આત્મબળ આવિષ્કૃત થાય છે. :

(૧) સફળ સંચાલન-શક્તિ (૨) ઝડપી નિર્ણયશક્તિ (૩) વિચક્ષણ બુદ્ધિશક્તિ (૪) અસ્ખલિત વકતૃત્વશક્તિ (૫) અપ્રતિમ સહનશક્તિ (૬) સુદઢ સંકલ્પશક્તિ (૭) અપરિમેય સમસ્યા-નિરાકરણશક્તિ અને (૮) ત્વરિત તથા શીઘ્ર આકલન-શક્તિ (Grasping Ability)......

**ક્ષેત્ર-(૩) માનવતાવાદી અભિગમો :**

જેમને ન કેવળ શિક્ષણક્ષેત્રે કે ઉદ્યોગેક્ષેત્રે બલ્કે સમાજસેવાનાં વિવિધ ક્ષેત્રે પણ આજીવન પ્રદાન કરેલ બહુમૂલ્ય યોગદાન બદલ ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશ એસોસિયેશન, મહેસાણા તરફથી 'આનર્ત ઍવૉર્ડ' તથા અખિલ ગુજરાત કડવા પાટીદાર પરિષદ તરફથી 'પાટીદાર રત્ન' જેવા અનેક વિશિષ્ટ ઍવૉર્ડ એનાયત કરીને નવાજવામાં આવ્યા છે તે સન્માનનીય માણેકલાલભાઈના 'ગાંધીમૂલ્યનિષ્ઠ' જીવનવ્યવહારમાંથી નીચેના જેવા આઠ માનવતાવાદી અભિગમોની સુવાસ સદૈવ પ્રસરી રહી છે:

(૧) નિર્ભેળ નિખાલસતા (૨) નિર્દંભ નિરાડંબરતા (૩) પ્રામાણિક પારદર્શિતા (૪) સંનિષ્ઠ કર્તવ્યપરાયણતા (૫) વાત્સલ્યપૂર્ણ આતિથ્ય ભાવના ને આત્મીયતા (૬) કાનૂની કાર્યદક્ષતા (૭) દ્વેષરહિત નિર્ભયતા અને (૮) ઊર્ધ્વગામી પ્રતિબધ્ધતા.....

**ક્ષેત્ર-(૪) અફર અને અપરિવર્તનશીલ આગ્રહો :**

જેમણે પોતે તો શિક્ષણની એવી કોઈ વિશિષ્ટ ઉચ્ચ પદવી સંપ્રાપ્ત કરી ન હોવા છતાં, શિક્ષણને એક 'hobby' તરીકે આત્મસાત્ કરીને તથા શિક્ષણ અંગે સતત ચિંતન-મનન કરતા રહીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત કડી તેમજ ગાંધીનગર કૅમ્પસ્માં અનેકવિધ નયનરમ્ય શિક્ષણ-સંકુલોમાં ગુજરાતી - અંગ્રેજી માધ્યમનાં બાલમંદિરોથી માંડી ઉચ્ચ શિક્ષણની સ્વનિર્ભર યુનિવર્સિટી સુધીનો વ્યાપ ધરાવતી કડી કૅમ્પસ્ની ૧૮ તથા ગાંધીનગર કૅમ્પસ્ની ૨૯ જેટલી શિક્ષણ-સંસ્થાઓમાં ૪૩૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને તથા અનેકવિધ છાત્રાલયોના છાત્રોને અને ૧૬૦૦૦ ઉપરાંત બહેનોને કન્યાકેળવણી સાથે અધ્યયન-સુવિધા પ્રદાન કરવાનો ભગીરથ 'શિક્ષણ-યજ્ઞ'

ફળીભૂત કરી બતાવ્યો છે તેવા ઋષિતુલ્ય શ્રી માણેકલાલભાઈ નીચેના જેવા આઠ સુદઢ આગ્રહોને, સહેજ પણ બાંધછોડ કર્યા વિના વળગી રહીને આ વિશાળ શૈક્ષણિક - વટવૃક્ષનું એક સિદ્ધહસ્ત 'બાગબાન' ની હેસિયતથી સફળ સંચાલન કરી રહ્યા છે :

(૧) કડક શિસ્તયુક્ત સંયમનો આગ્રહ (૨) અનુશાસનનો આગ્રહ (૩) ઊંચી ગુણવત્તાનો આગ્રહ (૪) સમયપાલનનો આગ્રહ (૫) નિયમિતતાનો આગ્રહ (૬) કન્યાકેળવણીનો દઢાગ્રહ (૭) સ્વચ્છતા - સુવ્યવસ્થાનો આગ્રહ અને (૮) કઠોર પરિશ્રમનો આગ્રહ......

આમ, પોતાની માનવદેહધારી ઉંમરમાં, વર્ષોનો ઉમેરો જેમજેમ થતો જાય છે તેમતેમ, પોતાની 'જનેતાતુલ્ય' સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શૈક્ષણિક દુનિયામાં, અવનવાં અને અદ્યતન શૈક્ષણિક સુવિધાઓનાં નૂતન નજરાણાંનું ઉમેરણ કરવા સતત પ્રયત્નશીલ રહેતા શ્રી માણેકલાલભાઈ આજે ૮૧ વર્ષની જૈફ વયે યુવાનોને પણ શરમાવે તેવી સ્ફૂર્તિ અને ઉત્સાહ ધરાવે છે ; એટલું જ નહિ, ઉપર જણાવેલ ચારેય ક્ષેત્રો સાથે સંલગ્ન, આઠ-આઠ લેખે કુલ ૩૨ જેટલા 'મૂલ્યનિષ્ઠ ગુણ-લક્ષણો'થી ઝળહળતું અને આ દરેક ગુણ-લક્ષણને ઉજાગર કરે એવા પ્રેરક પ્રસંગો અને ઉદાહરણો એમના જીવનવ્યવહારમાંથી વીણી શકાય તેવું તેમનું દિવ્ય માનવજીવન તેમને 'મહામાનવ' ની ઉચ્ચતમ કક્ષામાં પ્રસ્થાપિત થવાની યોગ્યતા પ્રદાન કરે છે....

પરમ કૃપાળુ પરમાત્મા આવા 'બત્રીસ-લક્ષણા ગુર્જરરત્ન'ને નિરામય દીર્ઘાયુ બક્ષે એ જ અભ્યર્થના સહ.

# 29.

# A GLIMPSE OF SRI MANEKLAL M. PATEL AS A STAUNCH PROMOTER OF GIRLS' EDUCATION

**Dr. Amrita Paresh Patel**
Principal, Uma Arts & Nathiba Commerce Mahila College,
Sector-23, Gandhinagar

It is a matter of utmost pride and privilege for me to pen a few lines about venerable Sri Maneklal M. Patel, President, Kadi Sarva Vishwa Vidyalaya, Gandhinagar and Chairman, Sarva Vidyalaya Kelavni Mandal, Kadi and Gandhinagar.

As it is observed and found by many people who have come into contact with 'Sahebshri' he possesses a multi-faceted personality. One of the aspects of his personality is his great dedication to the cause of education for girls.

In fact, Pujjya Chhaganbha, the visionary founder of our Trust, Sarva Vidyalaya Kelavani Mandal, who wanted to bring about social revolution through education, also cherished the desire of providing equal opportunities to girls along with boys. Hence he began a girls' hostel at Kadi and named it "Kanya Kunj" in 1934 but his effort did not succeed. In those days of social orthodoxy, parents of girls were not ready to send their wards to the institution to study. Unfortunately, the 'Kanya Kunj' had to be closed and Pujjya Chhaganbha's beautiful dream remained unfulfilled during his life time.

But later office bearers of the Trust felt that it was extremely important to fulfill the incomplete dream of our foreseeing Founder. Hence, a separate education complex, entitled: 'Kalupur Bank Kanya Kelavani Sankul' was established in our Gandhinagar campus where in there began three institutions exclusively meant for girls' education, viz:

(1) Smt. Mrudulaben Bharatbhai Patel Primary Girls' School (1989)

(2) Smt. Raiben Gopaldas Patel Girl's Secondary and Smt. Savitaben Babubhai Patel Girl's Higher Secondary School (1989)

(3) Uma Arts & Nathiba Commerce Mahila College (1991)

All these institutions for empowerment of girls began with the enthusiastic efforts of Sri Maneklal M. Patel Saheb who had been the active secretary of the Mandal from 1973-1974 to 1999-2000. Since 2000-2001, he has been rendering his services as the chairman of Sarva Vidyalaya Kelavani Mandal, Kadi and Gandhinagar. Sahebshri always works with missionary zeal and utter dedication to the cause of philanthropic education. Hence, all the these three institutions began functioning successfully in no time in the capital of Gujarat.

I have been the privileged member of Sarva Vidyalaya Parivar Since 1991, when I was appointed as the Head, Department of English of Uma Arts & Nathiba Commerce Mahila College, the newly begun, first Higher Education Institution of the Trust in its Gandhinagar Campus.

Since then, I have been a witness to the tremendous tenacity with which Sri M. M. Patel Saheb works to introduce latest programs and institutions of higher education both in Gandhinagar and Kadi equally.

We have seen him touring around, particularly, in U.S.A. along with Sri Narsinghbhai K. Patel, Former Chairman, Higher Education, Sarva Vidyalaya Kelavani Mandal, Sri Mohanlal B. Patel, Former Principal of the school at Kadi and present Secretary, Sarva Vidyalaya Kelavani Mandal, Gandhinagar and Dr. Kanubhai D. Patel Secretary, Sarva Vidyalaya Kelavani Mandal, Kadi and Gandhinagar, to collect donations of crores of rupees from the alumni and well-wishers of Sarva Vidyalaya Kelavani Mandal.

Sahebshri worked painstakingly day and night to establish a University of Sarva Vidyalaya. And he did succeed in beginning Kadi Sarva Vishwa Vidyalaya in 2007 in Gandhinagar. Sahebshri is a man of immense determination. With "divine dissatisfaction" he takes up one project after another, involving liability of huge amount and fortune always favours him. He always does what he decides to do.

But even when he is busy in completing projects of different self-financed institutions of utmost importance, I have found as the principal since 2002 that he has never forgotten our grant-in-aid Uma Arts & Nathiba Commerce Mahila college.

Whether it was holding up of the UGC Sponsored National seminar in English on Indian Renaissance in 2002 in our college or sending of Letter of Intention to National Assessment & Accreditation Council (NAAC) in 2002 when there were very few colleges showing willingness for NAAC accreditation in Gujarat, or the holding up of the Zonal Youth Festival of the Gujarat university by the college in 2004, or the beginning of the Needy Student's Help Fund in the college, every time, we got the same beautiful financial support and moral boosting from our Respectable Chairman of the Trust. (It is a noteworthy fact that almost all the colleges run by Sarva Vidyalaya Kelavani Mandal which are eligible for NAAC accreditation have already been accredited by NAAC.)

Whether it is a matter of empowerment of girls at primary level school or at the Secondary and Higher Secondary school level, or at the college level, our Honorable Sir always pays equal meticulous attention to all the sections of girls' education. In order to bring about the better empowerment of women different hostels for school girls as well as for female learners studying in various Higher Education Institutions of the Trust have been established both at Kadi and Gandhinagar. Almost 2200 students avail of this facility in the girls hostels situated in our campuses. Sri Maneklal Patel Saheb takes keen interest to see to it that the students residing in these hostels have been provided proper food and facilities and also are looked after properly.

For these reasons, one can say that he is a staunch promoter of girls' education and as such, he has proved himself to be a, real successor of Pujjya Chhaganbha who wanted to provide equal opportunities to girls in education, which, in turn, may bring real social happiness for all.

This apart, I wish that there may begin many institutions of education under the able Presidentship and Chairmanship of Sri Maneklal M. Patel Saheb and many girls may get fruitful education in these institutions. I again wish that Sarva Vidyalaya Kelavani Mandal may have an extremely bright future under the helms of Sri Maneklal Patel Saheb's leadership.

# 30.

# માણસપારખુ માણેકલાલભાઈ

**ડૉ. કાન્તિ રામી**
પૂર્વ આચાર્ય તથા કવિ

'સાહેબ' એ શબ્દ કડી નગરના સરિયામ રસ્તેથી પસાર થતાં કે ગામની ગલીઓમાંથી ગુજરતાં તમારે કાને પડે તો એમાં ઉલ્લેખ છે શ્રી માણેકલાલ પટેલનો. સર્વ વિદ્યાલય કેમ્પસ્‌ના હૃદય-ધબકાર શા માણેકલાલભાઈને આખોય પંથક 'સાહેબ' કહી સન્માને છે, 'સાહેબ' ને નામે ઓળખે-ઓળખાવે છે.

સમગ્ર કડી પંથક અને ઉત્તર ગુજરાત જ નહીં, યુરોપ-અમેરિકાનાં અનેક નગરોમાં જઈ વસેલા સજ્જનોના હૃદય પર એકચક્રી શાસન કરનારા માણેકલાલના અપ્રતિમ સુયશનું કારણ છે એમની ઝળહળતી સફળતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ તરીકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરનાં બે વિદ્યાધામોના ચૅરમૅન તરીકે, 'No study without Kadi' વાળી જૂની ગૌરવપરંપરાને નવપ્રાણિત કરી કેવળ ગુજરાતમાં જ નહીં, દેશ વિદેશમાં સંસ્થાની નામના ઊભી કરવામાં એમને સાંપડેલી સફળતાએ એમને ખૂબ વાજબી રીતે સૌના 'સાહેબ' ઠેરવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રની આવી અજોડ સેવાઓ ઉપરાંત કડી નગરના અદ્યતન વિકાસના પાયારૂપ નાગરિક બૅન્કની સધ્ધરતા અને એ બૅન્કની સંગીન સહાય દ્વારા સમગ્ર વિસ્તારને નાનામોટા વિધવિધ ઉદ્યોગોની ચહલપહલથી ધમધમતો કરી મૂકવાની એમની કુનેહભરી કામગીરી એમને અત્યંત ઉચિત રીતે જ સન્માનસૂચક શબ્દ 'સાહેબ'ના અધિકારી ઠેરવે છે.

આવી અકલ્પ્ય સફળતાની પાછળ શ્રી માણેકલાલભાઈનો અવિરત અને કઠોર પરિશ્રમ તો છે જ, પણ એથીયે વધારે કારગર છે એમની પારખુ નજર - માણસની તત્કાળ સારી પરખ.

નિઃસ્વાર્થતા, દૂરંદેશી, અડગ-અચળ નિર્ધાર એ જેમ સરદાર વલ્લભભાઈ

પટેલના અનોખા ચરિત્રનાં આગવાં લક્ષણો ગણાતાં પણ એ બધામાં શિરમોર શી હતી એમની માણસની પરખ. માણસનો પગ પડે અને એના મનમાં રમતા ઈરાદાની જાણ જેને થઈ જાય એ માણસ પોતાના કાર્યમાં સફળ થાય એમાં શી નવાઈ ?

આંગણે આવી ઊભા રહેનારને પારખી કાઢવાની શક્તિ ઉપરાંત દૂર દૂર વસતા અજાણ્યા સજ્જનોના સામર્થ્ય અને શક્તિ પિછાણવાની સૂઝ શ્રી માણેકલાલભાઈમાં છે અને એટલે જ નિવૃત્ત અને તેજસ્વી વ્યક્તિઓનો ઝમેલો ચારેકોરથી આવી સર્વ વિદ્યાલયના પરિસરમાં એકઠો મળ્યો છે. નિવૃત્ત ઉપરાંત કેટલાકને તો એમણે વહેલી નિવૃત્તિ લેવા પ્રેરી સંસ્થાના કામે લાગી જવા નોંતર્યો છે. જૂના જોગી પાટણના જોગીવાડાના શ્રી મોહનલાલ પટેલથી માંડી વિસનગરના ગોવિંદ ચકલાના પ્રો.સોમ પટેલ જેવાં કેટલાંયે રત્નો એમની ફરતે ઝગમગી રહ્યાં છે.

માણસપારખુ માણેકલાલભાઈની એવી અદ્‌ભુત શક્તિને કારણે જેમ સમર્થોનો સમુદાય એમની ફરતે વીંટળાયો છે એમ સાવ ઊલટી રીતે, જીહજૂરી કરી ચાડીચુગલીનો આશ્રય લઈ પહેલી પંગતમાં પેસી જવા કરતો ખુશામતિયો વર્ગ એમનાથી અળગો રહ્યો છે. કોઈની વાતમાં નહીં આવી જતાં પોતાની પરખને જ પ્રમાણ માની ચાલનારા માણેકલાલભાઈ પોતાના માણસો સાથે પૂરી ન્યાય બુધ્ધિથી વર્તી શક્યા છે અને એવી ઊંચી ન્યાયબુધ્ધિ સૌ સાથેની એમની ઊંડી આત્મીયતા અને વ્યાપક લોકપ્રિયતાનું મૂળભૂત કારણ છે.

કેમ્પસ્‌માં સૌથી પહેલો પગ મૂકી સૌથી છેલ્લા જનારા કામગરા માણેકલાલભાઈ પોતાના સહકાર્યકરો પાસે પણ એવી કર્મઠતાની અપેક્ષા રાખે તો એમાં અચરજ શું છે ?

આ અપેક્ષા કદીક એમને આકરા-આકળા બનાવી મૂકે છે. ઉપરથી રુક્ષ પણ ભીતરથી પાણીપોચા એવા એમના મીઠા નાળિયેર શા વ્યક્તિત્વને પિછાણનારા સૌ સાથીઓને એનું કદી વાંકું પડતું નથી. બધા જ સમજે છે કે 'સાહેબ' ખરેખર કડક નથી, તેઓ શિસ્તના આગ્રહી અને સ્પષ્ટવક્તા છે ને એટલે જ ગોળ ગોળ વાતો કરી વ્યર્થ સમય વેડફવાને બદલે તડ ને ફડ કરી આપણને સીધી વાત સમજાવી દે છે.

વળી માણેકલાલભાઈની ભીતરી કોમળતાનો પરિચય અમને કયાં નથી ? કોઈ કામ માટે અડધી રાતે ઊંઘમાંથી ઉઠાડી દોડાવનારા માણેકલાલભાઈ એવી

દોટ મૂકનારના ઊંઘ-આરામ-આહાર અને સ્વાસ્થ્યની પણ એટલી જ કાળજી લેનારા માણેકલાલભાઈ જેટલી પૂછપરછ કામની ગતિવિધિ અને પ્રગતિ અંગે કરતા હોય છે, એટલી જ ઊંડી નિસ્બત કામ કરનારની સુવિધા બાબતે પણ દાખવતા હોય છે. તેનું એક ઉદાહરણ આપને આપું કે તેઓશ્રી ગાંધીનગરની સંસ્થામાં હોય અને તત્કાળ કડીની કોઈ સંસ્થાના પ્રતિનિધિનું કામ પડયું હોય તો તેને ગાંધીનગર બોલાવે અને કામની રૂપરેખા સમજાવી તે કાર્ય જેટલું ઉતાવળે અને સારું થાય તેનું પૂરતું માર્ગદર્શન પણ આપે. જમવા અને રહેવાની પૂરી સગવડ પણ તેને કરી આપે. આવી પ્રેમાળ કાળજી ઉપરાંત કામ કરનારને રક્ષણ પૂરું પાડવાની એમની તત્પરતા સૌ કોઈમાં પાકી વફાદારી પ્રેરી રહે છે. 'પોતે કંઈ કહે ખરા, પણ કદી કોઈને કહેવા ન દે' એવી એમની સંરક્ષક તરીકેની છાપ સૌ સાથેની એમની અપ્રતિમ આત્મીયતાના મૂળમાં છે. સંસ્થાનું કામ માથે લેનાર દરેકનો પગ ઉત્સાહથી ઊપડે છે, એટલું જ નહીં કામથી પરવારી એ નિરાંતથી ઊંઘ પણ લઈ શકે છે!

આવા પ્રતિબધ્ધ સાથીઓએ સાથે મળી પૂરી પ્રામાણિકતાથી 'સાહેબ' ની જે ઈમેજ ઊભી કરી છે તે ઈમેજ અઢળક સમૃધ્ધિના આવરાને સંસ્થાને આંગણે ખેંચી આણવાનું ઈજનેરી કૌશલ્ય દાખવનારા શ્રી માણેકલાલભાઈને એની પણ પાકી પ્રતીતિ છે કે ઊંચી ઊંચી ઈમારતો ઊભી કરવાથી કે જૂનીનો જીર્ણોધ્ધાર કરી રંગરોગાન કરવાથી શિક્ષણનો પ્રાણ કદી ધબકતો નથી. બાહ્ય સવલતો ઊભી કરવા પરિસરમાં રાતદહાડો લેતાં ને રંધાનો ખણખણાટ સંભળાતો રહે છે એમ વિદ્યાર્થીઓમાં પડેલી સહજ સંપદાનો સાચી દિશામાં ઉન્મેષ રચાય એ માટેની અનેકવિધ પ્રેરક પ્રવૃત્તિઓ પણ અહીં ધમધમે છે.

કોઈ એક કોમની જ આ સંસ્થા છે એવો ભ્રમ શ્રી માણેકલાલભાઈએ કદી પાંગરવા દીધો નથી ને એટલે જ કડી અને ગાંધીનગરના બંને કેમ્પસ્‌માં પ્રતિભાશાળી આચાર્ય-પ્રાધ્યાપક વિદ્વાનો સંસ્થાના સમુચિત વિકાસ માટે મન મૂકીને મથી રહ્યા છે.

અને છેલ્લે, સમગ્ર પટેલ સમાજને ઊંડા અંતઃકરણપૂર્વકનાં અભિનંદન આપવાનું મન થાય છે. સંસ્થાની જરૂરિયાતનો નકશો અને અંદાજ માણેકલાલભાઈના ટેબલ પર તૈયાર થઈને આવે તે પૂર્વે જ હવાની રૂખ પારખી એ માટે થનારા ખર્ચની વેતરણમાં પડી જનારા પટેલ સમાજના મોભી, મોવડી અને કાર્યકરો અભિનંદનના અધિકારી છે.

આજે ચોતરફ ઊંચી ઊંચી ઈમારતોવાળી શિક્ષણસંસ્થાઓની મોટી દમામદાર ખુરશીઓમાં વહેંતિયાઓ અડ્ડો જમાવી બેઠેલા દેખાય છે ત્યારે એક સમર્થ વ્યકિતની શક્તિને પારખી-પ્રમાણી, સમુચિત રીતે સન્માની પૂરા ભાવપૂર્વક એના હાથમાં સંસ્થાની બાગડોર મૂકનાર પટેલ સમાજની હૈયાઉકલત સૂઝબૂઝ અને સમજદારી પણ આપણી સલામની હકદાર છે.

'સાહેબે' સમયને, વ્યક્તિને, સમાજને, ધર્મને, કર્મને, નિષ્ઠાને, કોઈપણ જાતના ભેદભાવ વગર કર્મનો ભાગ સમજી-પિછાની, ઓળખી, સમયની, વ્યક્તિની, સમાજની, ધર્મની, કર્મની, નિષ્ઠાથી સેવા કરી એવા શ્રી માણેકલાલભાઈના નિરામય દીર્ઘાયુની પરમ કૃપાળુ પરમાત્માને હાર્દિક અભ્યર્થના.

# 31.

## વહીવટદક્ષ માણેકલાલ

અંબાલાલ સોમનાથ પટેલ
મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર

દુનિયાના મહાન પુરુષો, સંતો, ધર્મધુરંધરો, વૈજ્ઞાનિકો, અમૂલ્ય નરરત્નો મહદ્અંશે ગામડાંઓમાંથી ઊતરી આવ્યા છે. દા.ત. શિવાજી મહારાજ, શિવાજી ન હોય તો હિન્દુ ધર્મનું અસ્તિત્વ હોત કે કેમ તે શંકા છે. ભૂમધ્ય સમુદ્રના નાના ટાપુમાં જન્મેલા મહાન નેપોલિયન, પાટલીપુત્રના પરામાં જન્મેલા મહાન ચંદ્રગુપ્ત, નાસિક જિલ્લાના માલેગાવ તાલુકાના કરવાણા ગામમાં ઊછરેલ સર સયાજીરાવ ગાયકવાડ ઉચ્ચ કક્ષાના રાજવી બની શક્યા. દયાનંદ સરસ્વતી અને સામાજિક ક્રાન્તિના પ્રણેતા પૂજ્ય છગનભા વગેરે.

એ જ રીતે વર્તમાન જમાનામાં કેળવણી ક્ષેત્રે હરણફાળ ભરતા સર્વ વિશ્વવિદ્યાલયનું રત્ન (માણેકલાલભાઈએ) કડી તાલુકાના ઊંટવા ગામને ગૌરવ અપાવી શિક્ષણક્ષેત્રે એક આગવું પ્રદાન ઊભું કર્યું. એક મધ્યમ વર્ગમાં કૃષિ પરિવારમાં ઉછેર પામી પ્રાથમિક શિક્ષણ વતનની શાળામાં મેળવ્યું.

માધ્યમિક શિક્ષણ માટે કડી નજીક હોવાથી સર્વ વિદ્યાલયમાં મેળવ્યું. અભ્યાસ માટે આવવા-જવાનો સમય એમનાં ચિંતનનો અને જીવનઘડતરનો મુખ્ય ભાગ રહ્યો. ખેતીમાં ઉપયોગી મદદ કરતાં અભ્યાસ માટે કડી આવવું તે સમયમાં તેમનામાં અત્યારે ખીલેલા મહાન ગુણોનાં બીજ વવાયાં. સ્વ પ્રયત્ને કૉલેજનું શિક્ષણ મેળવ્યું અને કાયદાના અભ્યાસમાં સ્નાતક થયાં. કારકિર્દીની શરૂઆત કડી નગરપાલિકામાં ચીફ ઑફિસર તરીકે સેવાઓ આપી જીવનઘડતરની શરૂઆત કરી. કડીમાં સી.ઓ. સાહેબનાં નામથી પ્રચલિત થયા અને કુનેહપૂર્વક કારોબાર સંભાર્યો અને દીપાવ્યો.

હાથ ચાટવાથી પેટ ભરાતું નથી, કોળિયો મોંમાં મૂકવાથી ભૂખ સંતોષાય છે - એ ઉક્તિને સમજી સાહસિક બનવાનું વિચાર્યુ અને કડીના વેપારી એવા વનમાળીદાસ મગનલાલની હૂંફથી નોકરી છોડી વેપારક્ષેત્રે ઝંપલાવ્યું ત્યારથી

તેમનાં ઉન્નતિનાં ચઢાણ શરૂ થયાં. વેપાર સાથે સાથે જાહેર ક્ષેત્રોમાં સેવા આપવાની તક ઝડપી લીધી. કડીની જાહેર સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જયાં તેમનું શિક્ષણ શરૂ થયું, તેના મંત્રી તરીકે નિયુક્તિ થઈને યોગ્ય જવાબદારીઓ ઉઠાવી. ભાગ્યોદય હૉસ્પિટલમાં પાયાના કાર્યકર્તા તરીકે મોખરે રહીને તાલુકાની જનતાની આરોગ્યસેવાના પગરણ શરૂ કર્યા. જનતા સાથેના કાર્યોમાં તેમને થયેલા અનુભવોએ સન્માર્ગે દોર્યા. વેદપુરાણ, ભાગવત, રામાયણ કે મહાભારતમાં આવતા સિધ્ધાંતોને અમલમાં મૂકી કાર્ય કુશળતા પ્રાપ્ત કરી અને સફળતાનાં પગરણ આગળ વધ્યાં.

દરેક પ્રસંગમાં તેમનું આગવું પ્રદાન પછી કોઈપણ ક્ષેત્રે હોય - શિક્ષણ, વેપાર, અર્થશાસ્ત્ર, બૅન્ક, દવાખાનું અને ખાસ કરીને આજની કેળવણીવિષયક સંસ્થાઓની સ્થાપના અને તેની પ્રગતિ નિભાવવાની કુનેહ તેમનામાં છે. કર્મચારીઓની પસંદગીમાં માણેકલાલભાઈ માણસોના સાચા અર્થમાં હીરપારખુ છે.

આટલી બધી સંસ્થાઓ કાર્યકુશળતાપૂર્વક ચલાવવા જે શક્તિ અને દીર્ઘ દૃષ્ટિ જોઈએ તે ઈશ્વરે તેમને બક્ષિસ કરેલી છે. કોઈ વિભાગમાં ક્યારેય ખામી નહિ. ગાંધીજીની જેમ જ પોતે ચણેલામાં પોલ દેખે તો પાયામાંથી ફરી પોતાના આયોજનમાં ચિંતન કરતાં ખામી લાગે તો મૂળભૂત બાબતોથી ફરી વિચાર કરે.

આટલી બધી સંસ્થાઓનું (પ્રવૃત્તિઓનું) સફળ સંચાલન કરવું એ નાનીસૂની વાત નથી. દરેક સંસ્થાના વડા પસંદ કરતી વખતે આટલું ધ્યાન રાખે છે : સંસ્થાનો વડો યોગ્ય અને વ્યવહારકુશળ હોય, સતત પરિશીલન કરનાર હોય અને જાગૃત હોય તેમજ એક ક્ષણનો પણ દુર્વ્યય ન કરનાર હોય. તેમની સાથેની વાતચીતના ઘણા પ્રસંગો સાંપડયા છે પણ કયાંય મુદ્દાસર સિવાય બીજી વાત નહિ, હેતુસરની વાત.

ઍન્જિનિયરિંગ કૉલેજ ઊભી કરવા નિર્ણય કર્યો. દાતા શોધવા અને ધનરાશિ પ્રાપ્ત કરવા અમેરિકા જવાનું થયું. ડૉ. કનુભાઈ સાથે શિકાગોમાં જવાનું થયું. મને ફોન કર્યો કે બાબુભાઈ પાંચ કરોડ રૂપિયા આપવાની વાત કહે છે તે કેમ છે. સવારના પહોરમાં મારે ત્યાં આવ્યા. સ્વાગત કર્યું. તેમણે જ વાત કરી. મારે હાલ જ પૈસા રોકડા જોઈએ છે. જૂનમાં કૉલેજ શરૂ કરવા માગું છું. દાતાના સિધ્ધાંત ઉપર નહિ પણ કામની ગુણવત્તા ઉપર તેમનો પુરુષાર્થ રહેલ છે. જે કામ હાથમાં લે તેનો ઝટ ઉકેલ લાવે.

ક.પા.કે.ઉ મંડળમાં વિસનગર શાખાના કાર્યકરોની માગણી અલગ થવાની

આવી. બધા કાર્યકર્તાઓ મૂંઝાયા. બધાના મનના વિચારો જાણી લઈ તે શાખાને એક ક્ષણનો વિલંબ કર્યા વગર અલગ કરી અને કાર્યકર્તાઓમાં એકતા રહી અને કાયમને માટે સાથે રહ્યાં. આ છે તેમની દીર્ઘ દૃષ્ટિ.

કેળવણીક્ષેત્રે એક મહાન ક્રાન્તિકારી પગલું ભરવામાં કંઈ મણા રાખી નથી. માણેકલાલભાઈએ શું કામ કર્યું છે તે જાણવા કરતાં શું નથી કર્યું તે જોવાનું છે.

સમયની ત્વરિત ગતિ છે. સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે એવું બધાં જાણે છે પણ તેનો સાચો ઉપયોગ કોઈએ કર્યો હોય તો તેમાં નંબર વન માણેકલાલભાઈ છે.

આપણે બે-પાંચ માણસોને સંતોષી શકતા નથી પણ માણેકલાલભાઈ દાતાઓને, કાર્યકર્તાઓને, કર્મચારીગણને, વાલીઓને અને વિદ્યાર્થીઓને એમ બધાને યોગ્ય ન્યાય આપી શકે છે.

પોતાનાં કામનો હિસાબ લોકશાહી ઢબે બધાને સાથે રાખી સમયાંતરે કાર્યની પ્રગતિનો હેવાલ આપી સૌની ચાહના મેળવી શક્યા છે. આટલાં બધાં કાર્યો આટલી ઝડપથી કોઈએ [illegible] ચ્યું હોય તો તે માત્ર એક જ છે.

અંતમાં કહીએ તો ચંદ્રથી રાત્રિ શોભે છે અને રાત્રિથી ચંદ્ર શોભે છે. ચંદ્રથી અને રાત્રિથી આકાશ શોભે છે તેવી રીતે સર્વ વિશ્વવિદ્યાલયથી માણેકલાલભાઈ શોભે છે અને માણેકલાલભાઈથી સર્વ વિશ્વવિદ્યાલય શોભે છે અને તે બન્નેથી શિક્ષણજગત શોભે છે.

માણસ બોલે છે ત્યારે તેને કોઈ સાંભળતું નથી પણ જયારે એનું કામ બોલે છે ત્યારે સૌ તેના તરફ આકર્ષાય છે તેવું સંસ્થાનું છે. સંસ્થાની ખ્યાતિ સાંભળીને એક ભાઈ લુણાવાડાથી ઍડમિશન માટે આવ્યા. તેની કૌટુંબિક પરિસ્થિતિની જાણકારી મેળવી, માતા-પિતા ગુજરી ગયેલા. નિરાધાર બાલ, મોટું નામ જાણી મને મળ્યા. મેં માણેકલાલભાઈને તેની પરિસ્થિતિની જાણકારી જણાવી. વિના વિલંબે એક ક્ષણનો વિચાર કર્યા સિવાય ઍડમિશન મળ્યું. તે વિદ્યાર્થીએ તેનું કેરિયર બનાવ્યું. આજે સંસ્થાનો ઘણો આભાર માને છે. આ છે માણેકલાલભાઈનું મૌલિક પ્રદાન.

# 32.

## માણેકલાલભાઈ પટેલ એટલે પ્રામાણિક અને નીડર ટ્રસ્ટી

ડૉ. મોતીભાઈ મ. પટેલ
કટાર લેખક, તંત્રી - 'સમણું' તથા જાણીતા કેળવણીકાર, સુરેન્દ્રનગર

આજથી એંશી વર્ષ પૂર્વે સર્વ વિદ્યાલય કડી શાળાની મુલાકાત આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લીધેલી ત્યારે નગરજનોને સંબોધતાં કહ્યું હતું કે : "તમારાં બાળકોને અહીં ભણવા મૂકો, અહીં તેઓ સારી કેળવણી પામશે. આ સંસ્થા પાસે પૈસો નથી તે સારી વાત છે. સમાજ તેને પોષશે." આર્ષદૃષ્ટા ગાંધીજીના આ શબ્દો અક્ષરશઃ સાચા પડયા છે. આજથી નેવું વર્ષ પૂર્વે શરૂ થયેલ કડી કેમ્પસ્ ૨૦૦૯માં આટલું વિકસશે તેની કોને ખબર હતી ? અત્યારે તો ૧૯૭૯થી ગાંધીનગરમાં શરૂ થયેલું કડી કેમ્પસ એ વિશાળ યુનિવર્સિટીનું સ્વરૂપ લઈ ચૂકયું છે. વિશાળ ભારતની જેમ વિશાળ કડી કેમ્પસ્‌ની સંકલ્પના સાકાર થઈ ચૂકી છે. કડી કેમ્પસ્‌માં જ ૧૮ જેટલી સંસ્થાઓમાં ૧૨૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને ૪૭૫ જેટલા કાર્યકરો દીક્ષિત કરી રહ્યા છે. ચૌદ તો છાત્રાલયો છે, જેમાં ૨૪૦૦ જેટલા છોકરા-છોકરી રહીને અધ્યયન કરે છે. ગાંધીનગર કેમ્પસ્‌માં ૨૯ સંસ્થાઓમાં ૨૯૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને ૧૧૨૫ કાર્યકરો અધ્યયન કરાવી રહ્યા છે. અહીં પણ ૧૮ જેટલાં છાત્રાલયોમાં ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ રહીને અધ્યયન કરે છે. છાત્રાલયો આધુનિક તમામ સગવડ સાથેનાં છતાં છાત્રોના જીવન ઘડતરની તાલીમ આપે તેવાં છે. ગાંધીજીના આશીર્વાદથી સમાજ કડી સંસ્થામાં પોતાનાં બાળકોનું અધ્યયન થાય તે માટે પડાપડી કરે છે. વળી ગાંધીજીના આશીર્વાદથી જે સંસ્થા પાસે પૈસો ન હતો તે સંસ્થાને સમાજે કરોડોનું દાન આપીને પોષી છે. ગાયકવાડે આ સંસ્થાને 'રાષ્ટ્રીય કેળવણી'ની સંસ્થા કહી છે. સાચા અર્થમાં આજે સર્વ વિદ્યાલય કડી એક વિશાળ વટવૃક્ષ બન્યું છે.

છગનબાપા જેવા ઋષિએ સિંચેલું આ વૃક્ષ અને જેને મોહનલાલ પટેલ જેવા વિદ્વાન સાહિત્યકારે વિશાળ વટવૃક્ષ બનાવ્યું. આ વિશાળ સંસ્થાના પાયામાં પ્રામાણિકતા અને પરિશ્રમ પડેલાં છે. આ સંસ્થાને વિકસાવવાનું અને વિસ્તારવાનું

શ્રેય આદરણીય માણેકલાલભાઈને જાય છે. નીડર-પ્રામાણિક-સાચાબોલા અને કુશળ સંચાલક ગુજરાતની બધી શિક્ષણ સંસ્થાઓના નસીબમાં નથી. આ સંસ્થાએ ટ્રસ્ટની સીટો પણ જનરલ મેરીટમાં રાખીને, પોતાના તમામ કાર્યકરોને પૂરતો પગાર - સલામતી બક્ષીને, ભૌતિક રીતે અદ્યતન સંસ્થાઓનું નિર્માણ કરીને માણેકલાલભાઈએ ગુજરાત માટે એક ઉદાહરણ પૂરુ પાડયું છે. છેલ્લે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં માણેકલાલભાઈએ સ્વાગતપ્રમુખ તરીકે જે કાર્ય કર્યું તે યાદગાર બની રહ્યું.

ગુજરાતમાં કદાચ ૪૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને પૂર્વ પ્રાથમિકથી પીએચડી. સુધીનું શુધ્ધ પ્રામાણિક શિક્ષણ આપતી બીજી કોઈ સંસ્થા નહીં હોય!! ગાંધીનગર કેમ્પસ્‌ની સ્વનિર્ભર યુનિવર્સિટી પણ ગુજરાત માટે પ્રેરણાત્મક સંસ્થા બની રહેશે. આટલી બધી સંસ્થાઓના સંચાલનમાં કયાંયે ભ્રષ્ટાચારનું પ્રદૂષણ નથી એ મોટી ઘટના છે. આજે તો મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓ શિક્ષકો - વાલીઓનું શોષણ કરીને જાણે કે શિક્ષણ એક ઉદ્યોગ હોય તેમ વર્તે છે. કેટલાયે સંચાલકો સંસ્થાને બાપની પેઢી સમજી તાગડધિન્ના કરે છે, ત્યારે કડીની સંસ્થા સંપૂર્ણ રીતે અપ્રદૂષિત રહી શકી છે, તેનું સમગ્ર શ્રેય માણેકલાલભાઈને જાય છે. હું તેમની કડી સંસ્થામાં ચારેક વખત ગયો છું. તેમની જોડે આજના શિક્ષણની ચિંતાની વાતો કરી છે. તેના પરથી જાણ્યું છે કે, આ સંસ્થાને સાચા અર્થમાં ટ્રસ્ટી અને પ્રામાણિક નેતૃત્વ પૂરું પાડનાર માણેકલાલભાઈને સલામ કરું છું. ગુજરાતે માણેકલાલભાઈનું બને એટલું સન્માન કરી સમાજ માટે ઉદાહરણ પૂરું પાડવું જોઈએ.

# ૩૩.

## પુરુષાર્થનો પમરાટ

ડૉ. રામુભાઈ એસ. પટેલ
ઍક્સ ડિરેક્ટર, ગ્લોબલ ફેકલ્ટી ઈન એચ.આર.એમ., ગુજરાત યુનિવર્સિટી

મુ. માણેકલાલભાઈના સંપર્કમાં હું જયારે ગુજરાત યુનિવર્સિટીમાં એન.એસ.એસ.નો ડિરેકટર હતો ત્યારે આવેલો. પરંતુ અહીં હું તેમની સાથેનાં સંસ્મરણોનું ચિત્રણ નથી કરવા માગતો પરંતુ તેમની કોઠાસૂઝ, સમર્થતા અને કમિટેડ વ્યકિતત્વની મારા માનસપટ ઉપર જે છબી અંકિત થઈ છે તેની ઝાંખી કરાવવા માગું છું.

એક તેલુગુ સાહિત્યકારે કહ્યું છે કે "દેશનો અર્થ દેશની માટી સાથે જ જોડાયેલો નથી પણ દેશવાસીઓ સાથે જોડાયેલો છે. મને વતન માટે ગૌરવ છે તેવી ઠાલી વાતો નહીં પરંતુ વતનના કલ્યાણ માટે કંઈક કરી છૂટવું જોઈએ." આમ દરેક વ્યકિતનું વતન દુનિયાથી મોટું છે. દરેક ગામની ટેકરી ઍવરેસ્ટથી ઊંચી છે. દરેક ગામનો ધૂળિયો રસ્તો ઍકસપ્રેસ હાઈવેથી પહોળો લાગે છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝ માંડલેની જેલમાં હતા ત્યારે તેમણે કહ્યું હતું કે "આજે હું દેશથી બહાર છું પરંતુ મારું મન સદાય ભારતમાં રહે છે." સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મ પરિષદ અર્થે અમેરિકા ગયા ત્યારે પોતાના વકતવ્યમાં કહ્યું કે "પશ્ચિમમાં આવતા પહેલાં હું ભારતને ચાહતો હતો પરંતુ હવે તો ભારતની ધૂળ પણ મારે માટે પવિત્ર છે." આમ માણસ રોજીરોટી માટે ગમે ત્યાં પ્રવૃત્ત થાય પરંતુ તેનો વતનપ્રેમ અકબંધ રહેવો જોઈએ.

સ્વ. ઉમાશંકરભાઈએ સાચું કહ્યું : "હું કેવો ગુજરાતી? જે કેવળ ગુજરાતી." આવા માપદંડના આધારે વતનભક્તોની સ્મૃતિવંદના કરું છું ત્યારે મારી સન્મુખ ખડો થઈ જાય છે એક કમિટેડ ડિટરમાઈન્ડેડ અને ડેડિકેટેડ માદરે વતન માટે હોંશીલો, જોશીલો ચહેરો, જેના નિખાલસ વ્યક્તિત્વમાં ઓજસ અને તેજસનો સહજ સંગમ છે, જેના વાણીમાં પોતાના વતન-પ્રદેશની ચિંતા અને ચિંતન છે, જેના હૃદયમાં ઉત્તર ગુજરાત-મહેસાણા જિલ્લા (વિસ્તાર)ના સમાજમાંથી આવતા કિસાન મજદૂર

પુત્રોનાં ભાવિ કંડારવાની ઉત્કટ અભિલાષા છે. જેણે સેવાનો મેરુદંડ બનાવી યંત્ર અને મંત્ર સંસ્કૃતિનો સમન્વય સાધી ઉત્તર ગુજરાત સોનાની દડી સમા કડીના સંકુલને વિદ્યાનગર બનાવી, ગતિ-પ્રગતિની અવનવી કેડીઓ કંડારવાના જેનામાં ઉન્મેષો છે, વતનની ધૂળને માથે ચઢાવીને ધરતી પુત્રની વતન પરસ્તી એવા "કડી સર્વ વિશ્વવિદ્યાલય" ના શિલ્પી મુરબ્બી માણેકલાલભાઈની પીઠ થાબડવાનું મન કોને ન થાય, ગ્રામ્ય પરિવેશમાં ઉછેર, ઘડતર, સમાજોધ્ધાર માટેનું મૌલિક ચિંતન ઉપરાંત કુશળ નેતૃત્વ, માણસને પારખવાની આગવી કોઠાસૂઝ અને સંસ્થાના અવાજને પોતાના અભ્યાસુ અંદાજમાં રણકાવવાની આગવી સૂઝથી સરદાર પટેલની પેલી ઉક્તિ "ભલે ગરીબ હો પણ કાળજું વાઘ-સિંહનું રાખીને જીવજો" - તે ઉક્તિને માણેકલાલભાઈએ યથાર્થ કરી બતાવી છે.

માણેકલાલભાઈના વ્યક્તિત્વને મેં જે પિછાન્યું છે તેને આ રીતે મૂલવું છું.

જો તમારી પાસે વિદ્યા આવે અને વિનય ન વિસરાય તો માની લેજો કે તમારી પર પરમેશ્વરની કૃપા વરસી છે. ધર્મ આવે અને માનવ ધર્મ ન ભુલાય તો જાણજો કે દેવો તમારી ઉપર પ્રસન્ન છે. જો પદ કે પ્રતિષ્ઠા મળે અને પાવનતા સાથેનો તમારો નાતો હેમખેમ રહે તો સમજી લેજો કે કુદરતની તમારા ઉપર મહેર છે. આ ત્રણેય વિશિષ્ટતાઓથી માણેકલાલભાઈ વિભૂષિત છે.

ઉત્તર ગુજરાતનું હિત તેમના હાથે વસેલું છે એટલે શિક્ષણ, આરોગ્ય અને કૃષિવિકાસને "મા ઉમિયાના આ કંદોરિયા" એ જીવનવ્રત બનાવ્યું છે.

પૂજય છગનબાપા (ઉત્તર ગુજરાતના શિક્ષણના ઋષિ) અને પુરુષોત્તમદાસ કાકાએ ઉત્તર ગુજરાતના પાટીદાર પરિવારોને ખેતીની ફજેતીમાંથી ઉગારવા સેવેલું સ્વપ્ન "સર્વ વિદ્યાલય કડી"ને માણેકલાલભાઈ કે જેમનામાં શિક્ષણની ગરિમા ઠાંસોઠાંસ ભરેલી છે એવા શિક્ષણના આરોહકે ગુજરાતના હૃદય સમા પાટનગર ગાંધીનગરમાં ઉત્તુંગ શિખર સમું "કડી સર્વ વિશ્વવિદ્યાલય" ખડું કરી દીધું. એ કેળવણી ધામ - એ સંસ્કાર તીર્થ આજે સમગ્ર ઉત્તર ગુજરાતને શીળી છાંયડી આપી રહ્યું છે. માણેકલાલભાઈના દષ્ટિસંપન્ન નેતૃત્વ અને અનન્ય શિક્ષણપ્રેમથી આ સંસ્થા પાંગરીને સંવર્ધિત થઈ રહી છે. આમ,

વિશાળ અબ્ધિ હોય કે અનંત આકાશ,
ઉત્તુંગ ગિરિશિખર હોય કે, હોય અફાટ રણ......
કિન્તુ અડગ અને અટલ રાહગીર

તેની ગતિશીલતા છોડતો નથી.

ઊંચાઈએ પહોંચવાની તમન્ના રાખનારના પગ કદી ડગમગતા નથી. સાચો આરોહક કદી પારોઠાનાં ડગ ભરતો નથી. કુશાગ્ર બુધ્ધિ, પ્રચંડ પુરુષાર્થ અને માણસની પરમ શક્તિને કારણે વ્યવસાય ક્ષેત્રે પણ બુલંદી સિધ્ધિ હાંસલ કરી છે, જીવનના દરેક ક્ષેત્રમાં પોતાનો સિક્કો જમાવનાર આ કસબી અજાતશત્રુ બની પ્રેરણાની દીવાદાંડી બની રહ્યા છે, આજે કે.જી.થી માંડી લગભગ તમામ ફેકલ્ટીની ડિગ્રી સુધીની ૪૮ શાળા-કૉલેજોમાં ૪૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષણકારો દ્વારા સર્વ વિશ્વવિદ્યાલયનું કૅમ્પસ કેળવણી અને સંસ્કારની દીક્ષાથી ધમધમી રહ્યું છે. આ શિખરે પહોંચવા માટે માણેકલાલભાઈએ એક શિક્ષણ ઋષિનું કામ કર્યું છે. તેઓ ધર્મને મંદિરની ચાર દીવાલોથી બહાર શાળા મહાશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હૃદયના ધબકારમાં જોવા ઝંખે છે.

કૉલેજના એન.એસ.એસ.ના એક કૅમ્પસ્‌ના ફંકશનમાં મેં માણેકલાલભાઈને કહ્યું તમે ઉત્તર ગુજરાતના એક ખૂણામાં વસેલા સર્વ વિદ્યાલયની સરહદો રાજ્યના પાટનગર એવા ગાંધીનગર સુધી સર્વ વિશ્વવિદ્યાલય તરીકે વિસ્તારી દીધી. તેના જવાબમાં તેઓએ કહ્યું, શિક્ષણસંસ્થાઓ સ્થાપવી સહેલી છે પરંતુ તેને ગુણવત્તાસભર બનાવવી અને મૂલ્યો સાથે ટકી રહેવું એ સીધાં ચઢાણ ચઢવા જેવું કપરું કામ છે તેમ છતાં આવી જાહેર સંસ્થાઓમાં લોકશાહી ઢબનાં સંચાલનમાં સૌને સાથે લઈને ચાલવું તેમાં ઘણી ઝિંદાદિલી માગી લે છે.

આમ કડી મ્યુનિસિપાલિટીમાં સામાન્ય ક્લાર્કથી પુરુષાર્થની પગદંડી કંડારનાર મક્કમ કાળજાનો અટલ રાહગીર સર્વ વિશ્વવિદ્યાલયની પાયાની ઈંટ બની ગયો. તેની પાછળનું મારી દૃષ્ટિએ એક જ Hiden tact છૂપું રહસ્ય હોય તો તે દીર્ઘ દૃષ્ટિ, અથાગ પુરુષાર્થ અને સામેના માણસનું કલેવર પામીને ડોનેશન મેળવવાની અજબ આવડત છે જેને હું લલિત કલાનો દરજ્જો આપું તો અયોગ્ય નહીં ગણાય.

આવા વ્યવસાયે બિઝનેસમૅન કિન્તુ કાળજું શિક્ષણનું એવા એક સંકલ્પનિષ્ઠ, શિક્ષણપથિક ગુજરાતને મળ્યા છે, જોઈએ, આપણે તેમની આ શિક્ષણ હૈયાસૂઝને કેટલી નિચોવીને ઉત્તુંગ શિક્ષણ શિખર એવા સર્વ વિશ્વવિદ્યાલયને આગળ વિસ્તારી શકીએ છીએ.

હવે આપણે જયારે માણેકલાલભાઈની ઢળતી જીવનસંધ્યાએ અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે તેમની સંનિષ્ઠાને ગુજરાત પોંખશે જ. આ ટાણે ફ્રેંચ ફિલૉસૉફર બર્નાર્ડ શૉનો સંદેશો તેમના માટે યથાર્થ બની રહે છે : "ઈશ્વરે બક્ષેલી જિંદગી મારે માટે ટૂંકી મીણબત્તી નથી."

# ૩૪.

## પ્રચંડ મનોઘટનાશાળી માણેકલાલ

ડૉ. બહેચરભાઈ પટેલ
પૂર્વાચાર્ય અને લેખક

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ શ્રી માણેકલાલભાઈ પટેલ એક પ્રચંડ મનોઘટનાશાળી વ્યક્તિત્વ છે. એમના ચિત્તમાં વહીવટની ગંગા, જમના અને સરસ્વતી પૂરા વેગે વહ્યા કરે છે. મૂળે એ વહીવટ અને ઉદ્યોગના માણસ. કડી તાલુકાના ઊંટવા ગામના વતની, કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી, કડીની નગરપાલિકાના મુખ્ય અધિકારી, કડીના મોટા ઉદ્યોગપતિ, કડીના મોટા કેળવણીકાર સંચાલક. 'જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.' (સુન્દરમ્) એ સનાતન સત્યના ઉપાસક એટલે સ્નેહ સંબંધના માણસ. તેઓ વ્યાવહારિક અને સામાજિક કાર્યકર તરીકે અનેક સંસ્થાઓમાં વિસ્તર્યા અને વ્યાપી વળ્યા. કડી પ્રત્યે અપાર મમતા એટલે કડીનો વિકાસ કર્યો અને કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી. તે એનો વિકાસ કર્યો. તેમણે 'બૃહદ્ કડી'નું સર્જન કર્યુ. કડી ઉત્તર ગુજરાતના કાશી સમાન તો હતું જ, તેને ગાંધીનગરમાં લઈ જઈ 'સર્વ વિદ્યાલય' માંથી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' સુધી વિસ્તાર્યું એ એમની સૌથી મોટી સિધ્ધિ છે.

એમનું માનસ પ્રતિદિન સંસ્થામાં જ રત રહે છે. એ પ્રગતિશીલ અને વિકાસવાદી છે. પૂ. છગનભાએ તો કડી સર્વ વિદ્યાલયનો પાયો નાંખીને ઉત્તર ગુજરાતમાં કેળવણી સંસ્થાના શ્રીગણેશ કર્યા. એ પછી દાસકાકાને સાથીદારોએ એનો વિકાસ કર્યો. કડી સર્વ વિદ્યાલય આદર્શ શાળા તરીકે વિખ્યાત થયું અને બાપુભાઈ ગામી, નાથાભાઈ, મોહનલાલ, મનુભાઈ જેવા આદર્શ આચાર્યો મળ્યા. તેમણે કડી સર્વ વિદ્યાલયની પ્રતિષ્ઠા વધારી, તેનો વિસ્તાર અને વિકાસ કર્યો. ઉચ્ચ માધ્યમિક શાળા થઈ ને કૉલેજ પણ થઈ. એના ઉચ્ચ વિકાસના આરોહણનું શ્રેય તો માણેકલાલને ઘટે છે. કેળવણીની આ સંસ્થાને 'મહાવિદ્યાલય'થી 'વિશ્વવિદ્યાલય' સ્વતંત્ર યુનિવર્સિટી બનાવવાનું પુણ્યકાર્ય માણેકલાલે કર્યુ. ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય એટલે બાલમંદિરથી માંડીને વિવિધ શાળા - કૉલેજોનું

વિદ્યા સંકુલ ને સ્વાયત્ત યુનિવર્સિટી. સંસ્થાનો આ વિકાસ ને આ દરજ્જો તો પૂ. છગનભાની કલ્પનામાં હશે જ અને દાસકાકાની દીર્ઘદષ્ટિમાં હશે. માણેકલાલે શિક્ષણના નવ યુગ સાથે કદમ મિલાવી ઉચ્ચ શિક્ષણની વિદ્યાપીઠ ઊભી કરી.

શ્રી માણેકલાલના મનમાં સંસ્થાઓ ઊગે છે. તેમણે કન્યાઓ માટેની સ્વતંત્ર શાળા-કૉલેજો ઊભી કરી. કન્યા છાત્રાલયો બનાવ્યાં. એમાં કન્યાકેળવણી, શિસ્ત, શીલ-સદાચારના આદર્શો મૂર્તિમંત કર્યા, તેમનો પ્રભાવ ને હાકધાક એવાં કે બધું નીતિનિયમસર ચાલે. અમારાં સુધાબહેન આચાર્ય બનવાનાં હતાં. મને વડીલ તરીકે વાત કરી. મેં કહ્યું કે પ્રમુખશ્રી માણેકલાલ એવા કડક સંચાલક છે કે એમના શાસન હેઠળ તલવારની ધાર પર રહીને શાળા ચલાવવી પડશે. પછી એમણે કહ્યું કે તેઓ કડક છે એ હું જાણું છું. પણ સંસ્થાના વડાની તરફેણ કરે છે, સાથે ઊભા રહે છે, ને મારા તો મામા થાય. અમને સારું માર્ગદર્શન આપશે. પૂર્વ આચાર્ય શ્રી મોહનલાલ પટેલે મને કહ્યું કે આચાર્યો માટે એમના જેવા સંચાલક આશીર્વાદ સમાન છે. આવા સંચાલક મળવા દુર્લભ છે. આપણે જાણીએ છીએ કે માણેકલાલ અને મોહનલાલની બેલડીએ સંસ્થાવિકાસમાં કેવો પ્રશસ્ય ફાળો આપ્યો છે.

આમ તો કડી સર્વ વિદ્યાલય ગાંધીજીની ભાવનાને અનુસરી ગુજરાતી માધ્યમની જ શાળા-કૉલેજ ચલાવતું પણ માણેકલાલે આધુનિક યુગની આવશ્યકતાને સમજીને અંગ્રેજી માધ્યમની સંસ્થાઓ પણ ઊભી કરી. બંને માધ્યમની સુવિધા પૂરી પાડી. છેક બાલમંદિરથી માંડીને પી.ટી.સી. ને બી.એડ્ સુધીની કૉલેજોમાં અંગ્રેજી માધ્યમ અપનાવ્યું. મૅનેજમેન્ટ, કમ્પ્યૂટર, ઈજનેરી વગેરેની કૉલેજોમાં તો માધ્યમ અંગ્રેજી હોય છે ને ઉત્તર ગુજરાત હવે અમેરિકા-યુરોપ-ઑસ્ટ્રેલિયા તરફ ઊમટી રહ્યું છે ત્યારે એમ કરવું હિતાવહ છે.

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર એમ.બી.એ., એમ.સી.એ, પી.જી.ડી.સી.એ, ફાર્મસી, નર્સિંગ, પોલિટૅક્નિક, એન્જિનિયરિંગ વગેરે કૉલેજોની સ્થાપનાનો વિકાસ-તબક્કો શરૂ થયો. માણેકલાલ તેમાં પણ અગ્રગણ્ય રહ્યા. જે તે વિષયની ઉત્તમ કૉલેજો સમાજને આપી. તેમનું વિધાયક માનસ હવે નેનો ટૅક્નોલોજી કૉલેજની સંસ્થાઓનું નવપ્રસ્થાન કરવા તરફ દોડી રહ્યું છે.

આજે જયારે શિક્ષણનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે, ગયું છે જે ધંધાદારી સંચાલકો સ્વનિર્ભર કૉલેજો દ્વારા, શૈક્ષણિક મૂલ્યોને અભરાઈ પર ચડાવી પૈસા કમાવામાં પડયા છે, ત્યારે કડી સર્વ વિદ્યાલયની સંસ્થાઓ વિદ્યાર્થી, વાલી, યુનિવર્સિટી ને સરકારના નીતિનિયમ અને જાહેર જીવનનાં જે શૈક્ષણિક મૂલ્યો

પ્રમાણે ચાલે છે, જે સંસ્થા સંચાલકોમાં ગાંધીજીની ટ્રસ્ટીશીપની ભાવના છે તેનો સઘળો યશ માણેકલાલ જેવા સૂત્રધારોને જાય છે.

માણેકલાલ કુશળ કેળવણીકાર સંચાલક છે. વિદ્વાન અધ્યાપકો ને આચાર્યોને આદર આપે છે. એમનામાં કામ લેવાની કલા છે. સ્થાનિક અધિકારીથી માંડીને સરકારને યુ.જી.સી. જેવાં સત્તામંડળો પાસેથી એ સંસ્થાનું કાર્ય સંપન્ન કરાવી શકે છે. આટલો બધો સંસ્થા વહીવટ તેઓ કરે છે એનું મને આશ્ચર્ય હતું. તે એકવાર મેં એમને પૂછયું કે તમે પહેલાં શું કરતા હતા ? ને એમણે એમના મ્યુનિ. ચીફ ઑફિસરની કારકિર્દીની અને ઉદ્યોગોની કથા કહી, એથી હું મુગ્ધ ને સંતુષ્ટ થયો. આવા પીઢ અનુભવી વહીવટદક્ષ કાર્યકર ને શુધ્ધ બુદ્ધિના સમાજસેવક એ આ સમાજ અને સંસ્થાનું સદ્ભાગ્ય છે.

તેઓ માત્ર સંચાલક નથી દાનવીર પણ છે. સંસ્થાની તન-મન-ધનથી સેવા કરે છે. ઉદ્યોગો એ આવકનું ક્ષેત્ર, એની ઉપલબ્ધિમાંનો અમુક અંશ સમાજસેવાને સમર્પિત. એમની જીવન વ્યવસ્થા સ્પષ્ટ ને શ્રેયસ્કર છે. એમની સંસ્થાઓ જાહેર જીવનનાં મૂલ્યોને જાળવીને ચાલે છે. વિદ્યાસંકુલ કડીનું ને ગાંધીનગરનું, નયનરમ્ય ને હૃદયને પ્રસન્નકર. એક નહિ, અનેક અનોખા શાંતિનિકેતન અને વિદ્યાનિકેતન તેમણે ઊભાં કર્યા છે. એ દાનની ને કાર્યની શરૂઆત પોતાનાથી કરે છે એટલે સાથીદારો ને દાનવીરો એમની સાથે દોડે છે. હા, એ મનસ્વી કાર્યાર્થી છે. દૃઢ સંકલ્પને પૂર્ણ કર્યા વિના જંપીને બેસે નહીં, એથી જ એમના શિવસંકલ્પ સાકાર થાય છે. એ પરમાર્થે રત કાર્યકર છે. શિસ્ત, શાંતિ ને પ્રગતિ એ એમનાં જીવનસૂત્ર છે.

હા, એ કડક ને ઉગ્ર શિસ્તવાદી છે. આમ થવું જોઈએ એટલે થવું જ જોઈએ. વિધિનિષેધો ન પળાય તો તે ઊકળી ઊઠે. કશી અવ્યવસ્થા ચલાવી ન લે. He stands for orderliness in administration. સમયપાલનના પણ ચુસ્ત આગ્રહી અને સ્વચ્છતાના પણ ઉત્કટ હિમાયતી. કાર્ય કે કાર્યક્રમ સમયસર શરૂ થવો જોઈએ ને સંપન્ન થવો જોઈએ. કાર્ય ત્વરાથી ને સારી રીતે થવું જોઈએ. ઝડપી અમલના આગ્રહી છે, માણસને પારખે છે, ગુણવત્તાને પ્રાધાન્ય આપે છે. કશું સામાન્ય ન ચાલે. એમનું ઔદાર્ય ને આતિથ્ય પ્રશસ્ય છે. ઘસાઈને ઊજળા થવાનો આદર્શ ધરાવે છે.

ગાંધીનગર ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનના એ સ્વાગતપ્રમુખ હતા, ત્યારે એ અધિવેશનને ઉત્તમ બનાવીને રહ્યા. એમને

સાહિત્યમાં રસ છે. ગુજરાતી ભાષા - સાહિત્યના એ કંઈક જ્ઞાતા પણ છે. ડૉ. ચિનુ મોદીના સન્માન સમારંભમાં એ ભાષાસાહિત્યના વિકાસ માટે બોલ્યા તેથી આશ્ચર્યાનંદ થયો. એ સારા વક્તા છે, ખૂબ સારું ને મુદ્દાસર બોલે છે. સ્વ. લક્ષ્મીકાન્ત ભગુભાઈને શ્રદ્ધાંજલિ અર્પતાં એમણે એમની સેવાની સદૃષ્ટાંત પ્રશંસા કરી તે સાંભળી હું મુગ્ધ થઈ ગયો હતો.

વહીવટ ને કડક શિસ્તબધ્ધતાને કારણે એમનું વ્યક્તિત્વ નારિકેલ પાક સમું થઈ ગયું છે. ચહેરો કરડો લાગે, કયારેક રુક્ષ, પણ અંતર નારિયેળના કોપરા જેવું મધુર, અંદર ઊતરો તો માધુર્ય મળે. જાહેર જીવનમાં અને વ્યવહારમાં તે પ્રશિષ્ટતાવાદી અને વાસ્તવિક છે, પણ અંતરંગમાં રંગદર્શી છે. સાહિત્ય, સંગીત, કલા અને રમતગમતના શોખીન છે, પણ મુખ્ય ધર્મ તો શિક્ષણ અને સમાજસેવા જ. તેમણે બી.એ, એલએલ.બી. થઈ ચીફ ઑફિસર તરીકે જે વહીવટી દક્ષતા મેળવી, નગરપાલિકાના પ્રમુખ તરીકે જે જાહેર સેવાનો અનુભવ મેળવ્યો, તે બધો શિક્ષણક્ષેત્રે લેખે લગાડ્યો. શિક્ષણ સંસ્થાઓનો ખૂબ વિકાસ કર્યો. વિવિધ પદ શોભાવ્યાં અને તેઓ કડી વિસ્તારનું એક અગ્રગણ્ય સાંસ્કૃતિક વ્યક્તિત્વ બની ગયા.

કડીમાં શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ ચાલે છે. અન્યત્ર આવું સાહિત્યકારના નામ સાથે સંલગ્ન વર્તુળ ભાગ્યે જ ચાલતું હશે, એના મૂળમાં મોહનલાલ પટેલની આચાર્ય, સાહિત્યકાર ને લઘુકથા સ્વરૂપસર્જક તરીકેની પ્રતિભા ને પ્રતિષ્ઠા ખરાં જ. એ સાહિત્ય વર્તુળના પણ પ્રથમ ને વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી માણેકલાલ પટેલ. ગુજરાતમાં ભાગ્યે જ કોઈ સંસ્થાસંચાલક આવું વર્તુળ ચાલવા દે પણ માણેકલાલને સાહિત્ય અને કડીની સાહિત્ય પ્રવૃત્તિ અને કડીના સાહિત્યકારોમાં એવો રસ કે એ જ એના અગ્રણી બની રહે. એમનો એ સાહિત્યરસ જ એમને ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના યજમાન થવા પ્રેરે છે.

તેઓ પાટીદાર સમાજની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. અમારા કડવા પાટીદાર પરિવારના રજતજયંતિ સમારંભમાં અમે તેમનું સ્વ. છગનભાના પ્રતિનિધિ તરીકે 'પાટીદાર શિરોમણિ' તરીકે બહુમાન કર્યુ હતું, તેઓ યોગ્ય રીતે જ 'પાટીદાર રત્ન' છે, પાટીદાર સમાજ અને પાટીદાર વ્યક્તિઓના ઉત્થાનમાં તેમનો ફાળો છે. તેમનું વિવિધ ક્ષેત્રે સન્માન થયું છે. પણ એ તો અનાસક્ત કર્મયોગીની જેમ સતત કલ્યાણયજ્ઞ કર્યે જ જાય છે. તેઓ કર્મકાંડી નહિ, કર્મયોગી છે, માનવતાના ઉપાસક છે. સમાજસેવાની ધૂણી ધખાવી બેઠા છે. સંસ્થાસ્થાપન,

તેના ધારણપોષણ ને વિકાસ-સંવર્ધનના કસબી છે. સ્મૃતિ સ્મારક જેવી સંસ્થાઓ એ એમની સમાજને ભેટ છે.

એમનું નેતૃત્વ નિરાળું છે, એમની સૂઝબૂઝ, ઉત્સાહશક્તિ, મંત્રશક્તિ ને કાર્યશક્તિને કારણે પદનો તાજ એમને માથે આવી પડે છે અને તેને તે શોભાવી જાણે છે. સાથીદારો, દાનવીરો, સામાજિક કાર્યકરો, વિદેશવાસી ભારતીયો, સંસ્થાના કાર્યકરો, કર્મચારીઓ વગેરેને સાથે લઈને ચાલે છે. તેમને પ્રબળ હાથે કામ લેવાની ટેવ છે. સંસ્થાના હિતમાં ધાર્યું કરે છે. ઉપરનાં સત્તા મંડળોને પણ સંભળાવી દે કે સંસ્થા અમારે ચલાવવાની છે. એમનું મનોબળ એવું મજબૂત છે કે સામેવાળાને ઝૂકવું કે સંમત થવું પડે. જે ફાઈલ કે બ્રીફ પકડે તેમાં પારંગત થઈ, સબળ રજૂઆત કરી, સફળ નીવડે.

બહારનું જગત એમને શિક્ષણ સંચાલક તરીકે અભિનંદે છે, જાણે છે પણ કડીની શિક્ષણેતર સંસ્થાઓની સેવા તો કડીના વિસ્તારના નાગરિકો જ જાણે છે. એમણે કડી નગરના નાગરિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ભાગ્યોદય હૉસ્પિટલ દ્વારા સમાજને આરોગ્યસેવા પૂરી પાડી છે. નાગરિક બૅન્ક દ્વારા વેપાર ધંધાવાળા સામાન્ય જનને આર્થિક સહાયની સેવા ઉપલબ્ધ કરી આપી છે.

આટલી બધી જાહેર સેવાની પ્રવૃત્તિઓ વચ્ચે પણ તે પરિવાર, સમાજ ને વ્યવહારને ભૂલ્યા નથી. સંસારમાં સરસા રહે છે, વડીલ તરીકે વાત્સલ્યમૂર્તિ છે. સ્વજનોને સહાયરૂપ થયા કરે છે. એમની સેવાભાવના ઘર, પરિવાર, નગર, સમાજ ને વ્યાપક માનવતા એમ સદા વિસ્તરતી જાય છે. ઘર-ધંધાની ઉપેક્ષા કર્યા વગર તે શિક્ષણ અને સમાજસેવામાં રમમાણ રહે છે. કલ્યાણકાર્ય કરનારની સદા ઉન્નતિ જ થાય છે એવાં કલ્યાણકાર્યો કરતાં કરતાં તેઓ શતાધિક નિરામય દીર્ઘાયુ ભોગવે એ જ હાર્દિક શુભાભિલાષ.

# 35.

## વ્યવસ્થાપનની પ્રતિભા અને પ્રતિભાનું વ્યવસ્થાપન

હરકાન્ત ત્રિવેદી
નિવૃત્ત નાયબ નિયામક-ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આપણા રોજ-બ-રોજના જીવનમાં વ્યવસ્થા વ્યાપક ફલક પર વિસ્તરતી જણાય છે.

'વ્યવસ્થા' (વિ + અવસ્થા) વિશેષ અવસ્થા-સ્થિતિનું હોવું તે. ભારતીય સંસ્કૃતિ માટે આ શબ્દનું મહત્ત્વ નવું નથી. આર્યોના આગમન અને એમના સ્થિર થવાના કાળથી આ શબ્દ સાર્થક સ્વરૂપે પોતાની કામગીરી બજાવતો રહ્યો છે. એથીયે વ્યાપક સ્વરૂપે આપણા સૌર મંડળ અને બીજાં સૌરમંડળોની વ્યવસ્થા પણ બ્રહ્માંડ સ્વરૂપે પોતાનાં ગૂઢ રહસ્યો સમાવીને બેઠી છે : કહીએ કે બ્રહ્માંડવ્યાપી છે. રહસ્યવાદ - Mystisism પોતે જ એક એવી ગૂઢ-વ્યાપક વ્યવસ્થા છે કે એના નવાં નવાં રહસ્યો માનવનું જિજ્ઞાસુ મન ખોજતું રહ્યું છે. अणोरणीयान् महतो महीयान्નું ગૂઢ અસ્તિત્વ જ અણુવિજ્ઞાનને સ્પષ્ટ કરવામાં કામિયાબ રહ્યું છે, વળી, નવાં નવાં રહસ્યો પ્રગટાવવા તરફ અગ્રેસર છે.

આમ, વ્યવસ્થા અંગેનું શાસ્ત્ર જમાનાજૂનું હોવા છતાં આધુનિક યુગમાં ચારે બાજુ 'વ્યવસ્થાપન - વ્યવસ્થાપન'ના નારા જાણે લાગી રહ્યા છે. ક્યાંક ક્યાંક તો ગોકીરાની કક્ષાએ આ શબ્દ વપરાવા લાગ્યો છે. ચાલુ સિક્કાને વટાવવા સૌ કોઈ મચી પડે છે એ આ યુગની ખાસિયત છે.

પ્રસ્તુત લેખમાં આપણે વ્યવસ્થાપનની પ્રતિભાના જીવનની આછેરી ઝલક મેળવીને અનેક પ્રતિભાઓનું નિર્માણ કરનાર માણેકલાલ માધવલાલ પટેલ વિશે જાણીએ.

ઈ.સ. ૧૯૨૯ની પહેલી ફેબ્રુઆરીએ બધા સામાન્ય દિવસ જેવો જ એક દિવસ, પણ ઊંટવા (તાલુકો : કડી, જિલ્લો : મહેસાણા) ગામમાં એક સામાન્ય ખેડૂતના ઘરે જે જીવનઝબકાર થયો તે કંઈક અસામાન્ય હતો. આવું એ દિવસ પછીના એંશી વર્ષે સૌને અનુભવવા મળ્યું. મીણ માટીના માનવીના દેહે જે

તેજસ્ફુલિંગ વિરાટ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે એની પ્રતીતિ વાચકને હવે પછીના શબ્દેશબ્દ દ્વારા થતી આવશે. અહીં આપણી વ્યવસ્થાપનની પ્રતિભાના બાલનાયકની પ્રતિભાનું તેજ પણ અનુભવાય. આથી જ હિન્દીમાં કહેવત છે : होनहार बिरवान के होतन चीकने पात. આપણે કહીશું : પુત્રનાં લક્ષણ પારણામાંથી.

બી.એ. અને એલએલ.બી.નો અભ્યાસ પૂરો કર્યા પછી ઈ.સ. ૧૯૫૮ થી એમના જીવનનો એક મહત્ત્વપૂર્ણ વળાંક આવી ગયો. કડી નગરપાલિકાના ચીફ ઑફિસરની જગ્યાના ઈન્ટર્વ્યૂમાં સારી રીતે સફળતા મેળવીને તેઓ કડી નગરપાલિકા ખાતે ચીફ ઑફિસર બનીને આવી ગયા. વકીલાતની સનદ ધરાવતા માણેકલાલે નગરપાલિકાના કાયદાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને ખંત, ઉત્સાહપૂર્વક પાલિકાનું સુકાન સંભાળી લીધું. અહીંથી જીવનમાં કશુંક પ્રતિભાયુક્ત કામ કરી બતાવવાની સોનેરી તક એમને પ્રાપ્ત થઈ. તો કડી નગરપાલિકાને પારદર્શક, ઉત્સાહી, કુશળ, ખંતીલા વહીવટકાર મળ્યા. એમણે ચીફ ઑફિસરની જવાબદારી સંભાળી ત્યારે નગરપાલિકાની હાલત ખૂબ કફોડી હતી. અંદરોઅંદરના મતભેદો, રાજકારણથી ખરડાયેલું દૂષિત વાતાવરણ અને નગરપાલિકા સુપરસીડ થાય તેવી હાલત હતી. કહોને કે ખરાબે ચડેલા વહાણનું સુકાન ચીફ ઑફિસર માણેકલાલભાઈના હાથમાં આવ્યું. માત્ર ત્રણ લાખ, સાત હજારની આવક ધરાવતી નગરપાલિકાને સધ્ધરતાના પંથે લઈ જવા દૂરંદેશી, જરૂરી કડકાઈ, પારદર્શકતા, સ્વચ્છ વહીવટ, મામકા-પાંડવાની રીતિનીતિના અભાવ દ્વારા એમણે નગરપાલિકાના વહીવટી સુકાનને સુપેરે સંભાળી લીધું. આર્થિક સુધારા દ્વારા ઑકટ્રોયમાં વધારો, નગરપાલિકાની જમીન પર ઊભી કરેલી દુકાનોનું વેચાણ તથા ભાડાની આવક દ્વારા આર્થિક સધ્ધરતા ઉપરાંત કચેરીના નિભાવખર્ચમાં પૂરી કરકસર અને ભ્રષ્ટાચાર ન થાય તે બાબત પર ચાંપતી નજર - આ બધું ચીફ ઑફિસર (સી.ઓ.) સાહેબની વહીવટી દક્ષતા અને દૂરંદેશીનું પરિણામ હતું. પોતે સમયબધ્ધતાના પાબંદી અને ઘડિયાળના કાંટા પ્રમાણે જ કચેરીમાં આવવું જવું એવી દાનતનો સદંતર અભાવ ધરાવતા હોવાથી આપોઆપ કચેરીની કાર્યદક્ષતા વધવા લાગી. સાથેસાથે કચેરીના વાહનનો નામનો પણ દુરુપયોગ નહિ - આમ Charity begins at home - ના સૂત્રને એમણે ચરિતાર્થ કરી બતાવ્યું.

ચૌદ વર્ષ ને દસ માસ ચીફ ઑફિસરનો વહીવટ સંભાળી નગરપાલિકાને અત્યંત સધ્ધર સ્થિતિમાં મૂકીને આગળ તક મળતાં કડી નગરપાલિકાના પ્રમુખ બન્યા. એમના પ્રમુખપદે કડી નગરપાલિકા ખૂબ જ ઝળકી ઊઠી.

વળી, સહજ પ્રકૃતિ અનુસાર આ બધા સમયગાળા દરમિયાન એમની સામાજિક સેવાઓ અવિરતપણે ચાલુ જ હતી. આવી સેવાના સુફળરૂપે 'સરદાર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી' નું નિર્માણ, જેમાં સભ્યોને માણેકલાલભાઈની સમયપાલનવૃત્તિ, પ્રામાણિકતા, ઉદ્યમ દ્વારા એ વખતે ચારસો ચોરસ વારના પ્લોટ સાથેનું પંચાશી ચોરસ વારના બાંધકામવાળું ઘર પ્રાપ્ત થયું.

આ ઉપરાંત કડી અને આજુબાજુનાં ગામડાંના લોકોને વૈધકીય સુવિધાઓ મળી રહે એ માટે ઈ.સ. ૧૯૬૭ ના ફેબ્રુઆરી માસમાં ડૉ. રામભાઈ, સરકારી સેવામાંથી મુક્ત થઈ પોતાના ઉમદા વ્યવસાય દ્વારા સમાજ સેવાર્થે, કડીમાં આવ્યા એ વખતે માણેકલાલભાઈ સાથે એમને કોઈ જ ઓળખાણ ન હતી. પણ સાહેબ (માણેકલાલભાઈનું કડીમાં એ વખતે પ્રચલિત સંબોધન) ને ખબર પડી કે કડીમાં કોઈ નવા ડૉકટર આવ્યા છે. માણેકલાલભાઈના સેવાભાવી મનમાં થયું કે મારે તેમને મદદરૂપ થવું જોઈએ અને તેઓ તો દોડી ગયા ડૉકટર સાહેબ પાસે. "તમારે જરૂરી બધી જ મદદ હું કરીશ-" કહીને દવાખાનાના મકાનથી માંડીને ઉદ્ઘાટન અને લોકપરિચયમાં માણેકલાલભાઈએ અનન્ય ફાળો આપ્યો. સમાજ સેવારત સાહેબના મનમાં ડૉકટરને કડીમાં સ્થાયી કરવાનો ભાવ હતો. એ જ સાથે એમનો સાથ લઈને નાતજાતના ભેદભાવ વિનાનો નીરોગી અને માનસિક રીતે સ્વસ્થ સમાજ ઊભો કરવો હતો. સેવાયજ્ઞમાં આહુતિઓ આપતા રહેવી એ માણેકલાલભાઈની સહજ પ્રકૃતિ હતી.

વૈધકીય સેવાયજ્ઞમાં ડૉ. રામભાઈનો પ્રસન્ન - પ્રફુલ્લિત ચહેરો જોઈને જ દર્દીઓ અડધા સાજા થઈ જતા. વળી, આંશિક ફી લઈને ઉપચાર થતો. આવા યોગ્ય ડૉકટર કડીમાં રહી જાય એ માટે માણેકલાલભાઈએ ડૉકટર સાહેબ માટે એક રહેઠાણનું મકાન નક્કી કર્યું. એ વખતના સાતમા દસકના ફક્ત રૂા. ૨૧૦૦૦/- એકવીસ હજાર લઈને મકાન માલિકને, ડૉકટર સાહેબ માટે ઘર વેચાતું આપવા, રાજી કરી લીધા. એમાં પણ ડૉકટર સાહેબે રોકડા અગિયાર હજાર રૂપિયા આપ્યા અને દસ હજારની લોનની વ્યવસ્થા માણેકલાલભાઈએ કરાવી આપી. ખુદ ડૉકટર રામભાઈના શબ્દો છે : "એમની (માણેકલાલભાઈની) આર્થિક સ્થિતિથી એમની ઉદારતા બમણી છે." આ પછીના પગલાંરૂપે વર્ષોથી સુપ્ત થઈ ગયેલી 'ભાગ્યોદય સંસ્થા'ને ઢંઢોળીને 'ભાગ્યોદય હૉસ્પિટલ-કડી'ની સ્થાપના કરવામાં આવી અને આ ઉમદા કાર્યમાં મુખ્ય દાનવીર માણેકલાલભાઈ અને બીજા અનેક દાતાઓને પણ પ્રેરીને કડીની આજુબાજુનાં ગામોના લોકોને નહીંવત્ ફીમાં હૉસ્પિટલની

સેવાઓ પ્રાપ્ત થવા લાગી.

આવું જ સેવાભાવી વલણ એમનું કોમી એકતા માટે. ગમે તેટલા વિપરીત સંજોગો હોય, અશાંતિ હોય, ગોળીબાર થતા હોય ત્યારે કોમી એકતા - શાન્તિ માટે ડૉ. રામભાઈ અને માણેકલાલભાઈ શહેરમાં ફરી વળતા. કોમી એખલાસ માટે અથાક પ્રયત્નો કરવામાં બન્ને સહેજ પણ પાછી પાની કરતા નહીં.

હીરપારખુ ઝવેરીની ઊંડી અને વ્યાપક પરખ માણેકલાલભાઈના વ્યકિતત્વમાં જણાઈ આવે છે. ખરો આગેવાન પોતાની ટુકડી - team પસંદ કરવામાં ચુનંદો હોય છે. આવું જ ચુનંદાપણું માણેકલાલભાઈમાં અલગ અલગ ક્ષેત્રે જોવા મળે છે. આથી જ સહકાર, વૈદકીય, સમાજસેવા, શિક્ષણ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા, દાનશીલતા, ઉદ્યોગ કે બીજા કોઈપણ ક્ષેત્રમાં આવી ટુકડીઓ ઊભી કરીને team spirit - સંઘભાવનાના જ્વલંત ઉદાહરણ દ્વારા જે - તે ક્ષેત્રને એના ઉત્તુંગ શિખરે પહોંચાડવામાં એમનો ફાળો અપ્રતિમ રહ્યો છે.

ભાગ્યોદય હૉસ્પિટલ કડીને બેઠું કરવામાં ડૉ. રામભાઈ પટેલનો સાથ મેળવીને બીજા અનેક દાતાઓમાં પોતે અગ્રેસર રહ્યા અને આથી જ કડી શહેર અને આજુબાજુનાં નાના-મોટાં ગામો નહિવત્ શુલ્ક દ્વારા વૈદકીય સારવાર મેળવે છે.

આ જીવનઝરમરમાં આગળ વધતાં પહેલાં અત્રે બે તપસ્વીઓનું પુણ્ય સ્મરણ કરી લઈએ. માણેકલાલભાઈની વ્યાપક શૈક્ષણિક પ્રવૃત્તિઓના પાયારૂપ એવા આ બે તપસ્વી પુરુષો પટેલ સમાજ અને ગરવી ગુજરાતના પનોતા પુત્રો છે.

ઈ.સ. ૧૯૧૯માં સરઢવ (તા.જિ. ગાંધીનગર) ગામના મૂળ વતની, ખેડૂતપુત્ર, ઋષિતુલ્ય પૂજ્ય છગનભાએ 'સર્વ વિદ્યાલય - કડી' નો પ્રારંભ શાલેય શિક્ષણથી કર્યો. આમાંનાં છાત્રાલયોનો ભાવિ પેઢીના જીવનઘડતરમાં સિંહફાળો છે. કડવા પાટીદાર જ્ઞાતિમાં વિદ્યા-શિક્ષણ નથી એટલે જ એની સર્વતોમુખી ઉન્નતિ થતી નથી - એવી દૃઢ પ્રતીતિ સાથે એમણે સર્વ વિદ્યાલય - કડીનો પાયો નાખ્યો. આ સંદર્ભે જ એક અજ્ઞાત કવિએ પૂજ્ય છગનભાને અંજલિ આપતાં કહ્યું છે :

**પટકાઈ કડવા કોમ વિદ્યા છે નહિ તેની મહીં,**
**ટેલ નાખી ગામગામે પાથર્યા ખોળા જઈ,**
**લગની લગાડી લોકને વિદ્યા ઘણી સોંઘી થઈ.**
**ભાળી પરબ વિદ્યા તણી તરસી જગત પીવા વળી.**

આમ, પોતે વિદ્યા સમ્પન્ન થયા પછી સમાજને વિદ્યા સમ્પન્ન કરવાના તપઃ પૂત પ્રયાસોની જ્વલંત ગાથા એટલે પૂજ્ય છગનભાનું જીવન ! આપણા

દેશમાં આવા બધા ભગીરથોએ જ જ્ઞાનગંગાનું અવતરણ કર્યુ છે. આજે સમગ્ર ગુજરાત-ભારત (ગુજરાત સિવાય રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને અન્ય સ્થાનોએથી નોકરી ધંધાર્થે આવી વસેલાનાં બાળકો - યુવાનો) પણ કડી અને ગાંધીનગરનાં વિદ્યાક્ષેત્રોમાં ત્યાંની જ્ઞાનગંગામાં અવિરત સ્નાન કરી જીવનને સમુજજવલ બનાવવામાં મચી પડ્યું છે. શતશત વંદન છગનભા જેવા આધુનિક ઋષિને ! એમનું જીવનસૂત્ર : કર ભલા, હોગા ભલા.

આવા જ બીજા તપસ્વી તે દાસકાકા - પુરુષોત્તમદાસ ર. પટેલ. સમાજમાં યશોદાયી સ્થાન પ્રાપ્ત થાય એટલે ફૂલની સુગંધ પ્રસરે તેમ યશ પ્રસરવા લાગે એવી જ રીતે સર્વ વિદ્યાલય - કડીની કીર્તિગાથા ચોમેર પ્રસરવા લાગી. ઈ.સ. ૧૯૬૫ માં ગુજરાતના પાટનગર ગાંધીનગરની સ્થાપના થઈ. સરકારી કર્મચારીઓ - અધિકારીઓનો વસવાટ શરૂ થતાં એમનાં બાળકોના શિક્ષણનો પ્રાણપ્રશ્ન ઊભો થયો. આ પ્રશ્ન હલ કરવા સરકારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડીને ગાંધીનગરમાં શાળા શરૂ કરવાનું જણાવ્યું. આના પ્રતિભાવરૂપે કડીના જાણીતા ધારાશાસ્ત્રી તેમજ સંસદસભ્ય અને લોકસેવક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલે (પૂજ્ય દાસકાકાએ) ગાંધીનગરમાં સેકટર-૨૩ માં પ્રાથમિક - માધ્યમિક શાળાથી શરૂઆત કરી. આ સંકુલના ભૂમિપૂજન પહેલાં ઉબડખાબડ ખેતરાઉ જમીન પર શ્રમયજ્ઞ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પરિવારે (કાર્યકરો, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેએ) પ્લોટ્સ સમથળ કરીને ભૂમિપૂજન માટે તૈયારી કરી આપી. આ રીતે એક વિશાળ શૈક્ષણિક વટવૃક્ષની સંભાવના ધરાવતા બીજનું વૃક્ષારોપણ થયું.

અહીં પણ 'योगः कर्मसु कौशलम्'ના સૂત્રને ચરિતાર્થ કરનારા પૂજ્ય છગનભા તથા પૂજ્ય દાસકાકા જેવા તપસ્વીઓએ અડિંગો લગાવીને જે પ્રારંભ કર્યો એમને ગુણભાવે અંજલિ અર્પવી રહી.

આમ, બન્ને તપસ્વી વ્યકિતઓ દ્વારા કંડારેલા માર્ગને રાજમાર્ગ બનાવવાનો અથાક પુરુષાર્થ આપણા માણેકલાલ મા. પટેલે પોતાની નેતૃત્વશક્તિ અને સંઘભાવના દ્વારા કરી બતાવ્યો. આજે બાલમંદિરથી (ગુજરાતી - અંગ્રેજી માધ્યમો) માંડીને યુનિવર્સિટી સુધીનો વ્યાપ ધરાવતા શિક્ષણનું વટવૃક્ષ વધુ ને વધુ ફૂલતું - ફાલતું જોવા મળે છે. આંકડાકીય રીતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી કેમ્પસ્‌ની ૧૮ સંસ્થાઓ, સર્વ વિદ્યાલય ગાંધીનગર કેમ્પસની ૨૯ સંસ્થાઓ થઈને આંકડો ૪૭ની સંખ્યાએ પહોંચે છે. વળી છાત્રાલયોનાં મકાન તો જુદાં, જેમાં

અભ્યાસ કરતું વિદ્યાર્થીબળ ૪૫,૦૦૦ ઉપરાંત છે.

સર્વમાં શિરમોર સમી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' - સ્વનિર્ભર યુનિવર્સિટીને ગણી શકાય. ઈ.સ. ૨૦૦૭ માં આ યુનિવર્સિટીની સ્થાપના થઈ. ઈ.સ. ૨૦૦૮ થી આ વિશ્વવિદ્યાલય કાર્યરત છે. આ યુનિવર્સિટીનું કાર્યાલય - ભવન ગાંધીનગર ખાતે સૅકટર-૧૫ માં કાર્યરત છે. યુનિવર્સિટીમાં જોડાવા માટે કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન - યુ.જી.સી. - દિલ્હીનું ઍક્રેડિટેશન (ઉચ્ચ ગુણવત્તા ક્રમાંક) મેળવવું ફરજિયાત છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની તમામ કૉલેજોએ આવું એક્રેડિટેશન પ્રાપ્ત કર્યુ છે.

મોતી પરોવવામાં સૂત્ર - ધાગો કે ધાતુનો તાર મહત્ત્વનો છે. ઉપર ઉલ્લેખેલ સર્વ શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રેરક - કારક અને સમગ્ર સંઘશક્તિના નેતા આપણા ચૅરમૅન શ્રી માણેકલાલ મા. પટેલ છે - એવું ઉલ્લેખવું જરાય જરૂરી જણાતું નથી, કારણ કે એ સ્વયંસિધ્ધ સત્ય સમી વાત છે.

શ્રી માણેકલાલભાઈની વિનમ્રતાના શબ્દો જુઓ : "પૂજય છગનભાનો કર્મમંત્ર" 'કર ભલા, હોગા ભલા' તથા તેમના સદ્‌ગુરુ શ્રી કેશવાનન્દજીએ કેળવણીનું કામ શરૂ કરવા પૂજય છગનભાને આપેલા રૂપિયા પાંચ આજે પણ તેમનો પ્રભાવ પ્રસારી રહ્યા છે."

આમ, સદ્‌ભાવ, સદ્‌વૃત્તિ, સદ્‌ધર્મ અને સત્‌કર્મની અજસ્ર ધારા, ગુરુ કેશવાનન્દજીના પાંચ રૂપિયાની ગંગોત્રીમાંથી વહી રહી છે. જાણે 'ચમત્કારો આજે પણ બને છે'-ની પ્રતીતિ કરાવતું જીવતું-જાગતું અસ્તિત્વ સર્વ વિદ્યાલય કડી તથા ગાંધીનગરના કૅમ્પસો ખાતે સાક્ષી બનીને જોઈ શકાય છે.

શ્રી માણેકલાલભાઈની બહુ આયામી પ્રતિભામાંની વિદ્યાપ્રીતિ આ લખનારને પણ જાતે અનુભવવા મળી છે એનો જરા સરખો અછડતો ઉલ્લેખ માત્ર. શાળા પાઠ્યપુસ્તક મંડળનાં પાઠ્યપુસ્તકોની હસ્તપ્રતોની ઝીણવટભરી સર્વાંગીણ સમીક્ષા વખતે પ્રાધ્યાપકો, અધ્યાપકો, શિક્ષકો કે અધિકારીઓને સુવિધાપૂર્ણ આવાસ અને સુસ્વાદુ - પુષ્ટિકર ભોજનની સર્વ વ્યવસ્થા કરી આપવા માણેકલાલભાઈ સુસજ્જ હોય. પોતાના કાર્યકરો - અધિકારીઓને, રાજ્ય વ્યાપી શૈક્ષણિક કામગીરીમાં યત્કિંચિત્ ફાળો મૌનભાવે યજ્ઞાંજલિરૂપે આપવાનો ઈશારો માત્ર કરીને દૂર ખસી જાય - જાણે કર્તાભાવ વિના પ્રવૃત્તિનો તાદૃશ દાખલો ! મંડળના દૃઢ આગ્રહ છતાં, આવાસ, ચા-પાણી નાસ્તો અને ભોજન, કશાનો નામનો ખર્ચ ન લેવાની શુભ ચેષ્ટા દ્વારા વિદ્યાકીય કાર્યમાં પોતાનો નમ્ર ફાળો

મૌન સ્વરૂપે આપતા રહે. આવાં તો બીજાં અનેક કાર્યો, એમના સદ્‌ભાવ-સહકાર દ્વારા સરકારી - અર્ધ સરકારી કે બિન-સરકારી સંસ્થાઓને જે તે સંસ્થાની કામગીરીના ભાગરૂપે એમણે પૂર્ણ કરાવી આપ્યાં છે. આવી શૈક્ષણિક કામગીરીનું સામાજિક મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે.

ઉદ્યોગવીર માણેકલાલભાઈ માત્ર પોતે જ ઉદ્યોગ ચલાવીને ધન કમાઈ લે એવો સંકીર્ણ ઉદ્દેશ એમના મનમાં કયારેય નથી રહ્યો. અમદાવાદ ટ્રાન્સપોર્ટ સર્વિસના કોસ્ટિંગ કલાર્ક એક સફળ ઉદ્યોગવીર બને એ ઘટના એક લાંબી દડમજલ છે અને એ દરમિયાનનું સંવેદનશીલ હૃદય બીજા લોકોને રોજગારી મળી રહે એની ખેવના પણ એટલી જ ધરાવે છે. આપણે ‘વ્યવસ્થાપનની પ્રતિભા તરીકે’ શ્રી માણેકલાલભાઈને જાણવા રહ્યા. તેઓ ધન કરતાં કાર્ય અને તેની ઉપયોગિતાને વધારે મહત્ત્વ આપતા હોવાથી સાચા અર્થમાં ઉદ્યોગવીર બનીને સમાજનું કાર્ય કરી રહ્યા છે.

ધન કમાઈને સુખોપભોગ તો બહુ જ મર્યાદિત-સ્વાર્થી હેતુ થયો. માણેકલાલભાઈમાં ‘શ્રી- સમ્પદાને’ એના યથાર્થ સ્વરૂપમાં પ્રયોજવાનો સદ્‌ગુણ જન્મજાત છે. અહીં પરમ ચેતનાની દિવ્ય ભૂતિને (સમૃધ્ધિ - કલ્યાણને) અત્યંત સ્પષ્ટ આર્ષદર્શન ચિંતનના પરિપાકરૂપે મહર્ષિ અરવિંદે આમ સમજાવ્યું છે.

“આ વિશ્વમાં અને પૃથ્વીના વિકાસક્રમમાં શું શું થવું જોઈએ તે સઘળાનો નિર્ણય મા ભગવતી પોતાની દિવ્ય દૃષ્ટિ દ્વારા, પોતાના સહજ જ્ઞાન વડે તથા પોતાના અંતરમાંથી જે તત્ત્વોનું પોતે સિંચન કરે છે તે દ્વારા કરે છે. એ પ્રમાણે નિર્માણ કરીને મા ભગવતી પોતે દેવતાઓથીયે પર ઊર્ધ્વમાં વસે છે અને પોતાનાં સઘળાં શક્તિ-સ્વરૂપોને અને વ્યકિતસ્વરૂપોને વિશ્વમાં પોતાનું કાર્ય કરવા માટે તે આગળ કરે છે; અને એ શક્તિઓ વ્યકિતસ્વરૂપોના પ્રાદૂર્ભાવોને તે આપણી અવિદ્યામય સૃષ્ટિમાં એટલા માટે મોકલે છે કે તેઓ આ પૃથ્વી ઉપર આવીને અહીં રહેલા નિમ્ન જગતના કાર્યમાં વચ્ચે પડે, તેમનું શાસન કરે, સંગ્રામો ખેડે અને વિજય પ્રાપ્ત કરે તથા તેનાં યુગચક્રોને દોરે અને પલટે તથા જગતમાં કાર્ય કરી રહેલી શક્તિધારાઓનું - સમગ્રરૂપે તથા વ્યક્તિરૂપે - સંચાલન કરે.”

ઉપર આર્ષ ઋષિના દિવ્ય શબ્દોને આપણી વાત સાથે સમજીએ તો - સંગ્રામો ખેડે અને વિજય પ્રાપ્ત કરે - વળી વાતને ધ્યાન - ઊંડાણપૂર્વક વિચારવાની છે. માણેકલાલભાઈ કમાયેલા ધનને જયાં જયાં જરૂર હોય ત્યાં દાનમાં આપતા સહેજ પણ ખચકાતા નથી. પ્રામાણિક, કાર્યનિષ્ઠ, મહેનતુ મજૂરને માલિક બનતા

પણ શીખવે છે. આમ, તેઓ ધન કમાઈને સ્વ-સુખ કરતાં સમાજ - સુખ માટે વિશેષ વાપરી જાણે છે.

આ બધાની ચાવી એમની સતત પ્રવૃત્તિશીલતા છે. અવિરતપણે પ્રવૃત્તિશીલ રહેવું અને એક્યાશી વર્ષના 'જુવાન ડોસા' ને આપણે મળતા હોઈએ એવી Vibrant personality - ધબકતું - જીવંત વ્યક્તિત્વ એ એમની નિજી ઉપલબ્ધિ છે. આવી વ્યક્તિમત્તાના સંપર્કમાં જે કોઈપણ આવે એ અચૂક પ્રેરણા પ્રાપ્ત કરે. - જો મળનાર વ્યક્તિનું receiver કામ કરતું હોય તો - એટલી શરત તો આદાન પ્રદાન કે શિક્ષણ કે સ્વયં શિક્ષણની પાયાની શરત છે.

પ્રારંભમાં આપણે 'માણેક' શબ્દ એના શાબ્દિક અર્થમાં વિચારીને આગળ ચાલ્યા'તા. આ જ વાત સમાપન વેળાએ વિચારી લઈએ : હીરાની પ્રાપ્તિ કોલસાની ખાણમાંથી જ થાય. આપણે હીરા-માણેક શબ્દ સાથે પ્રયોજીને 'કીમતી પથ્થર' ની સંજ્ઞાથી પરિચિત છીએ. કાચું સ્વરૂપ - પ્રાથમિક સ્વરૂપ એ ખાણમાંથી મળતો પથ્થર છે. સંજોગો અને એને પહોંચી વળવાની તત્પરતા સજ્જતા એ પહેલ પડવાની-પાડવાની પ્રક્રિયા છે. આપણા ચરિત્રનાયક માણેકલાલભાઈએ આવા વ્યક્તિત્વને પહેલદાર - પાસાદાર ઓપ આપીને ખરા અર્થમાં માણેક જેવું જીવન બનાવીને માતાપિતા- ફોઈએ આપેલા નામને સાર્થક કર્યું છે; એટલું જ નહિ, હજી ઉન્નતિ-વિકાસની શક્યતાઓ એની સીમા સુધી પહોંચી ચૂકી નથી; કારણ કે વિકાસની પ્રક્રિયા ચાલુ જ છે. આ રીતે માનવજીવનની અમાપ શક્યતાઓને પ્રગટ કરનારું જીવન માણેકલાલભાઈ જીવી રહ્યા છે; અન્યોને પ્રેરિત કરી રહ્યા છે.

પ્રસ્તુત લેખનું સમાપન કરતાં પહેલાં એક નજર એના શીર્ષક પર પણ કરી લઈએ : વ્યવસ્થાપન જાણે માણેકલાલભાઈનો સ્વભાવ છે અને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં આપણને તે નજરે પડે છે. આથી જ એમને 'વ્યવસ્થાપનની પ્રતિભા' કહેવામાં કશીય અતિશયોક્તિ નથી.

વળી, योजकस्तत्र दुर्लभः ના ન્યાયે પોતાની વિકસિત પ્રતિભા દ્વારા અનેકોની પ્રતિભાઓનું પ્રત્યક્ષ-પરોક્ષ સર્જન એ જ એમનો સ્વભાવ બની ગયો છે. પોતાની પ્રતિભાશક્તિથી દ્રવ્યોપાર્જન, તેનું વ્યવસ્થાપન અને તે દ્વારા નવી-નવી પ્રતિભાઓનું સંગોપન - સંવર્ધન - આ સહજ ચક્ર ચાલી રહ્યું છે. આ લેખ દ્વારા આ સમગ્ર ગૂંથણીને સમજીને જયાં-જયાં આપણે કામ કરીએ છીએ ત્યાં-ત્યાં પ્રતિભાશક્તિને જાણી - નાણીને તેનો વિકાસ કરવા તરફ इदं समाजहितार्थाय, इदन्न मम - ના યજ્ઞભાવે પ્રવૃત્તિશીલ બનીએ.

# 36.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્જક શ્રી માણેકલાલભાઈ

ઈશ્વરભાઈ જી. પટેલ
પૂર્વ આચાર્ય - બલોલ અને ગાંધીનગર તથા કવિ

કેટલીક વ્યક્તિઓ નામ પ્રમાણેના ગુણોવાળી હોય છે, यथा नाम तथा गुणाः । શ્રી માણેકલાલભાઈ તેમાંના એક ગણાય. માણેકનાં ઓજ અને પ્રભા કરતાંય તેમનાં સુકાર્યોના વિકાસની પ્રભા સવાઈ છે.

તપસ્વી ઋષિ છગનભાએ શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષનું બીજ આજથી લગભગ એક સદી (૯૦ વર્ષ) પહેલાં કડીને પાદરે વાવ્યું અને અનેકોના સહયોગથી એનું બાલછોડરૂપે સંવર્ધન કરી વિકાસશીલ બનાવ્યું, તે બાલતરુ સમયના ટૂંકા ગાળામાં શાખો પ્રશાખોવાળો ઘેઘૂર વડ બની જઈ અનેક જીવોને તેની છાંય અને ફળોથી તૃપ્ત કરી રહ્યો છે તે જોવા પૂજ્ય છગનભાનો મોક્ષ પામેલ આત્મા પણ લાલાયિત બને.

આ વિકાસનું કાર્ય અનેકોના વિભિન્ન પ્રકારના સહયોગથી થયું છે તેની ના નહી પરંતુ કડી અને ગાંધીનગરમાં વિભિન્ન વિદ્યાશાખા-પ્રશાખોના ઘેઘૂર જટાજૂટના સર્જનમાં ધરીનું કાર્ય માનનીય માણેકલાલભાઈનું સૌ જોઈ શકે છે અને તેમની ધગશ અને ઉત્સાહનું પરિણામ - કડી સર્વ વિશ્વવિદ્યાલય- એક અનન્ય યુનિવર્સિટીરૂપે, ઋષિ છગનભાના આત્માને તેમની ભવ્ય અંજલિ બની રહે છે. આ એક સનાતન અને ચિરંજીવી ઘટના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ઈતિહાસનું ધ્રુવબિન્દુ બની રહી. સર્વ વિદ્યાલયના ઈતિહાસમાં શ્રી માણેકલાલભાઈ ન હોત તો આજ આ યુનિવર્સિટી ન હોત.

વર્ષો પહેલાં બલોલ હાઈસ્કૂલના આચાર્યને નાતે કડી કેળવણી મંડળની વાર્ષિક મિટિંગોમાં જવાનું થયું ત્યારે ત્યાં માણેકલાલભાઈનો પ્રથમ પરિચય પામેલો. સર્વ વિદ્યાલય કડી અને તેની શાખાઓ બલોલ, વડનગર, વિસનગર વગેરે અંગેના શૈક્ષણિક કે વહીવટ અંગેના કોઈ પ્રશ્નની ચર્ચા ચાલતી હોય ત્યારે સભ્યો પોત- પોતાનાં દષ્ટિબિંદુઓ રજૂ કરી ચર્ચા કરે તે માણેકલાલભાઈ શાન્ત

ચિત્તે સાંભળતા હોય. સ્વ. રામચંદ્રભાઈ અમીન (પ્રમુખ) ધીરગંભીર શાન્ત હોય, દાસકાકાના હુકમશાહી અવાજની આભા બધે ફરી વળે, તે પછી સંસ્થાના નીતિનિયમોને દૃષ્ટિમાં રાખી, આગળ થયેલાં સૂચનોના સારરૂપ શ્રી માણેકલાલભાઈ કોઈની પણ શેહમાં આવ્યા સિવાય પોતાના વિશિષ્ટ રણકારવાળા અવાજથી જે રજૂ કરે તે લગભગ સર્વમાન્ય લાગે અને સર્વ સંમતિથી નિર્ણય લેવાય એ જોયેલું.

કડીમાં માણેકલાલભાઈને પોતાને એક મોટો વેપાર ઉદ્યોગ, તે પણ સંભાળવાનો અને સમર્પિત ભાવે તેમણે એકધારું વર્ષો સુધી સર્વ વિદ્યાલયનું સુકાન સંભાળી, રાત દિવસ તેની ચિંતા સેવી તેને આ ભૂમિકા પર મૂકી છે તે મારે મન તો એક આશ્ચર્યકારક ઘટના છે. 'ભા'નું તપ સાર્થક બન્યું, પટેલોની પેઢીઓ ઊજળી થૈ ગૈ.

છાત્રાલયો તો સર્વ વિદ્યાલયનાં. ગૃહપતિઓ અને આચાર્યો પણ ગરવા. તે કાળમાં કડી છાત્રાલયમાં ગૃહપતિ તરીકે કામ કરતા શ્રીમાન મોહનભાઈને મંડળની વાર્ષિક મિટિંગ પ્રસંગે ગયેલો ત્યારે મળવાનું થયેલું. તેમણે કહેલું 'ઈશ્વરભાઈ, આચાર્યના કામ કરતાં ગૃહપતિનું કાર્ય અને ગૌરવ ત્રણ ગણું ગણાય' હું સાંભળી રહ્યો. આગળ બોલ્યા, 'જુઓ વિદ્યાર્થીને આચાર્યે બધા સ્ટાફના સહકારથી ૧૧ થી ૫ સુધી ૬ કલાક જ સંભાળવાનો, અમારે તો એને ૧૮ કલાક સંભાળવાનો, સંસ્કારવાનો' - તેમનું આ કથન અત્યારે પણ યાદ આવે છે. પછી તો મોહનભાઈ આચાર્ય બન્યા.

વર્ષો પહેલાંના સર્વ વિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ અમેરિકામાં સારી સ્થિતિ પર હોઈ સંસ્થાના ફાળા માટે જવાનું આયોજન આગળ ઉપર માણેકલાલભાઈએ કરેલું ત્યારે વિદ્યાર્થીપ્રિય મોહનભાઈને સાથે લીધેલા અને સર્વ વિદ્યાલયના સંસ્કારથી મ્હેંકતા પૂર્વ વિદ્યાર્થીગણ પાસેથી સારું એવું ફંડ સંસ્થા માટે લઈ આવેલા.

ત્યારપછી તો ઘણાં મોટાં દાનદેણગી દેશ-પરદેશથી પોતાની સૂઝ અને કુનેહથી અને જરૂર પડી ત્યાં અન્યના સહકારથી માણેકલાલભાઈએ મેળવી કડી અને ગાંધીનગરનાં વિદ્યાસંકુલોને ભર્યાંભાદર્યાં બનાવી દીધાં. આ કાર્ય જોઈ વલ્લભવિદ્યાનગરના ભાઈકાકાની યાદ તાજી થાય છે. કડીના માણેકલાલ એ બીજા ભાઈકાકા અને છગનભા છે, એ રીતે કે સારા કામ માટે આકાશ તૂટી પડે તો પણ પાછી પાની ન કરવી. નિઃસ્વાર્થભાવે સતત સંસ્થાના વિકાસનું જ ચિંતન.

ભા સ્થાપિત આ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીનાં કેવાં તો સુભાગ્ય છે તે અંગેનો એક પ્રસંગ યાદ આવે છે.

ગાંધીનગરની શાખા શરૂ થઈ તે પહેલાંની કડી મુકામની કેળવણી મંડળની એક વાર્ષિક સભામાં માનનીય પુરુષોત્તમદાસ (દાસકાકા)એ એક બાબતની રજૂઆત કરી કે આપણે આપણા મંડળની એક શાખા તરીકે પાટનગર-ગાંધીનગરમાં એક હાઈસ્કૂલ અને છાત્રાલય શરૂ કરીએ તો સારું. મોટા ભાગના સભ્યોનો તરત જ પ્રત્યાઘાત આવ્યો કે કાકા, આપણે હાઈસ્કૂલો અને છાત્રાલયોનાં ફંડ કરી કરીને થાકી ગયા છીએ, હવે તો ગામડે ગામડે લોકો પોતાની હાઈસ્કૂલો કરે છે તેમ ગાંધીનગર અને તેની નજીકનાં ગામોનાં લોકો અને સરકારને જરૂર જણાશે તો તેઓ કરશે. આપણે એમાં પડવાની શી જરૂર ? કાકાએ કહ્યું કે તમને એમાં ખબર ન પડે. પાટનગરમાં પટેલિયાને પગ મૂકવા એક ટાલુ જોઈએ. જયાં પટેલ જાય ત્યાં એકલું પોતાનું નહીં સર્વનું હિત કરે. મંડળને યોગ્ય ન લાગ્યું ત્યારે કાકાએ કહ્યું કે સારું, તમે કોઈ ફંડફાળો અને સહકાર આપવા ભલે ન આવતા પરંતુ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના લેટરપેડ પર મને એક ઠરાવ - અમારું આ કેળવણી મંડળ ગાંધીનગરમાં હાઈસ્કૂલ અને છાત્રાલય શરૂ કરવાનું ઠરાવે છે, તો સરકારશ્રીને યોગ્ય જગ્યાએ પૂરતી જમીન આપવા વિનંતી- એવો ઠરાવ કરી આપો. એ પ્રમાણે થયું, અને કાકાએ એકલે હાથે, પોતાની રીતની સ્થાનિક કમિટી રચી, કડીના પણ થોડાક સભ્યો સમાવી, ફંડ કરી હાઈસ્કૂલ અને છાત્રાલય સૅક્ટર-૨૩માં ઘ-૬ પાસે સરકારશ્રી પાસેથી મળેલી ૧૩ એકર જમીનમાં શરૂ કર્યા. બાલમંદિર કે.જી. થી શરૂ કરી ત્રણેક વર્ષ પછી ધોરણ-૧૦ એસ.એસ.સી. શરૂ થતું હતું. દાસકાકા મહેસાણાથી દર બુધવારે આવતા. છાત્રાલયનું મકાન પૂરું થયું હતું. ગાંધીનગરમાં એસ.એસ.સી.ના સારાં પરિણામોથી કડીની છાપ જળવાઈ રહે માટે એક સારા અનુભવી આચાર્યની જરૂર હતી, તેથી મંડળની માગણીથી ૮૧-૮૨ નાં બે વર્ષ આચાર્ય તરીકે ત્યાં ગાંધીનગરની સંસ્થામાં મેં આપ્યાં. એસ.એસ.સી. નું પરિણામ તો સારું આવ્યું. પણ ત્યાંથી વયનિવૃત્ત થતાં મેં જોયું કે કાકાના અપ્રતિમ પુરુષાર્થનું સુફળ બેસવાની ભૂમિકા ત્યાંનું સ્થાનિક કેળવણી મંડળ કરી શક્યું નથી. મેં બે વર્ષના ટૂંકા ગાળામાં વાળવા-ઝૂડવાનું અને નિંદામણનું મોટાભાગનું કામ તો પતાવ્યું અને તેમની કડકાઈનું અમૃતપાન કરવાનું સુભાગ્ય પણ પ્રાપ્ત કર્યું. પરંતુ જે અપ્રતિમ વિકાસનું જેને અદ્‌ભુત કહી શકાય તેવું ગુજરાતભરમાં સ્વર્ણિમ આભા ફેલાવતું શાખોપ્રશાખોવાળું હજારો વિદ્યાર્થી - છાત્રગણથી ગુંજતું, પ્રાચીન ગુરુકુળોની યાદ આપતું, અર્વાચીન -

વિજ્ઞાનવિદ્યાઓને સુલભ કરતું કાર્ય થયું છે તે તો માણેકલાલભાઈને આભારી છે. પૂજ્ય કાકાના ગયા પછી ગાંધીનગર શાખાને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સાથે જોડી દેવામાં આવી.

આમ, કડી અને ગાંધીનગર- એમ બે વિદ્યાસંકુલોનો વિકાસ છેલ્લાં ત્રીસ વર્ષમાં જે રીતે થયો છે, તે ગુજરાત અને ભારતમાં અનન્ય છે. આ કર્તાપુરુષની ચેતના રાત દિવસ - ચોવીસે કલાક - એમાં રત હોય તો જ એ બને.

આવા વિરાટ કહી શકાય તેવા કાર્ય માટે તેના કર્તાપુરુષની સુકાર્ય માટેની ધૂન, ડૉ. રામભાઈ, ડૉ. કનુભાઈ, શ્રી મનુભાઈ, શ્રી મોહનભાઈ જેવાનો સહયોગ, કાર્યદક્ષ સંચાલકગણ અને ઉદાર દાતાઓ તથા કેળવણી મંડળના સભ્યશ્રીઓનો સુયોગ એ બધાથી છગનભાની અને દાસકાકાની તપોભૂમિ પર શિક્ષણનું સ્વર્ગ ઊતર્યું અને ગુજરાતને ગૌરવવંતું બનાવ્યું. શ્રી માણેકલાલભાઈનું નૂર, ભા-દાસકાકાના નૂર સાથે આ વિશ્વવિદ્યાલયને સદાય અજવાળતું રહેશે.

કવિતા કોઈ વ્યક્તિ માટે લખવા બેસાય નહિ, પરંતુ વ્યક્તિના મહત્ કાર્યના પુરુષાર્થની ઝલક હૃદયને સ્પર્શતાં કવિતા રચાઈ જાય તો તેને રોકી શકાય નહિ. મારી 'વંદના' પુસ્તિકામાં, એ સમયે (૨૦૦૧-રજતજયંતી પ્રસંગે) માણેકલાલભાઈના ભગીરથ કાર્યના નૂરને સહજભાવે, ૧૪ પંક્તિના સૉનેટમાં રચવા મેં પ્રયત્ન કર્યો છે, જેની ઝલક -

અશક્યોને શક્યાન્વિત કરત માણિકયનૂર તે
સદા હો વર્ધંતુ દિશ દિશ પ્રભાલોક ભરતું.

આવા માણસો રાજ્યો અને દેશના સંચાલનમાં હોય તો રાજ્યો અને ભારતની સિકલ બદલાય અને પ્રજાને સુરાજ્ય મળે.

આપણું આ કડી સર્વ વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી) પશ્ચિમની ઑક્સફર્ડ અને કેમ્બ્રીજ વિશ્વવિદ્યાલયોની જેમ જગતમાં નામના પામો. સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગરને પોતાનું જીવનધ્યેય બનાવનાર મુ. માણેકલાલભાઈને સર્વ શુભેચ્છાઓ. शान्तानुकूलपवनाश्च शिवाश्चपन्थाः । અસ્તુ.

# 37.

## હૈયામાં કંડારાયેલ છબિ

પ્રા. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'
પૂર્વ અધ્યાપક અને લેખક

હું સત્યાગ્રહ છાવણીમાં રહેવા આવ્યો ત્યારે મારા સ્નેહી મિત્ર પદ્મશ્રી ભોળાભાઈ પટેલના ગુરુ શ્રી મોહનલાલ પટેલ, જે ગુજરાતી સાહિત્યના લઘુકથા પ્રકારના આરંભક અને પુરસ્કર્તા તેમજ એક સારા વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે, તેઓશ્રીની પ્રીતિ પામવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે, તે મારા માટે આનંદનો વિષય છે. સત્યાગ્રહના બાગમાં સાંજના અમે બંને બાંકડે બેસીને સાહિત્ય, રાજકારણ, કેળવણી અને સંસારની અનેક વાતો કરીએ છીએ. એક દિવસ એમના મોબાઈલ પર કોઈનો ફોન આવ્યો અને ઘણો લાંબો સમય ચાલ્યો. મોબાઈલ પરનો વાર્તાલાપ, પૂર્ણ થતાં સહજ રીતે જ મેં પૂછ્યું, "આટલો દીર્ઘકાળ પર્યંત કોનો ફોન આવ્યો ?" શ્રી મોહનલાલ પટેલ કહે, "એ તો અમારા માણેકલાલ પટેલનો કડીથી હતો."

મેં પૂછ્યું, "પાટીદારોમાં તો ઘણા માણેકલાલ પટેલ હોય છે, આ માણેકલાલ કોણ ?" શ્રી મોહનલાલે માહિતી આપતાં કહ્યું, "આ માણેકલાલ મારા પરમ સ્નેહી છે. એમનું પૂરું નામ માણેકલાલ માધવલાલ પટેલ છે અને કડી પાસે આવેલ નાનકડા ગામ ઊંટવાના વતની છે. મોટા ઉદ્યોગપતિ છે અને છેલ્લાં પાંત્રીસ વર્ષથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડીના મંત્રી રહ્યા પછી હવે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી - ગાંધીનગરના ચૅરમૅન પદને શોભાવે છે."

મેં કહ્યું, "જેમનું નામ લેતાં આપના મુખમંડળ પર આનંદની લહેરખી ફરકી જાય છે, એ અમારા - તમારા માણેકલાલને મારે પ્રત્યક્ષ નિહાળવા પડશે."

અગાઉ મારા મિત્ર વિદ્યાપીઠવાળા ઢોરિયાના વતની પ્રા. માણેકલાલ પટેલ દ્વારા 'નો સ્ટડી વિધાઉટ કડી' એવી લોકોક્તિ અને 'કડી તો ઉત્તર ગુજરાતનું કાશી છે' એવાં વિધાનો સાંભળેલાં. સ્વ.પૂ. છગનભાના ભવ્ય પુરુષાર્થના પરિણામે કડીમાં કેળવણીનું બીજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડીરૂપે રોપાયેલું.

કબીરવડની માફક આજે તો એ કેળવણીનું વૃક્ષ, 'કડી-ગાંધીનગર કેળવણી સંકુલ' નવપલ્લવિત વનરાજી જેવું શોભી રહ્યું છે. સ્વ. પૂ. છગનભાએ કપરા કાળમાં અવિશ્રાંત પરિશ્રમ કરીને જે કાર્ય કર્યું, તેની સુપેરે માવજત કરનાર, સંસ્થાના વિકાસ અને હિતમાં સર્વ કંઈ કરી છૂટનાર, એક બીજા પાટીદાર શ્રી માણેકલાલ પટેલનાં દર્શન કરવાની અભિલાષા મારા મનમાં જાગી.

યોગાનુયોગ કડી જવાનો પ્રસંગ આવ્યો. બન્યું એવું કે મારા મિત્ર, કવિ - નાટ્યકાર શ્રી ચિનુ મોદીને શરદપૂર્ણિમાના દિવસે જૂનાગઢ મુકામે નરસિંહ મહેતા ઍવૉર્ડથી અભિનંદિત કરવામાં આવેલા. શ્રી ચિનુભાઈ મૂળ કડીના વતની હોવાથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી તરફથી એમને અભિનંદન આપવાનો સમારંભ રાખેલો. એ નિમિત્તે શ્રી મોહનલાલ પટેલ, શ્રી ચિનુ મોદી, શ્રી યશવંત કડીકર, પ્રિ. ડૉ. બહેચરભાઈ પટેલ, શ્રી રતિલાલ સાં. નાયક અને હું - લગભગ બપોરે બાર વાગે કડી પહોંચેલા.

અમે સર્વ વિદ્યાલય - કડીના મુખ્ય મકાનમાં પ્રવેશ્યા. ઉપર ઑફિસ જેવા મોટા હૉલમાં મહાશય શ્રી માણેકલાલ પટેલને ડાબા પગ પર જમણા પગની આંટી મારી, કવિ નર્મદની માફક ધ્યાનસ્થ મુદ્રામાં, સોફા પર બેઠેલા અને ટી.વી. પર દુનિયાભરના સમાચારો એકચિત્તે નિહાળતા, અમે જોયા. અમને જોતાં ટી.વી. બંધ કરી ઊભા થયા. ટટાર ઊભેલો એમનો દેહ મને ઉંમર અને ઊંચાઈને કારણે સહેજ નમેલો લાગ્યો. મોં પર આછું સ્મિત અને ગંભીરતાનું મિશ્રણ જણાયું. બધાની સાથે હાથ મેળવ્યા અને શ્રી મોહનલાલે બધાની ઓળખ આપી.

પછી શ્રી માણેકલાલ પટેલ એમના સહકાર્યકરોને કહે, "મહેમાનો માટે સરસ ચા લાવો." કોઈ કાર્યકરે દબાતા સ્વરે કહ્યું, "સાહેબ! જમવાનો સમય થઈ ગયો છે, ત્યાં ચા...." શ્રી માણેકલાલના મુખ પર ગુસ્સાનાં ચિહ્નો પ્રગટ થતાં થતાં રહી ગયા અને સંયમિત વાણીમાં કહે, "મેં શું કહ્યું ? સાંભળ્યું ? ચા લાવો અને પાસેના રૂમમાં પાંચ-છ કપ મોકલાવો, ત્યાં અમારે અડધા કલાકમાં એક મિટિંગ પૂર્ણ કરવાની છે, તે પતાવી દઈએ. આ મહેમાનો ત્યાં સુધી ફ્રેશ થશે અને ચા પીશે. સમારંભ તો મોડો રાખ્યો છે, એની ઉતાવળ નથી, જાઓ, કહ્યું તેમ કરો." - એક શબ્દ સામો બોલ્યા વિના બધા ચાની જોગવાઈ કરવા ઊપડ્યા. ચા આવતાં તેને ન્યાય આપ્યો, ફ્રેશ થયા અને થોડો સમય ગાળ્યા પછી રસોડા તરફ જમવા ઊપડ્યા. ત્યાંની વ્યવસ્થા અને ચોખ્ખાઈ જોઈ અચરજ થાય. બધું વ્યવસ્થિત અને સુઘડ.

શ્રી માણેકલાલ પટેલ બોલે ઓછું, પણ પ્રભાવ ભારે. બોલવા બેસે તો બોલે ખરા. આમ કડક લાગે. જે ધાર્યું હોય તે જ કરે. જે કરે તે જોઈ વિચારીને કરે, સંસ્થાના હિતમાં જ કરે. દિવસો સુધી ઉપાડેલા કાર્ય વિશે વિચારે, એ કાર્ય કેવી રીતે કરવું, કોના દ્વારા કરવું, આર્થિક પાસું તપાસી જવું, કાયદાકીય જાણકારી મેળવી લેવી અને કાર્યવાહી સમયસર પૂર્ણ થાય તે જોવું - આવી બધી પ્રક્રિયામાં કોઈ માથું મારે એ એમને પસંદ નહીં હોય, કારણ કે એમણે પોતે તો સંપૂર્ણ વિચાર કરી જ રાખ્યો હોય, પણ કોઈ આડા-અવળી વાત કરે તે એમને અનુકૂળ નહીં જણાતું હોય - ધારેલું કાર્ય વિલંબમાં પડે તેવું પણ એમને પસંદ નહીં પડતું હોય. અન્ય જનોને એ જિદ્દી લાગે, પણ મને એ દઢ નિશ્ચયી જણાયા છે. કેટલીક વાર નમ્રતા નબળાઈ ગણાય અને કાર્યસિદ્ધિમાં બાધક ગણાય. જો જરૂરી ધાક ન હોય તો આપણા દેશના લોકોની પ્રકૃતિ એવી અવળચંડી છે કે કહ્યા અનુસાર કરે નહીં.

શ્રી માણેકલાલ પટેલે અડધા કલાકની મિટિંગમાં અમુક નિર્ણયો લઈ લીધા. બીજા સભ્યોને એમનામાં એટલો વિશ્વાસ કે શ્રી માણેકલાલમાં કોઈ કચાશ કે નિર્ણયમાં નબળાઈ હોવાનો સંભવ નથી. સાચી વાતને એ સમજાવે અને ગળે ઉતારે. સર્વસંમતિ સધાય તેની એ ચીવટ રાખે ખરા. એમના નિર્ણયમાં કોઈ ન્યૂનતા હોય જ નહીં, એવી શ્રધ્ધા, અનુભવના અંતે, અન્ય સભ્યોમાં જાગે અને એમનાં કાર્યો દીપી ઊઠે.

શ્રી માણેકલાલ પટેલને જોઈને મને ૧૯૫૦માં વિદ્યાનગરમાં આમ્રવૃક્ષ હેઠળ આરામખુરશીમાં બેઠેલા સ્વ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ - ભાઈકાકા યાદ આવી ગયા. એમણે વિદ્યાનગરના નિર્માણમાં સક્રિય ફાળો આપેલો અને સરદાર વલ્લભભાઈ પટેલે એમના માટે કહેલું, "ભાઈલાલભાઈએ ધૂળમાંથી કંચન કર્યું છે. જંગલમાં મંગલ કર્યું છે," સ્વ. ભાઈકાકાએ ચરોતર ક્ષેત્રે જેવું કાર્ય કર્યું છે, તેવું ભગીરથકાર્ય શ્રી માણેકલાલ પટેલે ઉત્તર ગુજરાત માટે કર્યું છે. સ્વ. ભાઈકાકાએ ચરોતરમાં વિદ્યાનગર જેવું કેળવણીનું સુંદર સંકુલ ઊભું કરી આપ્યું, તેવું જ ઉત્તર ગુજરાત માટે કડી-ગાંધીનગરનું કેળવણી સંકુલ શ્રી માણેકલાલની અવિરત મહેનતનું પરિણામ છે. નિષ્ઠાપૂર્વક કાર્યરત રહેનાર, શુધ્ધ, પ્રામાણિક, કર્મઠ, વહીવટમાં કુશળ, કાયદા-કાનૂનના નિષ્ણાત, સતત જાગૃત અને સંસ્થાના હિતમાં અને સંવર્ધનમાં જે સદાકાળ ચિત્તને જોડેલું રાખે તેવા, દઢ નિશ્ચયી અને ધાર્યું કરનાર આવા કુશળ કાર્યકર મળવા દુર્લભ છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી માટે એ સાચવી રાખવા જેવું ઘરેણું છે.

શ્રી માણેકલાલ પટેલ જેવા માનવીનું ચરિત્ર ચરિતાર્થ કરતાં ભર્તૃહરિનું એક વાક્ય ટાંકવાનો લોભ હું જતો કરવા માગતો નથી - "સંસારમાં ત્રણ પ્રકારના મનુષ્યો છે - નીચ, મધ્યમ અને ઉત્તમ. નીચ મનુષ્ય મુશ્કેલીઓના ડરથી કામની શરૂઆત કરતો નથી; મધ્યમ મનુષ્ય કામ શરૂ તો કરે છે, પણ મુશ્કેલી આવતાં કામને અધવચ્ચેથી જ ત્યજી દે છે ; કેવળ ઉત્તમ પુરુષ જ જે કામની શરૂઆત કરે છે, હજાર મુશ્કેલીઓ આવી પડે, તો પણ એને પૂર્ણ કરીને જ જંપે છે."

નિઃસ્વાર્થ, સેવાવ્રતધારી, પાટીદાર-રત્ન, મહાનુભાવ શ્રી માણેકલાલ પટેલની છબિ, મારા હૈયામાં જડબેસલાક કંડારાઈ ગઈ છે ! એક ચરોતરના સ્વ. ભાઈકાકાની અને બીજી આ શ્રી માણેકલાલ પટેલની છબિ ! અવિસ્મરણીય સ્મૃતિ!!

# ૩૮.

## કન્યાકેળવણીના હિમાયતી

**શ્રી પ્રવીણચંદ્ર એસ. સોની**
ઈન્ચાર્જ આચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી

દીકરો ભણીને એક ઘર ઉજાળે છે જયારે દીકરી ભણીને બે ઘર ઉજાળે છે. દીકરીઓ માટેની આ શિક્ષણ સંસ્કારયાત્રા સતત ગૌરવવંતી બને અને શિક્ષણનાં સોપાનો સર કરે તેવું સતત ચિંતન અને ચિંતા કરનાર કન્યાકેળવણીના હિમાયતી શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબની કન્યાકેળવણી માટેની કાર્યપ્રણાલી અંગે લખવું કે બોલવું એ સરળ નથી. તેઓએ સ્ત્રીશિક્ષણ માટેની જરૂરિયાતને પરિપૂર્ણ કરવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગરમાં બાલમંદિરથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી બહેનો યોગ્ય રીતે શિક્ષણ પામે તે માટે અહર્નિશ પ્રયત્નો કરી કન્યાકેળવણી માટે ભગીરથ પુરુષાર્થ કર્યો છે.

કન્યાકેળવણીની સારી શાળા-કૉલેજો ઊભી કરવા માટે કન્યા છાત્રાલયો અને વિદ્યાલય માટે મકાનો તૈયાર કરવાનું આયોજન કરવું અને એ આયોજનને પૂર્ણ કરવા જમીન મેળવીને શિક્ષણ વિભાગ સાથે વિદ્યાલય માટે ઉપયોગી અભ્યાસક્રમોની મંજૂરીઓ મેળવવી, આ બધું કામ ચોક્કસ રીતે થાય તે અર્થે પોતે જ તમામ પ્લાન, પત્રકો અને સરકારી કાગળો-પરિપત્રોનો ઊંડો અભ્યાસ કરે અને નક્કર વિગતોની ચકાસણી જાતે જ કરી સંસ્થાના કર્મચારીઓને જરૂરી સૂચનો અને દિશાસૂચન પણ કરે. સમયમર્યાદામાં જ કામ થવું જોઈએ એવા આગ્રહી. ઉત્તરોત્તર કન્યાકેળવણીની માંગ વધતી રહી છે. કન્યાકેળવણીને પહોંચી વળવા આ સંસ્થા પ્રાથમિક શિક્ષણથી જ બહેનોને પ્રાધાન્ય આપે છે. કન્યાકેળવણી દ્વારા જ ઉત્તમ સમાજનિર્માણ થશે તે વિચારને દાતાઓ સમક્ષ રજૂ કરવાની અનન્ય આવડત, સરળ શૈલી અને પારદર્શક કાર્યપધ્ધતિને લીધે દાતાઓ દાનવીરો પણ કન્યાકેળવણી માટે.....? લખી લો, માણેકકાકા કેટલા રૂપિયા જોઈએ.....? લખી લો..... વાત અને વિચાર રજૂ કરવાની સાથે જ દાનવીરો પણ જાણે છે કે આ સંસ્થાને આપેલ દાન અને વહીવટ ચોક્કસ હેતુ માટે જ થશે. શ્રી સાહેબનો

પારદર્શક વહીવટ દરેકના હૃદયને સ્પર્શે તેવો છે.

કોઈપણ પ્રકારના શિક્ષણને સમાજ સાથે જ ગાઢ સંબંધ છે. પરંતુ કન્યા કેળવણી એ તો સમાજનું અભિન્ન અંગ છે. જયારથી સમાજ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી તે કન્યાશિક્ષણ માટે પ્રયત્નશીલ રહ્યો છે. પહેલા જયારે શાળાઓ ન હતી અને શાળાઓ હતી તો પણ કેટલીક સામાજિક વિચિત્ર માન્યતાઓને કારણે કન્યાઓને ભણાવવામાં આવતી ન હતી પણ કન્યા સારી ગૃહિણી અને સંસ્કારી માતા બને એની કાળજી હવે સમાજે લીધી છે.

કન્યાશિક્ષણ અને વિકાસ એ એકાંકી ન હોઈ શકે તે માટે સંસ્થાના સંચાલકોએ, આચાર્યોએ, શિક્ષકોએ અને માતાઓએ સાથે મળીને કામ કરવું પડે છે. એ વાત માણેકલાલ સાહેબ સારી પેઠે જાણે છે. તેથી તો તેઓ મધ્યસ્થ કાર્યાલય-કડી અને ગાંધીનગરમાં સૌને આ અંગે પૃચ્છા કરે છે. બહેનો માટે કોઈ પ્રશ્ન છે ? સતત પૃચ્છા, ચર્ચા, ચિંતન અને અમલીકરણ કન્યાકેળવણીની શિક્ષણ જયોત સદાય વધુ પ્રજવલિત બને, બહેનો આ સંસ્થામાં ઉત્તમ શિક્ષણ પામે તે માટે તેઓ સૌની સાથે વિચારવિમર્શ દ્વારા તમામ શાળા, મહાશાળાના આચાર્યોને, ગૃહમાતાઓને પ્રત્યક્ષ બોલાવી "જો જો આ દીકરીઓને કોઈ તકલીફ ન પડે" તેમના શિક્ષણ, ભોજન અને નિવાસવ્યવસ્થામાં કયાંય કોઈપણ કચાશ નહિ ચાલે એવા વિચાર રજૂ કરી આ દીકરીઓના માતાપિતાએ આપણી સંસ્થામાં તેને શા માટે મૂકી છે ? આ બધા પ્રશ્નોના જવાબ મેળવે. તમે સૌ જાણો છો કે કાંઈક બનવાના કોડ સેવતી કન્યાઓ આ સંસ્થામાં આવે છે. એ સમાજની અડધી ભાગીદાર છે. ઘરનું સંચાલન અને સમાજનું સંચાલન પણ કરનાર છે. કોઈ કન્યા ડૉકટર, કોઈ વિજ્ઞાની, કોઈ કેળવણીકાર, કોઈ સર્જક તો ઉચ્ચ પોલીસ અધિકારી બનવા ઇચ્છતી હશે.

આવી કન્યાઓ જે આવતી કાલના સમાજની જવાબદારી લેવાની છે. તેને સમાજ "સાપનો ભારો" કે "પારકી થાપણ" કેમ કહે છે એની મને તો નવાઈ લાગે છે!... તેમ તેઓ જાહેરમાં કહે છે. 'કન્યા પારકી થાપણ' નહિ પણ પિતાના અને પછી પોતાના ઘરની પાવર હાઉસ છે. એ પિતાનું ઘર ઉજાળનાર છે એમ સમજીને તૈયાર કરવાની છે તે માટે આપણે સૌએ તેમની શક્તિઓ અને ઇચ્છાઓને ધ્યાનમાં લેવાની છે.

તેઓ સતત કહે છે કે સંસ્થાઓમાં કન્યાઓ અભ્યાસ અને જીવનઘડતર માટે પ્રવેશ મેળવે છે. માત્ર ઔપચારિક શિક્ષણથી કન્યાઓનો પૂરો વિકાસ નથી

થવાનો. શિક્ષણની નવી ક્ષિતિજો બનશે. આવતી કાલનો સમાજ કેવો હશે? અને કન્યાઓમાં શું વિશિષ્ટ શક્તિ છે. માતા - પિતાએ એને આપણી સંસ્થામાં શા માટે મૂકી છે? આટલો વિચાર કરવાનો થશે ત્યારે આપણી નજર સમક્ષ આજનો અને આવતી કાલનો સમાજ આવે. કોઈપણ શૈક્ષણિક સંસ્થા સમાજથી અલિપ્ત રહીને સમાજને ઉવેખીને વિકાસ ન કરી શકે. સંસ્થાનો વિકાસ એટલે કન્યાઓનો વિકાસ.

કન્યાશિક્ષણમાં ત્રિકોણની ત્રણેય લાઈન (૧) સમાજ (૨) શાળા (૩) છાત્રાલય એકબીજા સાથે જોડાયેલી અને મજબૂત તથા એકબીજા સાથે સંકલન કરનારી હોય. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જેવી સંસ્થાઓ સમાજનું એક વિશિષ્ટ સ્વરૂપ છે. સમાજની માર્ગદર્શિકા છે. સંસ્થા કોઈપણ વિચાર કરે એમાં આ ત્રિકોણમાં બેઠેલી અને વિકાસ ઝંખતી કન્યાને યાદ કરવી જ રહી. તેવી ભાવનાઓથી ભર્યાભર્યા આપણા ચેરમેનશ્રી માણેકલાલ પટેલ સાહેબની કન્યાકેળવણી માટેની લાગણી, ઉત્તમ દષ્ટિકોણ, આંતરસૂઝ અને એ દ્વારા નિર્માણ પામેલી અને કાર્યરત શાળા-સંસ્થાઓમાં આજે તો મોટા મોટા સુવિધાસભર કન્યાછાત્રાલયો, વિદ્યાલયોમાં મોટી સંખ્યામાં બહેનો ઉત્તમ શિક્ષણ મેળવી રહી છે.

**સંસ્થાના આદ્યસ્થાપક :**

પૂજ્ય છગનભાના સપનાને સાકાર કરવામાં ચેરમેન શ્રી માણેકલાલ પટેલ સાહેબનું યોગદાન નાનુંસૂનું નથી. તેઓ સતત કન્યા કેળવણી માટે આ સંસ્થા વધુમાં વધુ શું કરી શકે તેવું ચિંતન કરતા રહે છે. તા. ૮-૬-૧૯૧૯માં કેળવણી મંડળની સ્થાપના અને તા. ૧-૩-૧૯૨૨માં સર્વ વિદ્યાલયની શરૂઆત થઈ. સરતા સમય સાથે સમાજ માટે વિવિધ પ્રકારના શિક્ષણની જોગવાઈ માટે પુરુષાર્થ કરીને આપણા કેળવણી મંડળે 'જ્યોત સે જ્યોત જલે' ની જેમ ઉત્તર ગુજરાતમાં પિલવાઈ, વિસનગર, વડનગર, બલોલ જેવા અનેક સ્થળે કેળવણીના દીપ જલાવી અંધારા ઉલેચીને વિવિધ પ્રદેશોને ઝગમગતા કર્યા છે. પૂજ્ય છગનભા શિક્ષણ દ્વારા ક્રાંતિ આણીને ક્રાંતિકારી કહેવાયા. પણ એમના મનમાં એક વાતનો ખટકો રહી ગયો હતો કે છોકરાઓના શિક્ષણ માટે સુંદર સંસ્થા ઊભી થઈ પણ કન્યાઓનું શું? ૧૯૩૪માં છગનભાના આ સ્વપ્નને સાકાર કરવા કડીમાં કિશોરકુંજ તરીકે ઓળખાતા મકાનમાં કન્યાકુંજ (છાત્રાલય) શરૂ થયું. પણ તત્કાલીન સમયે કન્યા કેળવણીની ઓછી ભૂખ અને નાણાંની ખેંચ પણ હતી.....

પૂજ્ય છગનભાનું એ સ્વપ્ન, ઓરતો, અરમાન કેળવણી મંડળના કર્ણધારોના મનમાં સતત રમમાણ કરતું હતું. એ અધૂરા સ્વપ્નને સંસ્થાના દીર્ઘદષ્ટિ ધરાવનાર કાર્યકરોએ સાર્થક ને સાકાર સંપન્ન કર્યુ છે. આજે તો કડી અને ગાંધીનગરમાં કન્યાઓ માટે સુવિધાપૂર્ણ શિક્ષણ માટે અનેક અભ્યાસક્રમો અને છાત્રાલયો ધમધમી રહ્યા છે. એક અદના આદમીનો પારદર્શક વહીવટ, કન્યા કેળવણી માટે ચિંતા-ચિંતન અને પૂજ્ય છગનભાના "કર ભલા હોગા ભલા" જીવન મંત્રને સાર્થક કરનાર શ્રી માણેકલાલ પટેલ સાહેબને કોટિ કોટિ વંદન. સ્ત્રી સશક્તિકરણની આવી ઉમદા ભાવના, ઊંડી સૂઝ અને કર્તવ્યપરાયણતા બદલ આપણે તેમના ઋણી છીએ.

માનનીય સાહેબશ્રીએ નીચેની પાંચ છાત્રાલય સંસ્થાઓ ફક્ત દીકરીઓ-બહેનો માટે જ શરૂ કરી છે. જેમાં છાત્રાલયોમાં લગભગ ૩૦૦૦ (ત્રણ હજાર) બહેનો અભ્યાસ કરે છે અને તેમને રહેવા માટે છાત્રાલયો પણ અલગથી બંધાવ્યા છે, જેમાં ખૂબ જ સારી સવલતો ઉપલબ્ધ છે. આ કન્યા છાત્રાલયો નીચે મુજબ છે :

(૧) પટેલ શકરીબહેન ડાહ્યાભાઈ ગર્લ્સ હૉસ્ટેલ, કડી

(૨) દેસાઈ ઊર્મિલાબહેન ગોવિંદભાઈ ગર્લ્સ હૉસ્ટેલ, કડી

(૩) બી. જી. કન્યાછાત્રાલય, ગાંધીનગર

(૪) આર. એન. મહિલા પી.ટી.સી. હૉસ્ટેલ, ગાંધીનગર

(૫) લોદરિયા પરિવાર કન્યાછાત્રાલય, ગાંધીનગર

# 39.

## અમૃત સમીપે... સર્વ વિદ્યાલયના સત્પુરુષ

**પ્રા. સુરેશ વી. ચૌધરી**
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી

"કર ભલા, હોગા ભલા"ના મંત્રનાદ સાથે પૂ. છગનભા જ્ઞાનજ્યોત ફેલાવી રહ્યા હતા ત્યારે સંસ્થામાંથી પ્રકાશિત "કેળવણી" - સને ૧૯૨૮ (વર્ષ-૨, અંક-૨, પૃ. ૫૮, સંવત ૧૯૮૪ માં તંત્રી છગનલાલ કા. પટેલ) માં કેળવણીનો વિકાસ કરવા કેવાં વ્યવહારુ પગલાં લેવાની જરૂર છે ? તેની વિગતો નીચે મુજબ છે.

Three cheif things are needed in education.....

(1) Development of Charactor

(2) Development of Capacity

(3) Imparting knowledge upon broad lines of vocational view point.

Education means a discipline of the mind which enables to face problems with confidence, no matter in what shape they present them selves.

Genius without charactor is distructive and dangerous let not towns grow at the cast of villege and let not wealth of labourers be the source of luxury for the rich.

ઉપરોક્ત સંસ્કારોને જેમણે પોતાના જીવનમંત્ર બનાવ્યા છે એવા આદરણીય સર્વ વિદ્યાલયના સત્પુરુષ શ્રી માણેકલાલ સાહેબને લાખ લાખ સલામ!

આનર્તની ગરિમા અને અસ્મિતાની આહ્‌લેક જગાડનાર ઊંટવાના આ ઉન્નત પુરુષ માટે આજનું આનર્ત કદરદાનીમાં ઘણું વામણું વરતાય તોય નવાઈ નહિ.

ગુજરાતના ગૌરવસમા આ વિરાટ પુરુષ ૮૦ વર્ષની દુર્ધર્ષ અને દુઃસહ વય પર્યંત જિંદગીના વસમા ઝંઝાવાતો સામે સર્વ વિદ્યાલયના આંગણે અડીખમ ઊભેલા ઘેઘૂર વૃક્ષની જેમ ટટ્ટાર ઊભા છે.

પૂ. છગનભા, સ્વ. દાસકાકા, સ્વ. પોપટભાઈ ગુલાબદાસ, સ્વ. બાપુભાઈ ગામી, સ્વ. નાથાભાઈ દેસાઈ, ડૉ. રામભાઈ, ડૉ. મણિભાઈ, ડૉ. કનુભાઈ, સ્વ. ધનાભાઈ વકીલ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી મનુભાઈ જેવા અસંખ્ય કર્ણધારોના પરિશ્રમથી કડીની ધરા પાવન થઈ. કડી અને ગાંધીનગરને આનર્તની શિક્ષણ સંસ્કાર નગરીનું બિરુદ મળ્યું છે. આધુનિક તક્ષશિલા - નાલંદા સમી આ બન્ને નગરોની સંસ્થાઓને એની સંસ્કાર રસિકતા ગર્ભનાળ સાથે જોડી આપવાનું આ ભગીરથ કાર્ય આંગળીના વેઢે ગણાય એવી કેટલીક પ્રતિભાઓને આભારી છે. એમાં મુ. માણેકલાલ સાહેબનું નામ નિઃશંક વિકાસમાં મોખરે મૂકી શકાય.

ઘરદીવડા સમાન ઉત્તર ગુજરાતના એક સંનિષ્ઠ અને રચનાત્મક અભિગમવાળા કેળવણીકારના જીવનમાંથી ભાવિ પ્રજાને પ્રકાશ અને પ્રેરણા મળી રહેશે. તેમના બાહ્ય જીવનથી ઘણા પરિચિત છે પરંતુ એમના સૂક્ષ્મ આંતર જીવનથી ઘણા અજાણ હોઈ શકે એ પણ સંભવિત છે. તેમના સંપર્કમાં આવેલી વ્યક્તિઓ એમના બહુમુખી જીવનનાં અનેકવિધ પાસાંઓને સ્પર્શ કરી એમના ગૂઢ આંતર જીવનને પ્રગટ કરી ભાવિ પેઢીને પ્રેરક બને તેવા પ્રસંગો રજૂ કરી શકે તે ઉદ્દેશથી આ અભિવાદન ગ્રંથ પ્રગટ થવો જરૂરી સમજું છું.

ઉત્તર ગુજરાતના સર્વાંગી વિકાસમાં તેમનું વિશિષ્ટ પ્રદાન છે. એમના પરિશ્રમ, પુરુષાર્થ અને સેવાના પરિપાકરૂપે ઉત્તર ગુજરાતનો વિકાસ સધાયો છે. પછી તે ઉમિયા માતાજી સંસ્થાન હોય કે સ્વ. મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશન હોય.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં અધ્યાપક તરીકે જોડાયો ત્યારે ઘણા મિત્રોએ તેઓના ઉગ્ર સ્વભાવ વિશે મને ચેતવ્યો હતો. પરંતુ છેલ્લાં ૧૮ વર્ષથી તેમના સીધા સંપર્કમાં આવતાં એમના ઉગ્ર સ્વભાવની પાછળ હૃદયની કોમળતાને હું સમજી શક્યો છું. એમની નિશ્ચયી આંખો, દેખાવ કે ડોળ કરવાનો સમૂળગો અભાવ અને ધાર્યું કામ પાર પાડવાની દૃઢ મનોવૃત્તિનો મને પરિચય થયો છે. ત્વરિત ગતિએ નિર્ણયો લેવાની શક્તિ અને હિંમત એમની સાહસવૃત્તિની દ્યોતક છે. એમની વિશિષ્ઠ કોઠાસૂઝથી ઘણા આશ્ચર્યચક્તિ બન્યા છે. કાર્યદક્ષતા,

ભાવનાનો ઉત્સાહ અને સતત કાર્યમાં મચ્યા રહેવાની વૃત્તિ જોવા મળે છે. મૂળભૂત હેતુ સાથે એ કદી બાંધછોડ કરતા નથી. ઘણીવાર એમની હેત છલકતી આંખો ધાર્યું કામ કરાવી લે છે. તેમનામાં ગુસ્સો ડોકિયું કરે છે પણ એમનું નિર્મળ હૃદય અને સહજતા સામાના હૃદયને સ્પર્શી જાય છે. તેમનામાં અખૂટ આત્મશ્રધ્ધા છે. પ્રશંસા એમને કેફ ચડાવી શકતી નથી.

કોઈપણ સેવાનું કાર્ય એમણે નિષ્કામભાવે કર્યું છે. જે કોઈ એમના સંપર્કમાં આવ્યા છે એમને એમના બાહ્ય તેમજ આંતરિક નૈષ્ઠિક સેવામય જીવનનો અનુભવ થયો છે.

ઈ.સ. ૧૯૯૭ ની ૨૭ જૂનની આસપાસ ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ. વિસનગર તાલુકાનાં ગામડાં વીસ ફૂટ પાણીમાં ડૂબતાં રહ્યાં. ખેતીવાડી નિષ્ફળ બની, ઘરવખરી અનાજ ખરાબ થઈ ગયું. શ્રી માણેકલાલ સાહેબે આ પીડિતોની વહારે થવા સંસ્થાનાં બાળકો દ્વારા બે, પાંચ, દસ અને વધારે રૂપિયા ફંડ ઊભું કરવા આહ્‌વાન કર્યું. શ્રી મનુભાઈ સાહેબ, મનહરભાઈ સાથે મને પણ નોંધારાનો આધાર બનવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. રૂા. ૧,૮૭,૦૦૦/- એકઠા થયા. કમાણા, બાસણા, બેચરપુરા, કંસારકુઈ, પિલુદ્રા, હેડુવા અને ચાણસ્મા તાલુકાના સાપાવાડા ખાતે જાતનિરીક્ષણ કરીને સહાય પહોંચાડી. આવા જનતા જનાર્દનની સેવા જ જેનો જીવનમંત્ર છે તેવા 'સાહેબ'ની જીવનઝરમર જોઈએ.

શ્રી માણેકલાલ સાહેબનો જન્મ ઈ.સ. ૧૯૨૯ ના ફેબ્રુઆરી માસની પહેલી તારીખે કડી તાલુકાના ઊંટવા ગામે મધ્યમ સ્થિતિના ખેડૂત કુટુંબમાં થયો. પ્રાથમિક શિક્ષણ ઊંટવામાં પૂરું કરી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી બન્યા. તેજસ્વી હોવાને લીધે ઈ.સ. ૧૯૫૦ માં ઉત્તમ પરિણામ સાથે મેટ્રિક થયા. ઈ.સ. ૧૯૫૪ માં અર્થશાસ્ત્ર વિષય સાથે સ્પે. બી.એ અને ઈ.સ. ૧૯૫૬ માં એલ.એલ.બી. નો અભ્યાસ પૂર્ણ કરી, કાયદાના સ્નાતક બન્યા. ઈ.સ. ૧૯૫૮થી કડી નગરપાલિકાના ચીફ ઑફિસર બન્યા. કડી મ્યુનિસિપાલિટી કપરા સંજોગોમાંથી પસાર થઈ રહી હતી. પરંતુ એમણે તો.........

સામે પૂર તરવાની અમે આદત રાખી
સંજોગોની સામે થવાની, અમે આદત રાખી
નજર્યું ઊંચી રાખી, જીવતા ખુમારી
પૂછે કોઈ કેમ છો ? તો સરસ
કહેવાની અમે આદત રાખી.

માણસને પારખવાની કોઠાસૂઝ, નખશિખ પ્રામાણિકતા, પક્ષાપક્ષીથી દૂર રહી સામાન્ય જન સમુદાયનાં કાર્યો નિયમ પ્રમાણે સરળતાથી થવા લાગ્યા. આમ પ્રજામાં સી.ઓ. સાહેબના નામથી ઓળખાવા લાગ્યા. નવી પેઢી તેમને "સાહેબ"ના હુલામણા નામથી જ ઓળખે છે. ત્યારબાદ તેઓ મ્યુનિસિપાલિટી - કડીના પ્રમુખ બન્યા. કડીમાં વસવાટ કરીને આ કેળવણીકારે વતનપરસ્તીનું જબરદસ્ત દૃષ્ટાંત પૂરું પાડયું છે. એમની કક્ષાના વ્યક્તિઓએ પાંચેક દાયકાઓ દરમિયાન કડી, મહેસાણા, વિસનગર, પાટણ, પાલનપુર જેવા ઉત્તર ગુજરાતનાં નગરોનો કેવળ કૂદ પગથિયાં લેખે જ - સ્ટેપિંગ સ્ટોન તરીકે જ - ઉપયોગ કર્યો છે. સ્થાયી તો બધા અમદાવાદ, વડોદરા, મુંબઈ જ થયા છે. સાહેબે તો કડીરૂપી વ્રજને વૈકુંઠ ગણ્યું. પાટીદાર આભિજાત્ય એમની રગેરગમાં વણાઈ ગયું હોઈ જ્યાં ગયા હોત ત્યાં અઢળક માનપાન ભોગવવા મળ્યા હોત પણ કડીનું વળગણ છૂટે એમ ક્યાં હતું ? પૂ. છગનભાના સંસ્કારો આંતરિક મજબૂતાઈમાં વધારો કરતા હતા.

તેઓએ સરદાર કો. ઓ. હાઉસિંગ સોસાયટીનું નિર્માણ કર્યું. મેસર્સ બાબુભાઈ છગનલાલની પેઢીમાં ભાગીદાર બન્યા. કડીમાં કોટન જિનિંગ એન્ડ પ્રેસિંગ ધંધામાં કુનેહથી કામ કર્યુ. ગણેશ ઑઈલ મિલ ઍન્ડ જિનિંગ ફેકટરી, સત્યમ ઑઈલ ઈન્ડસ્ટ્રીઝ, શ્રી કૃષ્ણ ઑઈલ મિલ, અંબિકા પ્રેસિંગ ફેકટરી વગેરે મિલો અને ફેકટરીઓ પ્રગતિની દ્યોતક બની.

માણેકલાલ સાહેબે અખાદ્ય કપાસિયા તેલને ખાદ્યતેલથી વ્યાખ્યાન્વિત કરીને અધિકારીઓને સમજાવ્યા અને તેલની મિલ માટેની જમીન એન.એ. માટે એમણે સરકારશ્રીની નીતિઓને પણ પડકારી હતી. કડી નાગરિક સહકારી બૅંક તેમજ કડી તાલુકા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ભાગ્યોદય હૉસ્પિટલની સ્થાપનામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. કડીના વિકાસની પાંખડીઓ સમી સ્વૈચ્છિક સંસ્થાઓમાં યોગ્ય આર્થિક મદદ કરેલ છે. લાયન્સ કલબ ઑફ કડી, રોટરી કલબ કડી, ઉપરાંત સાહિત્ય પ્રીતિપાત્ર મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળને પણ આર્થિક સુલભતા કરી આપી છે.

સંકટનિવારણ સોસાયટીના સક્રિય પ્રતિનિધિ સભ્ય તરીકે એક હજાર કરતાં વધારે વસવાટો બંધાવીને જરૂરિયાતવાળા લોકોને આપવામાં એ સહાયભૂત થયેલા છે. ગ્રામોધ્ધાર અને સામાજિક સુધારાઓની પ્રવૃત્તિઓ, કડી શહેર બેતાલીસ કડવા પાટીદાર સમાજના પૂર્વ પ્રમુખ, સમૂહ લગ્નોત્સવમાં સક્રિય, ઉપરાંત કડી ઑઈલ મિલ ઑનર્સ ઍસોસિયેશનના પૂર્વ પ્રમુખ, કડી જી.આઈ.ડી.સી.ની

સ્થાપના અને ઔદ્યોગિક ક્ષેત્રે 'ઉદ્યોગરત્ન' એવૉર્ડથી સન્માનિત છે.

આજે અમૃત સમીપે પણ તેઓમાં પ્રવૃત્તિશીલતા, ઉદ્યમીપણું અને સક્રિયતા જોવા મળે છે. તેઓ પોતે હંમેશાં વિકસતા રહ્યા છે અને બીજી અનેક વ્યક્તિઓ, પ્રવૃત્તિઓ અને સંસ્થાઓને વિકસાવતા રહ્યા છે.

પૂજ્ય છગનભા વ્યાખ્યાનમાળા, શ્રી મોહનલાલ પટેલ વ્યાખ્યાનમાળામાં વિદ્વાન વક્તાઓ દ્વારા સંસ્કાર, શિક્ષણ અને સેવાનું કાર્ય કરી રહ્યા છે. ધરતી, ઉમિયાદર્શન, સર્વ પ્રિય જેવાં માસિકના પ્રોત્સાહક છે. તેઓનો મુખ્ય સંબંધ શિક્ષણ સાથે રહ્યો છે. શિક્ષણ શબ્દ મૂળ શક ધાતુ પરથી બનેલો છે. શિક્ષ એ શક નું ઈચ્છાર્થક રૂપ છે. તેથી શિક્ષણનો અર્થ શક્તિમાન થવાની અને શક્તિમાન કરવાની ક્રિયા એવો થાય છે. આ બંને ગુણો સાહેબશ્રીના જીવનમાં સિધ્ધ થયેલા છે. જ્ઞાન, ભાવના અને ઉચિત કર્મ એ ત્રણેયનો સમન્વય જેનામાં હોય તેવો માણસ ઘડવો એ એમનું લક્ષ્ય છે.

તેઓ અસરકારક વક્તા છે. તેમનો અવાજ બળવાન છે. માઈક વગર પણ તેઓ મોટી સંખ્યાને સંબોધી શકે છે. તેમની વાણીમાં પૂ. છગનભાના વિચારો, વિદ્વતા, સંસ્થા પ્રત્યેની ભાવના અને આગવી છટા હોય છે. જેને લીધે કડી અને ગાંધીનગરની સંસ્થાઓ ધબકતી રહે છે. શિક્ષણનું વિત્ત, શિક્ષણનું ચૈતન્ય અને સમાજનું સંવર્ધન, શિક્ષણની સુંદરતાના ઉદ્દ્ઘોષક પણ છે. સમાજનું શિવત્વ તેમનો નાડીધબકાર છે. વ્યષ્ટિની સત્યતા તેમનો શ્વાસ છે. તેઓ તમસના કે તરસના નહિ પણ તપસના જીવ છે. તેઓએ જે જે મોભાઓ ભોગવ્યા છે તે સર્વેની શોભા વધારી છે. આનર્ત પ્રદેશની સામાજિક ચેતનાનો દીપ જલતો રાખ્યો છે. અનેક શૈક્ષણિક, સામાજિક વિશ્વવિદ્યાલયોમાં તેમણે પ્રેમાર્હ અને માનાર્હ કામ કર્યુ છે. તેઓને 'પાટીદાર રત્ન' તરીકે નવાજવામાં આવેલા છે. પોતાની પાટીદાર જ્ઞાતિમાં ઘણો રસ છે. તેમનામાં ઊંડો જ્ઞાતિપ્રેમ છે પણ જ્ઞાતિની સંકુચિતતા કે જ્ઞાતિનું ઝનૂન નથી. જ્ઞાતિદીપકો બીજાને નુકસાન કે અન્યાય કર્યા વગર વિકાસની પ્રવૃત્તિ કરતા રહે અને એકબીજાની હૂંફે વિકસતા રહે એમાં કશું ખોટું નથી. તે વ્યાપક લોકહિત અને રાષ્ટ્રહિતની પ્રવૃત્તિ જ ગણાય.

"બહુ પુણ્યકેરા પુંજથી
શુભ દેહ માનવનો મળ્યો
'કર ભલા હોગા ભલા' છગનભાએ મંત્ર દીધો
થતા થતા ગુણજ્ઞ

વળી અનુરાગી સત્કર્મના
સ્વભાવ, દાન ને દયાથી
બન્યા છો વડીલ સહુના
મળી શુધ્ધ બુધ્ધિ તો સર્જ્યા બાંધકામ ઘણેરાં
ઉદાર હાથે દીધા દાન,
પાવક ભાવકર્મ જુદેરાં."

સાહેબને પોતાની માતા સ્વ. દિવાળીબા પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. આજે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંસ્થાઓમાં દર વર્ષે ઉત્તમ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને સ્વ. દિવાળીબેન માધવલાલ પટેલ (કડીવાળા) ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી માતબર રકમનાં ઈનામો એનાયત કરવામાં આવે છે.

વિપત્તિમાં હિંમત આપનાર
સમાજના સર્વતોમુખી વિકાસ માટે
પુરુષાર્થ કરવાના સંસ્કાર આપનાર
વાત્સલ્યના અમૃત પાનાર
મમતામયી માતા દિવાળીબાને કોટિ કોટિ વંદન.

# 40.

## "ઊંચી મેડીના માનવ" : શ્રી માણેકલાલસાહેબ

બાબુલાલ આર. પટેલ
આચાર્ય, ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડી

ગુજરાતના જાહેરજીવન અને સમાજસેવાનું એક અવિસ્મરણીય વ્યક્તિત્વ, સૉક્રેટિસ, ખલિલ જિબ્રાન અને રવીન્દ્રનાથ ટાગોરની જીવન જીવવાની ફિલોસૉફીને સદેહે જીવી જાણનાર એક માનવ, સાચા અર્થમાં "મહાજન" તરીકે જીવી બતાવનાર, ગુજરાતના એક અદના પાટીદાર નાગરિક, આર્થિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક એ તમામ ક્ષેત્રોમાં ઉચ્ચ કક્ષાની સંસ્થાઓના સ્થાપક, દાનવીર, અને આદર્શ વહીવટીકર્તા એટલે માનનીય શ્રી માણેકલાલ માધવલાલ પટેલ સાહેબ.

વિદ્યારૂપી ધન આપનાર વિદ્યાલયો કે વિશ્વવિદ્યાલયોની આપણા દેશમાં કમી નથી. હવે તો તેમાંથી વિદ્યા વેચનારી સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવી છે. આવી વિદ્યા સંસ્થાઓને દુકાનહાટમાં તબદિલ કરી તેને અર્થોપાર્જનનું સાધન માત્ર બનાવી દેનારાઓની પણ આપણા લોકશાહી દેશમાં ખોટ નથી.....

પણ અહીં વિદ્યાપ્રેમીઓને નિરાશ થવાની જરૂર નથી. આજે એવી પણ શૈક્ષણિક સંસ્થાઓ છે જેણે પોતાના 'સત્ત્વ' અને 'સ્વ' ને જાળવી રાખી વિદ્યાના પાવિત્ર્યને જીવંત રાખ્યું છે. તે છે આપણા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ એમ.એમ. પટેલ. પરિણામે આવા શૈક્ષણિક સંકુલને એવા સંચાલકો પણ મળી રહ્યા છે જેમણે પોતાનાં તન, મન અને ધનથી મા સરસ્વતીના પાવિત્ર્યને ઊણી આંચ આવવા દીધી નથી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર ઉત્તેજક કેળવણી મંડળ, કડી અને,ગાંધીનગર દ્વારા ચાલતા શૈક્ષણિક સંકુલમાં મંત્રી તરીકે - વર્ષોથી કાર્યરત તેમજ આ વિરાટ શૈક્ષણિક સંકુલના છેલ્લા ઘણા વર્ષથી ચેરમૅન તરીકે સેવારત શ્રી માણેકલાલ માધવલાલ પટેલના પ્રવૃત્તિમય સુદીર્ઘ જીવનપાથેય જીવતરના તબક્કાઓનું વિહંગાવલોકન હું કરીશ.

સમગ્ર ગુજરાતની પ્રતિષ્ઠાવંત શિક્ષણસંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પુરોગામીઓની યશસ્વી પરંપરા જાળવી રાખી તેમાં સમયાનુસાર પરિવર્તન લાવી સાંપ્રત શિક્ષણજગત સાથે કદમથી કદમ મિલાવી વિદ્યાર્થીઓ માટે સતત નવા-નવા ઍડવાન્સ અભ્યાસક્રમો શરૂ કરી શ્રી માણેકલાલ સાહેબે આ વિદ્યાસંકુલને આધુનિક કલેવરથી સજાવ્યું છે.

છતાં, દરરોજ કડીથી ગાંધીનગર અને ગાંધીનગરથી અમદાવાદ જવા અને આવવા માટેનું ગાડી ખર્ચ કે પેટ્રોલ ખર્ચ કોઈ દિવસ સંસ્થામાં મૂકેલ નથી. પોતાનો અંગત ખર્ચ કરેલ છે. ચા-પાણી કે નાસ્તાનો ખર્ચ પણ પોતાના પૉકેટમાંથી કાઢીને આપનારા આપણા ચૅરમૅન અનુકરણીય દૃષ્ટાંતરૂપ છે. સમાજમાં પણ ગરીબ કુટુંબોને આર્થિક રીતે અને નોકરી આપવા કે અપાવવાની બાબતમાં પણ મદદ કર્તા રહ્યા છે.

શ્રી માણેકલાલભાઈએ સખત પુરુષાર્થ કરીને 'સ્વ' પ્રગતિ અને સંસ્થાઓની પ્રગતિ સાધી છે. સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જયારે પણ આર્થિક સહાયની અરજી લઈને આવે ત્યારે તે બાળકોની આંખોમાં ડોકાતી કરુણા તેમના હૃદયને સ્પર્શી જતી હોય છે. આવા વિદ્યાર્થીઓને ગરીબાઈના કારણે સોસવું ના પડે તેની તેમણે ખાસ કાળજી રાખી છે. સમાજમાં જરૂરિયાતવાળી વ્યક્તિઓને આર્થિક મદદ કરીને કે નોકરી આપીને તેમની ઉદારતાના દર્શન કરાવ્યા છે.

સરકારમાં ઍડમિશન કમિટી કે ફી કમિટીમાં પણ સક્રિય સભ્ય રહી બાળકોના હિતોમાં તેમના નિર્ણય રહેલા છે અને નવા નિયમોમાં ફેરફાર અને શિક્ષણની નવી તરાહ તરફ સૂઝ અને નવો વિચાર તો માણેકલાલ સાહેબ જ આપી શકે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને ઉચ્ચ શિક્ષણ માટે પોતાની માતાના નામ પર એક ટ્રસ્ટ સ્વ. દિવાળીબેન માધવલાલ પટેલ (કડીવાળા) ચૅરીટેબલ ટ્રસ્ટ બનાવી દર વર્ષે વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવે છે. પોતે આપેલ દાન છતાં નામ બાબતે ગુરુ પ્રત્યેની ભાવનાને માન આપી ગુરુનું નામ રાખેલ છે.

પાંજરાપોળ કડીમાં પોતાની ગણેશ ઑઈલ મિલમાંથી સતત ચોવીસ કલાક વિના મૂલ્યે પશુઓને પાણી આપવામાં આવે છે. તેનાથી ઉત્તમ અને ઉદારતાનું એક આદર્શ ઉદાહરણ કયું હોઈ શકે ! તેઓ વૃક્ષપ્રેમી-પર્યાવરણપ્રેમી પણ છે. બારીક અવલોકન દ્વારા ચો-પાસ વૃક્ષારોપણના તે સદા આગ્રહી રહ્યા છે.

સંસ્થાના નાનામાં નાના કર્મચારીનું પણ ધ્યાન રાખનાર અને સૂક્ષ્મમાં

સૂક્ષ્મ બાબતો ધ્યાનમાં લઈ મદદ કરવાની ભાવનામાં ઉદારતા આવી જાય છે. કોઈ કર્મચારીને પગાર ઓછો આપવામાં તો તેઓશ્રી માનતા જ નથી. પૂરેપૂરાં કામ સામે પૂરેપૂરું વળતર આપવું જોઈએ એવું માનનારા માણેકલાલ સાહેબ છે.

શ્રી માણેકલાલ સાહેબે જરૂરિયાતમંદોને એક હજાર કરતાં વધુ વસવાટો ઉપલબ્ધ કરાવ્યા છે તેમજ રેલ રાહત, દુષ્કાળ અને ભૂકંપ જેવી કુદરતી હોનારતોમાં ભોગ બનેલાનાં કુટુંબીજનો તેમજ અસરગ્રસ્તો માટેની રાહતસેવાઓમાં ખડે પગે રહી તેમણે લોકોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદિત કર્યો છે.

મહેસાણા જિલ્લાના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં કોમી એકતા અને એખલાસ જાળવી લોકોમાં ભાઈચારા અને બંધુત્વની ભાવના ઉજાગર કરવા બદલ શ્રી માણેકલાલભાઈને પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. જ્ઞાની ઝૈલસિંહના હસ્તે સન્માનિત કરવામાં આવેલા. ગામ હોય કે મિલના ઝઘડામાં સમાધાન માટે માણેકલાલ સાહેબને બોલાવવામાં આવે છે એ શું બતાવે છે ? તટસ્થભાવે દરેક બાબતોને ધ્યાનમાં રાખી ન્યાય આપવાની આ ઘટના દાદ માગી લે તેવી છે.

સરકારી ક્ષેત્રે પ્રવૃત્ત રહી તેઓ કડી નાગરિક બૅંકમાં સ્થાપનાકાળથી સતત ૨૧ વર્ષ સુધી મેનેજિંગ ડિરેક્ટર તરીકે - ચૅરમૅન તરીકે તેમની પારદર્શક સેવાઓ આપતા રહ્યા હતા. તેમની અણીશુધ્ધ ધિરાણનીતિથી આજે બૅંક આ વિસ્તારમાં પ્રતિષ્ઠા સર્જિત કરી શકી છે અને નાના ઉદ્યોગો નાના વેપારીને ધંધા માટેની સમજ તેમજ લૉન આપવામાં ખૂબ જ મદદરૂપ થયા છે અને મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે તે સાર્થક કરી બતાવ્યું છે.

માણેકલાલ સાહેબની હાલ ઉંમર જોતાં ૮૧ વર્ષના યુવાન પુરુષ છે. તે થાકતા નથી. સતત કામ, બપોરના સમયમાં આરામ પણ નહીં, આરામ હરામ છે, તેની સાથે સાથે કામ લેવાની એક આગવી પક્કડ છે. તે ઉપરાંત તેમનામાં આત્મવિશ્વાસ ખૂબ જ મજબૂત છે. આત્મવિશ્વાસ સાથે કામ કરે અને બીજાઓ પાસે આત્મવિશ્વાસ સાથે કામ કરાવે છે. તેઓશ્રીને ઈશ્વર નિરામય દીર્ઘાયુ બક્ષે એ જ પ્રાર્થના છે.

# 41.

## કન્યાકેળવણીના આર્ષદૃષ્ટા. . .

**શ્રીમતી કૌશલ્યાબેન પરીખ**

પૂર્વાચાર્યા, શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળા અને
હૉસ્ટેલ વ્યવસ્થાપક, સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગર

કોઈપણ સમાજના અસ્તિત્વ, વિકાસ, પોષણ અને પ્રગતિની દૃષ્ટિએ વિચારીએ તો સ્ત્રી એ સમાજનું એક અનિવાર્ય અંગ છે. પુરુષની સાથે સાથે સ્ત્રી પણ સુશિક્ષિત ને સંસ્કારી હોય એ ખૂબ જરૂરી છે. તંદુરસ્ત સમાજ માટે વર્ષો પહેલાં પણ બહેનોને કેળવણી આપવાના પ્રયત્નો વેદ-ઉપનિષદ કાળથી થયા હતા અને આજે પણ યોગાથી ઈન્ટરનેટ સુધીના આધુનિક જમાનામાં કન્યા કેળવણીનું મૂલ્ય ને મહત્ત્વ સર્વત્ર વધતું રહ્યું છે.

વર્ષો પહેલાં નેપોલિયને કહ્યું હતું કે 'એક માતા સો શિક્ષક સમાન છે.' બાળકને કેળવવાનું કામ સુશિક્ષિત માતા વધુ સારી રીતે કરી શકે છે. તેથી મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે "જો એક દીકરો ભણે તો એક વ્યક્તિ ભણે છે પરંતુ જો એક દીકરી ભણે તો આખું કુટુંબ ભણતું થઈ જાય છે......"

ગુજરાતમાં છેલ્લા સાત વર્ષથી ચાલી રહેલા 'કન્યાકેળવણી' અભિયાનમાં અને 'કન્યાકેળવણી'ના પ્રચાર-પ્રસારની રથયાત્રામાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ જ વાત દોહરાવી છે કે "જો એક દીકરી ભણે તો એક નહિ બે કુટુંબ તરી જાય છે. એક, તેના માતાપિતાનું કુટુંબ એટલે કે પિયરિયાં અને બીજું, તેનાં સાસરિયાં. માટે સૌ દીકરીઓને ભણાવો. હું ભિક્ષુક છું, ભિક્ષામાં મને દીકરીઓને ભણાવવાનું વચન આપો......."

આ જ વાત વીસમી સદીના પ્રારંભે આપણી કડી સર્વ વિદ્યાલય સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભાએ ઘેર ઘેર જઈને કહી હતી. એ સમય નિરક્ષરતા, અજ્ઞાનતા, બારમું, બાળલગ્ન, બાળમરણ જેવી કુરૂઢિઓ અને અનિષ્ટોનો હતો. છતાં સાવ ઓછું ભણેલા સરઢવના કડવા પટેલ ખેડૂતપુત્ર છગનભાએ સ્વામી કેશવાનંદજીના આશીર્વાદથી ૧૯૧૯માં પાંચ રૂ.ની દાનભેટ સ્વીકારી માત્ર છ વિદ્યાર્થીઓથી 'વિદ્યાર્થી આશ્રમ' અને 'પાટીદાર વિદ્યાલય (૧૯૨૨)' ની સ્થાપના

કરી હતી એ પછી તો તેઓએ સમાજની કન્યાઓ પણ ભણતી થાય એ દિશામાં ઊંડો વિચાર કરી પ્રયત્નો પણ કરી જોયેલા પરંતુ તેમનું તે સ્વપ્ન અધૂરું જ રહ્યું. તત્કાલીન આચાર્ય બાપુભાઈ ગામી વખતે કડીમાં 'કન્યા વિદ્યાકુંજ' છાત્રાલયનો પ્રારંભ થયેલો પરંતુ આર્થિક નાણાકીય તંગી અને કન્યાકેળવણીની સમાજમાં ઓછી સૂઝસમજને કારણે ૧૯૩૭માં આ 'કન્યા વિદ્યાકુંજ' પણ બંધ થઈ ગયું.

વીસમી સદીના પ્રારંભનાં વર્ષોમાં (૧૯૧૯થી) પ્રજ્ઞાદીપ છગનભાના 'કન્યાકેળવણી'ના અધૂરા રહેલા સ્વપ્નને સાકારસંપન્ન કરનાર જો કોઈ સ્વપ્નશિલ્પી હોય તો તે છે - આપણી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર સંસ્થાના ગતિશીલ ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબ. સમાજ અને રાજ્યમાં 'કન્યા કેળવણી'ની સંપૂર્ણ પરિસ્થિતિથી વાકેફ તેઓશ્રીએ આ અંગે સતત ચિંતા કરી, સૌની વચ્ચે ચિંતનબેઠકો યોજીને, આ ક્ષેત્રે કેળવણીપ્રેમી દાનવીરોનો વિશ્વાસ સંપાદન કરીને, સફળ સંચાલન અને પારદર્શક વહીવટ આપીને જોતજોતામાં કડી કૅમ્પસ્ અને ગાંધીનગર કૅમ્પસ્ ખાતે ૧૯૮૯ થી ૨૦૦૯ સુધી અનેક કન્યા સંસ્થાઓ અને છાત્રાલયોની સ્થાપના કરીને પ્રેરક ને પ્રશંસનીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

કન્યાકેળવણીના આર્ષદૃષ્ટા શ્રી માણેકલાલ સાહેબના દૃઢ સંકલ્પબળથી, સેવાભાવના અને કઠોર પરિશ્રમથી કડી ખાતે ચાલી રહેલા 'શ્રીમતી ઊર્મિલાબેન દેસાઈ કન્યાકેળવણી સંકુલ' (કડી)ના પરિસરમાં આજે સૂરજબા કે. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન ફૉર વિમેન (૨૦૦૬), શ્રીમતી મધુબેન પી. પટેલ મહિલા પી.ટી.સી. કૉલેજ (૨૦૦૬) શ્રીમતી શકરીબેન ડી. પટેલ ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય (૨૦૦૮) તથા કડી કૅમ્પસ્‌ની સહશિક્ષણ શાળાકૉલેજોમાં કડી ખાતે હાલ ૪૧૭૪ વિદ્યાર્થિની બહેનો 'કન્યાકેળવણી'નો લાભ મેળવી રહી છે અને મંડળે ગાંધીનગર અને કડી ખાતે બહેનો માટે છાત્ર નિવાસ સાથે ભણવાની જે કેટલીક રાહતભરી આર્થિક યોજનાઓ અને જોગવાઈઓ વિચારી છે તેનો પણ મૅરિટના ધોરણે લાભ લઈ રહી છે.

એ જ પ્રમાણે આપણા ચૅરમૅનશ્રીના અથાક પુરુષાર્થભર્યા પ્રયત્નોથી અને (સ્વ.) બળદેવભાઈ ડોસાભાઈ પટેલના સંનિષ્ઠ યોગદાનથી ૧૯૮૯ માં 'કાલુપુર બૅન્ક કન્યાકેળવણી સંકુલ' ની સ્થાપના થઈ. જેમાં આજે શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિર (૧૯૮૯), શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા (૧૯૮૯), શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા (૧૯૯૦) તથા શ્રીમતી

એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા (૧૯૯૩), ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ (૧૯૯૧), આર.એન. લલિતકલા ઍકેડેમીમાં - એસ.વી. પટેલ મહિલા શિક્ષણ-ભરતગૂંથણ અભ્યાસક્રમ (૧૯૮૪), સર્વ વિદ્યાલય પી.ટી.સી. ગર્લ્સ કૉલેજ (૨૦૦૨) તથા આર.એન. મહિલા પી.ટી.સી. હૉસ્ટેલ એસ.એસ. પટેલ ઍજ્યુકેશન કૉલેજ (૨૦૦૨), બી.જી. પટેલ ઉમિયા કન્યા છાત્રાલય તથા એ.જી. પટેલ ઉમિયા કન્યા છાત્રાલય અને એન.જી. પટેલ ઉમિયા કન્યા છાત્રાલય (૧૯૮૨), લોદરિયા પરિવાર ઉમિયા ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય (૧૯૯૯), વર્ષાબેન આર. દિવાન ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય (૧૯૯૯), સૅકટર-૧૫ ની એલ.ડી.આર.પી. કૉલેજ ખાતે સી.કે. પટેલ ઍન્ડ એ. કે. પટેલ ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય (૨૦૦૨) વગેરે શાળાકૉલેજો અને છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતી તથા આ સિવાયની ગાંધીનગરની શાળા કૉલેજોમાં કો-ઍજ્યુકેશન મેળવતી વિદ્યાર્થિની બહેનોની સંખ્યા ગાંધીનગર કેમ્પસ્‌માં ૧૧૭૦૪ ની છે. ટૂંકમાં, 'કન્યાકેળવણી'ના આ સંકુલોમાં કુલ ૧૭ (સત્તર) કન્યા શાળા-કૉલેજો અને છાત્રાલયોમાં તથા તાજેતરમાં ૨૦૦૮ થી શરૂ થયેલ સૅકટર-૧૨ ખાતેની 'ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ અને હૉસ્ટેલ' કેમ્પસ્ ખાતે ભણતી બહેનો સાથે 'કન્યા કેળવણી'નો લાભ હાલ કુલ ૧૫૮૭૮ ઉપરાંત બહેનો મેળવી રહી છે.

૧૯૯૨થી 'શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય' ના આચાર્યા તરીકે મને ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબનો સંપૂર્ણ સાથ-સહકાર અને માર્ગદર્શન સાંપડેલ છે. કન્યા શાળાની લાઈબ્રેરી હોય કે લૅબોરેટરી, કમ્પ્યૂટર લૅબ માટે હોય કે વર્ગોની ભૌતિક સુવિધા બાબતે તેમજ આર્થિક રીતે પ્રતિકૂળ સંજોગોમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિનીઓની ફી માફી બાબતે સાહેબશ્રીનું વલણ હંમેશાં અનુકૂળ જ રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારની દીકરીઓના પ્રવેશ બાબતે હંમેશાં આગ્રહી અને તે અંગેની યોજનાઓ, સગવડો વધારતા રહેતાં વંદનીય સાહેબશ્રીની પૃચ્છા, ચિંતા ને ક્યારેક પુણ્યપ્રકોપમાં મને 'કન્યાકેળવણી'ના એક આદર્શ હિમાયતીના જ દર્શન થયા છે. પૂ. સાહેબશ્રીનો 'કન્યાકેળવણી'ના વ્યાપ, પ્રસાર-પ્રચાર માટેનો કર્મયોગ પ્રેરક ને દૃષ્ટાંતરૂપ છે. માનવતાપ્રેમી વિરલ વ્યક્તિત્વ, અનુકંપિત હૈયું, આવનાર સમયને પારખવાની દૂરદર્શિતા, શિક્ષણની ઊંડી સૂઝ, પ્રામાણિક વહીવટ, વૈજ્ઞાનિક અભિગમ થકી આજે તેઓશ્રીના ભગીરથ પ્રયત્નોથી કડી અને ગાંધીનગર ખાતે કડીમાં ૧૮ અને ગાંધીનગરમાં ૨૯ મળીને કુલ ૪૭ શાળા કૉલેજોમાં (છાત્રાલયો જુદા) હાલ કુલ ૪૩૫૧૩ વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ

કરી રહ્યા છે. સમાજનો કે સંસારનો રથ દીકરા-દીકરીની સમાન કેળવણીના રથનાં પૈડાં પર જ અવલંબે છે. એવા વિચારો સાથે ચિંતા ને ચિંતન રજૂ કરતા આપણા ચૅરમૅન સાહેબના પ્રયત્નોથી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગો પણ સારી રીતે વાકેફ છે.

આમ, 'સ્ત્રીશિક્ષણ દ્વારા સામાજિક ક્રાંતિ અને નવજાગૃતિ'ના પૂ. છગનભાના અધૂરા સ્વપ્નને સાંગોપાંગ સાકાર સંપન્ન કરનાર પૂજ્ય માણેકલાલ સાહેબનું યોગદાન આ રીતે રાજ્ય સરકારના 'કન્યાકેળવણી' પ્રચાર-પ્રસારની રથયાત્રા' અભિયાનથી સહેજ પણ ઓછું નથી. રાજ્યની 'કન્યાકેળવણી નિધિ' માંથી બહેનોના ખર્ચ માટે જે યોજનાઓ કે જોગવાઈઓ મંજૂર થઈ છે તેવી જ યોજનાઓ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળે' પણ કરેલી જ છે, ધોરણ-૧૦, ૧૨ સાયન્સ, કૉમર્સ, આર્ટ્સ, નર્સિંગ, ઍન્જિનિયરિંગ, ફાર્મસી કે કમ્પ્યૂટર ક્ષેત્રે અભ્યાસ કરતી અને મેરીટના ધોરણે પ્રવેશ પામી તેજસ્વી બનતી જતી વિદ્યાર્થિની બહેનો માટે મંડળે તેના પ્રવેશથી માંડીને રહેવા - જમવા અને ભણવાની અનેક સુવિધાઓ અને આર્થિક રાહતો મોટા પાયે આપી છે.

આપણી સંસ્થાઓના કાબેલ કુશળ મંત્રીશ્રી ડૉ. કનુભાઈ સાહેબ તથા અન્ય વરિષ્ઠ આગેવાનોના સતત પુરુષાર્થથી, કડી સર્વ વિદ્યાલય સંસ્થાના પૂર્વ તેજસ્વી વિદ્યાર્થીઓ અને સમાજના આગેવાનો, એન.આર.આઈ. સભ્યોની માતબર રકમોની દાનદેણગીથી આ સંસ્થાઓ ફૂલીફાલી છે. આપણા ચૅરમૅન સાહેબ જૈફ વયે પણ અમેરિકાના પ્રવાસો કરી વિદ્યાપ્રેમી દાનવીરોના સહયોગથી કરોડો રૂપિયાના દાન એકત્ર કર્યા છે. તેઓશ્રી પણ ઉદારદિલ દાતા છે અને અગ્રગણ્ય ઉદ્યોગપતિ છે. તેઓશ્રીની સેવાભાવના, પરોપકાર, ઉદારતા, કરુણા અને માનવતાના અનેક પ્રેરક પ્રસંગો છે, જેમાંથી પ્રેરણા લઈને આજે કડી અને ગાંધીનગરની સંસ્થાઓના આચાર્યો, અધ્યાપકો, સેવકો, કર્મચારીઓ સૌ કોઈ ખડે પગે સેવા કરી રહ્યા છે અને પોતપોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે. આ જ શાળાકૉલેજોમાં અભ્યાસ કરીને ઉચ્ચ ડિગ્રીધારી વિદ્યાર્થિની બહેનોને આ જ કૅમ્પસ્‌ની શાળા કૉલેજોમાં સારી જૉબ મળી રહે છે એ જ આ 'કન્યા કેળવણી અભિયાન'ની ફલશ્રુતિ છે. સાહેબશ્રીના પુરુષાર્થ, આગવા અભિગમ ને સતત આયોજનથી અનેક દીકરીઓનું જીવન ઉજ્જવળ અને પ્રગતિશીલ બન્યું છે. આપણા ભીષ્મપિતામહ સમા સાહેબશ્રીના ભગીરથ પરિશ્રમથી કન્યાકેળવણીના બીજ કબીરવડની જેમ વટવૃક્ષ બની ચૂકયા છે, જેમાંથી સમાજને જરૂરી શિક્ષિત મહિલાઓ, ઍન્જિનિયર, ડૉકટર કે ઉત્તમ સેવાભાવી નર્સો યાવત્‌ચંદ્રદિવાકરૌ

પ્રાપ્ત થતા જ રહેશે એવી આશા-અપેક્ષા સૌને છે અને **"સ્ત્રી કેળવણી દ્વારા સ્વસ્થ સમાજ નિર્માણ"** સૂત્રને તે બહેનો યથાર્થ બનાવશે. અંતે આશા રાખું કે ૨૦૧૦ ના 'સ્વર્ણિમ ગુજરાત' નો એવો સોનેરી સૂરજ ઊગે કે ગુજરાતનું અને ભારતનું સફળ સુકાન મહિલાઓ જ સંભાળતી થાય અને જેના સ્વભાવમાં ઉત્તમ ચારિત્ર્ય, વાત્સલ્ય, પ્રેમ, ધીરજ, સહનશીલતા, ત્યાગ, કર્તવ્યપરાયણતા જેવા ગુણો વણાયેલા છે તેવી સ્ત્રી કન્યાઓ માટે નીત નવા 'કન્યા કેળવણી સંકુલો' વધતાં જાય અને સમાજને અને રાજ્યને અમારી સંસ્થાઓ થકી દરેક ક્ષેત્રે આગવી પ્રતિભા ઊભી કરતી વિરલ વ્યકિતત્વવાળી સન્નારીઓ પ્રાપ્ત થતી રહે એ જ અભ્યર્થના સાથે 'કન્યા કેળવણી' ના આર્ષદ્રષ્ટા, પ્રણેતા અને પ્રખર હિમાયતી શ્રી માણેકલાલ સાહેબને કોટિ કોટિ પ્રણામ અને નિરામય શતાયુ આયુષ્ય માટે અભ્યર્થના.

# 42.

## શ્રી માણેકલાલભાઈ : એક સતત વિકસતું વ્યક્તિત્વ

બળદેવભાઈ પૂ. પટેલ
પૂર્વ આચાર્ય, આદર્શ હાઈસ્કૂલ, કડી

સર્વ વિદ્યાલય-કડીમાં ધોરણ પાંચમામાં (તે વખતનું ફર્સ્ટ સ્ટાન્ડર્ડ) જૂન-૧૯૪૭ માં હું દાખલ થયો, ત્યારે માણેકભાઈ ધોરણ નવમામાં (તે વખતના ફિફ્થ સ્ટાન્ડર્ડમાં) આવ્યા હશે. તેઓ એસ.એસ.સી. પાસ ૧૯૪૯-૫૦ ના વર્ષમાં થયા ત્યારે હું ધોરણ-૭ (તે વખતનું થર્ડ સ્ટાન્ડર્ડ) પાસ થયો હોઈશ. આમ સર્વ વિદ્યાલયમાં તેઓ ઉપલા ધોરણોમાં અને અમે નીચલા ધોરણોમાં હોઈશું, એવા ત્રણ વર્ષ ૪૭-૪૮, ૪૮-૪૯ અને ૪૯-૫૦. ત્યારનાં સ્મરણોને ઢંઢોળતાં, તેઓ પોતાની કોઈ ખાસ ઓળખ પ્રસ્થાપિત કરી શક્યા હોય તેવું ખાસ કંઈ યાદ આવતું નથી. ભોળાભાઈ પટેલ, પ્રકાશ ગજ્જર, થોળવાળા માધુભાઈ પટેલ અને ગાંડાભાઈ પટેલ વગેરે ઉપલા વર્ગોના તે વખતના ધુરંધર વિદ્યાર્થીઓ આજે પણ યાદ છે. બીજા કેટલાક સિનિયર વિદ્યાર્થીઓનું પણ સ્મરણ છે. તેઓ શ્રી નાથાભાઈ સાહેબ જેવા દેવતુલ્ય ઋષિ-આચાર્યની પ્રેરણા, પ્રોત્સાહનથી ચાલતી વૈવિધ્યસભર અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહેતા. માણેકભાઈનું એવું કશું યોગદાન હોય એવું ખાસ યાદ આવે તેવું કંઈ હતું નહિ. તેથી એમ માનવાનું મન થાય કે તેઓ સામાન્ય વિદ્યાર્થી હશે. આજની તેમની અસામાન્યતાની જે ઊંચાઈ છે તેનાથી આવેશમાં આવી જઈને તેમને તે વખતે પણ તેઓ અસામાન્ય વિદ્યાર્થી હતા, તેવું પ્રસ્થાપિત કરવું તે અન્યાયકર્તા થશે. અસાધારણ હતા ને અસાધારણ રહ્યા તેમાં શું ધાડ મારી ? બીજાઓને પ્રેરણા મળે તેવું શું થયું ? ગાંધીજીની મહાનતા તેઓ સામાન્યમાંથી અસામાન્ય બન્યા તેમાં છે. તેઓ જન્મથી જ અસામાન્ય હોત તો આટલા પ્રેરણાદાયી બની શક્યા હોત ? From Mohan to Mahatma કહેવાત ? હકીકત પ્રત્યે આંખ આડા કાન કરવા તે આપબળે, સ્વપ્રયત્ને, નિજી પુરુષાર્થથી જનમાંથી મહાજન બનેલી વ્યક્તિને અન્યાયકર્તા થઈ પડે એવી ચેષ્ટા ખુશામતખોરીમાં ખપી જાય. હકીકત પ્રત્યેની પ્રામાણિકતા જ ખપે: જે હોય તે,

જેવું હોય તેવું, જેવું લાગ્યું હોય તેવું જ લખવાની પ્રતિબધ્ધતા જ ખપે તો જ ચરિત્ર નાયકને ન્યાય કર્યો કહેવાય, સન્માન કર્યું કહેવાય. મારું મૂળ વતન કડી - ફાટીપોળ નામના મહોલ્લામાં. ત્યાં ઊછર્યો, મોટો થયો. માણેકભાઈ અમારા મહોલ્લાના જમાઈરાજ. તેમનાં ધર્મપત્ની વિજયાબેન અમારી બહેન જેવાં, તેમના સાળા વિઠ્ઠલભાઈ અમારા વડીલબંધુ અને મિત્ર. તેથી માણેકભાઈ આમેય અમારા માટે આદરણીય-સન્માનનીય અને ભારતીય સંસ્કારોને ધ્યાનમાં લઈએ તો પૂજ્ય.

૧-૨-૧૯૨૯ માં જન્મેલા માણેકભાઈએ જૂન-૧૯૫૦માં એસ.એસ.સી. પાસ કર્યું ત્યારે તેઓ ઉંમરમાં ૨૧ વર્ષના થઈ ચૂક્યા હતા. જૂન-૧૯૫૦ થી તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં - વિનયન વિભાગમાં જોડાયા ને ચાર વર્ષને અંતે જૂન-૧૯૫૪માં અર્થશાસ્ત્ર સાથે બી.એ.ની ડિગ્રી હાંસલ કરી ત્યારે તેઓ પચ્ચીસ વર્ષના થઈ ચૂકયા હતા. તેઓએ ગુજરાત કૉલેજ છોડી તે જ વર્ષે જૂન-૧૯૫૪ માં મેં ગુજરાત કૉલેજના વિજ્ઞાન વિભાગમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલો. ત્યારે મારી ઉંમર ૧૭ વર્ષની. ત્યારબાદ તેઓએ ૧૯૫૪-૫૫ અને ૫૫-૫૬ માં ગુજરાત કૉલેજ પાસે આવેલી એલ.એ. શાહ લૉ કૉલેજ અમદાવાદમાં એલએલ.બી. કર્યુ. આ સમયે હું ગુજરાત (સાયન્સ) કૉલેજમાં એફ.વાય. સાયન્સ અને ઈન્ટર સાયન્સ કરી રહ્યો હતો. મારું થર્ડ ઈયર બીએસ.સી. મેં ૧૯૫૮ માં પૂરું કર્યુ ત્યારે તેઓ કડી નગરપાલિકામાં ચીફ ઑફિસરની કારકિર્દી શરૂ કરનાર હતા. શહેર એક, કૉલેજો જુદી-જુદી, રહેવાનું અલગ-અલગ, સમયગાળો પણ ભિન્ન, સીધો કે પ્રત્યક્ષ કોઈ પરિચય હતો નહિ તેથી આગળ પણ વધુ પરિચય વિકસાવવાનું થયું નહિ. મારે માટે તેઓ અજાણ્યા ને તેમને માટે હું પણ અજાણ્યો રહ્યો. સમય સરતો ગયો ને ૧૯૫૮માં તેઓ કડીમાં આવીને વસ્યા ને કડીના બની ગયા. ૧૯૫૮ થી ૧૯૬૨ દરમ્યાન મારે નોકરી અર્થે જુદા જુદા સ્થળોએ જવાનું - રહેવાનું થયું. ૧૯૬૨-૬૩ ને ૬૩-૬૪ માં હું સર્વ વિદ્યાલય, કડીમાં શિક્ષક તરીકે જોડાયો ત્યારે તેઓ પણ કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકે સફળ, યશસ્વી સેવા અદા કરી રહ્યા હતા પણ અમારે પરિચયમાં આવવાનું બનેલું નહિ.

પછીનો પરિચય તેમની સાથેનો મને ૧૯૬૭-૬૮ ના વર્ષથી અને તે પછીના સમયગાળા દરમ્યાન થયો. જૂન ૧૯૬૭ થી હું આદર્શ હાઈસ્કૂલ-કડીમાં આચાર્ય તરીકે જોડાયો ત્યારે તેઓનું ડાયનેમિક, ગતિશીલ, જીવંત અને પ્રાણવાન જાહેર જીવન શરૂ થઈ ચૂકયું હતું. સરદાર પટેલ કો.ઓ. હાઉસિંગ સોસાયટી, કડીના ચેરમેન તરીકે તેઓ નિ:સ્વાર્થ, સહૃદયી સેવા કુશળતાથી કરી રહ્યા હતા. મારે

શાળાના આચાર્ય તરીકે, ચીફ ઑફિસરશ્રી માણેકભાઈને કામકાજ અંગે મળવાનું થતું, તદુપરાંત જાહેર જીવનની અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓના પ્રસંગોએ પણ અવારનવાર અમારે મળવાનું થયા કરતું હતું. જેને લીધે મારા ઉપર તેમની સૌ પ્રથમ છાપ તો તેમના બાહોશ અને આત્મવિશ્વાસથી છલકાતા અધિકારી હોવાની પડી હતી.

કોઈપણ નગરપાલિકામાં, મુખ્ય અધિકારી તરીકે સફળ થવું ને યશ પ્રાપ્ત કરવો તે નાનીસૂની વાત નથી. જનતાની કંઈ ને કંઈ ફરિયાદો હોય, કર્મચારીઓ ફરજ બજાવવામાં દગડાઈ કરતા હોય. કોર્પોરેટ બૉડીમાં ખાસ હોશિયાર સભાસદો ન હોય. નગરપાલિકાના કાયદાકાનૂનના જાણકાર હોય નહિ અને ફિશિયારી વધારે મારતા હોય. અનુભવ વગરના પ્રતિનિધિઓનો સાથ અને સહકાર મેળવવો અને યોગ્ય ઠરાવો કરાવવા એ કાચા-પોચાનું કામ નહિ. વળી નગરપાલિકાનું રાજકારણ. પક્ષીય હુંસાતુંશી અને ખેંચાખેંચ. એમાં વળી કર્મચારીઓનાં સંગઠનો તથા પ્રતિનિધિઓ અને કર્મચારીઓની સાઠગાંઠ. સરકારમાં રજૂઆતો કરવાની હોય. ગ્રાન્ટો મંજૂર કરાવી લાવવાની હોય. પ્રજાકીય કામો પાર પાડવાનાં હોય. રોજ બરોજની નાગરિકોની અનેક ફરિયાદોનો સંતોષકારક નિકાલ કરવાનો હોય. તોબા.... તોબા. ભાગ્યે જ કોઈ અધિકારી યશસ્વી બની શકે. પરિપક્વતા, મનની સ્થિરતા અને પીઢતા ન હોય તો રોગના ભોગ બની જવાય. હાયપર ટેન્શન, (બ્લડ પ્રેશર), ડાયાબિટીસ, હાર્ટએટેક બારણે ટકોરા મારવા તૈયાર હાજર ઊભા જ હોય. તેમાંથી બચવું ને સફળતા મેળવવી, યશ પ્રાપ્ત કરવો કેટલું કાઠું કામ છે ? માણેકભાઈએ તે કરી દેખાડયું.

કડી નગરપાલિકામાં, તેમની પહેલાં, ચીફ ઑફિસર તરીકે સફળ કારકિર્દી બનાવી હોય એવી કોઈ વ્યક્તિ હોવાનું જાણમાં નથી. કામદારો અને કર્મચારીઓ પાસેથી કુનેહથી કામ કઢાવવું - જાગ્રત નાગરિકોની ફરિયાદો અને અસંતોષને પ્રેમથી, ધીરજથી, સમભાવથી હસતા મોંઢે સાંભળવી ને તેનો સારી રીતે, સમયસર નિકાલ કરીને, રાજીપો મેળવવો. એમાં આપણા માણેકભાઈની હથોટી. 'તુંડે તુંડે મતિર્ભિન્ના' જેવા સર્વ પ્રકારના નાગરિકોનો સાથ, સહકાર અને સહયોગ ભાગ્યે જ કોઈ અધિકારી માણેકભાઈ જેટલાં પ્રાપ્ત કરી શકતા હશે. માણેકભાઈની પ્રામાણિકતામાં તેમના વિરોધીઓને પણ અટલ વિશ્વાસ. તેમણે કદી, કશોય ભ્રષ્ટાચાર કર્યો નહિ અને તેમની જાણમાં થવા દીધો નહિ. ''ખાતોય નથી અને ખાવા દેતો ય નથી'' એ તો આજકાલ હવે સાંભળવામાં આવી રહ્યું છે પણ તેનું જીવંત ઉદાહરણ આ પહેલાં આપણા માણેકભાઈએ પૂરું પાડી બતાવ્યું છે. પોતે

બીજાને ઘસારો આપવાનું પસંદ ન કરે તેવા સ્વમાની અને જાતે બીજા માટે ઘસાયા કરે. આ બધા ગુણોએ માણેકભાઈને અત્યંત બાહોશ, સફળ અને યશસ્વી ચીફ ઑફિસર બનાવ્યા.

કડીના નાગરિકોનો આટલો બધો પ્રેમ આ પહેલાં ના કોઈ ચીફ ઑફિસરે મેળવ્યો છે અને ના તેમના પછીના પણ કોઈએ પણ મેળવ્યો છે અને એટલે તો વર્ષો પછી પણ આજે કયા માણેકલાલ એમ કોઈ પૂછે તો તરત જ જવાબમાં સહજ બોલાઈ જાય કે સી.ઓ. સાહેબ. ત્યારથી તેમનું હુલામણું ને લાડકું નામ "સાહેબ" પડી ગયું, સાહેબ એટલે માણેકલાલ. કડીની સરદાર હાઉસીંગ સોસાયટીના ચૅરમૅન તરીકે પણ તેઓ એટલા જ કર્મઠ, સંનિષ્ઠ અને સહૃદયી રહ્યા કે આજે ચાલીસેક વર્ષો પછી પણ તેમની સોસાયટીમાંની નિઃસ્વાર્થ ને અસરકારક નેતાગીરીને સૌ પ્રેમથી અને કદરદાનીની ભાવનાથી યાદ કરે છે. સહકારી ક્ષેત્રે મકાનો બનાવનારા સભ્યો અનેક જરૂરિયાતો જણાવે, ઘણાં સૂચનો આવે, સૌને સારું અનુકૂળ સગવડવાળું મકાન જોઈએ પણ ખર્ચમાં મર્યાદા કરકસર ઘણી કરવી પડે. સૌને સંતોષ આપવો પડે. કામ મજબૂત થવું જોઈએ. બિલ્ડીંગ મટિરિયલ્સ સારું વાપરવાનું હોય. સમયસર કામ પૂરું કરવાનું હોય. કુનેહપૂર્વક હૉલસેલના ભાવે જથ્થાબંધ ખરીદી કરવાની હોય. મજૂરો, કારીગરો અને કૉન્ટ્રાક્ટર ઉપર ચાંપતી દેખરેખ રાખવાની હોય. માણેકભાઈનો એ નિત્યક્રમ થઈ ગયેલો કે સવારે સોસાયટીના સ્થળે એક આંટો લગાવી આવવાનો પછી સાંજ સુધી નગરપાલિકા - કાર્યાલયમાં, ત્યાંથી છૂટીને પાછા સીધા સોસાયટીના સ્થળે છેક રાત સુધી જાતે ચક્કર મારે ને જુએ, તપાસે, ચકાસે. "હોતી હૈ ચલતી હૈ" ની વાત નહિ. "તમે જોઈ લેજોને" એવી ભાષા નહિ. ખામી જાતતપાસની, અહીં પણ ઘસાવાનું તો ખરું જ. એક પંથ, એક કાજ નહિ, એક પંથ અનેક કાજ. એક કામે જાય ને અનેક કામો કરતા આવે. પાછા થાકવાનું તો નામ નહિ. જયારે જુઓ ત્યારે પાછા તાજાં ને તાજાં. એવરગ્રીન, એવરફ્રેશ. આદર્શ વહીવટ - વ્યવસ્થાનો બેનમૂન નમૂનો તેમણે સરદાર સોસાયટી દ્વારા પૂરો પાડીને લોકોને બતાવી આપ્યું કે જુઓ હાઉસીંગ સોસાયટી આમ થાય ને આવી થાય ને આવી રીતે થાય. સસ્તાં, સારાં, સગવડિયાં મકાન એમને એમ નથી બનતાં.

તે વખતના અરસામાં જાહેર મંચ ઉપરથી જયારે જયારે તેમને બોલવાનું થતું ત્યારે તેમના પ્રવચનોમાં મ્યુનિસિપલ એક્ટ, ગ્રાન્ટ ઈન-એઈડ-કોડ, રૂલ્સ ઍન્ડ રૅગ્યુલેશન્સ, કોર્પોરેટ બૉડી અને ઍક્ઝીક્યુટીવ બૉડી એવું બધું અચૂક આવે જ. સ્વેચ્છાએ રાજીનામું આપીને, તેઓએ નગરપાલિકાની સેવા છોડીને વેપાર

ઉદ્યોગધંધામાં ઝંપલાવ્યું. ઑઈલ મિલો અને જિનિંગ ફૅક્ટરીઓનો વહીવટ સંભાળ્યો. ત્યાર પછીનાં તેમનાં જાહેર પ્રવચનોમાં જે ફેરફારો થતા રહ્યા તે નોંધવાનું મન થાય એવું છે. મ્યુ. ઍક્ટ, નગરપાલિકા, કાયદો, કૉર્પોરેટ બૉડી, ઍક્ઝીક્યુટીવ બૉડી, એવું બધું જતું રહ્યું ને પછી ઑઈલ, રૂ, બજાર, વેપાર ઉદ્યોગની સમસ્યાઓ, મજૂર કાયદો, મજૂર-અદાલત વગેરે... એવું બધું આવતું થયું. તે પછી તેઓ બૅંકનો વહીવટ સંભાળતા થયા ત્યારે સહકારી બૅંકોનો કાયદો, થાપણો, ધિરાણો, આર્થિક વિનિમય દ્વારા વ્યક્તિ અને સમાજનો વિકાસ વગેરે જેવા વિષયો તેમના જાહેર વક્તવ્યોમાં આવતા થયા. ભાગ્યોદય જનરલ હૉસ્પિટલ ઊભી કરીને તેનું સંચાલન હાથમાં લીધું ત્યારે આરોગ્ય, જાહેર સુખાકારી, ડૉક્ટર, દવાઓ, રોગો વગેરે જેવા વિષયો તેમના જાહેર ઉદ્‌બોધનોમાં સ્થાન લેવા લાગ્યા. હવે, આજે જયારે મુખ્ય સેવાક્ષેત્ર શિક્ષણનું થયું છે ત્યારે જાહેર પ્રવચનો અને વાર્તાલાપોમાં શિક્ષણ, સમસ્યાઓ, બાળકોનો વિકાસ, ઍક્સેલન્સી, શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનના પ્રશ્નો, શિક્ષકો અને શિસ્ત, ચારિત્ર્ય ઘડતર વગેરે જેવા અનેક વિષયોનો ઉલ્લેખ અને વિગતવાર ઊંડાણભર્યા વિવરણો અને વિવેચનો મુખ્ય સ્થાને હોય છે. આ બધું એ સૂચવી જાય છે કે માણેકભાઈ સમયે સમયે, જે કોઈ પ્રવૃત્તિ તેમના હાથમાં લે અથવા પ્રવૃત્તિ સામેથી આવી મળે ત્યારે તેની ફરજ - જવાબદારીમાંથી પલાયનવૃત્તિ કે પીછેહઠ કર્યા સિવાય, એ કામોને એવાં તો આત્મસાત્ કરી લેતા, તેમાં તેઓ એવા તો ઓતપ્રોત બની જતા કે બેસતાં - ઊઠતાં, સૂતાં- જાગતાં બસ એના જ વિચારો ને એનું જ ચિંતન - જાણે કે તેઓ તે પ્રવૃત્તિમય બની જતા. કામ અને માણેકભાઈ જુદા ના રહેતા - એક થઈ જતાં.

તેઓએ પોતાના મિત્રવર્તુળનો સાથ લઈને કડી નાગરિક સહકારી બૅંક ઊભી કરી ને વર્ષો સુધી તેને પગભર ને સમૃધ્ધ કરવામાં મચી પડયા. ત્યાં પણ એ જ નિષ્ઠા. ભાગ્યોદય જનરલ હૉસ્પિટલમાં પણ એ જ કર્તવ્યપરાયણતા. કડી નગરપાલિકાના પ્રમુખ બન્યા ત્યાં પણ એ જ સહૃદયતા ! અને હવે બધું જ છોડીને - લગભગ છોડીને - આજે જયારે કેવળ શિક્ષણ અર્થે પોતાનું શેષ જીવન તેમાં લગાવી દીધું છે ત્યારે પણ એ જ સિન્સિયારિટી. તેમના જીવનના દીર્ઘ પટ ઉપર અને તેમની જાહેર સમાજસેવાના ક્ષેત્રોના વ્યાપ ઉપર નજર નાંખીએ તો એમ કહેવાનું મન થઈ જ જાય કે હા, હવે આ તો એક સમાજસેવાના ભેખધારીનો ભેખ છે. એક તપસ્વીનું તપ છે, તપ એટલે કંઈ ઘરબાર છોડીને જંગલમાં જતા રહેવું, ભગવા પહેરી લેવાં ને નાક, કાન દબાવીને, પલાંઠી વાળીને બેસી જવું એ

નથી જ. પણ સંસારમાં રહીને, ઘર ગૃહસ્થી નિભાવતાં નિભાવતાં, વૈયક્તિક, કૌટુંબિક - પારિવારિક સઘળી ફરજો ને જવાબદારીઓ અદા કરતાં કરતાં, સામાજિક કૉન્ટ્રીબ્યુશન બજાવીને, કોઈ પરહિતકાર્ય, પરોપકારી કાર્ય, સેવાકાર્યમાં નિજી અસ્તિત્વને ઓગાળી નાંખવું તે જ ખરું તપ છે. માણેકભાઈએ આ કરી દેખાડયું છે. વાહ ! માણેકભાઈ, તમે કેવા ખીલ્યા છો ? તમે કેવા વિકસ્યા છો ? તમે તમારી જાતને એક સતત વિકસતા વ્યકિતત્વનો પર્યાય બનાવી દીધી છે. "જનની જણજે...." યાદ આવી જાય છે. શરૂઆતનાં વર્ષોમાં માણેકભાઈ વિચારસરણીએ સામ્યવાદી - અંગત વાતચીતમાં આ જણાયા વગર ન રહે. કદાચ એ જ કારણ હશે કે તેમના વહીવટ તળેનાં એકમોમાં નાના માણસનું - સામાન્ય જનનું શોષણ થતું ખાસ જોવામાં આવતું નથી. બીજી ખાનગી ટ્રસ્ટોની શિક્ષણ સંસ્થાઓ પછી તે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કે પછી કૉલેજ કક્ષાની પણ કેમ ન હોય - સરકારી ધારાધોરણથી પણ ઘણો ઓછો પગાર આપતા હોય ત્યારે માણેકભાઈના સંચાલન તળેની સંસ્થાઓમાં સરકારી ધારાધોરણ મુજબનો પૂરો પગાર અપાતો હોય. નવો મોંઘવારી વધારો સરકારે જાહેર કર્યો નથી કે તેમની સંસ્થાઓમાં તેનો અમલ થયો નથી, જયારે અન્ય ઠેકાણે સંચાલકો ગલ્લાંતલ્લાં કર્યા કરતા હોય ને ખરાંખોટાં બહાનાંથી સમય ખેંચ્યા કરતા હોય. શોષણ પ્રત્યેનો તેમનો આક્રોશ એવો જબરો કે વિષય ક્યાંક ચર્ચામાં છંછેડાયો હોય તો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યા વગર રહે નહિ.

શરીર દૂબળું - પાતળું દેખાય. ઊંચાઈ ખાસ્સી શરીરની અને મનની - માઈન્ડ પાવરની પણ. ગુસ્સા બહોત પણ કમ તાકાત નહિ. (કહેવત - કમ તાકાત મગર ગુસ્સા બહોતથી સર્વથા વિપરીત ) ઍન્ગ્રી યંગ મૅનની યાદ આવી જાય. ભલભલાને ખખડાવી નાંખે. પણ પછી ? પછી કશું નહિ, ભૂલી જાય. પછીના વ્યવહારમાં તેની છાંટો યે અસર જોવા ન મળે.

રાજકારણમાં પડ્યા - ખરેખર પડ્યા જ. મારું એવું માનવું છે કે તેમાં તેઓ જે પ્રકારે પડ્યા તે રીતે તેમાં નહોતું પડવા જેવું. તેઓ તો રચનાત્મક સહકારી ક્ષેત્ર તથા સામાજિક સેવાના જીવ અને આ ઉપાધિમાં કયાંથી આવી પડયા ? એવું અમને અને અમારા જેવા ઘણાને થતું રહેલું. પણ સ્વભાવે પાછા મક્કમ ભારે. ખરું કે ખોટું એકવાર તેમના મનમાં ગાંઠ વળી જાય પછી છોડે જ નહિ ને ?

ઈગો ધારદાર, વિપરીત વલણ કે વાણી જુએ - સાંભળે કે છંછેડાઈ જાય. વહીવટમાં કે સંચાલનમાં ઓટોક્રેટ લાગે - એકાધિકારવાદી. કેટલાક

સરમુખત્યારી પણ સમજી લે પણ હૃદય તેવું નહિ. હૃદય માનવતાથી સભર-ઉદારવૃત્તિવાળા. ભૂલી જાઓ, માફ કરી દો તેમનો જીવનમંત્ર. ડંખ ના રાખે. જીવનમાં આમ વર્ત્યા કે તેમ વર્ત્યા. ભૂલો પણ થઈ પણ તેમાંથી શીખતા ગયા ને ઊંચે ને ઊંચે ઊઠતા ગયા, બસ વિકસતા જ રહ્યા, વિકસતા જ રહ્યા. સેવાક્ષેત્રે - જાહેર જીવનમાં તો ખરા જ પણ અંગત આંતરિક જીવનમાં પણ ગમ ખાતા રહ્યા. કડવા ઘૂંટડા પીતા રહ્યા, બાંધછોડ કરતા રહ્યા, માન - અપમાન સહેતા રહ્યા. "ફરગેટ ઍન્ડ ફરગીવ" (ભૂલી જાઓ અને માફ કરી દો )ને રોજિંદા જીવનમાં ચરિતાર્થ કરતા રહ્યા. તેમના જીવનમાંથી ખોટું છૂટતું ગયું ને સાચું આવકારાતું થયું ને ખબર પણ ન પડે તેમ બિલકુલ સહજ અને સ્વાભાવિકપણે, જરીકે ઢંઢેરો પીટ્યા વગર, જાણે કે ભૂગર્ભ જળપ્રવાહમાં પરિવર્તનો થતાં રહેતા હોય તેમ, તેમનું આંતરિક ઊર્ધ્વીકરણ થતું ગયું. રેશનાલાઈઝિંગ ઍન્ડ કેનાલાઈઝિંગ, સબ્લીમેટીંગ ઍન્ડ ઈવોલ્વિંગ, રિલિજીયાનાઈઝિંગ ઍન્ડ સ્પિરિટિયુઆલાઈમિંગ ઍન્ડ વૉટ નૉટ ?..... વૉટ નૉટ ? એક વિકસતું માનસ, એક પ્રગતિપથગામી માનવમન. એક ઊર્ધ્વમાનવનો જાણે કે ધીરે ધીરે આવિષ્કાર થઈ રહ્યો છે. રાગ ઘટતો ગયો (જો કે સંપૂર્ણ નાબૂદ તો નથી જ થયો ) ને ત્યાગ વધતો ગયો. એક ઉમદા માનવ બનતો ગયો. From Man ek to Manek and From Jan (man) to Mahjan in a real sense આ પંથકનું ગૌરવ, આપણા બધાંનું ગૌરવ એટલે આપણા માણેકલાલભાઈ.

તેઓ કદાચ કદી કોઈ મંદિરે અંગત મોક્ષ કે મુક્તિની ઇચ્છાથી કયારેય નહીં ગયા હોય. આશ્રમોએ પણ કદાચ નહિ ગયા હોય સિવાય કે તેમણે સ્વીકારેલાં કાર્યોના સંબંધે તેમને જવાનું થયું હોય. તેઓને કેટલાક નાસ્તિક સમજતા હશે. કદાચ તેઓ ખુદ પણ પોતાને નાસ્તિક તરીકે ઓળખાવવામાં સંકોચનો અનુભવ નહિ કરતા હોય પણ આ આસ્તિક-નાસ્તિક શું બલા છે ? આ શબ્દોની પરિભાષાની મને જે સમજ છે તે આધારે હું છાતી ઠોકીને કહી શકું તેમ છું કે તેઓ વૈચારિક ભૂમિકાએ હૃદયની લાગણીઓની પરિપાટીએ આસ્તિક છે - ભલે પછી કર્મકાંડનો બાહ્ય દેખાડો ન થતો હોય. Humanaising the Earth જેનો જીવનમંત્ર હોય, કર ભલા, હોગા ભલામાં જેને અતૂટ શ્રધ્ધા હોય તેને નાસ્તિક કેવી રીતે કહી શકાય ?

પિંડ અને બ્રહ્માંડ વચ્ચે આદાનપ્રદાન થતું રહેતું હોય છે. માણસ સમાજ પાસેથી કંઈક લે છે તો કંઈક આપે પણ છે. જમાઉધારનો હિસાબ માંડતાં, સરવૈયામાં આપવાનું ઓછું થતું હોય ને લેવાનું વધુ તો તે સમાજનો દેવાદાર છે. સરભર

હોય તો ન દેવાદાર - ન લેણદાર પણ લેવાનું ઓછું થયું હોય અને આપવાનું વધુ થયું હોય તો સમાજનો તે લેણદાર છે. માણેકભાઈએ આ પંથક આપણને સૌને તેમના ઋણી બનાવ્યા છે

કોઈ મનુષ્ય સંપૂર્ણ નથી, હોઈ શકે પણ નહિ. જેમ સંપૂર્ણ ખરાબનું અસ્તિત્વ નથી તેમ સંપૂર્ણ સારાનું પણ અસ્તિત્વ નથી. એક ઈશ્વર કે એક શેતાન જ આવા હોઈ શકે. આપણે મનુષ્યો બધા આ બેની વચમાં કયાંકને કયાંક ઊભા છીએ. માણેકભાઈ પણ આ લેખની આ રેખા ઉપર કયાંક ઊભા છે. દોષો વધારે, સદ્‌ગુણો ઓછા હોય તેને જેમ ખરાબ કહેવાય તેમ સદ્‌ગુણો વધારે ને દોષો ઓછા હોય તેને સારા કહેવાય. માણેકભાઈમાં માનવસહજ નિર્બળતાઓ નથી એમ કહી શકાય તેમ નથી પણ જે છે તે અધમતાની સાપેક્ષતાએ ઘણી ઓછી છે તેથી તેઓને સબળ, સદ્‌ગુણી ગણવા યોગ્ય મનાય. તેઓ કેટલીક બાબતોએ વિવાદાસ્પદ પણ રહ્યા. વિરોધીઓએ આવા વિવાદોને તેમની પ્રતિભાખંડન માટે, પ્રતિષ્ઠાખંડન માટે ચગાવ્યા હશે પણ ખરા. પણ ભૂલો કોણ નથી કરતું? to err is human. ભૂલોમાંથી શીખીને જે આગળ વધે, ઊંચે ચઢે તે મહાજન. જનમાંથી મહાજન બનવાની મથામણ જિંદગીમાં જેઓ નિષ્ઠાથી કર્મઠપણે કરતા રહ્યા તેઓનું જીવવું સાર્થક થયું ગણાય. આવું અર્થપૂર્ણ જીવન જીવીને, એક સમાન વિકસતા વ્યકિતત્વનું ઉદાહરણ પૂરું પાડનાર વ્યકિત એટલે આપણા શ્રી માણેકલાલભાઈ, આપણા સી.ઓ. સાહેબ, સલામ છે આપણા સાહેબ ને !

# 43.

## સરદાર પટેલ સોસાંયટી, કડી અને માણેકલાલ

મફતભાઈ એસ. પટેલ
નિવૃત્ત શિક્ષક, ઝવેરી આર.ટી. હાઈસ્કૂલ, કડી

આજથી ચાલીસ વર્ષ પહેલાં જયારે કડીના ઈતિહાસમાં સોસાયટી શબ્દનો પ્રવેશ જ ન હતો અને લોકો મશ્કરી સ્વરૂપે સિસોટીના વ્યંગ્યાત્મક શબ્દોથી સંબોધન કરતા તેવા કપરા સંજોગોમાં અને ભાઉપુરામાં વસતા ભાઈઓને મકાનની ખરેખર જરૂર હતી ત્યારે સરદાર પટેલ જયંતિના દિવસે, અજાણે ભાઉપુરાના ચોકમાં મળેલી મિટિંગમાં સોસાયટીનો સંકલ્પ કર્યો, ત્યારે સરદાર પટેલ સોસાયટીનું પ્રથમ સોપાન શરૂ થયું. સૌએ એકી અવાજે સોસાયટી બનાવવાની વાતનો સ્વીકાર કર્યો.

સમયની બલિહારી છે. લોકો પાસે પૈસા ન હતા પણ સોસાયટીના સભ્ય બનવા આતુર હતા. જમીનની ખરીદી કરવાની હતી, હપ્તાની શરૂઆત કરવાની હતી ત્યારે ઘણા સભ્યોએ પૈસા ભરીને નામ નોંધાવી દીધાં. સમયાંતરે પૈસાના અભાવે કેટલાક સભ્યો સોસાયટીમાંથી નીકળી પણ ગયા. એમ રોજબરોજ મિટિંગો થતી રહી, જમીનની ખરીદી કરી. જમીનનો કબજો લેવામાં અનેકઘણી મુસીબતો સામે આવતી હતી. ઝઘડા, કોર્ટકચેરી વગેરેથી લડતા લડતા સોસાયટીના કામમાં આગળ વધતા રહ્યા. માત્ર રૂ. ૨=૬૦ પૈસાના ભાવની જમીન હોવા છતાં સભ્યો મેળવવા પ્રયત્નો કરવા પડતા હતા. ઘણાએ પ્લોટો નહીં બાંધવાની શરતે આપ્યા અને સભ્યોની નોંધ ચાલુ રાખી. લૉન પણ લેવાની હતી. તાલુકા લેવલે લૉન લેવાનું કામ કપરું હતું તોપણ દિન પ્રતિદિન કામ આગળ વધતું રહ્યું. સોસાયટી ધીરે ધીરે આકાર પામતી ગઈ.

સામા પૂરમાં તરીને આગળ વધવાની કસરત કઠિન હતી. અંધારામાં કોડિયું પણ પૂરતું હતું. એવા સમયે સૂત્રધાર અને સોસાયટીના દીવાદાંડી સમાન કોઈની જરૂર હતી ત્યારે કડી નગરપાલિકાના ચીફ ઑફિસર મા.શ્રી માણેકલાલે આ ખાલીપો પૂર્યો. સૌને હૈયાધારણ થઈ. જે આખા નગરની ખબર રાખે તે અમારી

તો ખબર રાખશે જ ને !

સોસાસટીના સભ્ય તરીકેનો એમનો પ્રવેશ સોસાયટીના સંપૂર્ણ કામને પૂર્ણતાને આરે પહોંચાડવાનો જાણે સંદેશ હતો. સોસાયટીના સભ્યોએ સંતોષનો ઓડકાર લીધો અને કામને વધારે વેગ મળ્યો. માત્ર ને માત્ર દોઢથી બે વર્ષની અંદર આ સોસાયટીને પૂર્ણતાના સ્વરૂપે પહોંચાડી. જરૂરિયાતવાળા ભાઈઓને ઘર મળ્યાં. લોકો ખુશ થયા, આનંદવિભોર બન્યા.

આ બધામાં માણેકલાલ કયાં ? એ પ્રશ્નનો જવાબ આપવાનો હોય તો એમ જ કહી શકાય કે માણેકલાલ સોસાયટીના સભ્યોમાં એકડા સમાન રહ્યા. બીજા ઘણા સભ્યો હતા પણ તેઓ માત્ર મીંડા સમાન. એકડા વિનાના મીંડાંની કેટલી કિંમત! માણેકલાલે કુશળ વહીવટ કરી ચૅરમૅનશીપ તો કરી જ પણ લોકોની લાગણી, માગણી અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સૌને સાથે રાખી સોસાયટીના પ્લાનમાં ફેરફાર કર્યા, અંગત વગથી પૈસાની પણ હિંમત આપી. એમની આગવી સૂઝ અને અક્કલ હોશિયારીથી સોસાયટીને કયાંય નુકસાન થવા દીધું નથી. લાંચની તો વાત જ નહિ. સાચી વાતમાં કલેકટર હોય તોપણ કદી કોઈને ગાંઠ્યા નથી અને સોસાયટીની ઈજ્જત વધે તેમજ કોઈ જ નુકસાન ન થાય તેવું જાત ઉપર મુસીબતો વહોરીને સોસાયટીને એક આગવી ઈજ્જત અપાવી.

સોસાયટી પૂરી થઈ. લાઈટની સગવડ કરવાની. પોતે ચીફ ઑફિસર અને લાઈટની સગવડ મૂળચંદ પારેખના હાથમાં. ત્યારે મ્યુનિસિપાલિટી અને પારેખને મનમેળ નહિ. એવા સંજોગોમાં અક્કલ હોશિયારી અને સદ્‌બુદ્ધિથી આ કામ સરસ રીતે પાર પાડેલું.

કલેકટર સાહેબે મહેસાણાની ઑફિસમાં પણ દમ ખાધા વિના સાચી વાતની રજૂઆત કરી. લોકોના દંડ માફ કરવામાં જે જહેમત ઉઠાવી તે તો દાદ માગી લેવા જેવી બાબત છે. વળી સોસાયટીમાંથી ટી.પી. રોડ પડતો હતો તેને દૂર કરવામાં પણ એમણે ખૂબ જ મહેનત કરી. આખરે ટી.પી. રોડ કલેકટરની જોહુકમથી થઈને જ રહ્યો.

આજથી ચાર દાયકા પહેલાં, રૂપિયો ગાડાનાં પૈડાં જેવો હતો. લોકો પાસે પૈસા ન હતા ત્યારે આ સોસાયટી બાંધવામાં કેટલી મુસીબત પડી હશે તે તો માણેકલાલ જ જાણે છે. આગવી ઈજ્જત અને જવાબદારી ઉપર, પોતાના વગના ભાઈઓ પાસેથી પૈસા લાવીને સોસાયટીનું કામ સતત રાતદિવસ ચાલું રાખ્યું હતું. માત્ર દોઢ વર્ષમાં લોકોને ઘરમાં રહેતા કરનારને કેટલું વેઠવું પડયું તે તો

સોસાયટીના સભ્યો પણ જાણે છે. લોકોને સમજાવવા - સારા સભ્યોને સોસાયટીમાં લાવવા એ બધું કામ સહેલું ન હતું, કારણ કે કડીમાં સોસાયટીનો કોઈ ખ્યાલ જ ન હતો. વળી એમની મ્યુનિસિપાલિટીની જવાબદારી તો ખરી જ. એક જવાબદાર ઑફિસર તરીકે દરેકે દરેક બાજુનો ખ્યાલ રાખીને કામ કરવું એ સમયે એમના માટે 'સૂડી વચ્ચે સોપારી' જેવું હતું. એમ છતાં એમણે કુનેહ દાખવી સૌને સાથે રાખ્યા. એ વખતે સભ્યોને રૂપિયા એકસોનો હપ્તો નાખવાની વાત કરીએ તો પણ એ તૈયાર ન હતા. 'એ તો ધાબું ભરાઈ ગયું, હવે લીંપણ કરીને રહેશું.' એવા ખ્યાલ સાથે આગળ વધતા હતા. ત્યારે માણેકલાલે પૈસાની હૂંફ તો આપી જ આપી. પણ સૌની શક્તિ પ્રમાણે નાના મોટા પ્લોટોની વ્યવસ્થા કરી બાંધકામની સગવડ કરી આપી.

સોસાયટીનો પ્રથમ વિભાગ પૂરો થયો. પછી બીજા વિભાગની વાત આવી ત્યારે એમણે પોતાની સૂઝ અને સમજથી બીજો વિભાગ શરૂ કરી ઘણા બધા છીંકણીવાળા ભાઈઓને પણ સગવડ કરી આપી, 'સરદાર હૉલ' બાંધી આપ્યો. પણ કોઈ સભ્ય પાસેથી એક પણ પૈસો લીધા વિના.

હા ક્યારેક એમના સ્વભાવ પ્રમાણે ગરમી પકડે. મિટિંગમાં ગરમ પણ થાય. પણ સોસાયટીના ભાઈઓ એ વાતને બરાબર સમજી ગયા હતા કે માણેકલાલની ગરમી માત્ર સોસાયટીના લાભાર્થે જ હશે. એટલે સૌ સાથે બેસી સર્વાનુમતે ઠરાવો કરતા.

સોસાયટી એટલે પથ્થરોના મહેલ નહિ પણ એની અંદર વસતા સમજુ, શાણા, શીલવાન, ચારિત્રવાન, વિદ્વાન વ્યકિતઓ. જેવા લોકો સોસાયટીમાં હશે તેવી સોસાયટીની છાપ ઉપસી આવશે. આજે પણ આ સોસાયટીમાં વસતા ભાઈઓ માટે માણેકલાલને માન અને લાગણી છે અને સોસાયટીના સભ્યોને પણ માણેકલાલ માટે એટલી જ ઊંડી લાગણી અને આદરભાવ છે, જે કયારેય ઓછો થશે નહિ.

એમણે જે નિષ્ઠાથી સોસાયટીના કામ કર્યા તે બધામાં માત્ર એમણે સૌના ઉત્કર્ષનો અને સદ્ભાવનો જ ખ્યાલ રાખ્યો સાથે કપરા અને કઠિન પ્રસંગો જેવા કે સોસાયટીની જમીનનો કબજો લેવામાં, ડાહ્યાભાઈની સ્કૂલને સોસાયટીની જમીનનો ટુકડો ભેટ આપવામાં, બાજુમાં બનેલી સોસાયટીને વિના મૂલ્યે પાણી આપવાની બાબતમાં જે એમણે ઘણા બધાના વિરોધવંટોળમાં પણ સફળતા મેળવી છે તે સાચે જ આદર્શ સેવાભાવના સાથે ઉદારતાનો સચોટ પુરાવો છે.

સ્પષ્ટવક્તા તરીકે જયારે અને જયાં સત્ય લાગ્યું તે તેઓ કહીને જ રહ્યા. ભલે પછી પરિણામ ગમે તે આવે. એમનામાં રહેલ Purity of Heart અવાર નવાર એમના કામની સાક્ષી સ્વરૂપે છે. સોસાયટીના સભ્યોના સારામાઠા પ્રસંગે એમની હાજરી હોય જ. જરૂર પડે આશ્વાસન સ્વરૂપે જે શક્ય હોય તે બધું જ કરી છૂટવાની તૈયારી સાથે સાચું આશ્વાસન અને માર્ગદર્શન આપતા રહ્યા. આજે પણ એમની પાસે જતાં ઘણા સંકોચ અનુભવે અથવા તો જવાની જલદી હિંમત ન કરે પણ એવું કશું જ નથી. સોસાયટીનો કોઈપણ સભ્ય એમને ગમે ત્યારે મળવા જાય તો પ્રેમથી સ્વાગત કરી આદરભાવ સાથે મદદરૂપ થશે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી.

માણેકલાલ સરદાર પટેલ સોસાયટીનું ગૌરવ છે. એમણે સૌને ઓળખાવ્યા છે અને સોસાયટીના સભ્યોએ પણ એક ચીફ ઑફિસરથી ઉઠાવી કડી તાલુકાના આદરણીય વ્યક્તિ તરીકે બિરદાવી મોટા માણસનું પદ આપવામાં યથાશક્તિ યોગદાન આપ્યું છે એમ સૌએ સાથે મળી માત્ર સોસાયટી જ અલગથી બનાવી પણ સરદાર પટેલ સોસાયટી અને માણેકલાલની આગવી છબી ઉપસાવી છે. આજે પણ સરદાર પટેલ સોસાયટીના સભ્યો માણેકલાલ જેવા સેવાભાવી, નિષ્ઠાવાન, વિદ્વાન, સ્પષ્ટવક્તા વ્યકિત મેળવીને ધન્ય બન્યા છે અને તેનું સૌને ગૌરવ છે.

# 44.

## સમાજસેવાના ભેખધારી

**શંકરલાલ ગુરૂ**
ચૅરમૅન, ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ, ગાંધીનગર

૧૯૪૨માં હું કડી સર્વ વિદ્યાલયમાં અભ્યાસાર્થે દાખલ થયો હતો. પૂજ્ય છગનભાએ આ સંસ્થા દ્વારા સમાજ-ક્રાંતિ લાવવા શિક્ષણ-ક્રાંતિથી શરૂઆત કરી. અનેક કષ્ટો સાથે ભૂમિના અને સમાજના પુણ્યથી અવિરત ચાલતી અને વિકસતી સંસ્થા માણેકલાલભાઈના અથાગ પ્રયત્નોથી, સૂઝ અને સમાજની હૂંફથી આજે સમાજને ઊંચા સ્તરે લઈ જઈ શકે તેવી વિશ્વ યુનિવર્સિટી સ્થપાઈ. અમારા જેવા અનેક વિદ્યાર્થીઓ અને સમાજના અગ્રણીઓને હરખનો પાર રહ્યો નથી. ખોબે ખોબે માણેકલાલભાઈને અભિનંદન આપ્યા. ક્યાંથી ઊભા કર્યા આ પૈસા ? તો આજે તેમનું જબરદસ્ત જમા પાસું પૈસા માટે કદી ઊભું નથી, ઊભું રહ્યું તે છે દેવું માથે રાખી પોતાની શાખથી બૅંકોમાં પોતાની નિજી ગૅરંટી ફંડ ફાળો મેળવી અથાગ પરિશ્રમ કરીને વિકાસ ચાલુ રાખ્યો છે.

આજે ૪૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ કડી અને ગાંધીનગર કૅમ્પસ્‌માં છે. ભણવાની બધી જ શાખાઓ સાથે હૉસ્ટેલોનું સુસંચાલન નાનીસૂની વાત નથી. ગાંધી વિચારોથી રંગાયેલા માણેકલાલભાઈએ "કર ભલા હોગા ભલા"ના પૂજ્ય છગનભાના મહામંત્રને કદી ઝાંખો થવા દીધો નથી. અગર સાહેબ ધારે તો સૅલ્ફ ફાયનાન્સ ઍડમિશનના વર્ષે ૧૦ કરોડથી વધુ રૂપિયા સંસ્થાને પ્રાપ્ત કરાવી આપે પણ અભ્યાસમાં આ બાબત શિક્ષણ અને સમાજવિરોધી છે. તેથી આ દૂષણ દૂર રાખ્યું. રાજ્યમાં આવા પગલાંથી સરકારમાં, મીડિયામાં જબરજસ્ત પ્રતિષ્ઠા ઊભી કરી.

આવતી કાલનું શિક્ષણ કેવું હોવું જોઈએ તેનો ખ્યાલ રાખીને નર્સિંગ કૉલેજ ગાંધીનગરમાં શરૂ કરીને બહુ જ ઓછા સમયમાં કાર્યરત કરી દીધી.

વેપારીક્ષેત્રે તેમની સુવાસ આખા રાજ્યમાં છે. જેનો લાભ કડી સંસ્થાના

ફંડફાળામાં મહત્ત્વનું પાસું છે. પોતે દાન આપે એટલે લોકો તેમના કહ્યા પ્રમાણે અચૂક દાન લખાવે.

વહીવટની કુશળતાના હિસાબે આપણે તેમને 'સાહેબ' કહીએ છીએ. આપણા સમાજમાં જનસેવાથી છલકતું જીવન. શ્રી માણેકલાલ સાહેબ ખરા ટાઈમે સમાજના કામમાં પરોવાયા અને શિક્ષણ દ્વારા સમાજમાં એમણે ક્રાંતિનો શંખ ફૂંક્યો છે. આ જીવનભરની સેવાઓને સમાજ કદી ભૂલે તેમ નથી.

ટૂંકમાં, પ્રામાણિકતા, કાર્યક્ષમતા, પ્રેરણાદાયી વ્યક્તિત્વ ધરાવતા શ્રી માણેકલાલ સાહેબ સમાજનો હીરો (ડાયમંડ) છે, સમાજનો માણેકસ્થંભ છે.

શ્રધ્ધા અને વિશ્વાસ છે કે કડી સંસ્થા સારા કામો દ્વારા સમાજને રાહ ચીધ્યાં કરશે અને ૨૧મી સદીનો રાહ, રસ્તો બતાવવાના હજુ પણ નક્કર કાર્યક્રમો યોજશે. શ્રી માણેકલાલભાઈએ શિક્ષણના દરેક ક્ષેત્રમાં સર્જનાત્મક પ્રયાસો કર્યા છે અને તેના સારા હેતુલક્ષી પરિણામો સમાજને મળ્યા છે અને મળી રહ્યા છે.

શ્રી માણેકલાલભાઈની રાહબરી નીચે ઉત્સાહ સાથે આજે કડી સંસ્થા શિક્ષણક્ષેત્રના વિકાસનું બૅરોમિટર બની ચૂકી છે, જેની નોંધ ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં આવી શકે છે.

# 45.

## માણેકલાલ સાહેબ સાથેની યાદગાર ક્ષણો...

ફુલજીભાઈ ડુંગરભાઈ પટેલ
પૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી
કેમ્પસ ડાયરેકટર, શ્રી ઉમિયા કે.વી.સી. એજ્યુકેશન ટ્રસ્ટ, સોલા

"જે લોકો માટે જીવે છે તેઓ જ ખરેખર જીવે છે, બાકીના લોકો તો જીવતા કરતાં મરેલા વિશેષ છે." - ચાણક્યના આ વિધાનને વાંચી વાગોળીને પરમ આદરણીય શ્રી માણેકલાલ સાહેબની જીવન કર્તવ્ય પધ્ધતિ અવશ્ય દૃષ્ટિનિગાહ પર આવ્યા સિવાય રહેતી નથી. હિમાલય જેવી સ્થિરતા, ગંગાનીર જેવી પ્રવાહિતા, લોખંડ જેવું પોલાદી મનોબળ, અશક્યને શક્યતામાં રૂપાંતર કરવાની કાર્યદક્ષતા, સતત પ્રયત્નશીલ જિંદગીમાં તેમની ઉંમરનાં વર્ષોનો જેમ જેમ ઉમેરો થતો જાય તેમ શિક્ષણ જગતનાં નવીન નજરાણાંઓ પણ ઉમેરતાં જાય. મનની ગતિ જેટલા વેગથી ગતિ કરે તેટલી ગતિથી તેને સાકાર કરવાની શક્તિ ૮૧ વર્ષની ઉંમરે પણ ધરાવે છે. યુવાનો કરતાં પણ વધુ કાર્ય કરવાની મહત્ત્વાકાંક્ષા સેવતા આ મૂઠી ઊંચેરા માનવીનું ભગવાને પણ વિચારીને જ સર્જન કર્યું હશે....! કે જેના સિધ્ધાંતોની સરાહના અને ગાંધીમૂલ્યોની જીવનપધ્ધતિને ખુદ રાજકીય સત્તા પણ સલામ કરે...! આવા તમામ માનવીય સિધ્ધાંતોને જીવનમાં ચરિતાર્થ કરી ચૂકેલા મહામાનવ એટલે આપણા સૌના હૃદયમાં હંમેશાં બિરાજમાન આપણા માણેકલાલ સાહેબ. જયારે જયારે એમની યાદ આવે કે તેમની કાર્યપધ્ધતિની ચર્ચા થાય ત્યારે સૌ કોઈને તેમને મનોમન વંદન અને સલામ કરવાનું મન થાય તેવું તેમનું વિરલ વ્યક્તિત્વ. તેમણે તેમની જિંદગીમાં વર્ષોનો ઉમેરો કર્યો નથી, પણ તેમના જીવનનાં વર્ષોમાં જિંદગીને ઉમેરેલી છે તેમ કહીએ તો અતિશયોક્તિભરેલું નથી. ત્યારે સરદાર વ. પટેલનું પેલું વાક્ય યાદ આવે છે. **"જે માણસ પોતાની યુવાનીની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરે છે, તે કયારેય વૃધ્ધ થતો નથી."** આટલી ઉંમરે પણ એકએક ક્ષણનો ઉપયોગ શિક્ષણ અને સમાજસેવામાં તેઓ કરી રહ્યા છે.

ઈ.સ. ૧૯૯૫થી ઈ.સ. ૨૦૦૮ સુધી સર્વ વિદ્યાલય કડીના આચાર્ય તરીકેની સેવા કરવાની મને તક મળી. તેમાં તેમની સાથેના ઘણા પ્રસંગો યાદગાર છે. પણ તેમાંની કેટલીક ઝાંખી સંક્ષિપ્તમાં રજૂ કરવાની તક મળી તે મારું અહોભાગ્ય માનું છું.

આચાર્યશ્રી મનુભાઈ સાહેબ સર્વ વિદ્યાલયની તેમની સેવાની પૂર્વ સંધ્યાએ, ઈ.સ. ૧૯૯૪માં મહેસાણા જિલ્લા શાળા સંઘની મિટિંગ બાદ, શ્રી માણેકલાલ સાહેબની સાથે તેમના અનુગામીની શોધ માટે મારી મુલાકાત સર્વ વિદ્યાલય કેમ્પસ્‌ના મધ્યસ્થ કાર્યાલયમાં ગોઠવાઈ. કેટલીક મહત્ત્વની ચર્ચાઓ બાદ તેમના આગ્રહથી તેમની ગાડી બસ સ્ટેન્ડ સુધી મને મૂકી ગઈ. મને બે ઘડી વિચાર આવ્યો કે હું આટલું અંતર ચાલીને સરળ રીતે બસ સ્ટેન્ડ સુધી આવી શક્ત...! પરંતુ શા માટે તેમની ગાડીની વ્યવસ્થા આગ્રહભરી રીતે સાહેબે કરી....! વિચારોના અંતે સમાધાન કરી લીધું કે સર્વ વિદ્યાલયનો નાતો એ માત્ર સર્વિસ - સેવકનો નાતો નથી, પરંતુ કૌટુંબિક નાતો છે. પ્રથમ મુલાકાત એ યાદગાર અને કાયમી અસર કર્તા બની રહી અને પછી તો એ યાત્રા તારીખ ૩૧-૧૦-૨૦૦૮ મારી વય નિવૃત્તિ સુધી ઘનિષ્ઠ બની રહી.

ઈ.સ. ૧૯૯૫ થી ઈ.સ. ૨૦૦૮ સુધીનો કે પછી આજદિન સુધીનો, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કેળવણીની વિદ્યાવ્યાસંગી જુદીજુદી શૈક્ષણિક શાખાઓના નિર્માણનો, વિકાસનો રચનાત્મક ગાળો રહ્યો છે. જેમાં ગાંધીનગર અને કડીમાં આધુનિક શિક્ષણની માંગ મુજબની નવી નવી સંસ્થાઓનો ઉમેરો થતો ગયો. આ બધી સંસ્થાઓને જીવંત સ્વરૂપ આપવાનો યશ માત્ર અને માત્ર માણેકલાલ સાહેબની કાર્યદક્ષતાને આભારી છે. આવડો મોટો ગોવર્ધન ઉપાડવાનું કામ તેમણે તો કર્યું જ છે. તો તેને ટેકાઓ આપવાનું કામ સાથી મંત્રીમંડળના સંવાહકશ્રીઓનું અને આચાર્ય સંવર્ગનું રહ્યું છે.

ગાંધીનગર અને કડીમાં શૈક્ષણિક વાતાવરણ જામતું ગયું તેમ વિદ્યાર્થીઓની સંખ્યાનો ધસારો પણ પ્રચંડ બન્યો. પરિણામ સ્વરૂપ ગાંધીનગરમાં શાળા કક્ષાએ આર.સી. પટેલ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલને સ્વનિર્ભર ઊભી કરવાની જરૂરિયાત ઊભી થઈ. સાથે સાથે કડીમાં પણ શૈક્ષણિક તાલ મિલાવતી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ પણ સંખ્યાના ધસારાના કારણે ૨૪ વર્ગોમાંથી ૩૨ વર્ગોની વિશાળ કદની થઈ. કદની મર્યાદા પૂરી થવાથી સ્વનિર્ભર ન્યૂ સર્વ વિદ્યાલય, હાઈસ્કૂલની મંજૂરી માગી. માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા મંજૂરીને નકારવામાં આવી. પણ સાહેબ એમ નાસીપાસ થાય....? તેમણે અપીલમાં જવાનું વિચાર્યું, ડગલું ભર્યા પછી પાછું હઠવાનું તો નામ જ નહીં. વિનિયમની જોગવાઈ મુજબ અપીલ તૈયાર કરી. તેની રજૂઆત માટે સાહેબની સાથે મારે સચિવાલયમાં શિક્ષણ વિભાગમાં જવાનું થયું. અગ્ર શિક્ષણ સચિવશ્રીની ચૅમ્બરમાં શા માટે સ્વનિર્ભર શાળા.....? તે અંગેની ધારદાર ને ચોટદાર રજૂઆત સાહેબે સતત ચાલીસ મિનિટ સુધી કરી. અપીલ ખૂબ જ પ્રભાવી રહી. શિક્ષણ અગ્ર સચિવશ્રીએ ત્યાં જ માધ્યમિક શિક્ષણ

બોર્ડના નિર્ણય ઉપરવટ માન્યતા આપતો નિર્ણય આપ્યો. આમ માણેકલાલ સાહેબની કાર્યદક્ષતા, અધ્યયનશીલતા, દઢ મનોબળ અને કયારેય પણ ગમે તેવા સંજોગોમાં હિંમત હારવી નહીં અને મંઝિલના વિજય સુધી સતત કર્તવ્યપરાયણ રહેવું તેનું આ જીવંત ઉદાહરણ છે. આવા તો દરેક સંસ્થાના નિર્માણમાં સાહેબ દ્વારા દિગ્વિજયો થયા છે. ત્યારે મને કવિ મરીઝની પેલી પંક્તિઓ યાદ આવે છે, તે ઠીક ઠીક સાહેબની કર્તવ્યપરાયણતાને બંધબેસતી આવે છે.

"મારી ખુમારી એ વારસાગત ટેવ છે,
મારી ટેવ છોડીને તને મળવા નહીં આવું.
આવીશ તો માથું મૂકીને આવીશ,
પણ હાથ જોડીને કદાપિ નહીં આવું."

સાથે સાથે બીજો પ્રસંગ પણ અહીં રજૂ કરવો મને જરૂરી જણાય છે. આમ તો તેઓ મક્કમ મનોબળના માનવી પણ તેમને વિમાનની મુસાફરીનો ઘણો ડર હતો. પરંતુ સંસ્થા માટે ઈન્કમટેક્ષ G.35 પ્રમાણપત્ર મેળવવા ૧૯૯૭માં પશ્ચિમ વિભાગીય કમિશનર કચેરીમાં મુંબઈ જવું આવશ્યક હતું. સમયની અવધિ ઘણી ટૂંકી હતી. વિમાનની મુસાફરી સિવાય પહોંચી શકાય તેમ નહોતું. તત્કાલીન કેમ્પસ્ ડાયરેક્ટર મુરબ્બી આચાર્યશ્રી મનુભાઈ સાહેબ સાથે વિમાન દ્વારા મુંબઈ જવાનું નક્કી કરી મુસાફરી કરી. પરિણામ સ્વરૂપ વિમાન મુસાફરીનો તેમનો ભય દૂર થયો.

સંસ્થાવિકાસની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં નાણાકીય સોર્સ અનિવાર્ય હતો. બીજી બાજુ આધુનિક શિક્ષણની વિવિધ સંસ્થાઓનું નિર્માણ કરવું પણ એટલું જ જરૂરી હતું. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અમેરિકામાં ઘણા બધા હોઈ, વળી પૂજ્ય છગનભાના "કર ભલા હોગા ભલા" ના સિધ્ધાંતથી તૈયાર થયેલું વિદ્યાર્થી ધન પણ અમેરિકામાં પણ ઠીક ઠીક હતું. તેથી એકમાત્ર અનિવાર્ય ઉપાય અમેરિકાની યાત્રા સિવાય અન્ય ન હોવાથી અને આંતરપ્રાંતીય વિમાનની મુસાફરીનો ભય દૂર થયો હોવાથી સ્નેહીઓના આગ્રહને વશ થઈ સમુદ્ર પાર આંતરરાષ્ટ્રીય મુસાફરી અંગે પણ સાહેબનું મનોબળ મજબૂત થયું. આમ થવામાં એક ઘટના એવી બની કે કેળવણી મંડળના ચૅરમૅન ભૂતપૂર્વ વિદ્યાર્થી શેઠશ્રી બળદેવભાઈ ડોસાભાઈના અકાળે અવસાનથી પડેલી તેમની ખોટ અને સાહેબને મળતી હૂંફની દરાર ન પૂરી શકાય તેવી હતી, તે સમયે સાહેબ થોડા નર્વસ પણ થયા. કોઈપણ સંબંધીના અકાળે અવસાનમાં કયારેય તેમની આંખમાં આંસુ અમે જોયા નથી, પરંતુ શેઠશ્રી બળદેવભાઈ ડોસાભાઈ જેવા સંસ્થા ભક્તના નિધન પ્રસંગે મેં તેમની આંખમાં આંસુ અને ગમગીની નિહાળેલી છે. તેમની સ્મશાનયાત્રા સાણંદમાં મણિકા બાંધેલા

પગની ગતિને મેં સાહેબમાં નિહાળેલી છે, ત્યારે સાહેબની હૂંફ છીનવાઈ જવાની ગમગીનતા તેમના માનસપટ ઉપર હતી. પરિણામસ્વરૂપ વિદેશયાત્રા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નહતો.

૧૯૯૮માં માત્ર બે કરોડ રૂપિયાની અપેક્ષાએ અમેરિકાની યાત્રા ખેડી. ખૂબ સુંદર પ્રતિસાદથી ૨૯ દિવસની ભંડોળયાત્રામાં રૂપિયા છ કરોડનું માતબર દાન સંસ્થાને તેમના પ્રયત્ન સ્વરૂપ મળ્યું. અમેરિકામાં તેમને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સંબધીઓ દ્વારા સંસ્થા પ્રત્યેની ભક્તિના દર્શન થયા....! જેથી તેમના ઉત્સાહમાં અનેરો વધારો થયો. સર્વ વિદ્યાલયને હવે વિશ્વ વિદ્યાલય બનાવવાનું સ્વપ્ન તેમનામાં સવાર થયું. ઍન્જિનિયરિંગ, નર્સિંગ અને મૅડિકલ કૉલેજના ખ્યાલો હવે તેમનામાં બળવત્તર બનવા લાગ્યા. અમેરિકાના સ્નેહીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં શ્રધ્ધા, આશા અને વિશ્વાસ મજબૂત હતો. પરિણામસ્વરૂપ ઈ.સ. ૨૦૦૩માં બીજી અમેરિકાની યાત્રા ખેડી ત્યારે એકાદ માસના ટૂંકા ગાળામાં લગભગ ૧૨ કરોડ જેટલું આશ્ચર્યજનક ભંડોળ-દાન સંસ્થા માટે મેળવી લાવ્યા અને સ્વપ્નને મૂર્તિમંત સ્વરૂપ આપવા સાહેબ કામિયાબ બન્યા. આ તેમની દીર્ઘ દૃષ્ટિ, સમાજસેવાની ભાવના અને પૂજ્ય છગનભા પ્રત્યેનું તર્પણ કહી શકાય.

સર્વ વિદ્યાલય સ્થાપવાનું બીજ સ્વ. પૂજ્ય છગનભાએ રોપ્યું, જ્યારે શ્રી માણેકલાલ સાહેબે **"સર્વ વિદ્યાલયને કડી સર્વ વિશ્વવિદ્યાલયનું"** મૂર્તિમંત સ્વરૂપ આપ્યું છે. વિદ્યાજગતની લગભગ તમામ શાખાઓ સુધી પહોંચવામાં તેમની દીર્ઘ દૃષ્ટિ, વિકાસની રૉકેટગતિ અને કાર્ય તમન્નાથી પરમ આદરણીય શ્રી માણેકલાલ સાહેબ પૂર્ણ કરશે તેવી મને શ્રધ્ધા છે. ૮૧ વર્ષની જૈફ વયે તેમનું આરોગ્ય એક યુવાનને શરમાવે તેવું નિરામય છે. શૈક્ષણિક અને સમાજસેવાર્થે પ્રભુ હજુ પણ તેમનું આરોગ્ય નિરામય બક્ષે તેવી હૃદયની પ્રાર્થના.

અંતે એક ચિંતકનું વાક્ય યાદ આવે છે....

"આજે આપણે જે કરીશું એનાથી આજ, આવતી કાલ અને ગઈ કાલ ત્રણેયને યાદગાર બનાવી શકીશું." આ વાક્ય સાહેબની જીવન પધ્ધતિને બરાબર બંધબેસતું છે. સાહેબની કાર્યપ્રણાલીને વાગોળતાં વાગોળતાં પ્રભુ પ્રત્યે એટલું જ પ્રાર્થીએ કે "હે પ્રભુ, અમારા હૃદયમૂર્તિમંત સાહેબ સંસ્થાની શતાબ્દી ઉજવાય ત્યાં સુધી નિરામય જીવન જીવે અને દીર્ઘાયુ ભોગવે એવું બળ આપે.

# 46.

## નજરે જોયા એ પહેલાં અને પછી....

**ઊર્જિતા સત્યમ્ પટેલ**

ગ્રંથપાલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સૅકટર-૧૫, ગાંધીનગર

કેળવણી ક્ષેત્રના ઘણા સારસ્વતો મારા દાદાજીને મળવા આવે. ઊગતા અને નીવડેલા સાહિત્યકારો પણ એમની મુલાકાત લે. શિક્ષણકારો શિક્ષણની વાત કરે અને સાહિત્યકારો સાહિત્યની વાત કરે. દાદાજીએ એમની સઘળી કારકિર્દી કેળવણીની દુનિયામાં ગાળેલી. નિવૃત્તિ પછી હજીય એ દુનિયામાંથી એ બહાર નીકળ્યા નથી એટલે સાહિત્યની વાત કરે ત્યારે એમના પોતાના અંગત શૈક્ષણિક અનુભવ પણ સમરસ થઈને સાહિત્યની વાતમાં ભળી જાય. અંગત વાતમાં સર્વ વિદ્યાલય, છાત્રાલય અને કેળવણી મંડળની વાત મુખ્ય હોય. કેળવણી મંડળ એટલે એના સૂત્રધારો. સંસ્થાના જૈફ વયના સૂત્રધારોમાં ફક્ત માણેકલાલ સાહેબ સિવાય સૌ અવસાન પામ્યા એટલે હાલના સંજોગોની વાત અમારા દાદાજી ઘણુંખરું માણેકલાલ સાહેબ સંદર્ભે કરે. ૫૦ વર્ષથી દાદાજી માણેકલાલ સાહેબના સાંનિધ્યમાં રહ્યા છે એટલે સ્વાભાવિક રીતે પણ એમની વાત માણેકલાલ સાહેબની આસપાસ વધારે હોય.

દાદાજીના મુખે માણેકલાલ સાહેબ વિષે આશ્ચર્ય પમાડે એવી ઘણી વાતો સાંભળવા મળે. એક વ્યક્તિ આટલો મોટો કારોબાર પોતાના ખભા ઉપર રાખીને કશી રુકાવટ વગર કેવી રીતે ચલાવી શકે ? પણ અમારા માટે તો દાદાજી કહે એ બ્રહ્મવાક્ય.

એક વખત દાદાજીના મિત્ર એમને મળવા આવ્યા હતા. એ કંઈક કંટાળેલા અને જરાક રોષે ભરાયેલા હોય એવું જણાતું હતું. એમની વાત પરથી એવું લાગ્યું કે કોઈ સંસ્થાની કારોબારીની મિટિંગમાંથી સીધા જ એ દાદાજી પાસે આવ્યા હતા. એ કહે, ‘આ તે કંઈ સભ્યો છે ?’

‘કેમ શું થયું ? દાદાજીએ પૂછયું.

‘વિધાનસભામાં ઘણીવાર બને છે એવું! મારામારી જ બાકી રહી હતી.

કહેવાય કારોબારીના સભ્યો પણ કોઈનામાં સભ્યતાનું નામનિશાન ન મળે. એકબીજા પર આક્ષેપબાજી કરે. માઈકની ખેંચાખેંચી.... ઘોંઘાટ ઘણો....કોઈનો બોલ સંભળાય નહીં. કોઈ શું કહે છે એ સમજાય નહીં એટલે મોટા ઘાંટે બોલે. એક જાતનું પેન્ડેમો નિયમ જ.'

દાદાજીના આ મિત્ર સહેજ અટક્યા એટલે તક સાધીને દાદાજીએ કહ્યું: "એક વખત તમારા ઘોંઘાટિયા સભ્યોને લઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારી સભામાં આવો અને એમને એ મંડળની કાર્યવાહીની રૂખ બતાવો...."

પછી તો દાદાજીએ કહેવા માંડયું : 'અમારા ત્રણ મંડળ છે - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખા.....'

'એ હું જાણું છું.' મિત્ર બોલ્યા.

'અમારા ત્રણેય મંડળોની કારોબારી સભાની મિટિંગ એકસાથે ભેગી થાય. કારોબારીના સભ્યો ઉપરાંત આમંત્રિતો પણ હોય. સભામાં સવાસો જેટલા માણસ હોય. કામ શાંતિથી ચાલે. માણેકભાઈ સિવાય કોઈનો પણ અવાજ ન હોય. માણેકભાઈ જે કહે તે સભ્યોના ગળે એવું સરસ રીતે ઊતરી જાય કે કોઈને કશી દલીલ કરવાની રહે જ નહીં. જાણે નવું નવું જાણવાનું મળતું હોય એમ સભ્યો સાંભળ્યા જ કરે, માણેકભાઈ બોલે એ જ ઠરાવ. બધું સર્વસંમતિથી ચાલ્યા કરે.' જરાક અટકી દાદાજી આગળ બોલ્યાઃ 'આ બધું સમુંસૂતરું કેમ ચાલે છે એ જાણો છો ? પ્રશ્ન પછી દાદાજીએ જ આગળ ચલાવ્યું : માણેકભાઈનો વહીવટ પારદર્શી. પોતે સંસ્થાને આપે પણ એની પાસેથી કશું લે નહીં. કોઈની શેહશરમમાં આવ્યા વગર સાચું હોય એ જ કરે. નબળું-પાતળું કે ખામીવાળું ચલાવી ન લે. ચૂક કરનાર ઉપર ગુસ્સે થાય, ધમકાવે પણ ચૂક કરનાર માટેની ભલી લાગણીમાં કશો ફેર ન પડે. સૌને સલાહ આપી શકે એવું એમનું ગજું. વખત આવ્યે સરકારી અધિકારીઓનું કાયદાના સાચા અર્થઘટન તરફ ધ્યાન દોરે....'

આમ જુદી જુદી વ્યક્તિઓ આગળ દાદાજીએ માણેકલાલ સાહેબ વિષે કહેલું ખૂબ સાંભળવા મળ્યું હતું.

પણ માણેકલાલ સાહેબને જોયેલા નહીં.

સદ્નસીબે એમના સંચાલન હેઠળની સંસ્થામાં કામ કરવાની તક મળી.

અહીં અનુભવે જોયું કે અહીંના સંચાલનની રૂખનું વર્ણન કરવામાં દાદાજીએ

ઘણી કંજૂસાઈ કરી હતી. મને ઉમાશંકર જોષીની એક કવિતા યાદ આવી ગઈ - 'મેં તાજ જોયો.' જયારે તાજને ખરેખર જોયો ત્યારે લાગ્યું કે કલ્પનામાં જે તાજને જોયો હતો એના કરતાં અનેકગણો વધારે ભવ્ય આ તાજ છે. એટલો ભવ્ય કે જાણે સ્વપ્ન હોય !

એ રીતે માણેકલાલ સાહેબ વિશે મેં દાદાજી પાસેથી જે સાંભળ્યું હતું એના કરતાં તો એમનો પ્રભાવ અહીં મને અનેકગણો વધારે જણાયો.

માણેકલાલ સાહેબ કૅમ્પસ્‌માં હોય ત્યારે એ પોતે જાણે આખા કૅમ્પસ્ ઉપર વ્યાપ્ત હોય! કૅમ્પસ્‌ની પ્રત્યેક વ્યક્તિની જાણે સન્મુખ!

# 47.

# યશસ્વી શિક્ષણપ્રેમી

ડૉ. કપિલાબેન પટેલ
પ્રાધ્યાપક, હરસોલ

विद्या नाम नरस्य रुपमधिकं प्रच्छन्नगुप्त धनं,
विद्या भोगकारी यशः सुखकरी विद्या गुरुणां गुरुः ।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतम् ।
विद्या राजसु पूज्यते न तु धनं, विद्याविहीनः पशुः ॥

અર્થાત્, વિદ્યા માણસનું વધારાનું રૂપ છે. છુપાયેલું અને રક્ષાયેલું ધન છે. વિદ્યા ભોગ, વિલાસ, કીર્તિ અને સુખ આપનારી છે. વિદ્યા ગુરુઓનો ગુરુ છે. પરદેશના પ્રવાસમાં વિદ્યા સ્વજન છે; શ્રેષ્ઠ દેવતા છે. રાજાઓ વચ્ચે વિદ્યા પૂજાય છે, ધન નહીં. વિદ્યા વગરનો (માણસ) પશુ છે.

પ્રસ્તુત શ્લોકમાં સંસ્કૃત વિદ્વાન ભર્તૃહરિએ પોતાના નીતિવિષયક અને વિદ્યાનું મહત્ત્વ સમજાવતા વિચારો રજૂ કર્યા છે. કદાચ આ વિચારમાંથી પ્રેરણા લઈને પૂજ્ય છગનભાએ ઈ.સ. ૧૯૧૯ ની સાલમાં વિદ્યાના પ્રચાર-પ્રસાર માટે જે બીજ રોપ્યું હતું તે આજે વટવૃક્ષરૂપે કડી સર્વ વિશ્વવિદ્યાલયના નામે દેશભરમાં વિખ્યાત બનેલ છે અને લોકશાહી રાષ્ટ્રને અનુરૂપ સંનિષ્ઠ નાગરિકોના ઘડતરમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન પ્રદાન કરી રહેલ છે. આવી પ્રસિદ્ધ શિક્ષણસંસ્થાની ધુરા હાલ જેમના હાથમાં છે તેવા શ્રી માણેકલાલ એમ. પટેલ 'કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના ચૅરમૅનશ્રી અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના પ્રૅસિડેન્ટ છે. સર્વ વિદ્યાલય કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાને નાતે તેઓશ્રી હાલ પોતાની આ માતૃસંસ્થા પ્રત્યેનું પોતાનું ઋણ સંસ્થાના વિકાસને સુપરસૉનિકની ગતિએ પહોંચાડીને ચૂકવી રહ્યા છે.

શ્રી માણેકલાલે બી.એ., એલએલ.બી. સુધીનો અભ્યાસ કરીને પોતાની કારકિર્દીની શરૂઆત કડી નગરપાલિકાના 'ચીફ ઑફિસર' તરીકે કરી હતી અને એક કુશળ વહીવટી અધિકારી તરીકે નામના મેળવી હતી. તેઓશ્રીએ એક મોટા

ગજાના ઉદ્યોગપતિ તરીકે પણ સફળતા મેળવી છે. કડીમાં તેમનો કૉટનનો ઉદ્યોગ ચાલે છે. 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના મંત્રી અને ત્યારબાદ ચેરમૅનપદે હાલ કાર્યરત છે.

તેઓશ્રી કેળવણીના જીવ તો ખરા જ પણ કન્યા કેળવણીના પ્રબળ હિમાયતી છે. પોતાની આ સંસ્થામાં તેઓશ્રીએ આગવી પહેલથી શરૂ કરેલી કન્યા શાળાઓ, કૉલેજો તથા કન્યા - છાત્રાલયો આજે કન્યા - કેળવણીને સાચા અર્થમાં પોષવાનું કાર્ય કરી રહી છે, જે વર્તમાન સમયની માંગ છે.

ભારત સરકારની ખાનગીકરણ અને ઉદારીકરણની નીતિથી તેમજ પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ભારતને ૨૧મી સદીમાં લઈ જવાની હાકલને પરિણામે વૈશ્વિકીકરણની એક બહુવિધ વિચારધારાને કારણે સંસ્થાના સક્રિય કાર્યકર્તાઓના સહકારથી સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શ્રી માણેકલાલ પટેલે પરંપરાગત આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.એડ્., પી.ટી.સી., નર્સિંગ ઉપરાંત એમ.બી.એ., એમ.સી.એ., બી.બી.એ., બી.સી.એ., પી.જી.ડી.સી.એ., ફાર્મસી, ઍન્જિનિયરિંગ અને પૉલિટેકનિકની કૉલેજો કડી અને ગાંધીનગરમાં શરૂ કરી અને તેમાં પરંપરાગત વિષયો ઉપરાંત નવા અભ્યાસના વિષયો જેવા કે - ઈન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી (બીએસસી. તથા એમએસ.સી.) ઓર્ગેનિક કેમેસ્ટ્રી (એમએસ.સી.), ફાર્માકોલૉજી, ફાર્માસ્યુટિકલ ક્વૉલિટી ઍશ્યોરન્સ, ફાર્માસ્યુટિક્સ ઍન્ડ ફાર્મા ટૅક્નોલૉજી, ફાર્માકોગ્નોસી ઍન્ડ ફાયટો કેમેસ્ટ્રી (બી.ફાર્મ અને એમ.ફાર્મ) મૅનેજમૅન્ટ અભ્યાસક્રમો (બી.બી.એ. અને એમ.બી.એ.), કમ્પ્યૂટર સૉફ્ટવૅર તથા હાર્ડવૅર તેમજ કમ્પ્યૂટર ઍન્જિનિયરિંગ તેમજ ઈન્ફર્મેશન ટૅક્નોલૉજી, ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશન (બી.સી.એ., એમ.સી.એ. તથા બી.ઈ.) કેન્દ્ર સરકારમાન્ય કમ્પ્યૂટર કોર્સ, મલ્ટીમીડિયા ઈત્યાદિ શરૂ કરવામાં આવ્યા છે. આટલા બધા વિષય - વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમો કડી અને ગાંધીનગરની સંસ્થાઓમાં શરૂ કરીને તેને સુચારુ રીતે અમલી બનાવવાનું શ્રી માણેકલાલ પટેલની આંતરસૂઝ અને દીર્ઘ દૃષ્ટિનું જ પરિણામ છે. આટલું ઓછું હોય એવું તેમને લાગતાં હવે પછીના વિકાસના નવા સોપાનોમાં મૅડિકલ કૉલેજ તથા નેનો ટૅક્નોલૉજી વિષયનો પ્રારંભ ટૂંક સમયમાં શરૂ કરવાનું તેઓ વિચારી રહ્યા છે.

સાયન્સ અને ટૅક્નોલૉજીને લગતા ઉચ્ચ અભ્યાસક્રમોમાં મોટા ભાગે સંદર્ભ-ગ્રંથો અને પાઠ્યપુસ્તકો અંગ્રેજી ભાષામાં આવતાં હોવાથી આપણા

ગુજરાતી માધ્યમમાં ભણેલા બાળકો માત્ર અંગ્રેજીની અપૂરતી જાણકારીના કારણે ત્યાં પાછા પડતા હતા અથવા તો તેમાં ઊણા ઊતરતા હતા. તે તથ્યને પણ શ્રી માણેકલાલ પટેલ પૂરું સમજ્યા અને માટે જ અંગ્રેજી માધ્યમની બાલમંદિરોથી માંડીને ધોરણ-૧૨ સુધીની શાળાઓ તેમજ ઉચ્ચ અભ્યાસની કૉલેજો પણ તેમણે સદર સંસ્થામાં શરૂ કરી છે.

મૅનેજમેન્ટ, કમ્પ્યૂટર તથા ટેલિકમ્યુનિકેશનનો ત્રિવેણી સંગમ પામી વિશ્વનું વૈશ્વિકીકરણ થઈ રહ્યું છે તે વાતને આત્મસાત્ કરીને શ્રી માણેકલાલે પોતાની આ સંસ્થામાં આને લગતા અભ્યાસક્રમોને અગ્રક્રમે મહત્ત્વ આપ્યું છે. આ ઉપરાંત વિજ્ઞાન અને ટૅક્નોલોજીના યુગમાં ટૅક્નિકલ અભ્યાસક્રમો માટેની અભ્યાસ અને સંશોધન સંસ્થા 'શ્રીમતી લીલાબેન દશરથભાઈ રામદાસ પટેલ-LDRP ઈન્સ્ટિટયૂટ ઑફ ટૅક્નોલૉજી ઍન્ડ રિસર્ચ' એ નામે શરૂ કરી છે.

બાલમંદિરથી માંડીને પ્રાથમિક,માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આર્ટ્સ, કૉમર્સ, સાયન્સની કૉલેજો ઉપરાંત ઍન્જિનિયરિંગ, ફાર્મસી, પૉલિટૅક્નિકલ, કમ્પ્યૂટર, નર્સિંગ સુધીના વિવિધતાસભર અભ્યાસક્રમોમાં શિક્ષણ આપતી આ સંસ્થાને પોતાની આગવી યુનિવર્સિટી હોય તે અનેક દૃષ્ટિએ યોગ્ય હતું, તેમ વિચારીને શ્રી માણેકલાલે તથા સંસ્થાના તેમના સહકાર્યકરોએ સખત અને સઘન પ્રયત્નો કરીને પોતાની આ સંસ્થાને જૂન-૨૦૦૭ થી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય, (સ્વનિર્ભર યુનિવર્સિટી) ગાંધીનગરનો દરજ્જો પ્રાપ્ત કરાવ્યો છે, જે એક નોંધનીય સિધ્ધિ કહી શકાય અને તેમાં શ્રી માણેકલાલની કુશાગ્ર આવડતને બિરદાવવી જ પડે.

'કડી સર્વ વિશ્વવિદ્યાલય' માં ચાલતી તમામ કૉલેજોએ યુ.જી.સી. દિલ્હીનું ઍક્રેડિટેશન પણ મેળવી લીધું છે અને તેમાં પણ તમામ સંસ્થાઓને ઉચ્ચ ગુણવત્તા ક્રમાંક પ્રાપ્ત થયો છે. જે પણ કડી યુનિવર્સિટી પ્રૅસિડેન્ટશ્રી માણેકલાલ પટેલની વહીવટી કુશળતા અને સુસંવાદી વ્યવહારનું જ પરિણામ કહી શકાય.

સ્વાયત શિક્ષણ સંસ્થાઓ વર્તમાન સમયમાં મૅનેજમૅન્ટ ક્વૉટાની બેઠકો દ્વારા તગડી કમાણી કરી રહી છે. શિક્ષણક્ષેત્રે વ્યાપેલું આ દૂષણ સમાજ માટે એક કલંક સમાન છે, ત્યારે શ્રી માણેકલાલ પટેલની ઉદાર દૃષ્ટિ અને સમાજ પ્રત્યેની અદ્ભુત અનુકંપાનું જ પગલું કહી શકાય કે આ સંસ્થાએ પોતાને મળતી તમામ મૅનેજમૅન્ટ કવોટાની બેઠકો પોતાના થકી રાખી નથી. આવો નિર્ણય લઈને શિક્ષણ - જગતમાં પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડયું છે.

શિક્ષણ દ્વારા સમાજની સેવા કરવાની તેમની કાર્ય પધ્ધતિ સૌને પ્રભાવિત કરે તેવી છે. તેઓ શિક્ષણ જેવા સદ્‌કાર્ય માટે દાતાઓ પાસેથી કરોડો રૂપિયાનું દાન મેળવીને શિક્ષણ - સંસ્થાઓનો અહર્નિશ વિકાસ કરી રહ્યા છે.

અંતમાં, શિક્ષણકાર મનુભાઈ પંચોળી - 'દર્શક' ની ઉક્તિ "સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમકતાનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાના બાળકો માટે તેમની વય તથા વૃત્તિને લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા યોજે છે તેને કોર્ટો, જેલો અને લશ્કરો પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે." એ મુજબ શ્રી માણેકલાલ પટેલે સમાજને આવી જ શિક્ષણવ્યવસ્થા પૂરી પાડવાનું સરાહનીય કાર્ય કર્યુ છે. કેળવણીનો એક સીધો સાદો અર્થ 'કયાં, કયારેક, કોઈકને, કંઈક કામ આવવું એટલે કેળવણી' ને શ્રી માણેકલાલ પટેલે સાચા અર્થમાં આ ચરિતાર્થ કરી બતાવ્યું છે અને પોતાની શિક્ષણ-સંસ્થાઓમાં આ ઉક્તિ ચરિતાર્થ કરે તેવા સંનિષ્ઠ, લોકશાહીને અનુરૂપ નાગરિકો ઘડવાની કેળવણીની વ્યવસ્થા કરીને શ્રી માણેકલાલ પટેલે શિક્ષણ ક્ષેત્રે એક વિરલ વ્યક્તિ તરીકે નામના મેળવી છે.

# 48.

## સંસ્થાના શ્રદ્ધેય વડીલનું ભવ્ય રૂપ

મહેશભાઈ ગિરજાશંકર ત્રિવેદી
ગ્રંથપાલ, શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગર

વ્યક્તિનો વિકાસ તેના આયોજનપૂર્વકના સત્કાર્યોથી થાય છે. સમાજનો વિકાસ એના એકમ એવા વ્યક્તિઓની સુટેવો, સેવાભાવના, સંઘભાવના અને પોતાને અભિપ્રેત એવાં કાર્યો કરવાની ઈચ્છામાં રહેલો છે. તનમન અને ધન ખર્ચીને, સતત કાર્યરત રહેનારા વિરલાઓથી સમાજ શોભે છે ને એવી વ્યક્તિઓ દૈવાધીન હોય છે. મારા જીવન સાથે સંકળાયેલ આવા પુણ્યશ્લોક વ્યક્તિને આવા સમાજપુરુષ તરીકે જોઉં છું. મેં બાળપણથી જ એમને કંઈક નોખારૂપે અનુભવ્યાં છે. એમના કર્મયજ્ઞને નજરે નિહાળ્યા છે. કડીથી શરૂ કરીને ગાંધીનગરમાં વિસ્તરતો કાર્યવ્યાપ અને એ વ્યાપમાં રહેલી તેમની કર્મશીલતાને દાયકાઓથી પ્રત્યક્ષ જોઈ છે, અનુભવી છે, એ સંસ્થાના એક અંગરૂપ બનવાનું સદ્નસીબ પામ્યો છું. જીવનમાં પગલીઓ માંડતા કે.જીનાં બાળકોથી શરૂ કરીને દેશના મજબૂત ઘડતરમાં સહયોગી બનતા અનેક સંશોધકો, ડૉક્ટર, શિક્ષકો, સમાજસેવકો, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારોને તૈયાર કરનારી અનેક શાળા-મહાશાળા અને હવે તો વિશ્વવિદ્યાલય સુધી મોટા ફલક પર છવાઈ ગયેલ કડી સર્વ વિદ્યાલય સંસ્થાના વિકાસમાં એક નામ કયારેય અવગણી શકાય નહીં તેવું છે અને તે છે શ્રી માણેકલાલ પટેલ 'સાહેબ'.

ઈ.સ. ૧૯૧૯ માં માત્ર છ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી સર્વ વિદ્યાલય સંસ્થામાં આજે તો પચાસ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. પૂ. છગનભા અને દાસકાકાના અથાગ પ્રયાસો પછી એના એ જ રૂપે પણ મોટા ફલક પર મૂર્ત કરવામાં જો કોઈનો સૌથી મોટો ફાળો હોય તો તે મુરબ્બી માણેકલાલ પટેલ 'સાહેબ' નો છે.

"અન્યને ઉપાધિ ન થાય તે રીતે જીવવું એટલે જ સત્કર્મ." - આ વાત વ્યક્તિ પૂરતી જ નહીં પણ અનેક નાગરિકોમાં વણાઈ જાય, સમાજ અને દેશનું

મજબૂત ઘડતર થાય, તે માટેનો આ શિક્ષણયજ્ઞ ચાલી રહ્યો છે. શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ગીતામાં અર્જુનને કહ્યું છે: "હે અર્જુન, જ્ઞાની પુરુષ મને અધિક પ્રિય છે." અને જ્યાં જ્ઞાન હોય ત્યાં અંધકાર દૂર થાય છે. 'સાહેબે' તો આ સંસ્થાઓ અને એની પેટા શૈક્ષણિક સંસ્થાના માધ્યમથી વિરલ જ્ઞાનયજ્ઞ જ આરંભ્યો છે, જેના થકી સેંકડો વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનજ્યોત પ્રજ્વલિત થઈ હશે ! કલ્પી ન શકાય એટલા વ્યાપમાં આ કર્મયજ્ઞનો પ્રસાદ પહોંચ્યો હશે. એક વ્યક્તિ જ્યારે મિશન લઈને ચોક્કસ ધ્યેય સાથે અને પૂરા તન્મય બનીને આવું ભગીરથ કામ હાથમાં લે ત્યારે કેવું અદ્ભુત પરિણામ સમાજને મળે છે એનું જીવંત ઉદાહરણ એટલે આપણા 'સાહેબ'. આ સંસ્થામાંથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ આજે સમાજ અને દેશના ઘડતરમાં, અન્ય દેશોમાં જઈને ત્યાંના માનવઘડતરમાં જોતરાયા છે, ચોક્કસ મૂલ્યો અને સંદેશ લઈને આજે વિશ્વને ખૂણેખૂણે જઈ વસ્યા છે. એમના સૌના જીવનમાં કેટલોક અંશ સાહેબની સેવાનિષ્ઠાનો પણ છે!

જે ઉંમરે વૃધ્ધો નિવૃત્ત થઈને પ્રવૃત્ત જીવનમાંથી પોતાની જાતને અળગી કરી દેતા હોય છે તે ઉંમરે યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિથી અત્યંત ચીવટપૂર્વક, કશી પણ ફરિયાદ વિના એટલી જ અપૂર્વ ઊર્જાથી એમને કામ કરતા જોઈને ખરેખર અહોભાવ જન્મી આવે ! ઈશ્વર પોતાને અભિપ્રેત એવા આયોજનો પાર પાડવા માટે જ આવા મનીષીઓને ધરતી પર મોકલતા હશે એમ પ્રતીત થાય છે.

એમની ત્વરિત નિર્ણયશક્તિ, સૂક્ષ્મ નિરીક્ષણ, કામની વહેંચણી બાબતની ચીવટ, માણસની શક્તિઓને પારખીને તે મુજબ તેની પાસેથી કામ કરાવવાની કુનેહ, દૂર સુધીના ભવિષ્યને ઓળખીને સમયસર તે અનુરૂપ આયોજનો કરવાની શક્તિ, જરૂર જણાય ત્યાં અત્યંત કઠોર બનવાની ક્ષમતા, વાક્ચાતુર્ય અને નિખાલસ અભિપ્રાય આપવાની ગજબની ક્ષમતા ને આ બધા ગુણોમાં ય સવાયો ગુણ એટલે એમનો માનવીય અભિગમ. કોઈ પરંપરાના ચોકઠામાં બંધાયા વિના નવું નવું સ્વીકારવાની, એને અજમાવી, પારખીને તર્કની એરણે ચડાવ્યા પછી અપનાવવાનું ખુલ્લાપણું જેવા ગુણો એમને સતત વિકસતા રાખે છે. એ વિકાસનો લાભ અનેકગણો થઈને સંસ્થાને વિકસાવે છે.

મૂળે તો એ ઉદ્યોગપતિ પણ ક્યારેય એમને પૈસા પાછળ દોડતા જુઓ નહીં. આગળ કહ્યું તેમ એ હજારો વિદ્યાર્થીઓના નિર્માણ કરવામાં નિમિત્ત બનનાર પુણ્યાત્મા છે. સંસ્થા માટે દાન મેળવવાની જરૂર પડે એ સ્વાભાવિક છે, એટલે તેઓ પોતાનાથી શરૂઆત કરે. દેશ-વિદેશમાં એમની એક ટહેલ જાય કે

ધનનો ધોધ વહે - તેવું અનેક વાર અમે જોયું, જાણ્યું છે. તેમની વાત પર દાનવીરો તરત રીઝી જાય તે એમના દઢ, સ્વચ્છ અને પરોપકારી સ્વભાવ અને સ્વચ્છ વહીવટના કારણે છે. તેમણે માત્ર શિક્ષણક્ષેત્રને જ નહીં ઉદ્યોગ, આરોગ્ય, બૅકિંગ, નગરપાલિકા, કડી નાગરિક બેંક, કડીની વિવિધ ઑઈલ મિલો, તથા જિનિંગ-પ્રેસિંગ ફેક્ટરીઓ, કડી શહેર અને ગાંધીનગરમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિઓને ટકાવવા, વિકસાવવા, ખીલવવા માટે તેઓ સતત સક્રિય રહીને પોરસાવવા ઉપરાંત સખાવત પણ આપતાં રહ્યાં છે.

એમના વિશે લખીએ તેટલું ઓછું પડે એવું વ્યક્તિત્વ છે. હું મારાં બે અંગત પ્રસંગોનો ઉલ્લેખ કરવા ઇચ્છું છું. કેમકે, એમના માનવીય દૃષ્ટિકોણ અને ઉદાર દિલનો ચમત્કાર મારા જીવન સાથે સંકળાયેલ છે.

આ સંસ્થા શરૂ થઈ એ જ વર્ષે પૂજ્ય છગનભાએ મારા દાદા શ્રી વાલજીભાઈ એન. ત્રિવેદીને રસોડાનો વહીવટ સોંપેલો. મારા દાદાને દ્વારકા તથા જામનગરમાં ફરસાણની દુકાન હતી. વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ તેમ રસોઈનું કામ પણ વધતું ચાલ્યું. મારા પિતા ગિરજાશંકર ત્રિવેદીને પણ પછીથી કડી ખાતે બોલાવી લેવામાં આવ્યાં. એમના હાથે બનેલી રસોઈ તે વર્ષોના વિદ્યાર્થીઓમાં અત્યંત પ્રિય થઈ પડેલી. વિદ્યાર્થીઓ તેમને 'ગિજુદાદા' કહીને બોલાવતા. હાલ હું ગાંધીનગર ખાતેની સંસ્થા શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં ગ્રંથપાલ તરીકે કાર્યરત છું. આમ અમારી ત્રીજી પેઢી આ સંસ્થામાં સક્રિય રીતે જોડાયેલી છે.

ઈ.સ. ૧૯૮૨ ના વર્ષે ચાલુ ફરજ દરમ્યાન મારા પિતાજીને હાર્ટ ઍટેક આવ્યો ને એમનું નિધન થયું. હું ત્યારે રાજકોટ ખાતે પોલિટેકનિકમાં સિવિલ ઍન્જિનિયરિંગના ત્રીજા સેમિસ્ટરમાં અભ્યાસ કરતો હતો. "દરેક સંસ્થાના વિકાસમાં નાનામાં નાના કર્મચારીનો પણ મહત્તમ ફાળો હોય છે"- એ ભાવ જેમના હૈયે બેઠો છે એવા શ્રી માણેકલાલ પટેલ 'સાહેબે' મને આર્થિક મદદ કરી અને એટલે જ હું મારો અભ્યાસ પૂરો કરીને સિવિલ ઍન્જિનિયર બની શક્યો એ બદલ હું હંમેશનો ઋણી છું. ૧૯૮૨માં મારા પિતાશ્રીને રસોઈ વિભાગના હેડ મહારાજ તરીકે જે મહેનતાણું મળતું હતું તે તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારીની મિટિંગ બોલાવીને ઠરાવ કરાવ્યો કે, હું સિવિલ ઍન્જિનિયરિંગના છ સેમિસ્ટર પૂરા કરું ત્યાં સુધી પિતાશ્રીને આપવામાં આવતો પગાર યથાવત્‌રૂપે ચાલુ રાખવો. તેને સ્કોલરશીપ સમજીને અભ્યાસ પૂર્ણ કરવા દેવો. એટલું જ

નહીં, મારો અભ્યાસ પૂરો ન થાય ત્યાં સુધી સંસ્થાએ રહેણાંક માટે આપેલ કવાર્ટસ પણ ખાલી કરાવવું નહીં !

એક બાજુ શિસ્ત અને નિયમોના અત્યંત આગ્રહી એવા માણેકલાલ સાહેબ સમય આવ્યે માનવીય અભિગમ દાખવવામાં સહેજ પણ પાછા નથી પડતા. એમના હૃદયની વિશાળતાનો પ્રત્યક્ષ અનુભવ લઈ ચૂકેલો હું કયા શબ્દોમાં મારા ઋણભાવને અભિવ્યક્ત કરું ?

ડી.એ. પટેલ ટૅક્નિકલ હાઈસ્કૂલ ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મદદનીશ શિક્ષક તરીકે અગિયાર વર્ષ સુધી મેં શિક્ષક તરીકે ફરજ બજાવી. આ શાળામાં જે અભ્યાસક્રમ ચાલતો હતો તે કેન્દ્ર સરકારની વ્યવસાયલક્ષી યોજના અંતર્ગત હતો. તેને રાજ્ય સરકાર દ્વારા બંધ કરવામાં આવ્યો. વિષયના અભાવે સરપ્લસ થયા પછી સરકાર દ્વારા મને ગાંધીનગર ખાતે આ જ મંડળ દ્વારા સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યાશાળામાં ગ્રંથપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. એ વખતે શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય તરીકે શ્રી પી.ડી. પટેલ ફરજ બજાવતા હતાં. તે વખતનો એક પ્રસંગ ટાંકુ છું.

કોઈ કામસર મને તેમના કાર્યાલયમાં બોલાવ્યો હતો. હું આચાર્યશ્રી સામેની ખુરશીમાં બેઠો હતો. શ્રી માણેકલાલ પટેલ સાહેબ એ વખતે સોફા પર બેઠા હતા. ચર્ચાઓ ચાલતી હતી ત્યાં અચાનક જ એક બહેન એના છોકરાને લઈને રોતા-કકળતા ઑફિસમાં આવ્યાં. રડમસ અવાજે પ્રિન્સિપાલશ્રીને વિનંતી કરવા લાગ્યાં કે, "સાહેબ મારો છોકરો દસમા ધોરણમાં અભ્યાસ કરે છે. તેના બીજા સત્રની ફી મારાથી ભરી શકાઈ નથી. હું આવતા મહિને જરૂર ભરી દઈશ. એના પિતા ગુજરી ગયા છે ને હું લોકોના ઘરના કામ કરીને ઘર ચલાવું છું."- એ બાઈ રડતી હતી. એના રડવામાં રહેલો સચ્ચાઈનો રણકો સાહેબને સ્પર્શી ગયો. તરત જ એમણે પોતાના ખિસ્સામાંથી ફીના પૈસા આપી દીધા. એ બહેનને વિદાય કરી.

એમની દિલેરી, એમના હૃદયની વિશાળતા અને વહીવટી કુશળતાના પણ અનેક દાખલાઓ આપી શકાય એમ છે પણ વિસ્તાર થવાના ભયે અટકું છું. સતત કર્મ કરીને જ પોતાનો જીવનસંદેશ આપનારા સાહેબનાં અનેક રૂપો છે. એમાંનું એક રૂપ એટલે સંસ્થાને પોતાના પુણ્યકર્મોની છાયામાં હૂંફ આપતા સંસ્થાના શ્રદ્ધેય વડીલનું ભવ્ય રૂપ. એમનું તપ વધતું રહે ને માનવકલ્યાણ માટે વિસ્તરતું જ રહે એવી શુભકામના વ્યક્ત કરી વિરમું.

તે સમાજને જાણે કહી રહ્યા છે -

સાથ તમારો છે તો સહકાર અમારો છે,
ચાલતા ક્યાંક અટકી જવાય તો યાદ રાખજો
આ હાથ પણ તમારો છે.
આફતોની આંધીમાં અને દુઃખના દરિયામાં
તમે મને ક્યારેય પણ બોલાવશો તો યાદ રાખજો
આ શ્વાસ પણ તમારો છે...!!

# 49.

## શ્રી માણેકલાલભાઈ મારી નજરે !

**સીતારામભાઈ જો. પટેલ**
ટ્રસ્ટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉત્તર ગુજરાતના વિકાસમાં કેટલીક નોંધપાત્ર વ્યકિતઓનું યોગદાન છે, જેના માટે સમાજ તેમનો ઋણી છે. આ બાબતે વિચારીએ તો નીચેની વ્યક્તિઓની ઐતિહાસિક ભૂમિકાની નોંધ લેવી જોઈએ.

માનસિંહ પૃથ્વીરાજ ચૌધરીને દૂધસાગર ડેરી મહેસાણા ખાતે ઊભી કરી ઉત્તર ગુજરાતમાં શ્વેતક્રાન્તિ કરવા માટે યાદ કરવા જોઈએ.

ઊંઝાના મોહનલાલ હરિભાઈ પટેલ - આ માણસે ઊંઝા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊભી કરી દુનિયાભરમાં ઊંઝાને પ્રખ્યાત કર્યું. તેમણે ખેડૂતોને તેમના માલનું યોગ્ય વળતર મળી રહે, અને તેમનું શોષણ ન થાય - તે માટે તેઓ ખેડૂતોના હિતચિંતક તરીકે સદાયે યાદ રહેશે. આજે છેક સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન અને મધ્યપ્રદેશથી ખેડૂતો માલ લઈ વેચાણ માટે ઊંઝા આવે છે.

વિસનગરના સાંકળચંદ પટેલ સહકારી મંડળી દ્વારા ગુજરાતમાં જ નહિ બલકે આખા ભારતમાં તેમની કામગીરી નોંધપાત્ર ગણાઈ છે. તેમણે પોતે ઓછું ભણેલા છતાં અસામાન્ય કોઠાસૂઝથી સહકારી ક્ષેત્રે બજાવેલી કામગીરી નોંધપાત્ર બનાવી હતી.

સરઢવના છગનભા - ઉત્તર ગુજરાતનો સમાજ જયારે પછાત અવસ્થામાં જીવતો હતો. ખાસ કરીને પાટીદાર સમાજ માત્ર ખેતી આધારિત સમાજ હતો. ખેતી પણ આકાશી ખેતી જેથી આર્થિક ક્ષમતા ઓછી. શિક્ષણનો કોઈ ઉજાસ નહિ. જુનવાણી માનસ - પ્રેતભોજન અને વહેમ તેમજ દેખાદેખીના આંધળા ખર્ચાઓ પાછળ પાયમાલ થયેલો સમાજ, શાહુકારોને ત્યાં દેવામાં ડૂબેલો સમાજ. આવા પછાત સમાજનો બેલી કોણ ? ત્યારે આપણો ધર્મ કહે છે તેમ જે નીતિવાન, શ્રમજીવી અને પ્રામાણિક તેમજ ધર્મમાં ઊંડી શ્રદ્ધાવાળો સમાજ હોય, તેને માટે જેનો બેલી કોઈ નહિ તેનો પરમાત્મા હોય છે. એ ન્યાયે આ સમાજમાં છગનભા

નામે એક યુગપુરૂષ પ્રગટ્યો. છગનભાએ જોયું કે તેમનો પાટીદાર સમાજ ખૂબ પછાત છે. આર્થિક ધોવાણમાં ફસાયેલો છે. આવા સમાજ માટે કંઈક કરી છૂટવું જોઈએ. આ માણસ તો નીકળ્યો હતો હિમાલયમાં સંન્યાસી બનવા, પણ નિયતિએ તેમના હાથે કંઈક ઑર જ નિર્માણ કર્યું હતું. તેમને કેશવાનંદજી નામના એક સંન્યાસી બાબાએ સંન્યાસી કરતાં સમાજ માટે કામ કરવા કાશીથી પરત મોકલ્યા. જેમણે સરઢવ આવી ખૂબ મનોમંથન બાદ સમાજને વિકાસની કેડીએ લેવો હોય તો કેળવણી જ એકમાત્ર ઉપાય છે. આ અભણ માણસના દિવ્ય ચક્ષુઓએ શિક્ષણ દ્વારા સમાજક્રાન્તિ જોઈ. પરિણામે તેમણે કડી ખાતે માત્ર છ વિદ્યાર્થીઓથી એક છાત્રાલયની શરૂઆત કરી. એક શિક્ષણનું બીજ વાવ્યું. તેમણે "કર ભલા હોગા ભલા" ના જીવનમંત્ર દ્વારા આ બીજને અંકુરિત કર્યુ, જેનું સર્વ વિદ્યાલય સંકુલ બન્યું. આ સમાજરત્નોએ પોતપોતાના ક્ષેત્રે કામ કરી ઉત્તર ગુજરાતને વિકાસના પથ પર ચલાવી સુસંસ્કારી બનાવ્યું.

આપણે આજે આ હરોળમાં ઊભા રહેનાર જે વ્યક્તિની વાત કરવા માગીએ છીએ, તે વ્યક્તિ છે શ્રી માણેકલાલ માધવલાલ પટેલ. આ માણસની સેવાનું મૂલ્ય આંકવું જ મુશ્કેલ છે.

પૂ. છગનભાએ વાવેલું શિક્ષણનું બીજ આજે એક મહાન વટવૃક્ષ બન્યું છે. આ વૃક્ષની માવજત કરી સંકોરી વટવૃક્ષ બનાવનાર અગ્રણી શ્રી માણેકભાઈ છે. શ્રીકૃષ્ણને જન્મ આપનાર માતા દેવકી કરતાં તેનું પાલનપોષણ કરનાર મા જશોદા શ્રીકૃષ્ણચરિત્રમાં અગ્રસ્થાને પૂજાય છે. આ જ રીતે આ સર્વ વિદ્યાલય સંકુલને માણેકલાલભાઈ જેવા સંરક્ષક મલ્યા, તે ઉત્તર ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં નિયતિએ નિર્માણ કરેલ એક યાદગાર પાત્ર ગણી શકાય. શ્રી માણેકલાલભાઈની દેખરેખમાં આ સંસ્થાએ વિકાસમાં જરાયે ઓટ જોઈ નથી. કડી સર્વ વિદ્યાલયની એક શાખા ગાંધીનગરમાં છે. આજે કડી કરતાં ગાંધીનગર સંકુલનો વિકાસ મોટો છે. બંને સંકુલોમાં થઈ આજે લગભગ ૪૫૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. ગુજરાત સરકારે તાજેતરમાં આ સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. આ સર્વ વિદ્યાલય સંકુલ બાલમંદિરથી લઈ કૉલેજ સુધી શિક્ષણ આપે છે. સમયના પરિવર્તન સાથે જુદા જુદા વિભાગોની કૉલેજો કાર્યરત છે. અહીં આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજો સાથે કમ્પ્યૂટર, મૅનેજમેન્ટ, ઍન્જિનિયરિંગ, ફાર્મસી, નર્સિંગ જેવી વિદ્યાશાખાઓ ચાલે છે. ઈંગ્લિશ મીડિયમની સ્કૂલો તેમજ બહેનો માટે પી.ટી.સી. તથા બી.ઍડ્‌ની કૉલેજો પણ ચાલે છે. અહીં જુદા જુદા

છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને આધુનિક સુવિધા સાથે કેળવણીનું વાતાવરણ મળે છે અને સંસ્કાર ઘડતર થાય છે. બહેનો માટે છાત્રાલયોની સગવડ પણ છે. આમ પૂ. છગનભાનું કન્યાકેળવણીનું સ્વપ્ન પૂરું કરવામાં આવ્યું છે. કેળવણી સાથે સંસ્કારઘડતરની આ સંસ્થાની આગવી છાપ છે.

આ વિશાળ સંકુલની વ્યવસ્થા અને સંચાલન એ નાની વાત નથી. શ્રી માણેકલાલભાઈની ઊંડી સૂઝ અને ચકોર દૃષ્ટિ આ વ્યવસ્થાના વિકાસમાં દેખાઈ આવે છે. શ્રી માણેકલાલભાઈ આટલા મોટા સંકુલના સંચાલનમાં દરેક વિભાગના કર્મચારીઓને તેમજ પદાધિકારીઓને નામથી બોલાવી કામ લે છે. તેઓ અનુશાસનના આગ્રહી છે. સંસ્થામાં ક્યાંક ગેરવ્યવસ્થા જણાય તો તેઓ ગમે તેવા ચમરબંધીની પણ ખબર લઈ નાખે છે. આખા સંકુલમાં તેમની ધાક છે. સાથે સાથે તેઓ યોગ્ય વ્યક્તિને પૂરો આદર પણ આપે છે.

યુ.પી. થી ઊંઝા આવેલ પ્રતિનિધિ મંડળો જયારે તેમની સંસ્થાની મુલાકાતે ગયાં, ત્યારે તેઓએ ખરા બપોરે સંકુલના દરેક વિભાગના વડાઓને હાજર રાખી દરેક વિભાગનો તલસ્પર્શી ખ્યાલ આપ્યો હતો. તેઓએ જાતે પણ ફરી ફરીને નિદર્શન કરાવ્યું હતું. આવો આ લેખકનો જાત અનુભવ છે. તેમની આ જાતની વ્યવસ્થા શક્તિની સુગંધ દેશ-વિદેશમાં પ્રસરી છે. ગુજરાત સરકારે પણ તેમની ઊંચી પ્રતિષ્ઠાને લીધે ગાંધીનગર ખાતે ઍન્જિનિયરિંગ કૉલેજ અને નર્સિંગ કૉલેજ માટે જોઈતી જમીન સામાન્ય ટોકન ભાવે ફાળવી છે. સરકારમાં તેમને પૂરા સન્માન અને આદરથી જોવામાં આવે છે. તેઓ સરકારી માળખાની ઉચ્ચ શિક્ષણની ફી કમિટીના સભ્ય તરીકે નિમાયા છે.

માણેકલાલભાઈની કામ કરવાની આગવી રીત છે. તેઓ જે કામ હાથ પર લે છે, તે ઝડપથી પૂરું કરી શકે છે. તેમણે છેલ્લા દસ વર્ષમાં વૈજ્ઞાનિક વિકાસના યુગપરિવર્તન સાથે કેટલાયે નવા વિભાગો શરૂ કર્યા છે અને તે દરેક વિભાગના મકાનો જાતદેખરેખથી ખૂબ જ ટૂંકા સમયમાં બંધાવી પૂર્ણ કર્યા છે. તેઓ શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં કદી પાછું વળીને જોતા નથી. તેમના સંચાલનના દરેક વિભાગમાં સ્ટાફની કે સાધનસજ્જતાની કદી ઊણપ વર્તાતી નથી. તેઓ મજાકમાં કહે છે કે, "મને માથે દેવું ન હોય તો ઊંઘ આવતી નથી." તેમને તેમના વિદ્યાધન પર પૂર્ણ વિશ્વાસ છે. આ સંસ્થામાંથી ભણીને તૈયાર થઈ દેશ-પરદેશમાં ગયેલા તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કડી સંસ્થા માટે માતા જેવું માન ધરાવે છે. શ્રી માણેકલાલભાઈની માવજતનું મૂલ્ય તેમના માટે ઊંચું છે. તેઓએ પરદેશથી

પ્રથમ રાઉન્ડમાં પાંચ કરોડ અને બીજા રાઉન્ડમાં ચૌદ કરોડનો ફાળો મેળવ્યો છે. આ તેમના માટેનો અટલ વિશ્વાસ જણાઈ આવે છે. તેઓ તેમના વિદ્યાર્થીઓ માટે કડક થઈ શકે છે, જ્યારે તેમની સુખસગવડ માટે ખડે પગે તૈયાર હોય છે.

માથે દેવું હોવા છતાં ઊંચા આદર્શથી જીવનારો આ માણસ કેટલીક વિદ્યાશાખાઓમાં સરકારમાન્ય "મૅનેજમૅન્ટ ક્વોટા"થી ધારી રકમ પેદા કરી શકે તેમ હોવા છતાં, તેઓ ફીના સરકારમાન્ય ધોરણ સિવાય એક પૈસો પણ વધારાનો લેતા નથી. તેમના ક્વોટાની નક્કી થયેલી જગ્યાઓ પણ ગુણવત્તાના ધોરણે ભરાય છે. વિદ્યાનો સોદો ના હોય તેમ માનનાર આ માનવી તેમના આદર્શથી મૂઠી ઊંચેરો માનવ છે.

આપણે જાણીએ છીએ કે આ જગતમાં જીવતા માનવ મહેરામણમાં જે લોકોએ નવી કેડી કંડારી છે - તેમની કિંમત પાછળથી થતી હોય છે. એક નાનકડા ગામડામાં જન્મેલો માણસ કડીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી કડી મ્યુનિસિપાલિટીનો સફળ ચીફ ઑફિસર, પ્રમુખ બની શકે છે. એક સફળ ઉદ્યોગપતિ તરીકે આરામથી જીવી શકે તેમ છે, છતાં જીવનમાં પોતાના સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્નાને લીધે આદર્શ કેળવણીકાર, સંચાલક અને સંરક્ષક બની શકે છે. સમાજમાં ઊંચા જીવનમૂલ્યો પ્રસ્થાપિત કરવાની ખેવના સાથે સમાજઘડતરમાં પોતાના જીવનને સમર્પિત કરી શકે છે. વચ્ચે એક સમય એવો પણ આવ્યો કે તેઓ રાજકારણ તરફ ખેંચાયા, પણ હૈયામાં કેળવણીની સંસ્થાની રખેવાળી કરવાની લગનને લીધે રાગદ્વેષ અને કાવાદાવાવાળું રાજકારણ બાજુ પર રહ્યું.

આવા અદના કેળવણીકાર અને ઉમદા માણસ શ્રી માણેકલાલભાઈએ ઉત્તર ગુજરાતને કેળવી, સંસ્કારઘડતર કરી વિકાસની અનેરી કેડી કંડારી છે. કડી સંસ્થામાંથી કેળવાયેલ દરેક વ્યક્તિએ સમાજના કોઈને કોઈ ક્ષેત્રમાં વિકાસ કર્યો છે. તે કડી સંસ્થાના વિદ્યાર્થી હોવાનું ગૌરવ અનુભવે છે. કડી સંસ્થાની પ્રેરણાથી ઉત્તર ગુજરાતમાં ઠેકઠેકાણે કેળવણી સંકુલો ઊભાં થયાં અને ગુજરાતના વિકાસમાં મહત્ત્વનાં સોપાન બન્યા. આથી જ તો યુ.પી., રાજસ્થાન, મધ્યપ્રદેશના ભાઈઓ તેમના સમાજને ઉત્તર ગુજરાતના સમાજ કરતાં સો વર્ષ પાછળ ગણે છે. ઉત્તર ગુજરાત ખાતે પેદા થયેલી કેળવણીની ભૂખ કડી સંસ્થાને આભારી છે એમ કહીએ તો ખોટું નથી. એનો યશ કડી સંસ્થાના સૂત્રધારોને ફાળે જાય છે. તેમાં મૂળ પુરુષ છગનભા અને સંરક્ષક-પોષક એવા શ્રી માણેકલાલભાઈ અગ્રસ્થાને બિરાજેલા છે. એમનું જીવન સાર્થક અને ધન્ય છે.

# 50.

## 'સાહેબ'..... મારી નજરમાં

ભાઈલાલભાઈ પી. પટેલ 'શ્યામલ'
નિવૃત્ત સરકારી અધિકારી- ગાંધીનગર

"જ્ઞાન, ઉપાસના અને સત્કર્મ - આ ત્રણેય મળી ઈશ્વરપ્રાપ્તિનો એક જ માર્ગ બને છે." - લોકમાન્ય તિલક.

"વિધવાનાં આંસુ લૂછી ના શકે, અનાથના મુખમાં રોટલાનો ટુકડો મૂકી ના શકે. દરિદ્રનારાયણોને નમી ના શકે, બીમારોની સેવા માટે ઝૂકી ના શકે.... જે 'જ્ઞાન-જયોત' પ્રગટાવી અજ્ઞાનનો અંધકાર દૂર ના કરી શકે તેવા ધર્મ કે.....તેવા ઈશ્વરમાં મને શ્રધ્ધા નથી."....... સ્વામી વિવેકાનંદ.

"ઈશ્વર જેના ઉપર પ્રસન્ન હોય છે તેને નદી જેવી દાનશીલતા, સૂરજ જેવી ઉદારતા અને પૃથ્વી જેવી સહનશીલતા આપે છે."

"ફક્ત વાણી વિલાસી સાધુ, સંત કે પૂજારીના કાલાવાલાથી પ્રભુ કયારેય પ્રસન્ન થતો નથી. પ્રભુને વહાલી વ્યક્તિ તો તે છે જે તેનાં સંતાનોના માધ્યમથી તેને ચાહે છે."

"સુંદરતા..... સદાચારભરી સાદગીમાં જ છે", "સેવાથી શ્રેષ્ઠ ભક્તિ નથી" અને છગનભાનો મંત્ર : "કર ભલા.... હોગા ભલા".

આ તમામ સમજદારીઓ તથા આદર્શો સાથે કેવળ માનવ બનીને ઉદાહરણરૂપ જીવન જીવનાર મારી આદરણીય વ્યક્તિઓમાં શ્રી એમ.એમ. પટેલ સાહેબ કે જેમને લોકો 'સાહેબ'ના હુલામણા નામે સૌ ઓળખે છે. તેમનું સ્થાન મારા હૃદયમાં અગ્રક્રમે છે.

તેઓ એક કુશળ વ્યાપારી, ઉદ્યોગપતિ તરીકે પ્રસિધ્ધિ પામ્યા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત તમામ પ્રવૃત્તિઓનું નેતૃત્વ સંભાળ્યું તે પહેલાં તેમના પૂર્વ જીવનકાળમાં કડી નગરપાલિકાના એક પ્રામાણિક ચીફ ઑફિસર હતા.... અને મેં ૧-૧૧-૬૧ ના રોજ સરકારી નોકરી સ્વીકારી તે પહેલાં જૂન'૬૦ થી ઑકટો'૬૧ સુધી લગભગ સત્તર મહિના મારા 'સાહેબ' રહી ચૂક્યા છે.

આ અઢાર માસ દરમ્યાન મને બે આદરણીય વ્યક્તિઓ સાંપડી તેમાં... તે વખતના મ્યુ. પ્રમુખ : સ્વર્ગસ્થ શ્રી બાબુભાઈ ધનાભાઈ પટેલ (પોપટછાપ છીંકણીવાળા) અને બીજા આપણા આ 'સાહેબ' સી.ઓ. શ્રી એમ.એમ. પટેલ સાહેબ છે.

મેં સબ- ઓવરશિયર તરીકે... જે પ્રજાકીય જાહેર બાંધકામો સીધી દેખરેખમાં થતાં હોય તેને અનુલક્ષીને શંકા-કુશંકાઓ તથા આક્ષેપોવાળી કાંટાવાળા તાજ઼ સમાન હતી તેના ઉપર એ સમય દરમ્યાન સેવાઓ આપેલ. તેમાં મને કોઈ આંચ આવી નહીં. પ્રામાણિકપણે, શાંતિથી, વિચલિત થયા સિવાય મારી ફરજો અદા કરી શક્યો તેમાં.... આ બે મહાનુભાવોનું પીઠબળ જ કારણભૂત છે.... શ્રીયુત બાબુભાઈ તો પ્રમુખ હતા તેથી તેમનું આવનજાવન સ્વૈચ્છિક હતું... પણ શ્રી એમ.એમ. પટેલ સાહેબ તો હોદ્દાની રૂએ ફૂલટાઈમ મારા સાહેબ હોવાને કારણે સતત.. તેમની હૂંફ મને મળતી રહેતી હતી... તેમનું માર્ગદર્શન કાયમ કામિયાબ રહેતું.

આમ તો આ અઢાર માસ દરમ્યાન તેમની સાથેની અનેક ઘટનાઓ અવિસ્મરણીય, સદાય વાગોળવી ગમે... આનંદ આપે તેવી છે:... પણ એ બધી સ્મૃતિઓ અત્રે ટાંકવી શક્ય નથી.... પણ એમની 'ધાક' એક શાર્દૂલ સમી હતી.... અને શહેરમાં રાઉન્ડમાં નીકળતા ત્યારે... જાણે નરકેસરી નિરીક્ષણમાં નીકળ્યો હોય.... ને નાનાંમોટાં પશુ, પક્ષી... વનરાજના પગરવથી જ તિતર-બિતર થઈ જાય તેમ... કોઈએ એંઠવાડ ઢોળ્યો હોય, ગંદકી કરી હોય, ગટરો ઊભરાતી હોય, સ્ટેન્ડ પોસ્ટે.... બોરીંગો ઉપર લુખ્ખા તત્ત્વો તોફાને ચઢ્યા હોય... તે બધા ભયથી જ સમું-સૂતરું કરી દઈ સંતાઈ જતા.... જે વિસ્તારોમાંથી પસાર થાય તે વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હોય. તેમની આ 'ધાક' ઊભી થવાનાં પાયાનાં કારણો હતાં.... નીડર નેતૃત્વ, ફરજ પ્રત્યેની નિષ્ઠા, નિયમિતતા, સ્પષ્ટ વક્તવ્ય, નિઃસ્વાર્થ સેવાભાવ, લાલચરહિત પ્રામાણિકતા અને સત્યપાલનમાં શેહ-શરમથી પર.... તટસ્થ કર્તવ્ય-પરાયણતા સાથે... નાના અને સબોર્ડીનેટ સ્ટાફ પ્રત્યે સદાય સહાનુભૂતિ, મિત્રો અને સ્નેહીઓ પ્રત્યે સદ્‌ભાવભર્યો નિખાલસ વ્યવહાર, વાણીમાં કડવાશ ખરી.... પણ ઔષધ સમી.

મારા આદરણીય શ્રી પટેલ સાહેબનો 'પરિચય-ગ્રંથ' છપાય છે ત્યારે હું ગર્વ અને આનંદની લાગણી અનુભવું છું.

પ્રભુ તેમને નિરામય દીર્ઘાયુલક્ષી જીવનની અંતિમ-પળ સુધી સમાજ સેવામાં પ્રવૃત્ત રાખે એવી શુભ કામના કરું છું.

# 51.

## શીલભદ્ર શિક્ષણ વિચારક અને ગૂર્જરરત્ન શ્રી માણેકલાલભાઈ...

ડૉ. યોગેન્દ્ર વ્યાસ
સુપ્રસિધ્ધ ભાષાવિજ્ઞાની, લેખક-વિવેચક
પૂર્વ ડિરેકટર, ભાષાભવન, ગુજ.યુનિ. અમદાવાદ

મારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર કેમ્પસ્ ઉપર આવેલી શ્રી એસ.કે. પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમૅન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ અને બી.પી. કૉલેજ ઑફ બીઝનેસ ઍડમિનિસ્ટ્રેશન - એ બે સંસ્થાઓની સ્થાપનાના આરંભના વર્ષો (૧૯૯૬-૯૭-૯૮)માં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટના સભ્ય તરીકે એલ.આઈ.સી.માં ચારેક વખત આવવાનું થયેલું ત્યારે અને તે પછી એક પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ. મંગુભાઈ સાથે આવેલો ત્યારે શ્રી માણેકલાલભાઈને રૂબરૂ મળવાનું થયેલું...

....અને એ પછીનાં પંદર વર્ષોમાં જોતજોતામાં શ્રી માણેકલાલભાઈએ તો શિક્ષણના સ્પર્ધાત્મક માહોલમાં કન્યાકેળવણીની અનેક સંસ્થાઓ સાથે ઍન્જિનિયરિંગ, પોલિટૅક્નિક, નર્સિંગ, ફાર્મસી, ટૅલિકમ્યૂનિકેશન, આઈ.એ.એસ. ટ્રેનિંગ સૅન્ટર, મલ્ટીમીડિયા, લલિતકલા ઍકેડેમી જેવી કેટલીય નમૂનેદાર સંસ્થાઓ ઊભી કરી આપી છે.

સ્વભાવે આખાબોલા, કામથી કામમાં માનનારા, સંસ્થા માટે કર્મચારીઓને કસી કસીને પસંદ કરનારા, નિયમ મુજબ સંસ્થા માટે બધી સાધનસામગ્રી તૈયાર રાખનારા એક કાબેલ વહીવટકાર તરીકેની છાપ મારા ઉપર એ સમયે પડેલી. કોઈની તમા નહિ અને કોઈથી અંજાવાની કે પ્રભાવિત થવાની વાત નહિ. છતાં સામી વ્યક્તિમાં કંઈક સારું જુએ તો તેની સાથે ઉષ્માપૂર્ણ વ્યવહાર પણ કરે. આવડત, કાબેલિયત અને મહેનત કરવાના અમાપ ઉત્સાહને કારણે જ પૂરા આત્મવિશ્વાસથી ઉભરાય. સંસ્થા અને શ્રી માણેકલાલભાઈ જાણે અન્યોન્યમાં તદ્રુપ-એકાકાર થઈ ગયા ન હોય !

કર્મયોગી ભાઈકાકા, સાંકળચંદભાઈ પટેલ, ઈશ્વરભાઈ જે. પટેલ, જયકૃષ્ણ હરિવલ્લભદાસ જેવા ગૂર્જરરત્નોની હરોળના અને ગુજરાતના શિક્ષણજગતના શ્રેષ્ઠ સંચાલક અને સમર્થ શિક્ષણવિચારક માણેકલાલભાઈ માટે હું એટલું જ કહીશ કે

ગુજરાતના શિક્ષણ અને તેના સાંપ્રત પ્રવાહોને સમૃધ્ધ કરવામાં અને તે મુજબ સંસ્થાઓ ઊભી કરવામાં જે વિશિષ્ટ ને વિરલ વ્યક્તિઓનું પ્રદાન છે તેમાં શ્રી માણેકલાલભાઈનું સ્થાન ઊંચી કોટિનું, દૃષ્ટાંતરૂપ ને પ્રેરણાદાયી છે. તેમનું જીવન દરેક ક્ષેત્રની વ્યક્તિ માટે પ્રેરક છે, આદર્શમય છે, ત્યાગવૃત્તિ અને સેવાભાવના ઉપર રચાયેલું છે. તેઓ શક્તિના ડાયનેમો છે. તેઓ અસાધારણ જીવનશક્તિ, કાર્યશક્તિ ને વહીવટીદક્ષતા ધરાવે છે. તેમનામાં સંસ્થાઓના સંચાલન માટેની જરૂરી કડકાઈવાળી સંસ્થાભક્તિનાં દર્શન થાય છે. ભલે જોનાર કે મળનારને પહેલી નજરે કડક સ્વભાવના, ઉગ્ર કે સ્પષ્ટવક્તા લાગે પરંતુ તેમને ઓળખનારા તો કહેશે કે તેઓ અંદરથી લાગણીનીતરતા ઋજુ-કોમળ સ્વભાવના વડીલ છે. ન ગમતી કડવી વાત કહીને ધાર્યું પાર પાડવાની તાકાત તેમનામાં છે.

ઈ.સ. ૧૯૧૯માં કડીમાં 'પ્રજ્ઞાદીપ' છગનભાએ છ વિદ્યાર્થીઓથી જે સંસ્થાની શરૂઆત કરી તે સંસ્થામાં આજે કડી ખાતેની વીસેક શિક્ષણસંસ્થાઓમાં નવ હજાર વિદ્યાર્થીભાઈઓ અને પાંચ હજાર વિદ્યાર્થિની બહેનો તથા ગાંધીનગર કેમ્પસની ત્રીસેક સંસ્થાઓમાં વીસ હજાર યુવા વિદ્યાર્થી ભાઈઓ અને બાર હજાર વિદ્યાર્થિની બહેનોનું ઘડતર થઈ રહ્યું છે. આ તમામ સંસ્થાઓના વિરાટ શૈક્ષણિક સંકુલનું સુપેરે સંચાલન છેલ્લા ૪૦ વર્ષથી કરી રહેલા શ્રી માણેકલાલભાઈને અભિનંદન પાઠવું છું અને સંસ્થાના તમામ હોદ્દેદારોને પણ ધન્યવાદ આપું છું.

આ સંસ્થાની આગવી વિશેષતા એ છે કે તેનું દાન થકી સંચાલન તેના જ ભૂતપૂર્વ અને એન.આર.આઈ. વિદ્યાર્થીઓ, પાટીદાર સમાજના આગેવાનો દ્વારા થઈ રહયું છે. દેશ-પરદેશના શિક્ષણપ્રેમી દાનવીરો મોટી રકમના વિદ્યાદાન કરતા રહે છે. વળી આ સંસ્થાએ સમગ્ર રાજયની શૈક્ષણિક નૉન ગ્રાન્ટેડ સંસ્થાઓને ઉમદા ઉદાહરણ પૂરું પાડતાં 'મૅનેજમૅન્ટ ક્વોટા' રાખેલ નથી અને સંપૂર્ણ પ્રવેશપ્રક્રિયા પારદર્શક રીતે માત્ર મૅરિટના ધોરણે જ કરવામાં આવે છે. વળી, શ્રી માણેકલાલભાઈ પણ આ સંસ્થાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ઉદારદિલ દાતા પણ છે. 'ઘસાઈને ઊજળા થવાની' પવિત્ર વૃત્તિ અને ઉદાર આતિથ્યભાવના જેવાં અનેક માનવીય મૂલ્યો અને સદ્ગુણોનો સુભગ સમન્વય એમનામાં થયેલો છે. ગાંધીવિચારસરણીથી રંગાયેલા શ્રી માણેકલાલ શિક્ષણ, ઉદ્યોગ, સમાજ, ધર્મ, આરોગ્ય જેવા અનેકવિધ ક્ષેત્રે વર્ષોથી સંનિષ્ઠ સેવાઓ આપી રહ્યા છે અને 'ટ્રસ્ટીશીપ'ની ભાવનાથી પોતાની તમામ જવાબદારીઓ સંભાળી રહ્યા છે. આ સંસ્થાને આવા કાબેલકુશળ ને સમર્થ સુકાની મળ્યા છે તે સૌનું પરમ સદ્ભાગ્ય છે.

ગુજરાત અને ગુજરાત બહાર આવી અનેક શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવાની તક ઈશ્વરે મને આપી છે. હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, સેંકડોની સંખ્યામાં

શિક્ષકો અને કર્મચારીઓ પ્રવૃત્ત હોય અને પચીસ-પચાસ ભવ્ય મકાનોમાં આખો કેમ્પસ્ ધમધમતો હોય તેનો તૃપ્તિકર અનુભવ થયો છે. પણ આ બધી સંસ્થાઓના હૃદયસ્થાને મોટે ભાગે આજે ૮૧ વર્ષની જૈફ ઉંમરે એક 'જુવાન ડોસલો' બેઠો હોય છે એ કેવું સાનંદાશ્ચર્ય! પૂજ્ય છગનભાનો અને લોકલાડીલા નેતા સ્વ. દાસકાકાનો આત્મા કેવો હરખાતો હશે !

# 52.

## અંતરનું અંતર કેટલું ?

ડૉ. બળદેવભાઈ એસ. પટેલ
(ગાંધીનગર)

શ્રી માણેકલાલ નામની વ્યક્તિ કે સંસ્થા ? છેલ્લા પચ્ચીસ વર્ષથી હું તેમને અપ્રત્યક્ષ રીતે સાંભળું છું, જોઉં છું અને અનુભવું છું. શ્રી માણેકલાલ સાહેબને રૂબરૂમાં મળ્યો નથી છતાં તેમના કાર્યથી તેમને સારી પેઠે જાણું છું.

એક જરૂરિયાતમંદ યુવાનને કોઈ સારી જગ્યાએ નોકરીમાં ગોઠવવાનો વિચાર ચાલતો હતો. એક અજાણ્યા, ઓળખાણ કે લાગવગ વગરના છોકરાનો હાથ કોણ પકડશે ? બિચારો લગભગ પાંત્રીસ વર્ષ સુધી સામાન્ય આવકમાં જીવન વ્યતીત કરતો હતો. ત્યાં તેનું કોઈ ભવિષ્ય નહોતું. શ્રી કડી સર્વ વિદ્યાલયની LDRP અને VPMP તથા મૅનેજમેન્ટ વગેરેની ખુલેલી નવી યુનિવર્સિટીમાં પટાવાળા તરીકે પણ ગોઠવાય તેવી ઈચ્છા થતી.

આ પટેલનો દીકરો Electrician Trade સાથે ITI થયેલો, પરંતુ યોગ્ય માર્ગદર્શનને અભાવે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી શકેલ નહીં. પટાવાળામાં તો પટાવાળામાં, એક વર્ષ સુધી અઢી હજાર તો અઢી હજાર, પણ સાચા દિલથી કામ કરીને આગળ વધવું છે અને બહેનો અને વિધવા માની જવાબદારી નિભાવવી છે તેવી ઉત્કટ અભિલાષા સાથે આ યુવાનને પોતાના સર્ટિફિકેટ સાથે અરજી લઈને શ્રી માણેકદાદા પાસે મોકલ્યો.

કોઈએ કહ્યું કે ચૅરમૅન સાહેબ પેલી ઑફિસમાં બેસે છે. યુવાન રજા લઈને અંદર ગયો. હંમેશની જેમ "ભાઈ કેમ આવ્યો ?" જવાબમાં યુવાને અરજી અને લાયકાતના કાગળો રજૂ કર્યા. સંસ્થાના વડાએ યુવાનના મોં સામે જોયું. તરત જ શેરો માર્યો. આ યુવાનને પટાવાળામાં ભરતી કરશો. બીજા જ દિવસથી આનંદાશ્રુ સાથે એક અજાણ્યો, બીજા જ વિસ્તારનો, કોઈનીયે આંગળી પકડ્યા વગરનો રાંકનું રતન કામે લાગી ગયો. તેના માટે પટાવાળાની નોકરી એટલે અમલદારથી પણ વધારે હતી.

બીજા સાથીદારો કહેતા, "સાહેબ આટલી જલદીથી કોઈને નોકરીએ રાખતા નથી. તને કેવી રીતે નોકરી મળી ?"

સાહેબે છોકરાનું અંતર વાંચ્યું, મુખારવિંદ ઉપરથી અંતરનું અંતર કેટલું ? મોં અને ચહેરાથી એક વેંત નીચે.

થોડા દિવસ પછી આ જ ભાઈ તેમને જ્યાં ફરજ ઉપર મૂક્યા હતા તે સાહેબનો પત્ર લઈને ઑફિસના કામે ચેરમેનશ્રી પાસે ગયા. ચેરમેનશ્રીએ પૂછ્યું, "ભાઈ તું કોણ છે ?" "સાહેબ, હું પટાવાળો છું." યુવાને જવાબ આપ્યો. "સાહેબ આપે જ મને ઑર્ડર આપ્યો હતોને !!!"

# 53.

# બહુમુખી પ્રતિભા માણેકલાલ પટેલ

**હીરાલાલ ડી. પ્રજાપતિ**

નિવૃત્ત આચાર્ય, સહતંત્રી - 'અચલા' માસિક, અમદાવાદ

हम रहे न रहे मोहब्बत रहेगी ।
दास्ताँ अपनी दुनिया कहेगी ।
नाम रह जायेगा आदमी का ।
क्या भरोंसा इस जिन्दगी का ॥

કવિ મુરાદની આ પંક્તિઓને જીવનમાં ચરિતાર્થ કરનાર, ભરોસા વગરની જિંદગીમાં પણ ભરોસાપાત્ર કાર્ય કરનાર, સૌના પ્રેરણાસ્ત્રોત માણેકલાલ પટેલને કોણ નથી જાણતું ? સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરનું નામ લેતાં જ ! માણેકલાલ પટેલનો ચહેરો સ્મૃતિપટ પર અંકિત બની તેમનાં કેટલાંય સંસ્મરણોની હારમાળા ખડી કરી દે છે.

સર્વ વિદ્યાલય કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે તેમણે બી.એ. એલએલ.બી. સુધી અભ્યાસ કરેલો. કડીમાં કૉટનનો ઉદ્યોગ ચલાવતા સારા ઉદ્યોગપતિ તરીકે તેમની ગણના થાય છે. વારસાગત સંસ્કારબળે તેઓનું જીવન સમાજકર્તૃત્વભાવથી ભરેલું છે. वसुधैव कुटुम्बकम् ની ભાવના દ્વારા સમગ્ર વિસ્તારની પ્રજાની શૈક્ષણિક મુશ્કેલીઓને હૃદયગત સમજી તેમણે બાલમંદિરથી યુનિવર્સિટી સુધીની સ્થાપના કરી. જ્ઞાન, કૌશલ્ય ને શિક્ષણના અસરકારક વિનિયોગ દ્વારા લાખ્ખો વિદ્યાર્થીઓનું જીવનઘડતર કર્યુ છે. એક ઉત્તમ ચિંતક અને શિક્ષણપ્રેમી કેળવણીકાર તરીકે તેમની સુદીર્ઘ કારકિર્દી શિક્ષણજગતમાં સદૈવ ઝળહળતી રહેશે. ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરક તરીકે સૌના પ્રેરણાસ્ત્રોત રહેશે.

**વહીવટી કાર્યદક્ષતા :**

કડી નગરપાલિકાના ચીફ ઑફિસર અને પ્રમુખ તરીકે તેમણે કડીના વિકાસમાં ઉત્તમ નેતૃત્વ પૂરું પાડયું હતું તો કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ગાંધીનગરના મંત્રી, ચૅરમૅનપદે રહી તેમણે સંસ્થાને સ્વનિર્ભર કરી બાલમંદિરથી યુનિવર્સિટી સુધીના શિક્ષણની વિષયવાર અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં ભારે જહેમત ઉઠાવી. તેમની

દીર્ઘ દૃષ્ટિ, આંતરસૂઝ ને સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્ના તેમજ વહીવટી કુશાગ્ર બુદ્ધિ ખરેખર દાદ માગી લે તેવા છે. 'कर्मण्ये वाधिकारस्ते मा फलेषुः कदाचनः' 'ફળની આશા રાખ્યા વગર કર્મ કર' - એવા ગીતામૃતને સાંગોપાંગ પચાવનાર માણેકલાલને તમે જયારે મળો ત્યારે કંઈને કઈ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા જ જોવા મળે. કયારેક કયાંક થાક કે કંટાળાનું નામ નહિ, તમારી વાત સદ્‌ભાવપૂર્વક સાંભળે. 'તરત દાન અને મહાપુણ્ય'ની જેમ જે તે સમસ્યા ઉકેલી આપે પછી તે સામાજિક હોય કે શૈક્ષણિક હોય ! આવા વહીવટી ગુણો અને કાર્યદક્ષતાથી અનેક સંસ્થાઓમાં તેમની સૌરભ મહેકી રહી છે.

**કન્યાકેળવણીના હિમાયતી :**

કન્યાઓ માટે શાળા-કૉલેજો અને છાત્રાલયો શરૂ કરવામાં માણેકલાલનું નામ મોખરે છે. તેમની શરૂઆતને કારણે તો આજે કડી, ગાંધીનગરમાં કેટલીય કન્યા શાળાઓ - કૉલેજો અને છાત્રાલયો અસ્તિત્વમાં છે. સમયની ગતિને પારખીને તેમણે અંગ્રેજી માધ્યમમાં બાલમંદિરથી યુનિવર્સિટી સુધીની શિક્ષણની શરૂઆત કરી તેમજ કન્યાઓ માટે નર્સિંગ, પી.ટી.સી., બી.ઍડ્. કૉલેજો શરૂ કરાવી શિક્ષણક્ષેત્રે સ્ત્રી, પુરુષોથી લેશમાત્ર પાછી ન રહે બલ્કે પુરુષ સમોવડી બની પુરુષ કરતાં પણ વધુ સ્વનિર્ભર બને એવી શુભ ચિંતક માણેકલાલભાઈની દૃષ્ટિ વંદનીય અને અભિનંદનીય છે. તેમણે તન-મન-ધનથી કન્યાકેળવણીને પ્રાધાન્ય આપ્યું છે.

**અદ્યતન ટૅક્નોલૉજીના આર્ષદૃષ્ટા :**

સમયના પારખુ અને યુગધર્મના વિશ્વના વલણોને સારી રીતે સમજનાર તેઓ એક આર્ષદૃષ્ટા છે. તેમણે જોયું કે વિશ્વ સાથે તાલમેલ કરવો હશે તો અદ્યતન ટૅક્નોલૉજી વગર તે શક્ય બનશે નહિ જેથી 'શુભસ્ય શીઘ્રમ્' ન્યાયે તેમણે મૅનેજમૅન્ટ અને કમ્પ્યૂટરના અભ્યાસક્રમોવાળી એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ. જેવી કૉલેજો ઉપરાંત ફાર્મસી, નર્સિંગ, પોલિટૅક્નિક તથા ઍન્જિનિયરિંગ કૉલેજો શરૂ કરાવી. એટલું જ નહિ ટૂંક સમયમાં સ્વનિર્ભર નેનો ટૅક્નોલોજી શરૂ કરવાનું વિચારી રહ્યાં છે.

તેમના સ્વ પુરુષાર્થથી સંસ્થાને સ્વનિર્ભર કરી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' ના નામે જૂન-૨૦૦૮ થી યુનિવર્સિટી (વિશ્વવિદ્યાલય)નું નિર્માણ કરી, શરૂઆત કરી, હાલમાં તેના પ્રેસિડેન્ટ તરીકે ગૌરવોજ્જવલ સેવાઓ આપી રહ્યાં છે.

**શિસ્ત, સંસ્કાર ને ગુણવત્તાના આગ્રહી :**

વિદ્યાર્થીકાળથી જ તેઓ શિસ્તપ્રેમી, ઉત્સાહી અને ઉમંગી હતાં. શિસ્ત વગરના જીવનને તેઓ 'બ્રેકફેઈલ' ગાડી જેવું ગણતાં. બ્રેકફેઈલ ગાડી ગમે ત્યાં

અથડાઈ જાય. આવું ચલાવી લે તો એ માણેકલાલ શાના ? આજે પણ કડક શિસ્તના એટલા જ આગ્રહી. તેમની પ્રતિભા એવી છે કે તેમની હાજરી માત્રથી વિદ્યાર્થીઓની આડોડાઈ દૂર થઈ જાય. ભારતીય વેદકાલીન પ્રેરિત સંસ્કૃતિના સંસ્કારઘડતરે ઘડાયેલા માણેકલાલ વિદ્યાર્થીઓના સંસ્કાર માટે એટલા જ જાગૃત છે. તેમણે સમયપાલન, સ્વચ્છતા અને સુવ્યવસ્થાના આચરણ સિધ્ધ ઉપદેશ દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં સંસ્કારઘડતરનું ભાતું પૂરું પાડયું છે.

**ઉદારદિલ દાતા , સમાજસેવક, સાચા કેળવણીકાર :**

તેમણે સમાજસેવાનું મહત્તમ કાર્ય કર્યું છે. સમાજમાં શિક્ષણ દ્વારા જ્ઞાનરૂપી પ્રકાશ પાથરી સમાજજીવનનાં અંધારાં ઉલેચનાર માણેકલાલ સાચા સમાજસેવક છે. આદર, સત્કાર અને આતિથ્ય તો તેમના જ ! ઉદારતા, દયાભાવ ને સેવાભાવની પ્રતિમૂર્તિ એટલે જ માણેકલાલ !

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ગાંધીનગરની પ્રાણવાન સંસ્થાના કણેકણમાં આ શિક્ષણપ્રેમીનો પ્રાણ ધબકે છે. સંસ્થાની નાનીમોટી જરૂરિયાતો પૂરી પાડનાર ઉદારદિલ દાતા તો પોતે છે જ પણ - એટલાથી સંતોષ નહિ માનનાર માણેકલાલે અન્ય દાતાઓ પાસેથી કરોડો રૂપિયાનું દાન મેળવી સંસ્થાને સ્વનિર્ભર, વિકાસશીલ અને છેલ્લામાં છેલ્લી અદ્યતન ટેક્નોલૉજી સુધી વિકસાવી એકલો શિક્ષણપ્રેમીમાંથી તેઓ ઉત્તમ ચિંતક અને કેળવણીકાર બની ગયા છે.

**બહુમુખી પ્રતિભા :**

એક જ વ્યક્તિમાં એકસામટા આટલા બધા ગુણોનું દર્શન થવું એ વ્યકિતની બહુમુખી પ્રતિભાનું દર્શન છે. કુટુંબવૃંદના વડા, આદર્શ પતિ, વહાલસોયા પિતા વાત્સલ્યસભર દાદા તો સમાજમાં સમાજસેવક, સમાજસુધારક, સમાજહિતચિંતક ને ગરીબોના હમદર્દ. શિક્ષણક્ષેત્રે કન્યાકેળવણીના હિમાયતી, સમયના પારખું, અદ્યતન ટેક્નોલૉજીના આર્ષ દૃષ્ટા, વિદ્યાપ્રેમી, શિક્ષણના શિલ્પી, ચિંતક અને કેળવણીકાર તો ખરાં જ ! ધર્મક્ષેત્રે અંધશ્રધ્ધા નાબૂદીના હિમાયતી, શ્રધ્ધા, ધીરજ અને ક્ષમતાના પ્રાર્થી તેમજ રાજકીય ક્ષેત્રે અદના કાર્યકર, રાષ્ટ્રકર્તૃત્વપ્રેમી અને દેશભક્ત.

સ્વભાવે સરળ, મિલનસાર અને સ્પષ્ટવકતા તથા જે મળે તેને માણેકલાલ પોતાના જ દેખાય એવા સમહૃદયી વ્યક્તિના વિચારને વાંચનાર અને વ્યક્તિના પ્રશ્ન પહેલાં જ તેની મૂંઝવણનો ઉકેલ આપનાર કોઠાસૂઝવાળા છે. તેમની આંતરસૂઝ વિશાળ છે. વ્યક્તિએ વ્યક્તિએ તેમનું વ્યક્તિત્વ જુદું જુદું અનુભવાતું હોય છે. આવા વ્યક્તિવિશેષ માણેકલાલ પટેલને એક નહિ પણ એકસામટી સો સો સલામો !

# 54.

## વાહ! માણેકલાલ વાહ!

ખોડાભાઈ બી. પટેલ

આચાર્ય, મંગુબેન નાથાલાલ પટેલ પ્રાથમિક શાળા, નાની કડી

હું જે લખી રહ્યો છું એ મારા માટે ખૂબ અઘરો વિષય છે. પણ હું જે મહાન વ્યક્તિ વિશે લખું છું તેને હું ચોક્કસપણે મારા જીવનનું શ્રેષ્ઠ લખાણ માનીશ કારણ કે આવી વિરલ વ્યક્તિના જીવન વિશે લખવું એ મારું સદ્ભાગ્ય છે અને આ સમયને હું મારા જીવનનો સુવર્ણ અવસર માનું છું.

વિશ્વ એટલું બધું વિશાળ છે કે તેમાં અસંખ્ય લોકો જન્મ લે છે અને આ વિશ્વમાંથી શ્વાસ પૂરો થયે પાછા જતા રહે છે. જીવનમાં આવીને શું કર્યું તેની પણ એમને ખબર હોતી નથી. ઘણા વિચારશીલ માણસો વિચારતા હોય છે કે જીવનમાં આવ્યા છીએ તો કંઈક કરવું જ જોઈએ. આવું વિચારનાર માણસ સામાન્ય માણસ કરતાં કંઈક જુદો જ હોય છે. જીવનમાં કોઈપણ એક ક્ષેત્રમાં સિધ્ધિ મેળવવી બહુ અઘરી વસ્તુ નથી પણ અનેક ક્ષેત્રમાં સફળતા મેળવવી એ ઘણી અઘરી બાબત છે. આવી અઘરી બાબતો હોવા છતાં પણ વિશ્વમાં ઘણી વ્યક્તિઓ એવી છે કે જે સતત સેવાકાર્યો દ્વારા પોતાની આગવી છાપ ઊભી કરી સેવાધર્મ બજાવતી હોય છે.

હું આવા જ એક કર્મનિષ્ઠ શિક્ષણપ્રેમી, દયાવાન, સર્વધર્મસમભાવની ભાવનાવાળા પ્રગતિશીલ ઉદ્યોગપતિની વાત કરવા જઈ રહ્યો છું. પરમ પૂજ્ય છગનભાનું સૂત્ર-'કર ભલા હોગા ભલા'ને જીવનમાં પૂર્ણપણે ઉતારી ઘર-પરિવારની સામાજિક જવાબદારીની સાથે સાથે શિક્ષણજગતમાં ઓતપ્રોત બની સંસ્થાની સેવાને પ્રથમ પ્રાધાન્ય આપી તન-મન અને ધનથી રાતદિવસ જોયા વગર ઉંમર તથા શરીરની પણ પરવા કર્યા વગર 'કાર્ય એ જ જીવન', 'મર જાઉં પણ માંગુ નહીં, અપને તન કે કાજ પણ પરમારથ કે કારણે મોહે માગત ન આવે લાજ,' એવી પરમારથની ઉત્તમ ભાવનાથી એક શ્રેષ્ઠ ઉદ્યોગવીર અને એક સર્વોત્તમ

શિક્ષણપ્રેમી તરીકે ખૂબ જ સફળતા મેળવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત સર્વ વિદ્યાલયને વિદ્યાલયથી માંડી કડી સર્વ વિશ્વવિદ્યાલય એટલે કે યુનિવર્સિટીનું નામ આપી શિક્ષણજગતમાં ખૂબ મોટું ભગીરથ કાર્ય કર્યું છે એવા શ્રી માણેકલાલભાઈનો ટૂંકમાં પરિચય મારી ભાગ્યશાળી કલમ દ્વારા લખી આપું એ પહેલાં મને એમની જન્મભૂમિને વંદન કરવાનું મન થાય છે અને એટલે જ મારા મુખમાંથી વંદનારૂપી શબ્દો નીકળે છે.

ધન્ય છે ધરા ઊંટવા ગામની
કે જયાં જન્મ્યા માણેકલાલ,
એવી આ પવિત્ર ભૂમિને
મારા લાખ લાખ છે પ્રણામ.

હું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિદ્યાર્થી આશ્રમમાં કોઠારી તરીકે જોડાયો ત્યારે મારી પરિસ્થિતિ સામાન્ય હતી. કોઈ મોટો ખર્ચો સહન કરવાની મારી આર્થિક તાકાત નહોતી. આવા સમયમાં મારી માતાને એક આંખે તકલીફ જણાઈ. બે-ત્રણ દવાખાનામાં તપાસ કરાવી. ડૉકટરોએ મોતિયાનું ઓપરેશન કરવાનું કહ્યું અને ઓપરેશનખર્ચ અંદાજે ચાર થી પાંચ હજાર બતાવ્યો. મેં મારી માતાની આંખના મોતિયાના ઓપરેશન માટે પૈસાની વ્યવસ્થા તો કરી નાંખી પણ આ વાતની ખબર સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી ફુલજીભાઈને પડી અને મને તેમના ઘેર બોલાવ્યો અને કહ્યું કે કોઠારી તમારી તકલીફ મેં જાણી પણ શું તમને ખબર નથી કે - આપણા શ્રી માણેકલાલ સાહેબ ભાગ્યોદય હૉસ્પિટલમાં મુખ્ય જવાબદારી નિભાવી સેવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. તો તમે શું કામ ચિંતા કરી રહ્યા છો ? સાહેબને વાત કરશો તો તેઓ ભાગ્યોદયમાં વાત કરી તમારી માતાની આંખનું ઓપરેશન બિલકુલ નજીવા ખર્ચે કરાવી આપશે. આ વાત સાંભળી મને હાશકારો થયો અને એક-બે દિવસ વિચાર્યું કે સાહેબને કેવી રીતે વાત કરવી ? એક દિવસ મંડળ કાર્યાલયે આવ્યો અને જોયું કે બહાર શ્રી માણેકલાલ સાહેબ અને શ્રી મનુદાદા બેઠા હતા. મને થયું કે આજે તો સાહેબને વાત કરી જ દઉં અને સાહેબ પાસે ગયો. મેં મારી વાત રજૂ કરી. સાહેબે મનુદાદા પાસે મારી પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને તરત જ મને ચિઠ્ઠી લખી આપી અને કહ્યું કે આ ચિઠ્ઠી ભાગ્યોદય હૉસ્પિટલમાં આપજો, તમારું કામ થઈ જશે. હું ભાગ્યોદય હૉસ્પિટલમાં ગયો. સાહેબે લખેલ ચિઠ્ઠી મેં વ્યવસ્થાપકશ્રીને આપી. વ્યવસ્થાપકશ્રીએ ચિઠ્ઠી વાંચી. મને ત્યાં માન સન્માન મળ્યું અને એક સપ્તાહમાં

મારી માતાની આંખનું મોતિયાનું ઓપરેશન સારી રીતે અને બિલકુલ નજીવા ખર્ચે થઈ ગયું. આ પ્રસંગને લઈ ત્યારથી માંડી આજદિન સુધી આપણા દયા ને કરુણાના સાગર સમા શ્રી માણેકલાલ સાહેબની જીવંત અને પ્રેમાળ છબી મારી આંખોમાં સ્થાયી બની છે.

# 55.

## હે સર્વપ્રિય માણેકલાલભાઈ !

**રમેશ ત્રિવેદી**
કવિ અને લઘુકથા લેખક

કડીનગરની આંગળી પકડીને
શિશુ સરખા ઊભેલા
ઊંટવા ગામે
માણેકલાલભાઈ,
તમે
કૃષિકાર પિતાને ઘેર
જન્મ લીધો હતો
પણ
કર્મભૂમિ તો રહી
કડી.
કડી તો કપાસનું સોનેરી ફૂલ છે.
આ ફુલ્લદલ પુષ્પ
કૉટનસિટી બનીને મહેંકી રહ્યું છે
આજે.
આ નૂતન ઉદ્યોગનગરના કેટકેટલા છે
ભાગ્યવિધાતા !
સાહસી ઉદ્યોગવીરો, સાહિત્યકારો, નેતાઓની
હરોળમાં તમે પણ અગ્રેસર રહ્યા છો,
ને સતત ચીંધતા રહ્યા છો
સમાજ-ઉન્નતિની નવા ઉજાસની

નવી નવી દિશાઓ.
તમે અનેકવિધ સેવાઓના સમર્થક - પ્રવર્તક છો.
'પાટીદાર શિરોમણિ' છો.
ને તેથી સ્તો
તમે 'માણેક' નામને સાર્થક કરીને
પૂ. 'ભા'ના માનસપુત્ર બન્યા છો.
એ કૃષિઋષિએ ચીંધેલા સેવાના પંથે
વણથાક્યા, આગે ને આગે ધપતા રહ્યા છો.
આજે કેવો
કડીથી - ગાંધીનગરનો ભાવસેતુ રચાયો છે !
ને કડી - સર્વ વિશ્વ વિદ્યાલયનું નિર્માર્યુ છે
ભવ્ય - ઉન્નત
નવ પ્રસ્થાન.
માણેકલાલભાઈ,
દાસકાકા સમા ભડ કુશાગ્ર બુદ્ધિ
કર્મવીરો તમારા પૂર્વસૂરિઓ હતા.
તમે પણ સતત કર્મયોગ સાધી રહ્યા છો ને !
તમારે મન હવે તો છે -
કર્મ એ જ ધર્મ ને કર્મ એ જ
જીવનનો મર્મ.
અડગ મનોબળથી તમે કયારેક વજ્જર સમા
કઠોર લાગો છો,
પણ તમે તો કોમળથીયે કોમળ
ને સરળથી સરળ છો
માણેકલાલભાઈ!
તમારી વિદ્યા-સાહિત્યપ્રીતિય સાવ અનેરી છે
આચાર્ય મો.બા. પટેલની સુદીર્ઘ સેવાઓને પ્રમાણીને

સન્માનપૂર્વક પોંખી છે તમે.
'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' સ્થાપીને.
વળી
તમે સૌ સાથી મિત્રોએ
ગુરુવર્ય, આચાર્ય મનીષી
શ્રી એન.એન. દેસાઈની સ્મૃતિસુવાસને મહેંકતી કરી છે.
એ પુણ્યશ્લોકના નામે વિદ્યાભવન રચી,
માણેકલાલભાઈ,
તમે સૌની સાથે રહીને
સૌને સાથે લઈને
નિષ્કામભાવે કેટકેટલાં વિરાટ કામો આદર્યાં
તોયે
તમને નામની લવલેશ સ્પૃહા નથી.
ને તેથીસ્તો સૌના સ્નેહની
અઢળક પૂંજી પામ્યા છો
'સા' એબજી!'
હે સર્વપ્રિય માણેકલાલભાઈ,
તમે સર્વકાજે ગુંજતો કર્યો છે
'ભા' નો જીવનમંત્ર : 'કર ભલા હોગા ભલા.'
ને તમે સૌએ એ સુવાસને દૂર-સુદૂર
પમરતી કરી છે - દેશ-વિદેશે.
તમે દીર્ઘાયુ-શતાયુ બનો, સફળ થાઓ તમારી
સૌ સેવા-સાધના-આરાધના,
બસ, એ જ અમારી
મંગલ કામના !

# 56.

# આવિર્ભાવ

પ્રા. જાદવજી પટેલ 'રશ્મિભિક્ષુ'
જાણીતા કવિ

'વાર્તાનગરી' કડીના
વહાલાં સંસ્કારપ્રિય નગરજનો !
જાણો છો ?

આપણું,
આ **'સર્વ વિદ્યાલય'**
એટલે.....
વારસો પહેલાંના
કોઈ મંગલમય પરોઢમાં,
**કર્મયોગી પૂ. છગનભાએ**
ભીતરની આંખોથી નિહાળેલા
'સંગત સિધ્ધિના સ્વપ્ન'નું,
એમણે કરેલા શિવ સંકલ્પનું જાણે કોઈ
સાકાર રૂપ !
એમના મનોરાજયનું મૂર્તિમંત સ્વરૂપ !!

ઉત્તર ગુજરાતના
એ ઘરદીવડાએ,
સંસ્કારગુરુ
સ્વામી કેશવાનંદજીના
વરદ્‌હસ્તે અપાયેલું, પાંચ રૂપિયાનું
મૂલ્યવાન યોગદાન
અને આશીર્વાદ લઈ,
જ્ઞાનનો રાગઉજ્જવળ દીપ પ્રગટાવ્યો

ગવાક્ષમાં !
ફલોન્મુખી બની રહી એમની,
લોકમંગલની પુનિત ભાવના.
પ્રકાશિત થઈ ઊઠી સદ્‌ભાગ્યે,
આપણી સારસ્વતનગરી, સર્વત્ર
ઝળહળ ! ઝળહળ !!

તો .....
સર્વ કીર્તિમાન સ્થાપિત કરતું
આપણું આ એસ.વી. કેમ્પસ્
એટલે.........
સરસ્વતી - સહોદરાના
પનોતા પુત્ર
સર્વશ્રી માણેકલાલ એમ. પટેલ
દ્વારા વિનિર્મિત - ગુજરાતે,
સોળે કળાએ સોહતી,
દેવલોકની જાણે કોઈ વિદ્યાનગરી ! અનુપમ.

એના દૃષ્ટા ને સંવાહક
શિક્ષણ અને સદ્‌વિદ્યાનો
નૂતન **'આવિર્ભાવ'** બની -
પાથરી રહ્યા છે સર્વત્ર,
'આથમતા સૂરજનાં અજવાળાં' !
નથી એમનું આયુષ્ય ગણાયું
કેવળ વરસોની પુનરાવૃત્તિ !
'વરસોમાં મૂલ્યવાન જીવન ઉમેરીને',
પૂ. ભાના લોકસંગ્રાહક સ્વપ્નને
સાકાર કીધું છે,
મૂર્તિમંત કીધું છે, અધુના..
એમણે.
'સરસ્વતીચંદ્ર' સમા,
કો ' ગૌરવગ્રંથની એ છે

પ્રિય વિભાવના !
એ છે એની
સંવર્ધિત ને સંશોધિત
મનમોહક આવૃત્તિ : નૂતન !
(સ્વયમાગત,
સદ્ભાગ્ય નગરનું !)

અખંડ પુરુષાર્થથી
ને દઢમૂળ શ્રધ્ધા દ્વારા
(નિજનાં વહાવી...)
સંભાવનાનાં સહુ દ્વાર ખોલી,
નગાધિરાજ હિમાલયની
ઉત્તુંગ ગિરિમાળા સમી,
અપરંપાર સંસ્કાર-શ્રેણીઓનું,
સંસ્કારતીર્થ સમાં વિદ્યામંદિરોનું,
નિર્માણ કીધું છે એમણે -
એમના સર્જન સોહ્યા વરદ્હસ્તે !

સમ્યક્ પરિચય કરાવ્યો છે
'યુગબોધ'નો, પૂરી સલુકાઈથી
આપણી ગુણવંતી ગુજરાતને,
કોમલહૃદયા ભારત - ભારતીને !
ગોધૂલિ સંધ્યાએ તો ક્યારેક
મંદિરની આરાધક આરતી વેળાએ,
અસ્તામલગામી
ભગવાન સૂર્યનારાયણની સાક્ષીએ
હરિત ઉદ્યાનમાં...
શ્વેત-શ્વેત, સુંદર-સુંદર ને -
સ્વચ્છ, સુઘડ ઓછાડ બિછાવેલ
કો' ખાટલા પર વિરાજી,
'નિજમાં નિમગ્ન'
તો ક્યારેક-

આજ્ઞા ને આદેશો આપતાં,
વિધવિધ કાગળો ને પરિપત્રો પર
'રસપ્રસવિની લેખિની' વડે -
'दत्तचित्त होकर' - પૂરી સાવધાનીથી
હસ્તાક્ષર અંકિત કરતાં,
નિહાળ્યા છે એમને ?
(તો નિહાળજો ક્યારેક !)
નરપુંગવ કોઈ
મુંજાલનું પુણ્યસ્મરણ થઈ જાય તો......
(દોષ ના કાઢતાં 'રશ્મિભિક્ષુ' નો ! હાં !! )
ઊંચેરી દેહયિષ્ટ,
શ્વેત વાર્ધક્ય,
દૃષ્ટિમાં શિક્ષણ અને યંત્રવિદ્યાનાં,
તમામ રહસ્યોને પામવાની ઝંખના, ને હૈયે
શિખરોને સર કરવાની તમન્ના !
તો વળી -
શૈલીમાં,
કબીરવાણીના જૂજવાં રૂપ !
('बाहर से कठोर, भीतर से कोमल'।)
વ્યક્તિત્વના બહુકોશ ઠલવાયા છે
એમનામાં ! સાચ્ચે જ.
જીવનમાં 'રહસ્યો' .........
'હકીકત' થઈને આવે છે, એમની સમીપ
વિચાર, 'વસ્તુ' બની જાય છે, એમની કને
બહુ લાં...બું નિહાળતી એમની દૃષ્ટિ સમ
(એમના સાનિધ્યમાં સન્નિવાસમાં !)

જુઓ, જુઓ !
પ્રાચીના પ્રાંગણમાં રવિ-રશ્મિઓનું
આગમન થઈ રહ્યું છે.
અંજલિમાં,

હેમકટોરો લઈને પધારી રહ્યાં છે
મંગલમૂર્તિ ઉષાદેવી !
આવો, એમનું ભાવભીનું સ્વાગત કરીએ.

ને
આર્જવભાવે પ્રાર્થીએ આટલું :

ઉષાદેવી !
આપજો અમારા માણેકદાદાને,
શરદઊજળાં સો સો વરસોનું સુદીર્ઘ
આયુષ્ય - નિરામય.
જ્યોતિર્મયી ! આમની અસીમ કૃપાથી
મળો એમની વાણીને, નિત્યનિરંતર
મધુર મધુર માનવ - સ્પર્શ : હૂંફાળો,
કવિ-હૃદયની મહામૂલી આત્મવંદના !
કહું ? (अन्यथा न समझें इसे । )
અનંતનો સંસ્પર્શ પામતાં પહેલાં,
તેઓ, મંગલમય, સ્વર્ણિમ પથની
'ખોજ' કરે બસ, એ જ અભ્યર્થના !

# 57.

## स्व नाम धन्येषु ... श्री एम. एम. पटेल महोदयेषु

ડૉ. યોગિની વ્યાસ

પ્રો. ઈન્ચાર્જ, અનુસ્નાતક કેન્દ્ર, હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ, સંસ્કૃત,
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર

**श्रद्धेयचरितेषु सौजन्यसिन्धुषु कडी सर्व विश्वविद्यालय सर्वाध्यक्षमहाभागेषु स्वनामधन्येषु श्री एम. एम. पटेल महोदयेषु अर्घ : ।।**

(१) ऊंट्वासंस्थित माधवस्य सदने माणेकलालः सुधीः
रव्यातिं प्राप्य च माधवं सुपितरं सार्थक्यं समवाप्तवान् ।
हर्षोत्कर्षप्रवर्धना गुणचणाः सत्कर्मचुञ्चुप्रियाः
दिवालीतनुजः सदा विजयतां रंरम्यतां सर्वदा ।।

(२) कान्तिर्यद्, वदने गतिश्चरणयोः श्रीहस्तयोः सत्कृतिर,
मस्तिष्के सुमतिश्च वाचि मृदुता यत्र व्यराजन् सदा ।
कार्यं यस्य सुचारु सर्वजगति प्रासैर्जनैः शंसितम्
जेयान्नित्यमुदारकीर्तिधवलो माणेकलालः सुधी : ।।

(३) स्फूर्जत्स्वप्रतिभामहः सुविमलव्यक्तित्वसम्मण्डितः
सम्पश्यन्ननिशं समग्र-जनतां मित्रस्य सच्चक्षुषा ।
कार्याकार्यविवेचनातिनिपुणः सूद्योगे सुप्रतिष्ठितः
जेयान्नित्यमुदारकीर्तिविभवो पूर्णेश्वरानुग्रहात् ।।

(४) न्याय्यं धर्म्यमथार्थ्यमुत्तमपथं कर्मण्यताप्रेरकं
श्रद्धाचिन्तनभूतिभाविलसितं मेधावितालङ कृतम् ।
स्नेहाभा-धृति कान्ति-शान्ति महितः धन्यः सुसौम्यः शुभः
विरव्यातो भुवि दिव्यनामललितः श्री माणेकलालः सुधीः ।।

(५) वर्षिष्ठोडपि यविष्ठ एष विबुधः सर्वङ फूषः प्रीतिमान्
पाटीदार शिरोमणिश्च जयतात् उद्योगरत्नं मुदा ।

आनर्ते च विशालकीर्तिलसितो निःस्वार्थ सेवायुतो
श्री माणेकमहोदयो भुवि सुधीर्जेजीयतां सर्वदा ॥

(६) शिक्षार्थे च समर्पितः मुनिवरः दानप्रियः संयमी
गुर्जरावनी भूषणः 'तकनीकि' यज्ञे सदा संस्थितः ।
यन्त्राणां समुपासनेन महतीं कीर्तिं सदा लब्धवान्
तस्याऽहं नितरामशेषकुशलं सन्मङ्गलं कामये ॥

## ભાવાનુવાદ

(૧) મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઊંટવા ગામમાં શ્રી માધવલાલને ત્યાં જન્મ ગ્રહણ કરનાર, શ્રેષ્ઠ પિતા 'માધવજી' નું નામ 'ખ્યાતનામ' બનીને સાર્થક કરનાર, હર્ષનો ઉત્કર્ષ કરનાર, ગુણસમૂહને ધારણ કરનાર તથા સત્કર્મપ્રિય દિવાળી (બહેન)ના સુપુત્ર શ્રી માણેકલાલ હંમેશાં વિજયી છે.

(૨) જેમનું વદન કાન્તિયુક્ત, ચરણો પરિશ્રમથી ગતિયુક્ત, હાથ સારાં કર્મો કરવામાં રોકાયેલા, મસ્તિષ્કમાં શ્રેષ્ઠ કાર્યો કરવાની વિચારશક્તિ છે તથા જેમનાં પ્રશંસનીય કાર્યોની ગુજરાતમાં ચારે બાજુ ઉત્તમ લોકો વડે પ્રશંસા થાય છે તે ઉદાર, કીર્તિયુક્ત શ્રી માણેકલાલ વિજયી બન્યા છે.

(૩) પ્રતિભાશાળી, વિમલ વ્યક્તિત્વથી ભૂષિત, સમસ્ત ગુર્જરજનોને 'મિત્ર' ની દૃષ્ટિથી નિહાળનાર, કાર્ય-અકાર્યનો વિવેક કરવામાં નિપુણ તથા શ્રેષ્ઠ ઉદ્યોગવીર શ્રી માણેકલાલ 'પૂર્ણેશ્વર'ની કૃપાથી યુક્ત છે.

(૪) ન્યાયી, ધાર્મિક, હંમેશાં ઉત્તમ પથ ઉપર ચાલનારા, કર્મશીલ, શ્રદ્ધેય, ચિન્તનશીલ, 'મેધા' વડે અલંકૃત, દરેક ઉપર સ્નેહ રાખનાર અને પોતાના નામને સાર્થક કરનાર શ્રી માણેકલાલ ગુજરાતમાં સુવિખ્યાત છે.

(૫) ઉંમરલાયક હોવા છતાં યુવાન જેવો તરવરાટ ધરાવનાર, પાટીદાર શિરોમણિ ઍવૉર્ડ, ઉદ્યોગરત્ન ઍવૉર્ડ તથા આનર્ત ઍવૉર્ડથી વિભૂષિત અને નિઃસ્વાર્થ સેવાપ્રેમી શ્રી માણેકલાલ હંમેશાં વિજયી બન્યા છે.

(૬) 'મુનિ' સમાન વ્યક્તિત્વ ધરાવનાર, દાનપ્રિય, ગૂર્જરભૂમિના આભૂષણ સમાન, ટેક્નિકલ ક્ષેત્રમાં પ્રગતિ સાધનાર, કીર્તિયુક્ત શ્રી માણેકલાલના સંપૂર્ણ કુશળ તથા મંગલની કામના કરીએ છીએ.

■ ■ ■



વિવિધ ભાવમુદ્રામાં માણેકલાલ





પુત્ર વલ્લભભાઈ સાથે





ધર્મપત્ની વિજયાબેહન અને શ્રી માણેકલાલ



ગાંધીનગર ઘ-૬ સર્કલ પર સર્વ વિદ્યાલય કે. મંડળ તરફથી મૂકવામાં આવેલા જ્ઞાન-શક્તિના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી એલ. કે. અડવાણીનું અભિવાદન કરતાં




મેનેજમેન્ટ એન્ડ કૉમ્પ્યુટર સ્ટડીઝ સંસ્થાના વાર્ષિકોત્સવ વખતે રાજ્યપાલ શ્રી નવલકિશોર શર્માને આવકારતાં




સુનામી આફત વખતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ પ્રો. મંગળદાસ પટેલને
રાહતફાળા માટે રૂ. ૩,૩૮,૩૦૧-૦૦નો ચેક અર્પણ કરતાં




ફાર્મસી કૉલેજના પ્રાગંણમાં શિલ્ડ અર્પણ કરતા
ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોક ભટ્ટ




નર્સિંગ કૉલેજના ઉદ્‌ઘાટન વખતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્ર મોદી સાથે ચર્ચામાં




૨૦મી આંતર કૉલેજ વ્યાયામ સ્પર્ધાઓના ઉદ્‌ઘાટન પ્રસંગે શિક્ષણમંત્રી
શ્રી રમણલાલ વોરાનું અભિવાદન કરતાં



સૂરજબા કોલેજ ઑફ એજ્યુકેશનના પ્રથમ વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત – માણેકલાલ પટેલ,
કુલપતિ કાપડિયા તથા એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રીમતી મધુ મેડન



વર્લ્ડ પાટીદાર ફડરેશન તરફથી સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના હસ્તે
'પાટીદાર રત્ન' ઍવોર્ડ સ્વીકારતાં



ગાંધીકથાના આરંભે શ્રી નારાયણ દેસાઈનું
સુતરની આંટીથી અભિવાદન કરતાં



આઈ. આઈ. એમ., અમદાવાદના ડાયરેક્ટર
શ્રી બકુલભાઈ ધોળકિયા સાથે



ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પરિમલ ત્રિવેદીનું સ્વાગત કરતાં




અવકાશયાત્રી સુનીતા વિલયમ્સ સાથે
સુનિતાના પિતાશ્રીની માતૃસંસ્થા સર્વ વિદ્યાલય, કડીના પ્રાંગણમાં



ડાબી બાજુથી અનુક્રમે – ૧. જ્યેષ્ઠ પુત્ર વિષ્ણુભાઈનાં પુત્રી નાજુકબેન, ૨. પુત્ર વલ્લભભાઈનાં પુત્રી માનસીબેન, ૩. વિષ્ણુભાઈનાં ધર્મપત્ની શ્રીમતી ચેતનાબેન ૪. વલ્લભભાઈનાં ધર્મપત્ની શ્રીમતી દિપ્તીબેન, ૫. માણેકલાલના પુત્રી જ્યોત્સનાબેન, ૬. માણેકલાલનાં પુત્રી પૂર્ણિમાબેન, ૭. માણેકલાલનાં પત્ની શ્રીમતી વિજયાબેન, ૮. શ્રી માણેકલાલ, ૯. માણેકલાલના જ્યેષ્ઠ પુત્ર શ્રી વિષ્ણુભાઈ, ૧૦. માણેકલાલના પુત્ર શ્રી વલ્લભભાઈ, ૧૧. શ્રી વિષ્ણુભાઈના પુત્ર નીરવભાઈ, ૧૨. શ્રી વલ્લભભાઈના પુત્ર કનિશ.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસ, ગાંધીનગરમાં કાળુપુર કો. ઓ. બેન્કની શાખાના ઉદ્‌ઘાટન સમયે ઔડાના પૂર્વ ચેરમેન અને રાજસભાના સભ્ય શ્રી સુરેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવતા




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.માં શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત શ્રી માણેકલાલ એમ. પટેલ તથા અન્ય વિદ્વજનો



વિવિધ ભાવમુદ્રામાં માણેકલાલ





વિવિધ ભાવમુદ્રામાં માણેકલાલ





અમેરિકામાં શ્રી રણછોડભાઈ ચોકસી (જમણેથી બીજા) અને
શ્રી નારણભાઈ કે. પટેલ (છેલ્લે) સર્વ વિદ્યાલયના પ્રતિનિધિઓના સાથમાં



૧૯૯૮માં અમેરિકાયાત્રા સમયે ન્યુયોર્કમાં શ્રી વિઠ્ઠલભાઈ ચોકસીના પરિવાર સાથે




'કર્મયોગી માણેકલાલ' પુસ્તકના વિમોચન સમયે



નેક કમિટિના સભ્યો તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કાર્યકરો સાથે



નેક કમિટિના સભ્યો સાથે



નેક કમિટિનાં ચેરપર્સન શ્રીમતી પરાંજપે અને ડૉ. સુબ્રહ્મણ્યમ સાથે



નેશનલ લેવલ સેમિનાર વખતે ગુજરાત વિધાનસભાના સ્પીકર પ્રો. મંગળદાસ પટેલ અને
હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિ સાથે




નેશનલ લેવલ કોન્ફરન્સ વખતે ડાબેથી ડૉ. પી. કે. આનંદ, શ્રી રામકુમાર,
પ્રો. કે. કે. અગ્રવાલ (ન્યુ દિલ્હી), નાગાર્જુન યુનિવર્સિટી, આંધ્રપ્રદેશના ડાયરેક્ટર પ્રો. ત્રિમૂર્તિ સાથે




યુવક મહોત્સવ વખતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને
ઉદ્યોગ મંત્રી શ્રી અનિલભાઈ પટેલ સાથે



ફાર્મસી કૉલેજના મકાનના ખાતવિધિ પ્રસંગે
સ્વામી શ્રી સચ્ચિદાનંદજીની ઉપસ્થિતિમાં




એલ. ડી. આર.પી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ, ગાંધીગનરના
ભૂમિપૂજન સમારોહ વખતે સ્વામી શ્રી સચ્ચિદાનંદજી અને શિક્ષણમંત્રી શ્રી આનંદીબહેન પટેલ સાથે




શ્રી મોહનલાલ પટેલ - વ્યાખ્યાનમાળા : સર્વશ્રી રતિલાલ સાં. નાયક, માણેકલાલ પટેલ (ટ્રસ્ટી),
ભોળાભાઈ પટેલ, મોહનલાલ પટેલ, પ્રો. પ્રિયકાન્ત પરીખ




સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરમાં
અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સની ઉપસ્થિતિ વખતે




સુરજબા કૉલેજ ઓફ એજ્યુકેશનના પ્રથમ વાર્ષિકોત્સવ વખતે કડી સર્વ વિદ્યાલયના
લપતિ શ્રી કાપડિયા અને એસ. એન. ડી. ટી. યુનિ.ના રજિસ્ટ્રાર શ્રીમતી મધુ મેડનની ઉપસ્થિતિમા



એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનૉલૉજી એન્ડ રિસર્ચ, ગાંધીનગરના ઈન્સપેક્શન માટે પધારેલા **AICTE** (ન્યુ દિલ્હી)ના સભ્યો



એટલેન્ટિક યુનિવર્સિટી, ફ્લોરિડા (યુ.એસ.એ.)ના એજ્યુ. ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડૉ. ગ્રેગરી એલાઈમા સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

